# VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR          DATE : 01-04-2020

## ૧.કોરોના વાઈરસ : તબલિગ મરકઝના કારણે દેશમાં મહામારી વકરી-સરકાર

**નિઝામુદ્દીન મરકઝમાંથી ૨૩૬૧ તબલિગ મળ્યા- (નવી દિલ્હી)**

**જેમાંથી ૬૧૭માં કોરોનાના લક્ષણ**

**તબલિગમાં કોરોના પોઝિટિવ (૩૧ માર્ચની સ્થિતિએ**

- ✓ તામિલનાડુમાં ૧૧૦ તબલિગના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા
- ✓ આંધપ્રદેશમાં જમાતમાં ભાગ લઈ આવેલા ૪૩ પોઝિટિવ
- ✓ કરીમનગરમાં ૧૦ ઇન્ડોનેશિયન નાગરિકો
- ✓ ઝારખંડના રાંચીમાં ૧ મલેશિયન નાગરિક
- ✓ આસામમાં ૫ ભારતીય તબલિગ કોરોના પોઝિટિવ
- ✓ પોંડિચેરીમાં બે પોઝિટિવ
- ✓ જયપુરમાં ૬૪ તબલિગની ઓળખ, ૧૩ના ટેસ્ટ પોઝિટિવ .

**એકશન:**

- ✓ વિદેશી તબલિગોના કોરોના ટેસ્ટ કરી વહેલામાં વહેલી તકે દેશ નિકાલ કરવા આદેશ
- ✓ તબલિગી જમાતના સભ્યોને ભારતના પ્રવાસી વિઝા જારી નહીં કરવા તમામ દૂતાવાસોને કડક સૂચના
- ✓ ૭૦ દેશોમાંથી આવેલા ૨૦૦૦ તબલિગ હાલ ભારતના વિવિધ વિસ્તારોમાં કાર્યરત
- ✓ તબલિગ જમાતના વડા– મૌલાના મુહમ્મદ સાદ સહિત કુલ-૬ સામે FIR

## ૨. કોરોના વાયરસ સામે કેન્દ્ર સરકારે લીધેલા પગલાં




- ✓ **ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ તા.૩૦ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ કેરળના ત્રિશુર જિલ્લામાં નોંધાયો હતો.**

## ૩. કેન્દ્ર સરકાર : દેશમાં રાજકોષીય ખાદ્ય ઘટાડવાના પ્રયાસો (અર્થશાસ્ત્ર)

- ✓ સરકાર આગામી છ મહિના દરમિયાન ૪.૮૮ લાખ કરોડનું ઋણ બજારમાંથી મેળવશે
- ✓ નાણાપ્રધાન નિર્મલા સીતારામન વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ રજૂ કરતી વખતે બજારમાંથી ૭.૮ લાખ કરોડનું ઋણ લેવાના અંદાજો જાહેરાત કરી ચૂક્યા છે. હવે તે પૈકીની ૬૦ ટકા રકમનું ઋણ આરંભિક છ મહિનામાં જ લેવામાં આવશે.
- ✓ નાણાપ્રધાને બજારમાંથી મેળવવામાં આવનારા ઋણનો ઉપયોગ મૂડીકીય ખર્ચ પાછળ થશે તેમ જણાવ્યું હતું. સરકારે મૂડીકીય ખર્ચમાં ૨૧ ટકાની વૃદ્ધિ કરવા જોગવાઇ કરેલી છે.
- ✓ સરકાર રાજકોષીય ખાધમાં ઘટાડો કરવા બજારમાંથી ઋણ મેળવે છે.
- ✓ મુદતી બોન્ડ અને ટ્રેઝરી બિલની મદદથી આ રકમ બજારમાંથી મેળવાય છે.
- ✓ વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં સરકારે રાજકોષીય ખાધ ૭.૯૬ લાખ કરોડ રહેવાનો અંદાજ લગાવ્યો છે. તે ખાધ સકળ ઘરેલુ ઉત્પાદનના ૩.૫ ટકા રહેશે.

### લૉકડાઉનથી નવ લાખ કરોડના નુકસાનની ભીતિ

- ✓ લૉકડાઉનને કારણે અર્થતંત્રને ૧૨૦ અબજ ડોલર (અંદાજે નવ લાખ કરોડ રૂપિયા)નું નુકસાન થઇ શકે છે.
- ✓ આ નુકસાન ભારતના સકળ ઘરેલુ ઉત્પાદનના ચાર ટકા બરોબર છે.
- ✓ ૧૪ એપ્રિલ સુધી રહેનારા લોકડાઉનને કારણે ઉત્પાદન, વેચાણ, માગ બધું જ ઠપ છે.

### રિઝર્વ બેન્કે રાજ્યોની WMA મર્યાદા વધારી

- ✓ રિઝર્વ બેન્કે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટેની ‘વેઝ એન્ડ મિન્સ એડવાન્સિસ’ (ડબ્લ્યુ. એમ. એ.)ની મર્યાદામાં ૩૦ ટકા સુધીનો વધારો કર્યો છે.

- ✓ આ જોગવાઇ ૩૦ સપ્ટેમ્બર સુધી અમલી રહેશે. બેન્ક્સ હવે બફર માટે સાચવી રાખેલી મૂડીનો ઉપયોગ પણ કરી શકશે.

**નિકાસ નિયમોમાં પણ આપી છૂટછાટ**

- ✓ બેન્કે નિકાસકારોને નિકાસ પ્રોસિડ્સ માટે પણ છ મહિનાની મુદત લંબાવી આપી છે.
- ✓ અત્યાર સુધી નિકાસ પ્રોસિડની મુદત નવ મહિનાની હતી, પરંતુ કોવિડ-૧૯ પ્રકોપને કારણે ઊભી થયેલી સ્થિતિને જોતાં તે મુદત વધારીને ૧૫ મહિના કરવામાં આવી

### ૪. કોરોના વાયરસ સંદર્ભે લોકોને સહાયરૂપ બનવા ગુજરાત સરકાર દ્વારા અગત્યના નિર્ણયો

**(૧) દરેક કામદાર-શ્રમિકના બેંક ખાતામાં રૂ.૧,000/- જમા કરાવશે**

- ✓ કુલ-૬૫ લાખ કામદારો-શ્રમિકો માટે રૂ. ૬૫૦ કરોડનું પેકેજ

**કોને લાભ મળશે**

- ✓ ગરીબ શ્રમજીવી, અસંગઠિત કામદારો અને બાંધકામ કામદારો
- ✓ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા (NFSA) હેઠળના ૬૬ લાખ કુટુંબોને એપ્રિલમાં વિનામૂલ્યે અન્ન પુરવઠાના વિતરણ માટે સઘન આયોજન
- ✓ NFSAના દરેક લાભાર્થીને વિનામૂલ્યે અન્ન વિતરણ
- ✓ અંત્યોદય અન્ન યોજના (AAY)ના આશરે ૮ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૨૫ કિ. ગ્રા. ઘઉં તથા ૧૦ કિ. ગ્રા. ચોખા
- ✓ અગ્રતા ધરાવતા (PHH) આશરે ૫૮ લાખ કુટુંબોને પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ. ગ્રા. ઘઉં તથા ૧.૫ કિ. ગ્રા. ચોખા
- ✓ તમામ ૬૬ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. દાળ
- ✓ લાભાર્થીઓને કાર્ડ દીઠ ખાંડ અને મીઠું પણ વિનામૂલ્યે મળશે
- ✓ લાભાર્થીઓએ મળવાપાત્ર જથ્થા તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા અંગે ફરિયાદ માટે જિલ્લા કક્ષાના ટોલ ફ્રી નંબર : ૧000 ઉપર સંપર્ક કરવો

**(૨) પાક ધિરાણની ભરપાઈની મુદતમાં બે મહિનાનો વધારો (કૃષિ)**

- ✓ ખેડૂતો હવે તા. ૩૧ મે-૨૦૨૦ સુધીમાં ધિરાણ ભરવાનું રહેશે
- ✓ વધારાનું રૂ. ૧૬૦ કરોડનું વ્યાજ ખેડૂતો વતી સરકાર ચૂકવશે
- ✓ લાભ – ૨૧.૨૪ લાખ ખેડૂતો

### ૫. બેન્કિંગ ક્ષેત્ર : ૬ નાની સરકારી બેન્કોનું ૪ મોટી બેન્કોમાં મેગા મર્જર અમલી

**કઈ નાની બેન્ક કઈ બેન્કમમાં વિલીન થઈ**

- ✓ ઓરીએન્ટલ બેન્ક ઓફ કોમર્સ અને યુનાઇ ટેડ બેન્ક ઓફ ઇન્ડિયા હવે પંજાબ નેશનલ બેન્કમાં વિલીન થઈ.
- ✓ સિન્ડિકેટ બેન્ક કેનેરા બેન્કમાં વિલીન થઈ.
- ✓ આંધ્ર બેન્ક અને કોર્પોરેશન બેન્ક હવે યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયામાં વિલીન થઈ
- ✓ અલ્હાબાદ બેન્ક હવે ઇન્ડિયન બેન્કમાં વિલીન થઈ.

| આ બેન્કો મર્જ થશે | આ નામ હશે | મર્જર બાદ કુલ કારોબાર | અસર |
| --- | --- | --- | --- |
| પીએનબી, ઓરિએન્ટલ બેન્ક ઓફ કોમર્સ, યુનાઇટેડ બેન્ક ઓફ ઈન્ડિયા | પંજાબ નેશનલ બેન્ક | ₹ 17.94 લાખ કરોડ | બીજી સૌથી મોટી બેન્ક બનશે |
| કેનરા બેન્ક, સિન્ડિકેટ બેન્ક | કેનરા બેન્ક | ₹ 15.20 લાખ કરોડ | ચોથી સૌથી મોટી બેન્ક હશે |
| યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા, આંધ્ર બેન્ક, કોર્પોરેશન બેન્ક | યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા | ₹ 14.59 લાખ કરોડ | પાંચમી સૌથી મોટી બેન્ક બનશે |
| ઈન્ડિયન બેન્ક, અલ્હાબાદ બેન્ક | અલ્હાબાદ બેન્ક | ₹ 8.08 લાખ કરોડ | સાતમી સૌથી મોટી બેન્ક બનશે |

કુલ કારોબાર ₹ 55.81 લાખ કરોડ

### ૬. વટહુકમ : PM CARES FUNDમાં દાન આપનાર રકમ આવકવેરામાં ૧૦૦ ટકા કરમુક્ત

- ✓ સરકારે આ અંગેનો વટહુકમ બહાર પાડીને તેને કાયદેસરનું રૂપ પણ આપી દીધું છે.
- ✓ રાષ્ટ્રપતિએ 'કરવેરા અને આવક કાયદા વટહુકમ, ૨૦૨૦'ને મંજૂરી આપી.
- ✓ આવકવેરા રિટર્ન ભરવાની સમયમર્યાદા વધી વટહુકમ જાહેર થતાં વર્ષ ૨૦૧૮-૧૯નું રિટર્ન ભરવાની સમયમર્યાદા પણ ૩૧ માર્ચથી વધારીને ૩૦ જૂન કરાઈ છે.
- ✓ પેન નંબર સાથે આધાર નંબર લિંક કરવાની અંતિમ મુદતમાં પણ ત્રણ મહિનાનો વધારો કરીને સમયમર્યાદા ૩૦ જૂન સુધી લંબાવવામાં આવી છે.
- ✓ વટહુકમની જોગવાઇ મુજબ માર્ચ એપ્રિલ અને મે મહિનામાં રજૂ થતાં કેન્દ્રીય એક્સાઇઝ રિટર્ન પણ જમા કરાવવની મુદત પણ વધારીને ૩૦ જૂન, ૨૦૨૦ કરવામાં આવી છે.

**આવકવેરા રાહતો માટેના રોકાણોની સમયમર્યાદા પણ વધી**

- ✓ આવકવેરા કાયદાની કલમ ૮૦ સી, ૮૦ ડી, ૮૦ જી હેઠળ ક્રમશ : જે વીમા પોલીસી, પીપીએફ, રાષ્ટ્રીય બચતપત્ર, ચિકિત્સા સંબંધી પ્રીમિયમ વગેરેમાં રોકાણ કરતાં કરમાં રાહત મળે છે.

✓ આવા રોકાણો કરવાની મર્યાદા પણ ૩૦ જૂન, ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે .

## ૭. કાયમી રહેવાસી : જમ્મુ કાશ્મીર

**કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા કેન્દ્ર શાસિત પ્રદેશના રહેવાસી અંગે નવીન ગેઝેટ જાહેર**

**કોને લાભ થશે**

✓ જમ્મુ-કાશ્મીરનાં કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી રહેતા લોકો હવે ત્યાંનાં કાયમી રહીશ કે અધિવાસી ગણાશે.

✓ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કર્યાનાં તેમજ તેને કાશ્મીર અને લદ્દાખનાં બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજિત કર્યાનાં ૮ મહિના પછી સરકારે ત્યાંના રહીશો માટે ડોમિસાઇલનાં નવા નિયમો જાહેર કર્યા હતા.

✓ જે લોકો જમ્મુ એન્ડ કાશ્મીરમાં ૧૫ કે તેથી વધુ વર્ષથી રહેતા હોય તે ઉપરાંત ૭ વર્ષથી ત્યાં અભ્યાસ કરતા હોય અને ત્યાં આવેલી શિક્ષણ સંસ્થાઓમાંથી ધોરણ ૧૦ કે ૧૨ની પરીક્ષા આપી હોય તેઓ પણ ત્યાંનાં રહીશ ગણાશે. આ અગાઉ બંધારણની કલમ ૩૫-એ મુજબ ત્યાં ડોમિસાઇલનાં નિયમો અમલમાં હતા.

✓ જમ્મુ એન્ડ કાશ્મીરનાં રિલીફ એન્ડ રિહેબિલિટેશન કમિશનર દ્વારા જેમને માઇગ્રન્ટ તરીકે રજિસ્ટર કરવામાં આવ્યા હોય તેઓ પણ હવે ત્યાંનાં રહીશ ગણાશે.

**3A હેઠળ આવતા અધિકારીઓનાં સંતાનોને લાભ**

✓ કલમ 3Aમાં જણાવવામાં આવ્યા મુજબનાં અધિકારીઓ કે જેમણે જમ્મુ કાશ્મીરમાં કુલ ૧૦ વર્ષ ફરજ બજાવી હોય તેવા અધિકારીઓના સંતાનો તેમજ જે માતાપિતા કલમ 3Aની શરતો સંતોષતા હોય અને ત્યાંનાં કાયમી રહીશ ગણાતા હોય તેવા માતાપિતાનાં સંતાનો પણ ત્યાંનાં અધિવાસી ગણાશે.

✓ કાયમી ડોમિસાઇલ ધરાવતા લોકો જ કાશ્મીરમાં નોકરી માટે અરજી કરી શકશે.

✓ કેન્દ્ર સરકારે કાશ્મીરમાં કાયમી વસવાટનાં નવા નિયમો અમલમાં મૂક્યા પછી હવે જે લોકો આ નિયમો હેઠળ યોગ્યતા ધરાવતા હશે તેઓ જ સરકારી નોકરીમાં કે કોન્સ્ટેબ્યુલરીમાં જુનિયર હોદ્દાઓ પર નિયુક્તિને પાત્ર ઠરશે.

✓ કાશ્મીરનો ભૂભૌગોલિક દરજ્જો બદલાયા પછી અને કલમ ૩૭૦ રદ કરાયા પછી એવી ભીતિ હતી કે દેશની કોઈપણ વ્યક્તિ ત્યાં નોકરી કરી શકશે કે ત્યાંની રહીશ ગણાશે.

✓ આથી આવી આશંકા દૂર કરવા માટે કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહની સુચનાને આધારે ડોમિસાઇલનાં નવા નિયમો જાહેર કરાયા હતા અને ત્યાંનાં રહીશોની આશંકા દૂર કરાઈ હતી.

✓ ડોમિસાઇલનાં નવા નિયમો રૂ. ૨૫,૫૦૦નું બેઝિક વેતન ધરાવતા તમામ હોદ્દા પર ભરતીને લાગુ પડશે.

✓ અમિત શાહે કાશ્મીરનાં નેતાઓને ખાતરી આપી હતી કે કેન્દ્ર સરકાર દ્વારા આ કેન્દ્રશાસિત પ્રદેશનાં ભૂભૌગોલિક દરજ્જામાં કોઈ ફેરફાર કરાશે નહીં.

✓ કાશ્મીરમાં ડોમિસાઇલનાં નવા નિયમ અન્ય રાજ્ય કરતા વધુ સારા હશે.

**સરકારી નોકરીઓ ફક્ત કાશ્મીરીઓ માટે જ અનામત**

✓ સરકારે સ્પષ્ટતા કરી હતી કે જમ્મુ એન્ડ કાશ્મીરમાં તમામ સરકારી નોકરીઓ ફક્ત કાશ્મીરનાં અધિવાસીઓ માટે જ અનામત રહેશે.

✓ તમામ ગેઝેટેડ અને નોન ગેઝેટેડ જગ્યાઓ તેમજ તમામ ક્લાસ-૪ જગ્યાઓ કાશ્મીરી અધિવાસીઓ માટે જ અનામત રહેશે.

## ૮. BS-06 પેટ્રોલ અને ડિઝલના વેચાણની શરૂઆત : તા. ૧લી એપ્રિલ-૨૦૨૦ (પર્યાવરણ)

**અન્ય વિગત**

✓ પેટ્રોલિયમ કંપનીઓએ 1 એપ્રિલથી બીએસ-6 પેટ્રોલ-ડીઝલનું વેચાણ શરૂ કરી દીધું છે.

✓ કંપનીઓએ એક સપ્તાહ અગાઉથી પેટ્રોલ પંપ પર બીએસ-6 ઇંધણનો પુરવઠો ભરી દીધો હતો.

✓ આ માટે કંપનીઓએ 35 હજાર કરોડનું રોકાણ કર્યું છે.

## ૯. દિન વિશેષ : ૧ એપ્રિલ : નાણાકીય વર્ષનો પ્રારંભ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો :(૦૧-૦૪-૨૦૨૦)

1. કોરોના વાયરસની ગંભીરતાને ધ્યાને લઈને કઈ જમાતના સભ્યોના ભારતના પ્રવાસી વિઝા નહીં આપવાની તમામ દૂતાવાસોને કડક સૂચના અપાઇ છે- **તબલિગ/તબલિગી**
2. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ કોરોના વાયરસનો કેસ ક્યારે અને કયા દેશમાં નોંધાયો હતો - **7 જાન્યુઆરી 2020 અને ચીન**

3. ભારતમાં સૌપ્રથમ કોરોના વાયરસનો કેસ કઈ તારીખે નોંધાયો હતો- **30 જાન્યુઆરી 2020**
4. ભારતમાં સૌપ્રથમ કોરોના વાયરસનો કેસ કયા જિલ્લા અને રાજ્યમાં નોંધાયો હતો-**ત્રિસુર અને કેરળ**
5. કેન્દ્ર સરકાર દેશમાં રાજકોષીય ખાધ ઘટાડવા આગામી છ મહિનામાં કેટલું ઋણ બજારમાંથી મેળવશે - **રૂ. 4.88 લાખ કરોડ**
6. કેન્દ્ર સરકારના વર્ષ 2020-21ના અંદાજપત્રમાં બજારમાંથી કુલ કેટલું ઋણ લેવાનું જણાવાયું હતું - **રૂ. 7.8 લાખ કરોડ**
7. કેન્દ્ર સરકારે મૂડીકીય ખર્ચમાં કેટલા ટકાની વૃદ્ધિ કરવાની જોગવાઈ કરેલી છે- **21 %**
8. વર્ષ 2020-21ના કેન્દ્રીય અંદાજપત્રમાં સરકારે દેશમાં રાજકોષીય ખાધ કેટલા કરોડ રહેવાનો અંદાજ લગાવ્યો છે - **રૂ.7.96 લાખ કરોડ**
9. માર્ચ-2020ની સ્થિતિએ ભારતના અર્થતંત્રને કોરોના વાયરસથી પ્રભાવિત લૉકડાઉનના કારણે કેટલા કરોડનું નુકસાન જવાનો અંદાજ છે - **રૂ. 9 લાખ કરોડ**
10. RBI દ્વારા રાજ્યો-UTની WMA મર્યાદા આગામી 30 સપ્ટેમ્બર-2020 સુધી વધારીને કેટલા ટકા કરાઈ જેથી કરીને બેંકો તેમની પાસેની બફર મૂડીનો ઉપયોગ કરી શકશે - **30%**
11. WMAનું વિસ્તૃત નામ જણાવો - **'વેઝ એન્ડ મિન્સ એડવાન્સિસ'**
12. કોરોના વાયરસની સ્થિતિમાં કામદારો, શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રના કામદારોને મદદરૂપ થવા ગુજરાત સરકાર તેમના બેંક એકાઉન્ટમાં કેટલા રૂપિયા જમા કરાવશે જેના માટે રૂ.650/- કરોડનું પેકેજ જાહેર કરાયું- **રૂ. 1000/-**
13. ગુજરાતમાં લાભાર્થીઓને મળવાપાત્ર અન્ન જથ્થા તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા અંગે ફરિયાદ માટે જિલ્લા કક્ષાએ કયો ટોલ ફ્રી નંબર જાહેર કરાયો- **1000**
14. ગુજરાતમાં કયા કાયદા હેઠળ અંદાજે 66 લાખ પરિવારોને એપ્રિલ-2020માં વિનામૂલ્યે અન્ન પુરવઠો વિતરણ કરાશે – **રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો (NFSA)**
15. AAYનું વિસ્તૃત નામ જણાવો – **અંત્યોદય અન્ન યોજના**
16. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને પાક ધિરાણ ભરપાઈ કરવાની મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો જેનું વ્યાજ બેન્કોને ગુજરાત સરકાર ચૂકવશે - **31 મે 2020(બે માસ)**
17. ભારતમાં તા.01 એપ્રિલ 2020ની સ્થિતિએ કેટલી નાની સહકારી બેંકોનું 4 મોટી બેંકોમાં મર્જર થયું- **6**
18. PM-CARES FUNDમાં દાન આપનાર રકમને આવકવેરામાં કેટલા ટકા કરમુક્તિ અપાઇ જેના માટે કેન્દ્ર સરકારે વટહુકમ બહાર પાડયો- **100%**
19. કેન્દ્રના ગૃહમંત્રાલય દ્વારા તા.02 એપ્રિલ-2020માં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ- કાશ્મીરના રહેવાસીઓ માટે જાહેર કરાયેલ નવીન ગેઝેટ પ્રમાણે કેટલા વર્ષથી ત્યાં રહેતા લોકોને હવે કાયમી રહીશ કે અધિવાસી ગણવામાં આવશે- **15 વર્ષ કે તેથી વધુ**
20. કેન્દ્રના ગૃહમંત્રાલય દ્વારા તા. 02 એપ્રિલ-2020માં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ- કાશ્મીરના રહેવાસીઓ માટે જાહેર કરાયેલ ડોમિસાઈલનાં નવા નિયમ- ગેઝેટ પ્રમાણે કેટલા વર્ષથી ત્યાં રહેતા લોકોને હવે કાયમી રહીશ કે અધિવાસી ગણવામાં આવશે - **15 વર્ષ કે તેથી વધુ સમય, 7 વર્ષથી ત્યાં અભ્યાસ કરતા હોય અને ત્યાં આવેલી શિક્ષણ સંસ્થાઓમાંથી ધોરણ-10 કે 12ની પરીક્ષા આપી હોય તેઓ પણ ત્યાંના રહીશ ગણાશે, તેમજ જમ્મુ-કાશ્મીરના રિલીફ એન્ડ રિહેબિલિટેશન કમિશનર દ્વારા જેમને માઇગ્રન્ટ તરીકે નોંધવામાં આવ્યા હોય**
21. જમ્મુ-કાશ્મીરમાં કુલ કેટલા વર્ષથી ફરજ બજાવતા અધિકારીઓના સંતાનો કલમ 3A હેઠળ ત્યાંના રહેવાસી ગણવામાં આવશે- **10 વર્ષ**
22. આ ઉપરાંત કલમ 3Aની શરતો સંતોષતા હોય તેવા કયા માતા-પિતાના સંતાનોને પણ જમ્મુ-કાશ્મીરના અધિવાસી ગણાશે- **ત્યાંના કાયમી રહીશ ગણાતા હોય તેવા**
23. જમ્મુ-કાશ્મીરમાં રહેવાસીના નવા નિયમ પ્રમાણે કોણ ત્યાં સરકારી નોકરી માટે અરજી કરી શકશે - **કાયમી ડોમિસાઈલ ધરાવતા લોકો**
24. જમ્મુ-કાશ્મીરમાં ડોમીસાઈલના નવા નિયમ પ્રમાણે કેટલા રૂપિયાનું બેઝિક વેતન ધરાવતા તમામ હોદ્દાઓની ભરતીમાં આ નિયમ લાગુ પડશે - **રૂ.25,500/-**
25. જમ્મુ-કાશ્મીરમાં રહેવાસીઓના નવા નિયમ પ્રમાણે ફક્ત કોના માટે સરકારી નોકરીઓમાં અનામત રહેશે- **કાશ્મીરના અધિવાસીઓ માટે**

26. ડોમીસાઈલના નવા નિયમ પ્રમાણે તમામ ગેઝેટેડ અને નોન-ગેઝેટેડ જગ્યાઓ તેમજ ક્લાસ-4ની જગ્યાઓ કોના માટે અનામત રહેશે - **કશ્મીરી અધિવાસીઓ**

27. ભારતમાં વાહન પ્રદૂષણ ઘટાડવાના હેતુથી તારીખ 01 એપ્રિલ 2020થી કયું પેટ્રોલ ડીઝલનું વેચાણ શરૂ થયું- **BS-06**

28. પર્યાવરણના સંદર્ભમાં BSનું વિસ્તૃત નામ જણાવો - **ભારત સ્ટાન્ડર્ડ**

29. ભારતમાં નાણાકીય વર્ષનો પ્રારંભ કઈ તારીખથી થાય છે - **01 એપ્રિલ**

## 02-04-2020

### ૧. ગૃહ મંત્રાલય : કેન્દ્ર સરકાર (કાયદો)

✓ લૉકડાઉનનું ઉલ્લંઘન કરનારા સામે IPCની વિવિધ કલમ તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-2005 હેઠળ કેસ નોંધાવા કેન્દ્રીય ગૃહ મંત્રાલયનો રાજ્યોને આદેશ

### ૨. ખેલકૂદ : વિશ્વના જાણીતા ગણિતશાસ્ત્રી અને ક્રિકેટની રમતને ડકવર્થ લુઈસ નિયમ આપનાર ટોની લુઈસનું 78 વર્ષે લંડનમાં અવસાન

✓ સાંકેતિક નામ – D/L

✓ નિયમ આપનાર – ફ્રાન્ક ડકવર્થ અને ટોની લુઈસ

✓ ડકવર્થ લુઈસનો પ્રથમ ઉપયોગ : વર્ષ-1997માં આ નિયમને આઇસીસી સમક્ષ રજૂ કર્યો ત્યારબાદ વર્ષ-1999માં ઇંગ્લેન્ડ ખાતે રમાયેલા વર્લ્ડ કપમાં તેનો પ્રથમ અમલ કરાવ્યો હતો

**શું છે ડકવર્થ લુઈસ પદ્ધતિ**

✓ વરસાદ અથવા ખરાબ હવામાનથી પ્રભાવિત થયેલી મેચમાં રન ચેઝ કરવા માટે નવો ટાર્ગેટ (તર્કસંગત) આપી શકાય

### 3. સાવચેતી : કોરોના વાયરસથી બચવા ગુજરાતનું સૌથી મોટું માસ ક્વોરન્ટાઈન સુરતના રાંદેર વિસ્તારમાં

✓ આ વિસ્તારમાં કુલ 16754 મકાનોમાં 54 હજાર લોકોને 14 દિવસ માટે હોમ ક્વોરન્ટાઈન કરાયા

### ૪. UN : કોરોનાના કારણે વર્ષ 2020માં વૈશ્વિક જીડીપીમાં 1 ટકાનો ઘટાડો થશે

✓ અગાઉ 2.5 ટકાનો અંદાજ હતો પણ હવે 1.5 ટકા રહેવાનો અંદાજ

✓ અહેવાલ- યુએન ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સ

### ૫. કોવિડ 19 : આરોગ્ય સેતુ એપ (ટેક્નોલોજી-આરોગ્ય)

✓ ભારત સરકારે આરોગ્ય સેતુ એપ લોન્ચ કરી છે. આ એક પ્રકારની ટ્રેકર એપ છે.

✓ કોઇ વ્યક્તિને પોતે કોઇ કોરોના દર્દીની આસપાસથી પસાર થઇ છે કે નહીં તે તપાસવામાં આ એપ મદદ કરી શકે છે.

એપ કોના દ્વારા તૈયાર કરાઈ

✓ કેન્દ્ર સરકારનાં ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આરોગ્ય મંત્રાલયના સહકાર સાથે તૈયાર કરેલું આ એપ ગૂગલ પ્લે તથા એપલના એપ સ્ટોર પર ઉપલબ્ધ છે.

**કેવી રીતે કામ કરે છે**

✓ આરોગ્ય સેતુ એપ ઈન્સ્ટોલ કરવા પર પહેલીવાર ઓપન કરતા કેટલીક પરમિશન્સ આપવાની રહેશે. આ એપ તમારા મોબાઈલ નંબર, બ્લ્યુટૂથ અને લોકેશન ડેટાની મદદથી જાણ કરી શકે છે તમે સુરક્ષિત છો અથવા પછી સંક્રમણનો ખતરો છે.

✓ આ એપ જીપીએસ તથા બ્લૂટૂથ બંનેનો ઉપયોગ કરે છે. જીપીએસના આધારે વપરાશકારનું ચોક્કસ લોકેશન નક્કી થાય છે જ્યારે બ્લૂટૂથના આધારે એ ખ્યાલ આવશે કે તમે ક્યારે અને ક્યાં કોઇ નોવેલ કોરોના વાયરસ ધરાવતી વ્યક્તિથી લગભગ છ ફૂટ જેટલા નજીકના અંતરે પસાર થયા હતા.

**અન્ય વિગતો**

✓ આરોગ્ય સેતુ એપમાં સરકારમાં નોંધાયેલા કોરોના કેસનો તમામ ડેટા ફીડ કરી દેવામાં આવ્યો છે. વધુને વધુ લોકો આ એપ ડાઉનલોડ કરશે અને તેમાં પોતાની વિગતો ઉમેરશે તેમ તેમ આ એપની ઉપયોગિતા વધશે.

✓ આ એપમાં ટ્રેકિંગ ઉપરાંત કોવિડ 19 વિશે ઉપયોગી માહિતી તથા સલાહસૂચનો પણ આપવામાં આવ્યાં છે. તેમાં તમામ રાજ્યોની કોરોના હેલ્પલાઇન ના નંબર પણ આપવામાં આવ્યા છે.

**11 ભાષાઓમાં ઉપલબ્ધ**

- ✓ કોરોના વાયરસ ટ્રેકર આરોગ્ય સેતુ એપ્લિકેશન 11 ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે. જેમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયા, મરાઠી, બાંગ્લા અને પંજાબી સામેલ છે.

**૫. જન્મ દિન વિશેષ : ચૈત્ર સુદ નોમ**

**રામનવમી:ભગવાન શ્રીરામનો જન્મદિન**

**તિથિ : ચૈત્ર સુદ નોમ**

**વર્તમાન સંદર્ભમાં ભગવાન શ્રીરામ :**

- ✓ કોરોના વાયરસને કારણે દુનિયાના આગળ પડતા દેશો ભયંકર તકલીફમાં મૂકાઈ ગયા છે ત્યારે દેશમાં ૨૧ દિવસના લૉકડાઉનને કેટલાક મુર્ખાઓ સાહજિકતાથી લઈને સમગ્ર દેશ માટે ખતરારૂપ બની રહ્યાં છે
- ✓ આ લોકોએ ભગવાન રામના ૧૪ વર્ષના વનવાસમાંથી શીખ મેળવવાની છે કે કઈ રીતે એકાંતમાં રહીને જનસેવા થઈ શકે છે.
- ✓ ભારતીય સંસ્કૃતિની ધરોહર એવા રામાયણ અને મહાભારતના બંને ગ્રંથોમાં વનવાસની વાત આવે છે.
- ✓ આ વનવાસ દરમિયાન ભગવાન રામ અને પાંડવોએ જનસેવા કરી સાથેસાથે પોતાના સામર્થ્ય અને શક્તિમાં પણ વધારો કર્યો.
- ✓ લક્ષ્મણા રેખા ઓળંગી તે માતા સીતાજીને પણ તકલીફ પડી, આ લોકડાઉનની લક્ષ્મણ રેખાનું માન રાખવામાં જ આપણી ભલાઈ છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૪-૨૦૨૦)**

1. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આદેશ મુજબ ભારતમાં કોરોના વાયરસ સંદર્ભે લૉકડાઉનનો ભંગ કરનાર સામે કયા એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવશે - **ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ -2005**
2. વિશ્વના કયા જાણીતા ગણિતશાસ્ત્રી અને ક્રિકેટની રમતમાં ડકવર્થ લુઈસના નિયમ આપનાર કોનું તાજેતર એપ્રિલ 2020માં અવસાન થયું- **ટોની લુઇસ**
3. ડકવર્થ લુઈસનું સાંકેતિક નામ જણાવો- **D/L**
4. વિશ્વસ્તરે ક્રિકેટની રમતને ડકવર્થ લુઈસના નિયમો આપનાર મહાનુભાવોના નામ જણાવો – **ફ્રાન્ક ડકવર્થ અને ટોની લુઈસ**
5. ક્રિકેટમાં ડકવર્થ લુઈસ નિયમનો પ્રથમ પ્રયોગ કયા વર્ષે થયો હતો- **1999**
6. ક્રિકેટમાં ડકવર્થ લુઈસ નિયમનો પ્રથમ પ્રયોગ કયા દેશમાં થયો હતો- **ઇંગ્લેન્ડ**
7. ક્રિકેટમાં ડકવર્થ લુઈસ નિયમનો પ્રથમ પ્રયોગ કઈ ટુર્નૉમેન્ટમાં થયો હતો - **વર્લ્ડ કપ-1999**
8. ક્રિકેટમાં વરસાદ અથવા ખરાબ હવામાનથી પ્રભાવિત થયેલી મેચમાં રન ચેઝ કરવા માટે નવો લક્ષ્યાંક આપવામાં આવે છે તે પદ્ધતિને શું કહેવાય છે - **ડકવર્થ લુઈસ**
9. કોરોના વાઈરસથી સાવચેતીના ભાગરૂપે ગુજરાતના કયા વિસ્તારમાં 54 હજાર લોકો માટે સૌથી મોટું માસ કવૉરન્ટાઈન ઉભુ કરાયું- **રાંદેર, સુરત**
10. યુએન ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સના અહેવાલ મુજબ કોરોનાના કારણે વર્ષે -2020માં વૈશ્વિક GDPમાં કેટલા ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે- **1%(અંદાજે 1.5% રહેશે)**
11. ભારતમાં કોઈ વ્યક્તિ પોતે કોરોનાના દરદીની આસપાસથી પસાર થઈ છે કે નહીં તે તપાસવા માટે કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા કઈ ટ્રેકર એપ ગૂગલ પ્લે ઉપર ઉપલબ્ધ કરાવી છે- **આરોગ્ય સેતુ**
12. આરોગ્ય સેતુ એપ ગુજરાતી સહિત ભારતની કેટલી ભાષામાં ઉપલબ્ધ છે - **11**
13. "આરોગ્ય સેતુ" ટ્રેકર એપ કઈ કઈ ભાષામાં ઉપલબ્ધ છે - **ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, તમિલ, તેલુગુ,કન્નડ, મલયાલમ, ઉડિયા, મરાઠી, બાંગ્લા અને પંજાબી**
14. તિથિ મુજબ ચૈત્ર સુદ નોમ એટલે કોની જન્મ તિથિ- **ભગવાન રામ-રામ નવમી**

**DATE : 03-04-2020**

**૧. વડા પ્રધાન મોદીની કોરોના વાઇરસ સંદર્ભે જાહેર અપીલ**




- ✓ મોદીએ કહ્યું કે રવિવારે ૫ એપ્રિલે રાત્રે ૯ કલાકે આપણે સૌએ કોરોનાનાં સંકટને પડકાર ફેંકવાનો છે અને પ્રકાશની તાકાતનો પરિચય કરાવવાનો છે.
- ✓ આ ૫ એપ્રિલે ૧૩૦ કરોડ દેશવાસીઓએ કોરોનાનાં અંધકારને દૂર કરવા મહાશકિતનું જાગરણ.

૨. વર્લ્ડ બેંક : કોરોના સામે લડવા વર્લ્ડ બેંકની ભારતને 1 અબજ ડોલરની ઇમરજન્સી મદદ (કુલ રૂ. 76 અબજ)

✓ કુલ 25 દેશો માટે 1.9 અબજ ડોલરની સહાય

**અન્ય દેશ-**

✓ શ્રીલંકા – 12.86 કરોડ પાક. - 20 કરોડ ડોલર

✓ અફઘાનિસ્તાન - 10 કરોડ ડોલર

✓ માલદિવ્સ- 73 લાખ ડોલર

**ઉપયોગ :**

✓ સ્ક્રિનિંગ, દર્દીઓની શોધખોળ, ડોક્ટર અને હેલ્થ વર્કસ માટે PPE ખરીદી શકાશે

✓ નવા આઇસોલેશન વોર્ડ

**ભાવિ આયોજન**

✓ ડૉકટરો અને હેલ્થ વર્કર્સ માટે PPF ખરીદી શકાશે.

✓ નવા આઈસોલેશન વૉર્ડ શરૂ કરી શકાશે.

✓ વર્લ્ડ બેન્ક દ્વારા આગામી 15 મહિનામાં કોરોના સામે સપોર્ટ મેઝર્સ લેવા તેમજ ઈકોનોમીની રિકવરી માટે 160 અબજનું પેકેજ જાહેર કરવામાં આવશે.

૩. ADB : કોરોના વાયરસના કારણે ભારતનો વૃદ્ધિદર ઘટીને ૪ ટકા રહેવાનું અનુમાન

**નાણાકીય વર્ષ 2020-21 વૈશ્વિક અર્થતંત્રને રૂપિયા 300 લાખ કરોડના નુકસાનનો અંદાજ**

**અન્ય અસરો**

✓ આ સદીની કોરોના સૌથી મોટી મહામારી છે તેની સામાજિક, નાણાંકીય, આરોગ્ય અને શિક્ષણ પર વ્યાપક અસર પડશે.

✓ જીડીપીના મુખ્ય અર્થશાસ્ત્રી યેસુયુકી સાવદાએ કહ્યું કે વૈશ્વિક અર્થતંત્રને અસર થઈ છે અને ભારત પણ તેમાંથી બાકાત નથી. પરંતુ તેનો આર્થિક પાયો મજબૂત છે આથી આગામી નાણાકીય વર્ષે તેના અર્થતંત્રમાં જોરદાર સુધારો થશે.

✓ એડીબીએ આઉટલુક 2020 માટે કહ્યું કે આગામી નાણાંકીય વર્ષમાં ભારતનો જીડીપી 6.2 ટકા સુધી પહોંચી શકે છે.

✓ ADB - એશિયન ડેવલોપમેન્ટ બેન્ક

✓ મુખ્યમથક - મનિલા (ફિલીપાઇન્સ)

૪. વાયુ પ્રદુષણ : વિશ્વમાં લૉકડાઉનની પર્યાવરણ ઉપર હકારાત્મક અસરો (પર્યાવરણ)

**અમદાવાદ સહિત દેશના 85 શહેરોમાં પ્રથમવાર પ્રદૂષણ સૌથી ઓછું - AQI 100થી નીચે**

✓ જલંધર શહેર-પંજાબથી લગભગ 200 કિમી દૂર હિમાચલના ધરમશાળા નજીકની પહાડીઓ જોવા મળી હતી. દાયકાઓ પછી આવું દ્રશ્ય જોવા મળ્યું.

✓ બીજા વિશ્વયુદ્ધ પછી પ્રથમવાર વિશ્વમાં આટલું પ્રદૂષણ ઘટ્યું

✓ સમુદ્રતટથી જલંધરની ઊંચાઈ 228 મીટર છે, જ્યારે આ પહાડીઓ 4342 મીટરની ઊંચાઈએ છે.

✓ પંજાબના અનેક શહેરોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ 50થી નીચે આવી ગયો છે. પરિણામે જલંધરના રહેવાસીઓ પોતાના ઘરમાંથી હિમાલય દર્શન કરી રહ્યાં છે અને આ પ્રકારના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર અપલોડ કરી રહ્યાં છે.

✓ તસવીરમાં જોવા મળતાં ધોળાધાર રેન્જ કુલુમાંથી વહેતી બિયાસ નદી સુધી લંબાયેલી છે. કેટલીક ઉંમરલાયક મહિલાઓએ તો નરી આંખે આ દેશ્ય દેખાતા હિમાલયની પોતાના ઘરમાંથી જ પૂજા પણ કરી હતી.

૫. IMF : વિદેશી હૂંડિયામણ ભંડારમાં ભારત વિશ્વમાં 8મા ક્રમે: કુલ કદ રૂ. 35 લાખ કરોડ




✓ પ્રથમ - ચીન 255 લાખ કરોડ

✓ IMF - ઇન્ટરનેશનલ મોનીટરીંગ ફંડ

✓ વિદેશી હૂંડિયામણની બાબતમાં ભારત વિશ્વના ટોપ-10 દેશોમાં આઠમા ક્રમ પર છે.

✓ ભારતનું વિદેશી હૂંડિયામણ 35 લાખ કરોડ રૂપિયા છે. જ્યારે ચીન પહેલા ક્રમ પર છે તેમની પાસે 255 લાખ કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ છે.

✓ બીજા ક્રમ પર જાપાન રહેલું છે તેઓની પાસે 104.05 લાખ કરોડ રૂપિયાનું હુંડિયામણ છે.

૬. જન્મ દિન વિશેષ : ૩ એપ્રિલ

સૌરાષ્ટ્રના સાધુ: અમૃતલાલ પઢિયાર

જન્મ – ૩ એપ્રિલ- ૧૮૭૦

અવસાન – ૨ જુલાઇ - ૧૯૧૯

- ✓ ૩ એપ્રિલે કમલાદેવી ચટ્ટોપાધ્યાય, જનરલ માણેકશા અને "સૌરાષ્ટ્રના સાધુ "તરીકે બીરદાવાયેલા અમૃતલાલ સુંદરજી પઢિયારનો જન્મદિન.
- ✓ ચોરવાડમાં જન્મેલા અમૃતલાલે માંડ પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો પણ અપાર જીજ્ઞાસાવૃત્તિ હોવાથી લખવાનો છંદ લાગ્યો હતો.
- ✓ શરૂના કઠિન દિવસોમાં ચણા ફાકીને પણ ગુજરાન ચલાવ્યું હતું. આર્ય વિધવા શીર્ષકથી પુસ્તક પ્રકાશિત કર્યું અને રૂઢિચુસ્તોનો ખોફ વહોરી લીધો.
- ✓ મુંબઇ ગયા ત્યાંજ સ્થાયી થવાનું નક્કી કર્યું. અહી ચોરવાડમાં પિતાએ પુત્રના લગ્નની તૈયારી કરી, અમૃતલાલે મુંબઈથી ના કહેવડાવી, પિતા આઘાત જીરવી ન શક્યા અને મૃત્યુ પામ્યાં.દરમિયાન મુંબઈમાં માંદા પડ્યા અને ચોરવાડ પાછા આવ્યા. વૈદકનો અભ્યાસ કરી વૈદ તરીકે પંકાયા.
- ✓ સમાંતરે છાપા અને સામયિકોમાં લેખો લખી લેખક તરીકે પ્રસ્થાપિત થયા.ફરી મુંબઇ ગયા અને શેઠ લક્ષ્મીદાસ ખીમજીને ત્યાં નોકરીએ રહ્યા.
- ✓ શેઠને ત્યાં છાપા વાંચી સંભાળવતા " જામે જમશેદ", "વીસમી સદી", "સમાલોચક", "આર્યપ્રકાશ", "નુરે ઈલમ" અને "ગુજરાતી "જેવાં સામયિકોમાં લેખો લખતા. તેનાં વિસ્તૃત અને સ્વતંત્ર રૂપે "આર્ય વિધવા", "અમૃત વચનો", "મહાપુરુષોના વચનો", "નવા યુગની વાતો", "સંસારમાં સ્વર્ગ" (૧૪ ભાગ) અને "અંત્યજ સ્ત્રોત "જેવાં પુસ્તકો લખ્યાં. તેમાં સંસારમાં સ્વર્ગ અને અંત્યજ સ્ત્રોત જેવાં પુસ્તકો ખાસ્સાં ચર્ચાસ્પદ રહ્યા હતા.
- ✓ હું તો ગામડાના લોકો માટે લખું છું તેમ કહેનાર અમૃતલાલનું નીરક્ષરોમાં ધર્મ અને અધ્યાત્મ વિષયક માહિતી પહોંચાડવામાં મોટું યોગદાન રહ્યું છે.
- ✓ ગુજરાતના જ્ઞાનજગતમાં લગભગ અવગણાંયેલા કહી શકાય એવા અમૃતલાલ પઢિયારનું બીજી જુલાઇ ૧૯૧૯ના રોજ મુંબઈમાં કોલેરાથી અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૪-૨૦૨૦)</u>

1. કોરોના મહામારી સામે લડી રહેલા ભારતના લોકોમાં ઊર્જાનો સંચય થાય તેવા ઉદ્દેશથી વડાપ્રધાનશ્રી મોદી દ્વારા એપ્રિલની કઈ તારીખે સાંજે 9:00 કલાકે પોતાના ઘરોમાં 9 મિનિટ માટે દીવો, મીણબત્તી, ટોર્ચ લાઈટ કે મોબાઇલની ટોર્ચ ચાલુ રાખવાનો લોકોને અનુરોધ કર્યો હતો- **<u>5 એપ્રિલ 2020</u>**
2. કોરોના વાયરસ સામે લડવા વર્લ્ડ બેંક દ્વારા ભારતને કેટલા ઇમરજન્સી ફંડની મદદ કરવાની જાહેરાત કરી છે - **<u>1 અબજ ડોલર (રૂ.76 અબજ)</u>**
3. કોરોના વાયરસ સામે લડવા વર્લ્ડ બેંક દ્વારા વિશ્વના કેટલા દેશો માટે કેટલી રકમની સહાય જાહેર કરી છે - **<u>25 દેશ અને કુલ 1.9 અબજ ડોલર</u>**
4. કોરોના વાયરસના કારણે ADB દ્વારા વર્ષે 2020-21માં ભારતનો વૃદ્ધિદર ઘટીને કેટલા ટકા રહેવાનું અનુમાન કરાયું છે - **<u>4%</u>**
5. કોરોના વાયરસના કારણે વૈશ્વિક અર્થતંત્રને કેટલા કરોડનું નુકસાન જવાનો અંદાજ એપ્રિલ-2020માં ADB દ્વારા રજૂ કરાયો છે - **<u>રૂ. 300 લાખ કરોડ</u>**
6. ADB દ્વારા વર્ષ 2022માં ભારતનો GDP કેટલા ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે - **<u>6.2%</u>**
7. ADBનું વિસ્તૃત નામ જણાવો- **<u>એશિયન ડેવલપમેન્ટ બેંક</u>**
8. ADBનું વડુ મથક ક્યાં આવેલું છે – **<u>મનિલા (ફિલીપાઇન્સ)</u>**
9. દેશમાં લોકડાઉનની સ્થિતિની પર્યાવરણ ઉપર જોવા મળતી હકારાત્મક અસરોના પરિણામે એપ્રિલ 2020 દરમિયાન અમદાવાદ સહિત દેશના 85 શહેરોમાં AQI કેટલા અંકથી નીચે હતો - **<u>100</u>**
10. AQIનું વિસ્તૃત નામ જણાવો - **<u>એર ક્વોલિટી ઇન્ડેક્ષ</u>**
11. IMFના અહેવાલ મુજબ એપ્રિલ 2020ની સ્થિતિએ વિદેશી હૂંડિયામણમાં ભારતનો ક્રમ જણાવો – **<u>08</u>**
12. IMFના અહેવાલ મુજબ એપ્રિલ 2020ની સ્થિતિએ ભારતના વિદેશી હૂંડિયામણનું કદ જણાવો- **<u>રૂ.35 લાખ કરોડ</u>**
13. IMFના અહેવાલ મુજબ એપ્રિલ 2020ની સ્થિતિએ વિશ્વમાં સૌથી વધુ ચીનના વિદેશી હૂંડિયામણનું કદ જણાવો- **<u>રૂ.255 લાખ કરોડ</u>**
14. વર્લ્ડ બેંક દ્વારા આગામી 15 માસમાં કોરોના વાઈરસ સામે સહાય કરી પગલા લેવા તેમજ વર્લ્ડ ઈકોનોમીને પુનઃ જીવિત કરવા અંદાજે કેટલા અબજનું પેકેજ જાહેર કરાશે- **<u>160 અબજ</u>**
15. IMFનું વિસ્તૃત નામ જણાવો-**<u>ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ</u>**
16. "સૌરાષ્ટ્રના સાધુ" તરીકે ઓળખાતા અમૃતલાલ પઢિયારનો જન્મદિવસ જણાવો - **<u>3 એપ્રિલ 1870</u>**

**૧. કોરોના વાઇરસ : WHO અને US પછી ભારતે પણ માસ્ક પહેરવા એડવાઇઝરી જાહેર કરી**

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા ફેસ કવર્સ માટે DIY ગાઈડ જાહેર કરવામાં આવી છે. જો મેડિકેટેડ માસ્ક ન હોય તો ઘરે કાપડમાંથી બનાવેલા માસ્ક પહેરીને ચહેરો ઢાંકવા અનુરોધ કર્યો છે. કોરોનાની અસર ન હોય તો પણ માસ્ક કે ફેસકવર દ્વારા ચહેરો ઢાંકવો.
- ✓ સરકારે કહ્યું છે કે માસ્ક પહેરવાથી કે ચહેરો ઢાંકવાથી કોમ્યુનિટીમાં કોરોનાનું સંક્રમણ થતું રોકી શકાશે અને કોરોનાગ્રસ્તોની તેમજ તેનાથી થતા મૃત્યુની સંખ્યાને અંકુશમાં રાખી શકાશે.
- ✓ સામાન્ય પબ્લિક માટે હોમમેડ માસ્કનો ઉપયોગ કરવાથી અનેક દેશોમાં કોરોનાનું સંક્રમણ ઘટાડી શકાયું હોવાનાં દાવા કરાયા છે.
- ✓ WHO તેમજ અમેરિકા પછી કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલયે હોમમેડ પ્રોટેક્ટિવ કવર ફોર ફેસ એન્ડ માઉથ અંગે એડવાઈઝરી જાહેર કરી હતી.

**૨. ભારતમાં વીજ ઉત્પાદન ક્ષમતા (ઉર્જા)**

- ✓ ભારતની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા - ૩૭૦ ગીગાવોટ
- ✓ ભારતમાં રોજની વીજ માગ - ૧૫૦ ગીગાવોટ
- ✓ ૫મી એપ્રિલે રાત્રે ૯ કલાકે ૯ મિનિટ માટે ૧૫ હજાર મેગાવોટની માગ અચાનક ઘટી જશે

**ભારતમાં વીજળી માગની લોડ પેટર્ન**

- ✓ ૩૨ ટકા ડોમેસ્ટિક લોડ - ૪૦ ટકા ઇન્ડસ્ટ્રિયલ લોડ
- ✓ ૨૦ ટકા એગ્રિકલ્ચર લોડ

**3. સંશોધન : 'ધમણ-1' રાજકોટની કંપનીએ સ્વદેશી વેન્ટિલેટર માત્ર દસ દિવસમાં તૈયાર કર્યું**

- ✓ કોરોના વાઈરસથી વિશ્વભરમાં ફેલાયેલી મહામારી સામેની લડતમાં ગુજરાતને મહત્વની સફળતા.
- ✓ રાજકોટની એક કંપનીએ કોરોના દર્દીઓના ઈલાજમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવતા સ્વદેશી બનાવટના ધમણ-1 નામના વેન્ટિલેટરનું ફક્ત 10 દિવસમાં નિર્માણ કર્યું

**વેન્ટિલેટરની ખાસિયત અને કિંમત**

- ✓ ધમણ-1ના બધા પાર્ટ્સ સ્વદેશી છે અને તેની પડતર ફક્ત રૂ. 1 લાખ જેટલી છે. જ્યારે બજારમાં અન્ય સામાન્ય વેન્ટિલેટરની કિંમત રૂ. 6.50 લાખ જેટલી હોય છે અને અત્યારે તો તેની પણ ભયંકર શોર્ટેજ છ.

**ધમણ નામ શા માટે**

- ✓ જે રીતે હાર્મોનિયમમાં ધમણ હોય છે અને તે સૂરને જીવંત રાખે છે તે રીતે ફેફસાં પણ ધમણની શૈલી પર કામ કરીને જીવનના સૂરને જીવંત રાખે છે માટે તેનું નામ ધમણ રાખ્યું છે.
- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા રાજકોટની કંપની જ્યોતિ સીએનસીના પરાક્રમસિંહ જાડેજાએ આજે ગાંધીનગરમાં ધમણ-1ને લોંચ કર્યું હતું. આગામી 10 દિવસમાં ગુજરાત સરકારને કંપની તરફથી 1000 ધમણ-1 વેન્ટિલેટર સપ્લાય કરાશે.

**મેઈડ ઈન ગુજરાતની થીમ પર વેન્ટિલેટર**

- ✓ કોરોના વાઈરસ સામેની લડાઈમાં વેન્ટિલેટરની સૌથી મહત્વની ભૂમિકા છે. પોઝિટિવ દર્દીને શ્વાસમાં તકલીફ પડે એટલે વેન્ટિલેટર પર તેને રાખવા પડે છે. આવામાં વેન્ટિલેટરની અછત સર્જાય તે સ્વાભાવિક છે.
- ✓ રાજકોટની જ્યોતિ સીએનસીએ ઓછા ખર્ચે અસરકારક વેન્ટિલેટર બનાવવાનો પડકાર ઝીલ્યો હતો અને પરાક્રમસિંહ જાડેજાએ મેઈડ ઈન ગુજરાત, મેઈડ ઈન રાજકોટ એવું આ વેન્ટિલેટર બનાવીને તેને કાર્યરત કરી દેખાડ્યું છે. 150 નિષ્ણાત ઈજનેરોની ટીમે 10 દિવસમાં વેન્ટિલેટર બનાવ્યું
- ✓ ડૉ. રાજેન્દ્રસિંહ પરમારની ટીમ કે જેણે 5 વર્ષ યુએસમાં કામ કર્યું છે તે આ મશીનનું બ્રેઈન છે. તેમની સાથે 150 નિષ્ણાત ઈજનેરોની ટીમ આ વેન્ટિલેટરને બનાવવાના કાર્યમાં જોડાઈ હતી. તેણે સાતેક દિવસમાં જ વેન્ટિલેટરની ડિઝાઈન અને પાર્ટ્સ એસેમ્બલિંગનું કાર્ય પૂરું કર્યું હતું.
- ✓ જ્યારે ગાંધીનગર ઈક્યૂડીસી ઈન્સ્ટિટ્યૂટમાં બે દિવસ સુધી તેનું પરીક્ષણ કરાયું હતું. આ વેન્ટિલેટર પરીક્ષણના બધા માપદંડો પર ખરું ઉતર્યું તે પછી તેને પ્રમાણિત કર્યું હતું અને સતત 10 કલાક સુધી તેનું પરીક્ષણ ચાલ્યું હતું.
- ✓ બધા પાર્ટ્સ સ્વદેશી, 26 કંપનીઓનું ધમણ-1માં યોગદાન
- ✓ વેન્ટિલેટર બનાવવા સુરત, જામનગર, મોરબી, મુંબઈ, ચેન્નઈ, બેંગ્લોર સહિતની ભારતીય કંપનીઓએ પાર્ટ્સ આપ્યા છે અને આ કારણે જ આ વેન્ટિલેટરની બનાવટનો ખર્ચ રૂ. 1 લાખથી પણ ઓછો આવ્યો છે.

**સિવિલમાં દર્દી પર પરીક્ષણ સફળ, ધમણ-2-3 પણ બનાવશે**

✓ અત્યારે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ધમણ-1નું કોરોનાના પેશન્ટ પર પરીક્ષણ કરાયું હતું. આ વેન્ટિલેટર પાંચ કલાક કરતા વધુ સમયથી દર્દી પર સારી રીતે કામ કરી રહ્યું છે.

✓ ધમણ-1 એ પ્રેશર કંટ્રોલ્ડ ઈક્વિપમેન્ટ છે અને ખાસ કોવિડ-19ના પેશન્ટ માટે બનાવ્યું છે. તે ઈએમઆઈ ટેસ્ટ એટલે કે ઈલેક્ટ્રો મેગ્નેટિક ઈન્ટરફિયરન્સ ક્રાઈટેરિયાના ટેસ્ટમાં પણ સફળ થયું છે. આગળ જતાં તેઓ ધમણ 2 અને 3 પણ બનાવશે જે ઘણું એડવાન્સ્ડ વેન્ટિલેટર હશે.

✓ અત્યારની ઈમરજન્સીને ધ્યાનમાં રાખીને રિસ્પાયરેટરી સિસ્ટમને સપોર્ટ કરતું આ વેન્ટિલેટર બનાવ્યું છે.

✓ અત્યારે કંપનીએ 3 મશીન બનાવ્યા છે અને 3 દિવસ બાદ રોજના 100 મશીન બનાવી પહેલા 1000 વેન્ટિલેટર ગુજરાત સરકારને ડોનેટ કરશે. પછી બીજા રાજ્યોને આપશે.

**૪. જાહેરાત : કોરોનાની તપાસ અને ઇલાજ હવે આયુષ્યમાન ભારત યોજના હેઠળ થઇ શકશે**

✓ મૂળ યોજના - PMJAY

✓ કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેરાત

✓ અંદાજે ૫૦ કરોડ લોકોને લાભ મળશે

**૫. ખેલકૂદ : ભારતમાં પ્રથમવાર યોજાનાર FIFA અંડર-17 મહિલા વર્લ્ડ કપ કોરોના વાયરસને કારણે સ્થગિત**

**આગામી તા. 2 થી 21 નવેમ્બર 2020 દરમિયાન ભારતના વિવિધ શહેરોમાં મેચ યોજાવાની હતી.**

✓ ફૂટબોલ નિયમનકારી સંસ્થા ફીફાએ કોરોના વાયરસને કારણે આ વર્ષે નવેમ્બરમાં ભારતમાં યોજાનારા ફીફા અન્ડર -17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપને મુલતવી રાખવાની ઘોષણા કરી.

✓ ફીફાએ જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળાને પગલે તાજેતરમાં ફીફા કાઉન્સિલ બ્યુરો દ્વારા સ્થાપિત કરાયેલ ફીફા-કન્ફેડરેશન્સ વર્કિંગ ગ્રૂપ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

✓ 'ફિફા વર્કિંગ ગ્રૂપે ઓગસ્ટ-સપ્ટેમ્બર 2020માં યોજાનારી ફીફા અન્ડર-20 મહિલા વર્લ્ડ કપ પનામા-કોસ્ટા રિકા 2020ને મુલતવી રાખવાનો નિર્ણય કર્યો હતો.

✓ નવી તારીખોની જાહેરાત પછી કરાશે.

✓ ફીફા અન્ડર -17 વર્લ્ડ .કપ ભારતના 2 નવેમ્બરથી 21 નવેમ્બર સુધી દેશના પાંચ શહેરોમાં યોજાવાનો હતો.

✓ **ફિફા પ્રમુખ - જિયાની ઈન્ફન્ટિનો**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૪-૨૦૨૦)**

1. કેન્દ્ર સરકારે કોરોના વાયરસ સામે ફેસ કવસૅ માટે કઈ ગાઈડલાઈન જાહેર કરે છે - **DIY**
2. DIYનો વિસ્તૃત અર્થ જણાવો- **"DO IT YOURSELF"**
3. કોરોના વાયરસના સંક્રમણથી બચવા માટે તાજેતરમાં ભારત સરકાર સહિત વિશ્વની કઈ એક સંસ્થાએ "હોમમેડ પ્રોટેક્ટિવ કવર ફોર ફેસ એન્ડ માઉથ માસ્ક" પહેરવા અંગેની એડવાઇઝરી જાહેર કરી છે - **WHO**
4. વર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને MII અને MIG અભિયાન હેઠળ રાજકોટની કઇ કંપનીએ સ્વદેશી વેન્ટિલેટર તૈયાર કર્યું છે - **જ્યોતિ CNC**
5. જ્યોતિ CNC દ્વારા તૈયાર કરાયેલું સ્વદેશી વેન્ટિલેટરને કયું નામ અપાયું - **"ધમણ-1"**
6. ગુજરાતમાં "ધમણ-1" વેન્ટિલેટરને સૌપ્રથમ કોરોના સંક્રમિત દરદીઓની સારવાર માટે કઈ હોસ્પિટલમાં મુકવામાં આવ્યું જેનું CM શ્રી વિજયભાઈ રૂપાણીએ નિરીક્ષણ કર્યું હતું - **સિવિલ હોસ્પિટલ- અમદાવાદ**
7. સ્વદેશી "ધમણ-1" વેન્ટિલેટરને તૈયાર કરનાર મુખ્ય ઈજનેરનું નામ જણાવો - **શ્રી પરાક્રમસિંહ જાડેજા**
8. સ્વદેશી "ધમણ-1" વેન્ટિલેટરને તૈયાર કરવામાં અંદાજે કેટલો ખર્ચે થાય છે - **રૂ. 1 લાખ**
9. વૈશ્વિક બજારમાં પ્રતિ વેન્ટિલેટરની અંદાજે કિંમત કેટલી છે - **રૂ. 6.5 લાખ**
10. રાજકોટની જ્યોતિ CNC પ્રથમ કેટલા વેન્ટિલેટર ગુજરાત સરકારને વિનામૂલ્યે સેવાના હેતુથી આપશે - **1000**
11. "ધમણ-1" વેન્ટિલેટર કયા પ્રકારનું સાધન છે - **"પ્રેશર કંટ્રોલ્ડ ઈક્વિપમેન્ટ"**
12. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાની તપાસ અને સારવારને કઈ યોજના હેઠળ સામેલ કરવામાં આવી છે - **આયુષ્યમાન ભારત યોજના(PMJAY)**
13. કોરાના વાયરસને કારણે ભારતમાં યોજાનાર ફૂટબોલની કઈ વૈશ્વિકકક્ષાની ટ્રનૉમેન્ટ સ્થગિત કરાઈ છે - **FIFA U-17 મહિલા વર્લ્ડ કપ**
14. વૈશ્વિકકક્ષાની ફુટબોલની નિયમનકારી સંસ્થા કઈ છે - **FIFA**

**૧. કોરોના વાયરસ સામે લડવા PM મોદીનું 9pm9minute initiative (આરોગ્ય)**



- ✓ કોરોના વાયરસના સંક્રમણના કારણે દેશભરમાં ફેલાયેલા અંધકારને નાબૂદ કરવાના હેતુથી પ્રકાશ પર્વની ઉજવણી
- ✓ કોરોનાના અંધકારને હટાવવા કાશ્મિરથી કન્યાકુમારી સુધી પ્રકાશ પર્વ
- ✓ રવિવારે રાત્રે 9 કલાકે દેશમાં વીજળીની માંગ 117 ગીગાવોટથી ઘટીને 85.3 ગીગાવોટ થઈ ગઈ. ગ્રિડ ફેલ્યોરની શંકાઓ પોકળ પૂરવાર થઈ

**૨. નિર્ણય – ગુજરાત સરકાર : કોરોનામાં ફરજ બજાવતા વિવિધ કર્મચારીઓને રૂ. 25 લાખની સહાય (વહીવટ)**




**કોનો કોનો સમાવેશ**

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અગાઉ રાજયના કોઈ પોલીસ કર્મચારીનું કોરોના વાઇરસ કોવિડ-૧૯માં અવસાન થાય તો તેમના વારસને રૂ. ૨૫ લાખની સહાય આપવાની જાહેરાત કરેલી છે.
- ✓ હવે આવું છત્ર મહાનગરપાલિકા કે નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી, આરોગ્ય સેવાના કર્મચારી, મહેસૂલ વિભાગના અધિકારી કે કર્મચારી, અન્ન અને નાગરિક પુરવઠા તંત્રના કર્મચારી કે સસ્તા અનાજના દુકાનધારકને પણ પૂરું પાડવાનો નિર્ણય જાહેર થયો છે.

**૩. હાઈડ્રોક્સિક્લોરોક્વીન દવા વર્તમાન મહત્વ-**

- ✓ મેલેરિયાની સારવારમાં વપરાતી આ દવા કોરોના વાયરસ સામે લડવા મહત્વની સાબિત થઈ રહી છે.
- ✓ ભારતમાંથી આ દવાના નિકાસ ઉપર પ્રતિબંધ છે. આ દવાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે.
- ✓ ખાસ- US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પાસે આ દવાની માંગણી કરી છે.

**૪. LAMA : ગુજરાતમાં COVID-19ના શંકાસ્પદ દરદી હોસ્પિટલમાંથી સારવાર વિના ભાગી જશે તો તેની સામે LAMA હેઠળ ફોજદારી કાર્યવાહી કરાશે**

- ✓ LAMA- લીવ અગેઈન્સ્ટ મેડિકલ એડવાઈઝરી

**૫. રેપિડ ટેસ્ટિંગ : ગુજરાતમાં કોરોના માટે રેપિડ ટેસ્ટિંગનો પ્રારંભ (આરોગ્ય)**

- ✓ ICMR તરફથી કોરોના માટેના રેપિડ ટેસ્ટિંગની 1000 કિટ ગુજરાત આવી જશે અને રાજ્યનું આરોગ્ય તંત્ર મોટાપાયે કોરોનાનું ટેસ્ટિંગ શરુ કરશે.
- ✓ આ ટેસ્ટિંગ પદ્ધતિમાં વ્યક્તિના લોહી કે મૂત્રના નમૂનાનું પરિક્ષણ કરીને પણ કોરોનાના ચેપની વિગત ચકાસી શકાય છે.
- ✓ હજુ બે દિવસ પહેલા જ ICMR દ્વારા ભારતમાં આ ટેસ્ટિંગને મંજૂરી આપી છે.
- ✓ ICMR – ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-નવી દિલ્હી

**૬. દિન વિશેષ : ૫ એપ્રિલ**

**૫૭મો 'નેશનલ મેરિટાઈમ ડે' થીમ-૨૦૨૦ :-**

- ✓ **"Sustainable shipping for a sustainable planet."**
- ✓ પ્રારંભ – ૫ એપ્રિલ-૧૯૬૪
- ✓ ઈતિહાસ– તા.૦૫-૦૪-૧૯૧૯ના રોજ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનું પ્રથમ સ્વદેશી જહાજ મુંબઈથી લંડનની સફરે નીકળ્યું હતુ. જે ભારતનું વિદેશી સફર કરનાર પ્રથમ જહાજ હતું.
- ✓ મહાત્મા ગાંધીએ આ દિવસને 'નેશનલ મેરિટાઈમ ડે' તરીકે ઉજવવાનું સૂચન કર્યું હતુ.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૪-૨૦૨૦)

1. ભારતમાં "નેશનલ મેરીટાઈમ ડે" ક્યારે મનાવાય છે -**5 એપ્રિલ**
2. "નેશનલ મેરીટાઈમ ડે"-2020ની થીમ જણાવો- **"સસ્ટેનેબલ શિપિંગ ફોર અ સસ્ટેનેબલ પ્લેનેટ"**

3. ભારતમાં "નેશનલ મેરીટાઈમ ડે" બનાવવાનો પ્રારંભ કયા વર્ષે થયો હતો- **1964**
4. વર્ષ 2020માં કેટલામો "નેશનલ મેરીટાઈમ ડે" ઉજવાયો - **57**
5. ભારતમાં 5 એપ્રિલને "નેશનલ મેરીટાઈમ ડે" ઉજવવાનું સૂચન કોને કર્યું હતું - **મહાત્મા ગાંધી**
6. કોરોના વાયરસના અંધકારને હરાવવા હેતુથી ભારતમાં "પ્રકાશપર્વ"ની ઉજવણી ક્યારે કરાઈ- **5 એપ્રિલ-2020, રાત્રે 9:00 કલાકે**
7. ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા ફરજ બજાવતા સંબંધિત વિભાગના કર્મચારીઓને મૃત્યુના કિસ્સામાં કેટલી આર્થિક સહાયની ગુજરાત સરકારે જાહેરાત કરી છે - **રૂ. 25 લાખ**
8. ભારતમાં મેલેરિયાની સારવારમાં વપરાતી કઈ દવા કોરોના વાયરસ સામે લડવા મહત્વની સાબિત થઇ રહી છે - **હાઈડ્રોક્સિક્લોરોક્વિન**
9. ભારતમાં મેલેરિયાની સારવારમાં વપરાતી કઈ દવા કોરોના વાયરસ સામે લડવા મહત્વની સાબિત થઇ રહી છે જે દવાની અમેરિકાએ ભારત પાસે માગણી કરી છે, જેના નિકાસ ઉપર ભારતે પ્રતિબંધ મૂક્યો છે - **હાઈડ્રોક્સિક્લોરોક્વિન**
10. ગુજરાતમાં કોરોના વાયરસની સારવાર દરમિયાન કોઈ દરદી હોસ્પિટલમાંથી ભાગી જાય તો તેની સામે કયા એક્ટ હેઠળ ફોજદારી કાર્યવાહી કરાશે - **LAMA**
11. LAMAનું વિસ્તૃત નામ જણાવો - **લીવ અગેઈન્સ્ટ મેડિકલ એડવાઈઝરી**
12. કોરોના સામે 'રેપિડ ટેસ્ટિંગ' પદ્ધતિમાં દરદીના કયા ટેસ્ટ કરવામાં આવે છે - **લોહી અને મૂત્ર**
13. કોરોના સામે 'રેપિડ ટેસ્ટિંગ' પદ્ધતિને કઈ સંસ્થાએ માન્યતા આપી છે - **ICMR**
14. ICMRનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ- નવી દિલ્હી**

## DATE : 06-04-2020

### ૧. કેન્દ્રીય કેબિનેટ : મહત્વનો નિર્ણય (વહીવટ)




1. કોરોના સામે લડવા પીએમ સહિતના તમામ સાંસદોના પગારમાં એક વર્ષ સુધી 30 ટકાનો કાપ
2. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તમામ રાજ્યપાલ, વડાપ્રધાન અને તમામ સાંસદો દ્વારા આગામી એક વર્ષ સુધી પોતાના પગારનો 30 ટકા હિસ્સો લેશે નહીં.
   ૧ એપ્રિલ ૨૦૨૦થી એક વર્ષ સુધી અમલી રહેશે.
3. દરેક સાંસદને પોતના મત વિસ્તારના વિકાસ માટે મળતું વર્ષે રૂ. ૧૦ કરોડનું એમપી લોકલ એરિયા ડેવલપમેન્ટ ફંડ (MPLAD) પણ બે વર્ષ સુધી સ્થગિત કરાયુ
   સાંસદોને આ યોજના માટે દર વર્ષે દસ-દસ કરોડ રૂપિયા આપવામાં આવે છે. હવે આગામી બે વર્ષ સુધી આ રકમ કન્સોલિડેટેડ ફંડ ઓફ ઇન્ડિયામાં જમા કરવામાં આવશે.

- ✓ આ સંયુક્ત રકમ અંદાજે રૂ. ૭,૯૦૦ કરોડ રૂપિયા થાય છે.
- ✓ હેતુ: કોરોના મહામારીને અટકાવવામાં આર્થિક મદદ મળી રહે તે માટે.

4. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના મંત્રી અને તમામ ધારાસભ્યોના પગારમાં એક વર્ષ સુધી 30 ટકાનો કાપ

- ✓ આ ઉપરાંત ધારાસભ્યના મતવિસ્તારના વિકાસની ગ્રાંટ પણ કોરોના સામે લડવા ઉપયોગ કરાશે.

### ૨. કોરોના સંક્રમણ : પ્રાણી (આરોગ્ય)

**ન્યુયોર્ક-USAના બ્રોંક્સ ઝૂની વાઘણ નાદિયાને કોરોનાનો ચેપ**

- ✓ બિન પાલતું પ્રાણીમાં માણસ દ્વારા કોરોના સંક્રમણનો આ પ્રથમ કેસ
- ✓ સાવચેતીના ભાગરૂપે ભારતના તમામ ઝૂ, નેશનલ પાર્ક અને ટાઇગર રિઝર્વ હાઈ એલર્ટ પર

### ૩. સ્માર્ટ સિટી : ભારતના સ્માર્ટ સિટી રેન્કિંગમાં અમદાવાદ પ્રથમ ક્રમે

(શહેરી વિકાસ)

### ૪. દિન વિશેષ : ૬ એપ્રિલ (૧) વિશ્વ રમત દિવસ

- ✓ હેતુ- વિકાસ અને શાંતિ માટે રમત જરૂરી
- ✓ નામ- ઈન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ્સ ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ
- ✓ ઈતિહાસ : એથેન્સ, ગ્રીસમાં ૧૮૯૬માં ઓલિમ્પિક રમતોત્સવનો પ્રથમ પ્રારંભ થયો હતો.
- ✓ IOC દ્વારા તેની યાદમાં તા.૬ એપ્રિલ-૨૦૧૪થી આ દિવસની ઉજવણી કરાઈ છે

- ✓ **IOC-** ઈન્ટરનેશનલ ઓલિમ્પિક્સ કમિટી
- ✓ **આયોજક -** UNO

**(2) ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ**

**સ્થાપના : ૬ એપ્રિલ-૧૯૮૦**




- ✓ હાલમાં ભારતની સૌથી મોટી રાજકીય પાર્ટી બીજેપી
- ✓ મૂળ નામ : જનસંઘ (૧૯૫૦)
- ✓ સ્થાપક : શ્યામાપ્રસાદ મુખર્જી

**૫. જન્મજયંતિ : ચૈત્ર સુદ-૧૩ મહાવીર જયંતિ**

**પાંચ સિદ્ધાંતો–**

1. અહિંસા 2. સત્ય 3. અચૌર્ય
4. બ્રહ્મચર્ય 5. અપરિગ્રહ

**૬. જન્મ દિન વિશેષ : ૬ એપ્રિલ**

**નાટયકાર, કવિશ્રી : ચંદ્રવદન મહેતા**

**જન્મ – ૬ એપ્રિલ-૧૯૦૧ : અવસાન – ૧૯૯૨**

- ✓ આજે ગુજરાતના ઉચ્ચ દરજ્જાના નાટ્યકાર, કવિ અને ચરિત્રકાર ચંદ્રવદન મહેતાનો જન્મદિન છે. ગુજરાતના વિદ્યાજગતમાં ચં. ચી. મહેતા તરીકે પ્રસિદ્ધ.
- ✓ સુરતમાં જન્મેલાં ચંદ્રવદન મહેતા નાનપણથી જ તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ ધરાવતા હતા. પ્રાથમિક શિક્ષણ વડોદરા, માધ્યમિક શિક્ષણ સુરતથી અને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજથી સ્નાતક થયા હતા. કોલેજ પૂરી કરી શિક્ષક બન્યા.
- ✓ નાટકના અનહદ શોખને કારણે આકાશવાણીમાં નોકરી સ્વીકારી. મુંબઈ-અમદાવાદ આકાશવાણીમાં નિયામકના હોદ્દે પણ રહ્યા.
- ✓ આકાશવાણીની નોકરીએ તેમના નાટકના શોખને ઊર્જા પૂરી પાડી. રંગભૂમિની સૂઝ અને તખ્તાને જીવંત કરતાં અનેક નાટકો તેમણે રચ્યા છે.
- ✓ જેમાં આગગાડી, મેના પોપટ, રમકડાંની દુકાન, શેતલને કાંઠે, હોહોલિકો મુખ્ય છે.
- ✓ તેમનાં નાટકોએ ગુજરાતમાં થિયેટર મૂવમેન્ટનો પાયો નાંખ્યો હતો.
- ✓ નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ એમ અનેક રીતે સન્માન થયું છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૪-૨૦૨૦)**

1. કેન્દ્રીય કેબિનેટ દ્વારા કોરોના સામે લડવા માટે ફંડ એકત્રિત કરવા આગામી એક વર્ષ સુધી વડાપ્રધાન સહિત તમામ સાંસદના પગારમાં કેટલા ટકાનો કાપ મુકવાનો નિર્ણય કરાયો છે - **30%**
2. કેન્દ્રીય કેબિનેટ દ્વારા કોરોના સામે લડવા માટે ફંડ એકત્રિત કરવા આગામી કયા માસથી સાંસદના પગારમાં 30%ના કાપનો પ્રારંભ થયો - **01.04.2020**
3. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના મહામારી સામે આર્થિક સહયોગના હેતુથી સાંસદોને તેમના મત વિસ્તારના વિકાસ માટે અપાતું ફંડ કેટલા વર્ષ માટે સ્થગિત કરવામાં આવ્યું છે - **2 વર્ષે**
4. કેન્દ્ર સરકાર દ્વારા સાંસદોને તેમના મત વિસ્તારના વિકાસ માટે દર વર્ષે કેટલું ફંડ આપવામાં આવે છે- **રૂ.10 કરોડ**
5. કેન્દ્ર સરકાર દ્વારા સાંસદોને તેમના મત વિસ્તારના વિકાસ માટે આપવામાં આવતું ફંડ કયા નામે ઓળખાય છે - **MPLAD**
6. MPLAD નું વિસ્તૃત નામ જણાવો - **મેમ્બર ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ ફંડ**
7. કોરોના વાયરસ સામે આર્થિક મદદના હેતુથી બે વર્ષ માટે અટકાવવામાં આવેલ MPLAD ફંડની અંદાજે કેટલી રકમ ઉપયોગમાં લેવાશે- **રૂ.7900 કરોડ**
8. આગામી બે વર્ષ માટે MPLADની રકમ કયા ફંડમાં જમાં લેવાશે- **કન્સોલિડેટેડ ફંડ ઓફ ઈન્ડિયા**
9. ગુજરાત સરકારે પણ કેન્દ્ર સરકારની જેમ તમામ મંત્રી અને ધારાસભ્યના પગારમાંથી કેટલી રકમ કોરોના મહામારી સામે લડવા આપવાનો નિર્ણય કર્યો છે - **30%**
10. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને તમામ રાજ્યપાલ પણ તેમના પગારમાંથી કેટલો હિસ્સો કોરોના મહામારી સામે લડવા આપશે- **30%**
11. વિશ્વમાં સૌપ્રથમ બિન પાલતુ પ્રાણીઓમાં કોરોના સંક્રમણની પ્રથમ ઘટના કયા શહેરના કયા પ્રાણી સંગ્રહાલયમાં નોંધાઇ છે - **ન્યૂયોર્ક-બ્રોંકસ ઝૂ**
12. વિશ્વમાં સૌપ્રથમ બિન પાલતું પ્રાણીઓમાં કોરોના સંક્રમણની પ્રથમ ઘટના કયા પ્રાણીમાં જોવા મળી છે- **નાદિયા વાઘણ**

13. એપ્રિલ-2020ના પ્રારંભે સ્માર્ટ સિટી રેન્કિંગમાં અમદાવાદને સમગ્ર દેશમાં કયો ક્રમ પ્રાપ્ત થયો છે - **01**
14. "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **6 એપ્રિલ**
15. "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" કોના દ્વારા ઉજવવામાં આવે છે - **ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી**
16. વિશ્વમાં સૌપ્રથમ ઓલમ્પિકનો પ્રારંભ ક્યારે થયો હતો જેની યાદમાં "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ઉજવાય છે- **6 એપ્રિલ 1896**
17. પ્રથમ ઓલમ્પિક કયા શહેર-દેશમાં રમાયો હતો- **એથેન્સ-ગ્રીસ**
18. યુનાઇટેડ નેશન્સ દ્વારા આંતર રાષ્ટ્રીય રમત દિવસને અન્ય કયા નામથી મનાવવામાં આવે છે-**ઇન્ટરનેશનલ ડે ઓફ સ્પોર્ટ્સ ફોર ડેવલોપમેન્ટ એન્ડ પીસ**
19. IOC દ્વારા "આંતરરાષ્ટ્રીય રમત દિવસ" ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી કરાયો- **2014**
20. વર્તમાન સ્થિતિએ ભારતના સૌથી મોટો રાજકીય પક્ષનું નામ જણાવો - **ભારતીય જનતા પાર્ટી**
21. ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ જણાવો- **6 એપ્રિલ 1980**
22. ભારતીય જનતા પાર્ટી અગાઉ કયા નામે ઓળખાતી હતી - **જનસંઘ**
23. જનસંઘના સ્થાપક કોણ હતા - **શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી**
24. મહાવીર જયંતિ કયારે ઉજવવામાં આવે છે – **ચૈત્ર સુદ તેરસ**
25. ભગવાન મહાવીરે આપેલા પાંચ સિદ્ધાંતો જણાવો - **1.અહિંસા 2. સત્ય 3. અચૌર્ય 4.બ્રહ્મચર્ય 5.અપરિગ્રહ**
26. ગુજરાતના નાટયકાર અને કવિ શ્રી ચંદ્રવદન મહેતાનો જન્મદિવસ જણાવો – **૬ એપ્રિલ-૧૯૦૧**
27. ગુજરાતના વિદ્યા જગતમાં ચંદ્રવદન મહેતા કયા નામે ઓળખાતા હતા – **ચં.ચી. મહેતા**
28. ચંદ્રવદન મહેતાનું જન્મસ્થળ જણાવો – **સુરત**

**DATE : 07-04-2020**

---

**૧. કોરોના સંક્રમણ : કોરોના સંક્રમીત એક દરદી લોકડાઉનનું પાલન ન કરે તો ૩૦ દિવસ અંદાજે ૪૦૬ લોકોને વાઈરસનો ચેપ લગાડી શકે**

✓ તારણ – ICMR-નવી દિલ્હી

**૨. નિર્ણય : સોશિયલ મીડિયા (કાયદો-વ્યવસ્થા)**

✓ વોટ્સએપ પર કોરોના અંગે સાવચેતીના ભાગરૂપે એક વખતમાં એક જ યુઝરનો મેસેજ ફોરવર્ડ કરી શકાશે

✓ અત્યાર સુધી વર્ષ-૨૦૧૯થી એક સાથે પાંચને મેસેજ ફોરવર્ડ કરી શકાતો હતો જેમાં હવે કોરોના અંગેના ખોટા મેસેજ રોકવા આ નિર્ણય કરાયો

**૩. નિર્ણય : ગુજરાત સરકાર – MLA ગ્રાન્ટ (વહીવટ)**

**વિગત**

✓ MLAને મળતી વાર્ષિક રૂ. ૧.૫૦ કરોડની ગ્રાન્ટ પણ આગામી એક વર્ષ સુધી કોરોના અટકાવવા માટે વપરાશે

**૪. કોરોના ઈફેક્ટ**

✓ ૧ એપ્રિલ-૨૦૨૦ના રોજ, સંયુકત રાષ્ટ્રએ જાહેરાત કરી કે નવેમ્બર ૨૦૨૦માં ગ્લાસગોમાં યોજાનારી સીઓપી ૨૬ મી (કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ) ૨૦૨૧ સુધી મુલતવી રાખવામાં આવી છે.

✓ ભારત અને ચીને COVID-૧૯ રોગચાળાને કારણે તેમના રાજદ્વારી સંબંધોની ૭૦મી વર્ષગાંઠની ઉજવણી માટે નિર્ધારિત તમામ ઇવેન્ટ્સ મુલતવી રાખી છે.

જોકે બંને દેશોના નેતાઓએ અભિનંદન સંદેશાઓની આપ-લે કરી હતી.

ભારત એશિયામાં પ્રથમ બિનસામ્યવાદી દેશ છે જેણે પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇના સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા.

✓ પૂણે સ્થિત માયલાબ ડિસ્કવરીની સંશોધન અને વિકાસ ટીમે કોવિડ-૧૯ રોગ માટે પ્રથમ વખત ભારતમાં ઉત્પાદિત એક ટેસ્ટ કિટ વિકસાવી છે. તે પહેલી સ્વદેશી કિટ છે, જેને છ અઠવાડિયાંના રેકોર્ડ સમયમાં વિકસાવવામાં આવી છે, જેને 'પેથો ડિટેક્ટ' નામ આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે આવી ટેસ્ટ કિટ વિકસાવવામાં ત્રણથી ચાર મહિના લાગે છે.

✓ પર્યટન મંત્રાલયે વિદેશી પર્યટકોને સહાય માટે પોર્ટલ 'સ્ટ્રેન્ડ ઇન ઇન્ડિયા' શરૂ કર્યું. આ પોર્ટલનો ઉદ્દેશ COVID-૧૯નાં જોખમો વચ્ચે તેમના દેશથી દૂર અટવાયેલા વિદેશી પ્રવાસીઓને માહિતી પૂરી પાડવાનો છે.

**૫. RBI : રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની ઓવરડ્રાફ્ટ સુવિધા ૧૪ દિવસથી વધારીને ૨૧ દિવસ કરાઈ (આર્થિક)**

- ✓ આ ઉપરાંત ત્રિમાસિક ગાળા માટે ઓવર ડ્રાફટની અવધિ ૫૦ દિવસ કરાઈ
- ✓ સમયગાળો - તા.30-0૯-૨૦૨૦ સુધી

**૬. નવતર પહેલ : CBSE દ્વારા ધોરણ-૯ અને ૧૦માં નવ વિષયનો વિકલ્પ અપાશે (શિક્ષણ)**

**વિગતવાર માહિતી**

**11મા ધોરણ માટે ત્રણ સ્કિલ કોર્સ**

- ✓ સીબીએસઇ 11માં ધોરણ માટે ડિઝાઈન થિંકિંગ, ફિઝિકલ એક્ટિવિટી ટ્રેનર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નામના ત્રણ વિષયની શરૂઆત કરશે, જે 2020-21થી ભણાવાશે.
- ✓ **હેતુ**- નવી પેઢીને વધુ રચનાત્મક, ઈનોવેટિવ અને ફિઝિકલી ફિટ બનાવવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે. '

**યોજના શું છે ?**

- ✓ કોઈ વિદ્યાર્થી 3 વિષય ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાનમાંથી કોઈ એકમાં ફેઈલ થશે અને સ્કિલ સબ્જેક્ટમાં પાસ થશે, તો જે વિષયમાં ફેઈલ થયો છે, તેના બદલે સ્કિલ સબ્જેક્ટ જોડીને 10મા ધોરણનું પરિણામ તૈયાર થશે. એવું જ ભાષાના વિષયમાં રહેશે.

**૭. ઓડિશા : માસ્ક ફરજિયાત કરનાર દેશનું પ્રથમ રાજ્ય (આરોગ્ય)**

- ✓ **અમલ**- તા. 0૯-0૪-૨૦૨૦થી
- ✓ **વિકલ્પ** – માસ્ક અથવા સુતરાઉ કાપડનો ઉપયોગ કરવો
- ✓ **રાજધાની** – ભુવનેશ્વર
- ✓ **મુખ્યમંત્રી** – નવીન પટનાયક

**૮. નિર્ણય : ગુજરાત સરકાર**

**કોરોનાની ફરજ દરમિયાન કોઈ પણ સરકારી કર્મચારીઓનું કોરોનાથી અવસાન થાય તો રૂ. ૨૫ લાખનું વળતર**

- ✓ **કોને લાભ મળશે** – સરકારી કર્મચારીઓ, નિગમ- બોર્ડ, ફિક્સ પગાર અને કોન્ટ્રાક્ટવાળાનો પણ સમાવેશ

**૯. દિન વિશેષ : ૭મી એપ્રિલ**

**વર્લ્ડ હેલ્થ ડે - વિશ્વ આરોગ્ય દિવસ (WHO)**

- ✓ થીમ : 'Support nurses and midwives'
- ✓ WHO દ્વારા આ દિવસ નર્સ અને આરોગ્ય કર્મીઓને સમર્પિત કર્યો
- ✓ **ઇતિહાસ**- ૭ એપ્રિલ ૧૯૪૫ના રોજ WHOની સ્થાપના થઇ હતી
- ✓ ચીનના ડૉ. લિએ વિશ્વના સૌપ્રથમ કોરોના અંગે ચેતવણી આપી હતી અને પોતે શહીદ થયા હતા
- ✓ WHOનું મુખ્ય મથક – જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (0૭-0૪-૨૦૨૦)**

1. ICMR-નવી દિલ્હીના તારણ મુજબ કોરોના સંક્રમીત એક દરદી લોકડાઉનનું પાલન ન કરે તો 30 દિવસમાં કેટલા લોકોને વાઈરસનો ચેપ લગાડી શકે - **અંદાજે ૪૦૬**
2. એપ્રિલ-૨૦૨૦માં કોરોના અંગે સાવચેતીના ભાગરૂપે વોટ્સએપ દ્વારા કયો એક મહત્વનો નિર્ણય કરાયો –**એક વખતમાં એક જ યુઝરને મેસેજ ફોરવર્ડ કરી શકાશે**
3. એપ્રિલ-૨૦૨૦માં કોરોના અંગે સાવચેતીના ભાગરૂપે વોટ્સએપ દ્વારા એક વખતમાં એક જ યુઝરને મેસેજ ફોરવર્ડ કરી શકવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો એ પહેલાં વર્ષ-૨૦૧૯થી એક સાથે કેટલા મેસેજ ફોરવર્ડ કરી શકાતા હતા - **પાંચ**
4. ગુજરાત સરકાર દ્વારા MLAને મળતી વાર્ષિક કેટલા રૂપિયાની ગ્રાન્ટ આગામી એક વર્ષ સુધી કોરોના અટકાવવા માટે વાપરવાનો નિર્ણય લીધો - **રૂ. ૧.૫૦ કરોડ**
5. નવેમ્બર-૨૦૨૦માં ૨૬મી COP કયાં યોજાવાની હતી - **ગ્લાસગો**
6. COPનું વિસ્તૃત નામ જણાવો - **કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ**
7. COVID-૧૯ રોગચાળાને કારણે નવેમ્બર-૨૦૨૦માં ગ્લાસગો ખાતે યોજાનારી ૨૬મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ કયાં સુધી મુલતવી રાખવામાં આવી - **વર્ષ-૨૦૨૧ સુધી**
8. COVID-૧૯ રોગચાળાને કારણે ગ્લાસગો ખાતે યોજાનારી ૨૬મી COP વર્ષ-૨૦૨૧ સુધી મુલતવી રાખવાની જાહેરાત કોના દ્વારા કરવામાં આવી - **સંયુકત રાષ્ટ્ર**
9. COVID-૧૯ રોગચાળાને કારણે ભારત અને ચીને તેમના રાજદ્વારી સંબંધોની કેટલામી વર્ષગાંઠની ઉજવણી માટે નિર્ધારિત તમામ ઇવેન્ટ્સ મુલતવી રાખી - **૭૦મી**
10. પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇના સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરનાર એશિયાના પ્રથમ બિનસામ્યવાદી દેશનું નામ જણાવો - **ભારત**
11. કોવિડ-૧૯ રોગ માટે પ્રથમ વખત ભારતમાં ઉત્પાદિત ટેસ્ટ કિટ કોના દ્વારા વિકસાવવામાં આવી - **પૂણે સ્થિત માયલાબ ડિસ્કવરીની સંશોધન અને વિકાસ ટીમ**

12. કોવિડ-૧૯ રોગ માટે પૂણે સ્થિત માયલાબ ડિસ્કવરીની સંશોધન અને વિકાસ ટીમ દ્વારા પ્રથમ વખત ભારતમાં ઉત્પાદિત ટેસ્ટ કિટ વિકસાવવામાં આવી તેને શું નામ અપાયું છે - <u>**'પેથો ડિટેક્ટ'**</u>
13. સામાન્ય રીતે ત્રણથી ચાર મહિનામાં કોવિડ-૧૯ રોગ માટે બનતી કીટ પૂણે સ્થિત માયલાબ ડિસ્કવરીની સંશોધન અને વિકાસ ટીમ દ્વારા કેટલા સમયમાં તૈયાર કરવામાં આવી - <u>**છ અઠવાડિયા**</u>
14. એપ્રિલ-૨૦૨૦માં પર્યટન મંત્રાલયે વિદેશી પર્યટકો માટે કયુ પોર્ટલ શરૂ કર્યું - <u>**'સ્ટ્રેન્ડ ઇન ઇન્ડિયા'**</u>
15. પર્યટન મંત્રાલયે વિદેશી પર્યટકો માટે 'સ્ટ્રેન્ડ ઇન ઇન્ડિયા' પોર્ટલ શરૂ કર્યું તેનો ઉદ્દેશ જણાવો - <u>**COVID-૧૯નાં જોખમો વચ્ચે પોતાના દેશથી દૂર અટવાયેલા વિદેશી પ્રવાસીઓને માહિતી પૂરી પાડવા**</u>
16. એપ્રિલ-૨૦૨૦માં RBI દ્વારા રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની ઓવરડ્રાફ્ટ સુવિધા ૧૪ દિવસથી વધારીને કેટલા દિવસ કરાઈ - <u>**૨૧**</u>
17. RBI દ્વારા રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની ત્રિમાસિક ગાળા માટે ઓવર ડ્રાફટની અવધિ કેટલા દિવસ કરાઈ - <u>**૫૦**</u>
18. એપ્રિલ-૨૦૨૦માં CBSE દ્વારા ધોરણ-૯ અને ૧૦ માટે કયો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો - <u>**નવ વિષયનો વિકલ્પ આપવાનો**</u>
19. CBSE દ્વારા ધોરણ-11 માટે કયા ત્રણ સ્કિલ કોર્સ વિષય વર્ષ-2020-21થી શરૂઆત કરવાનો નિર્ણય લેવાયો - <u>**ડિઝાઈન થિંકિંગ, ફિઝિકલ એક્ટિવિટી ટ્રેનર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ**</u>
20. CBSE દ્વારા ધોરણ-11 માટે ત્રણ સ્કિલ કોર્સ વિષય શરૂઆત કરવાનો નિર્ણય લેવાયો તેનો હેતુ જણાવો - <u>**નવી પેઢીને વધુ રચનાત્મક, ઈનોવેટિવ અને ફિઝિકલી ફિટ બનાવવા**</u>
21. કોવિડ-૧૯ રોગચાળાના પગલે માસ્ક ફરજિયાત કરનાર દેશનું પ્રથમ રાજયનું નામ જણાવો - <u>**ઓડિશા**</u>
22. કોવિડ-૧૯ રોગચાળાને ધ્યાને લઈ ઓડિશા સરકાર દ્વારા કયારથી માસ્ક ફરજિયાત બનાવવાનો નિર્ણય કયારથી અમલી બનાવાયો - <u>**તા. ૦૯-૦૪-૨૦૨૦થી**</u>
23. ઓડિશાની રાજધાનીનું નામ જણાવો – <u>**ભુવનેશ્વર**</u>
24. ઓડિશાના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો – <u>**નવીન પટનાયક**</u>
25. ગુજરાત સરકાર દ્વારા કોરોનાની ફરજ દરમિયાન કોઈ પણ સરકારી કર્મચારીઓનું કોરોનાથી અવસાન થાય તો કેટલા રૂપિયાનું વળતર ચૂકવવાનો નિર્ણય લેવાયો - <u>**રૂ. ૨૫ લાખ**</u>
26. વિશ્વ આરોગ્ય દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - <u>**૭મી એપ્રિલ**</u>
27. વિશ્વ આરોગ્ય દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - <u>**'Support nurses and midwives'**</u>
28. વિશ્વમાં સૌપ્રથમ કોરોના અંગે ચેતવણી આપીને શહીદ થનાર વ્યક્તિનું નામ જણાવો - <u>**ચીનના ડૉ. લિએ**</u>
29. WHOની સ્થાપના કયારે થઇ હતી - <u>**૭ એપ્રિલ ૧૯૪૫**</u>
30. WHO દ્વારા ૭મી એપ્રિલ-૨૦૨૦નો વિશ્વ આરોગ્ય દિવસ કોને સમર્પિત કરવામાં આવ્યો - <u>**નર્સ અને આરોગ્ય કર્મીઓને**</u>
31. WHOનું મુખ્ય મથક જણાવો – <u>**જીનીવા (સ્વિત્ઝર્લેન્ડ)**</u>

## DATE : 08-04-2020

<u>૧.સુપ્રીમ કોર્ટ : NABL, WHO કે ICMR દ્વારા માન્ય લેબોરેટરી દ્વારા જ વિનામૂલ્યે કોરોના ટેસ્ટ કરવામાં આવે</u>

<u>૨.અયોધ્યા : શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટનો લોગો જાહેર (ધર્મ)</u>

<u>**હનુમાન જયંતી નિમિતે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા લોગો જાહેર.**</u> <u>**લોગોનું વર્ણન**</u>

✓ આ લોગોમાં ધનુષધારી પ્રભુ રામના ચિત્રને મધ્યમાં રાખવામાં આવ્યું છે. સાથે જ તેમના પરમભક્ત બજરંગબલીના ચિત્રને પણ સામેલ કરાયું છે.

✓ લોગોમાં પ્રભુ રામની સૌમ્ય છબી છે, જેની ઉપર વલયાકાર ઉપલા ભાગમાં ટ્રસ્ટનું નામ લખ્યું છે. નામની આગળ અને જે નામ પૂરું થાય ત્યા હનુમાનજીનું ચિત્ર છે.

✓ લોગોમાં સૂર્યની તેજસ્વી કિરણો પણ છે. તેના આધાર પર <u>**'રામો વિગ્રહવાન ધર્મ:' ધ્યેય મંત્ર અંકિત**</u> છે. તેનો અર્થ થાય છે કે - <u>**રામ ધર્મનું સાકાર રૂપ**</u> છે.

<u>૩. દાન : ટ્વિટરના CEO જૈક ડૉર્સીએ કોરોના સામે લડવા માટે એક અબજ ડોલરનું દાન</u>

- ✓ માઈક્રો બ્લોગિંગ અને સોશિયલ નેટવર્કિંગ કંપની ટ્વિટરના સીઇઓ જૈક ડૉર્સીએ કોરોના વાઇરસ સામેની લડાઇમાં આર્થિક મદદની જાહેરાત કરી છે.
- ✓ જે પોતાની સંપત્તિના ૨૮ ટકા હિસ્સો કોરોનાના પીડિતોની મદદ માટે દાન કર્યો.
- ✓ તેમણે ટ્વિટર પર એકપોસ્ટ મૂકીને એક અબજ ડૉલર આપવાની જાહેરાત કરી.
- ✓ આ અત્યાર સુધીમાં દુનિયામાં કોરોના સામેના જંગ માટે જાહેર થયેલું સૌથી મોટું દાન છે.

૪. ખેલકૂદ- સન્માન : વિઝડન-૨૦૧૯ના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરની યાદી જાહેર

- ✓ વિઝડન લિડિંગ ક્રિકેટ ઈન ધ વર્લ્ડ-૨૦૧૯ ઓલરાઉન્ડર – બેન સ્ટોક્સ (ઈંગ્લેન્ડ)

**વિઝડન-વિશ્વના ૫ સર્વશ્રેષ્ઠ ક્રિકેટર-૨૦૧૯**

1. **પેટ કમિન્સ (ઓસ્ટ્રેલિયા)**
2. **માર્નસ લાબુશેન (ઓસ્ટ્રેલિયા)**
3. **જોફ્રા આર્ચર (ઇંગ્લેન્ડ)**
4. **સિમોન હાર્પર (સાઉથ આફ્રિકા)**
5. **મહિલા ક્રિકેટર એલિસ પેરી(ઓસ્ટ્રેલિયા)**

- ✓ અગાઉ વિરાટ કોહલી વર્ષ-૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮માં સતત ત્રણ વર્ષ વિઝડનના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરનું સન્માન મેળવ્યુ હતુ
- ✓ પુરસ્કારનો પ્રારંભ વર્ષ-૨003થી
- ✓ **સ્થાપક** – જ્હોન વિઝડન **સ્થાન** – લંડન (U.K.)
- ✓ વિઝડન મગેઝિનની ક્રિકેટના બાઈબલ તરીકેની ઓળખ

૫. લૉકડાઉન :દેશમાં આવશ્યક વસ્તુ ધારો લાગુ કરાશે

- ✓ EC એક્ટ- ૧૯૫૫ એક્ટ હેઠળ અપરાધીને ૭ વર્ષની સજા + દંડ થશે
- ✓ **EC** – એસેન્શિયલ કોમોડિટી
- ✓ **હેતુ**- કાળા બજાર અટકાવવા માટે આવશ્યક વસ્તુ ધારો લાગુ કરવા કેન્દ્રનો આદેશ

૬. દવા નિકાસ : હાઈડ્રોક્સિક્લોરોક્વિન (HCQ)ના નિકાસ ઉપરનો પ્રતિબંધ ભારતે હટાવ્યો

- ✓ **ખાસ**–ભારતે પોતાની જરૂરીયાતના આધારે નિર્ણય કર્યો

**બ્રાઝિલે ભારત પાસે હાઇડ્રોક્સિક્લોરોકિવનની માગણી કરી**

- ✓ બ્રાઝિલે પણ ભારત પાસે હાઇડ્રોક્સિક્લોરોવિનની માગણી કરી છે અને તેની હનુમાનજીની સંજીવની બુટ્ટી સાથે સરખામણી કરી છે.
- ✓ બ્રાઝિલે રામાયણનો ઉલ્લેખ કરીને ભારત પાસે આ દવા માગી હતી અને તેની તુલના હનુમાનજીએ હિમાલયથી લાવેલી સંજીવની બુટ્ટી સાથે કરી હતી.
- ✓ બ્રાઝિલનાં રાષ્ટ્રપતિ ઝાયર બોલ્સાનારો હિન્દુ ધર્મમાં આસ્થા રાખે છે તેથી તેમણે પીએમ મોદીને આ દવા મોકલી આપવા પત્ર લખ્યો હતો.
- ✓ તેમણે લખ્યું કે જે રીતે ભગવાન રામના ભાઈ લક્ષ્મણને બચાવવા માટે હનુમાનજી હિમાલયથી સંજીવની બુટ્ટી લાવ્યા હતા તેવી જ રીતે અમને ભારત દ્વારા કરવામાં આવનારી મદદથી અનેક લોકોની જિંદગી બચી શકશે.

૭. પહેલ-સાવચેતી : દેશની પ્રથમ માસ સેનિટાઈઝ ટનલ (સ્વચ્છતા)

**સેનિટાઈઝ ટનલ ધરાવતુ દેશનું પ્રથમ રેલવે સ્ટેશન-કાલુપુર, અમદાવાદ**

- ✓ આ ઓટોમેટિક ટનલમાં એક મિનિટમાં ૨૫-30 લોકો સેનિટાઈઝ થાય છે
- ✓ ઝોન – પશ્ચિમ રેલવે, અમદાવાદ

૮. ક્વૉરન્ટાઈન શબ્દ :

**ક્વૉરન્ટાઈન શબ્દ અને ઈતિહાસ :**

- ✓ ક્વૉરન્ટાઈન ઇટાલિયન શબ્દ “ક્વોરન્તા જીઓર્ની 'પરથી આવ્યો છે. જેનો અર્થ 40 દિવસનો એકાંતવાસ એવો થાય છે.
- ✓ દુનિયામાં સૌથી વધુ બોલાતો શબ્દ “હેલો” છે પરંતુ છેલ્લાં થોડાક મહિનાઓથી ‘ક્વૉરન્ટીન’ અથવા ‘ક્વૉરન્ટાઇન’ શબ્દ આગળ નીકળી ગયો છે.
- ✓ આ પરિસ્થિતિમાં ટેલિફોન સંવાદ વધી ગયો છે એમાં ‘હેલો’ કહીને શરૂ થતાં સંવાદમાં ઓછામાં ઓછું ત્રણ ચાર વખત ક્વોરન્ટીન શબ્દનો ઉપયોગ થતો હશે.
- ✓ ૧૪મી સદીમાં પ્લેગ ભયાનક રોગ ગણાતો એ સમયે ઇટલીના દરિયા કાંઠાના શહેરોમાં પ્લેગ ન ફેલાય તેની તકેદારી રૂપે વેનિસમાં આવતાં દરેક વહાણને ચાલીસ દિવસ સુધી બંદરે લાંગરીને રાખી મૂકાતું.
- ✓ હવે ઇટાલિયન શબ્દો 'ક્વોરન્તા જીઓર્ની' એટલે ૪0 દિવસ પરથી વહાણો માટેનો ચાલીસ દિવસનો એકાંત ક્વૉરન્ટાઈન કે 'ક્વોરન્ટીન' કહેવાય છે.
- ✓ સમય જતા કોઇપણ ક્વૉરન્ટાઇન કે ક્વોરન્ટીન બોલાવા લાગ્યો.

✓ અંતરિક્ષયાત્રા પર જતાં માનવીને યાત્રાની શરૂઆત પહેલાં અને યાત્રા સમાપ્તિ પછી એક ચોક્કસ સમય માટે અલાયદા રાખવામાં આવે છે આ પણ ક્વૉરન્ટાઈન જ છે.

૯. જન્મ દિવસ : ચૈત્ર સુદ પૂનમ : શ્રી હનુમાન જયંતિ

૧૦. જન્મ દિન વિશેષ : ૮ એપ્રિલ

ગાંધીયુગના સાહિત્યગુરૂ : રા.વિ.પાઠક

જન્મ – ૮ એપ્રિલ-૧૮૭૭ અવસાન – ૨૧ ઓગષ્ટ-૧૯૯૫

✓ આજે કેળવણીકાર યશવંત શુક્લ અને જાત્રાળુ, ભૂલારામ, શેષ, દ્વિરેફ અને સ્વૈરવિહારી જેવા ઉપનામોથી લખતા રામનારાયણ વિશ્વનાથ પાઠકનો જન્મદિન.

✓ **મૂળ ગામ ધોળકા તાલુકાનું ભોળાદ પણ જન્મ થયો હતો એ જ તાલુકાના ગાણોલ ગામે.**

✓ રા.વિ. પાઠકે ભોળાદ, શામળદાસ કોલેજ ભાવનગર, વિલ્સન કોલેજ મુંબઈ, ગૂજરાત વિદ્યાપીઠ એમ અનેક ઠેકાણે અભ્યાસ કર્યો હતો.

✓ 1921માં એલએલબી કરી વકીલાત શરૂ કરી પણ આ જ ગાળામાં અસહકારનું આંદોલન શરૂ થતાં તેના તરફ આકર્ષાયા, આઝાદીના આંદોલનમાં જેલવાસ પણ ભોગવ્યો હતો.

✓ ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રોફેસર બન્યા. તે પછી તેમની અધ્યાપકીય કારકિર્દી એસ. એન. ડી. ટી કોલેજ મુંબઈ, ભવન્સ કોલેજ મુંબઈ અને ભારતીય વિદ્યા ભવન વગેરે જગ્યાએ રહી હતી.

✓ 'પ્રસ્થાન' સામયિકના તંત્રી તરીકેની જવાબદારી નિભાવી હતી. રા.વિ. પાઠકના સર્જનોમાં શેષના કાવ્યો, સ્વૈરવિહાર, સાહિત્ય લોક, પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા વગેરે મુખ્ય છે.

✓ 21 ઓગસ્ટ 1955ના રોજ તેમનું અવસાન.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૪-૨૦૨૦)

1. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કઈ સંસ્થા માન્ય લેબોરેટરી દ્વારા જ કોરોના ટેસ્ટની મંજૂરી અપાશે - **NABL,WHO અને ICMR**
2. તાજેતરમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટનો લોગો કોની જન્મ જયંતી નિમિત્તે જાહેર કરાયો - **હનુમાન જયંતી**
3. હનુમાન જયંતી કઈ તિથિના રોજ આવે છે - **ચૈત્ર સુદ પૂનમ**
4. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના નવા લોગોનો ધ્યેય મંત્ર જણાવો - **" રામો વિગ્રહ વાન ધર્મ:"**
5. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના નવા લોગોમાં ભગવાન શ્રીરામની સાથે કોનું ચિત્ર સામેલ કરાયું છે - **પરમ ભક્ત શ્રી હનુમાનજી**
6. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના નવા લોગોના ધ્યેય મંત્ર "રામો વિગ્રહ વાન ધર્મ:"નો અર્થ જણાવો - **'રામ ધર્મનું સાકાર રૂપ છે'**
7. કોરોના સામે લડવા માટે તાજેતરમાં ટ્વીટરના સીઈઓ જૈક ડૉસીએ સૌથી વધુ કેટલું દાન કર્યું - **1 અબજ ડોલર**
8. કોરોના સામે લડવા માટે તાજેતરમાં ટ્વીટરના સીઈઓ જૈક ડૉસીએ પોતાની સંપત્તિનો કેટલા ટકા હિસ્સો દાન કરવાની જાહેરાત કરી છે - **28%**
9. વૈશ્વિક ક્ષેત્રે ક્રિકેટના પ્રસિદ્ધ મેગેઝિન 'વિઝડન' દ્વારા વર્ષે 2019ના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર તરીકે કોને જાહેર કર્યો અને તેનો દેશ જણાવો- **બેન સ્ટોક્સ-ઇંગ્લેન્ડ**
10. વિઝડન દ્વારા વર્ષે 2019ના સર્વ શ્રેષ્ઠ પાંચ ક્રિકેટર તરીકે કોની કોની પસંદગી કરાઈ છે - **1. પેટ કમિન્સ 2. માનર્સ લાબુશેન 3. જોફ્રા આર્ચર 4.સિમોન હાર્પર અને 5.મહિલા ક્રિકેટર એલિસ પેરી**
11. વિઝડનના સ્થાપક અને દેશ જણાવો - **જોન વિઝડન અને લંડન, ઇંગ્લેન્ડ**
12. વિશ્વમાં ક્રિકેટના બાઇબલ તરીકે કયું મેગેઝીન ઓળખાય છે - **વિઝડન**
13. ભારતે પાડોશી દેશોમાં કોરોના સામે લડવા માટે કઈ દવા પરનો પ્રતિબંધ હટાવ્યો - **હાઈડ્રોક્સિક્લોરોક્વિન**
14. લૉકડાઉન દરમિયાન ભારતમાં કાળા બજાર અટકાવવા માટે કયો કાયદો લાગુ કરવાનો કેન્દ્ર સરકારે આદેશ કર્યો છે - **એસેન્શિયલ કોમોડિટી એક્ટ -1955**
15. કયા દેશે ભારત પાસે કોરોના સામે ઉપયોગી એવી હાઈડ્રોક્સિક્લોરોક્વિન દવાની માગણી કરીને આ દવાને હનુમાનજીની સંજીવની બુટ્ટી સાથે સરખામણી કરી છે - **બ્રાઝિલ**
16. બ્રાઝિલના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ જણાવો- **ઝાયર બોલ્સોનારો**
17. તા. 26 જાન્યુઆરી 2020 પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ભારતમાં મુખ્ય અતિથિ કોણ હતું - **બ્રાઝિલના રાષ્ટ્રપતિ ઝાયર બોલ્સોનારો**

18. વાયરસ સામે સાવચેતીના ભાગરૂપે "માસ સેનિટાઈઝ ટનલ" ધરાવતું દેશનું પ્રથમ રેલવે સ્ટેશન જણાવો - **કાલુપુર અમદાવાદ**

19. કોરોના વાયરસમાં વધુ ચર્ચિત "ક્વૉરન્ટાઈન"/ "ક્વૉરન્ટીન" શબ્દ કઈ ભાષાનો છે - **ઇટાલિયન**

20. ક્વૉરન્ટાઈન" શબ્દ કયા અન્ય શબ્દ પરથી આવ્યો - **ક્વૉરન્તા જીઓની**

21. ક્વૉરન્ટાઈન" એટલે શું - **40 દિવસનો એકાંતવાસ**

22. ગાંધીયુગના સાહિત્ય ગુરુ રા.વિ.પાઠકનો જન્મદિવસ જણાવો - **08.04.1877**

23. સાહિત્યકાર રા.વિ. પાઠકનું પૂર્ણ નામ જણાવો - **રામનારાયણ વિશ્વનાથ પાઠક**

24. સાહિત્યકાર રા.વિ. પાઠકના ઉપનામ જણાવો - **જાત્રાળુ, ભુલારામ, દ્વિરેફ, સ્વૈરવિહારી, શેષ...**

**DATE : 09-04-2020**

## ૧. કેન્દ્ર સરકાર : કોરોનાનો સામનો કરવા ત્રણ તબક્કાનો એક્શન પ્લાન તૈયાર (આરોગ્ય)

**નામ : "COVID-19 ઈમરજન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેર્ડનેસ પેકેજ"**

**અગત્યની જોગવાઈઓ :**

- ✓ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે રૂ 15,000 કરોડનું ઈમરજન્સી પેકેજ
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા 100 ટકા નાણાકીય સહાય કરાશે
- ✓ જાન્યુઆરી ૨૦૨૦થી માર્ચ ૨૦૨૪ સુધી ત્રણ તબક્કામાં કોરોના સામે જંગ લડવા એક્શન પ્લાન તૈયાર
- ✓ કેન્દ્રીય સ્તરે તેમજ રાજ્ય સ્તરે હેલ્થ સિસ્ટમમાં સુધારા કરવા માટે તમામ પગલા લેવાશે
- ✓ કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા નેશનલ મિશન હેલ્થ હેઠળ પહેલા તબક્કામાં જૂન-૨૦૨૦ સુધીનું ભંડોળ ફાળવવામાં આવશે

**એક્શન પ્લાનના ત્રણ તબક્કા**

- ✓ **પહેલો તબક્કો:** જાન્યુઆરી ૨૦૨૦થી માર્ચ ૨૦૨૦
- ✓ **બીજો તબક્કો:** જુલાઈ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧
- ✓ **ત્રીજો તબક્કો :** એપ્રિલ ૨૦૨૧થી માર્ચ ૨૦૨૪

**હોસ્પિટલો, આઇસોલેશન વોર્ડ વેન્ટિલેટર સુવિધાઓમાં ઉપયોગ**

- ✓ પહેલા તબક્કામાં રાજ્યો અને UTને કોરોના માટેની હોસ્પિટલો બનાવવા, આઇસોલેશન બ્લોક્સ બનાવવા, વેન્ટિલેટર્સ અને ઓક્સિજન સપ્લાય સાથેની હોસ્પિટલો બનાવવા, લેબોરેટરીઓ બનાવવા, વધારાનાં મેડિકલ સ્ટાફની ભરતી કરવા તેમજ પ્રોત્સાહનો આપવા અને હેલ્થ વર્કર્સની ભરતી અને પ્રોત્સાહન માટે સરકાર દ્વારા નાણાકીય સહાય કરાશે.

**૧૯ રાજ્યોએ બોન્ડ મારફતે રૂ. ૩૭,૫૦૦ કરોડ ઊભા કર્યા**

- ✓ રાજ્યો સખત નાણાભીડ અનુભવી રહ્યા છે. કોરોના સામે લડવાનો ખર્ચ વધતા રાજ્યો દેવાનાં ડુંગર તળે દટાઈ રહ્યા છે. રોજબરોજનો ખર્ચ કાઢવા રાજ્યોએ દેવું લેવું પડે છે. ૧૯ રાજ્યોએ ૨થી ૧૫ વર્ષનાં બોન્ડ મારફતે રૂ. ૩૭,૫૦૦ કરોડ ઊભા કર્યા હતા. કેન્દ્ર સરકારે ૯મીએ બોન્ડની પહેલી હરાજી કરીનેરૂ. ૧૯,૦૦૦ કરોડ ઊભા કર્યા હતા.

**તમામ સરકારી ખાતાઓને ખર્ચમાં ૬૦ ટકા કાપ મૂકવા આદેશ**

- ✓ કોરોનાએ કેન્દ્ર અને રાજ્યોનાં બજેટ ખોરવી દીધા છે પરિણામે કેન્દ્ર સરકારે
- ✓ તમામ ખાતાઓને તેમનાં ખર્ચમાં ૬૦ ટકા કાપ મૂકવા આદેશ આપ્યો છે.
- ✓ તમામ ખાતાઓએ પહેલા ક્વાર્ટરની ખર્ચ યોજનામાં ૬૦ ટકા કાપ મૂકવા આદેશ અપાયો છે.

## ૨. નિર્ણય : ગુજરાત સરકાર (પુરવઠો)

**60 લાખ APL-1 કાર્ડ ધારકોને એપ્રિલમાં મફત અનાજ આપવામાં આવશે**



✓ લાભ આ નિર્ણયથી હવે રાજ્યના ત્રણ કરોડ મધ્યમ વર્ગના લોકોને લાભ થશે

✓ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા યોજનામાંથી બાકાત રહેલા મધ્યમ વર્ગના લોકોને આનો લાભ થશે

<u>3. વર્તમાનમાં તબીબી ભાષામાં વપરાતા મહત્વના શબ્દો</u>

✓ **<u>SARI:</u>** સિવિયર એકયૂટ રેસ્પરેટરી ઇન્ફેક્શન

✓ **<u>ILI :</u>** ઈન્ફ્લુએન્ઝા લાઇક ઈલનેસ

**<u>સાઈલન્ટ કેરિયર</u>**

✓ એટલે મજબૂત/સૌથી વધુ રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા કોરોના ચેપગ્રસ્ત વ્યક્તિ જેના દ્વારા ચેપ ફેલાય પણ તેના ઉપર જલ્દી તેની અસર જોવા ન મળે

✓ આ વ્યક્તિને છીંક કે ખાંસીથી ઉડતા છાંટા(ડ્રોપ્લેટ) 3 મીટર સુધી ચેપ લગાડી શકે છે

<u>૪. કોરોના વાયરસ : ભારતમાં કોરોનાથી તબીબના મૃત્યુનો પહેલો કિસ્સો ઈન્દોરમાં નોંધાયો</u>

✓ નામ : ડૉ. શત્રુધ્ન પંજવાણી    આયુ- 62 વર્ષ

<u>૫. અવસાન : રામાયણ ટીવી શ્રેણીમાં વાનર રાજ સુગ્રીવની ભૂમિકા ભજવનાર કલાકાર શ્યામસુંદર કાલાનીનું અવસાન</u>

✓ **<u>સ્થળ-</u>** કાલકા, હરિયાણા

✓ રામાયણ- રામાનંદ સાગરની ટીવી સિરિયલ

<u>૬. દિન વિશેષ : ૯ એપ્રિલ    રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ</u>

**<u>CRPF દ્વારા દર વર્ષે ૯ એપ્રિલને રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ તરીકે ઉજવણી</u>**

**<u>ઇતિહાસ :</u>**

✓ કેન્દ્રીય અનામત પોલીસ દળ એટલે કે સી.આર.પી.એફ. આજે દેશભરમાં પોતાનો આગવો વીરતા દિન મનાવશે.

✓ 9,એપ્રિલ 1965ના કચ્છના રણમાં આવેલી સીમા ઉપર પાકિસ્તાનના આક્રમણ વખતે મોતની પરવાહ કર્યા વગર <u>સરદાર પટેલ પોસ્ટ</u> જાળવી રાખનારા જવાનોની વીરતાને યાદ કરીને શહીદોને અંજલિ આપશે.

✓ ભારત-પાક વચ્ચે 1965માં સત્તાવાર યુદ્ધ ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ખેલાયું એનાથી ચાર મહિના પહેલાં એટલે કે એપ્રિલમાં પાકિસ્તાન કચ્છના રણ પર ત્રાટકી ચૂક્યું હતું અને બ્રિટનના વડાપ્રધાનની દરમ્યાનગીરીથી જૂન મહિનામાં યુદ્ધવિરામ થયો હતો.

✓ યુદ્ધ વિરામની શરતો અનુસાર કહેવાતો સરહદી વિવાદ ઉકેલવા ટ્રિબ્યુનલ રચાઇ હતી અને એના ચુકાદામાં આખરે <u>કંજરકોટ અને છાડબેટ સહિતનો કચ્છના રણનો 10 ટકા વિસ્તાર ભારતે ગુમાવવો પડ્યો</u> હતો.

✓ 1968માં તેની વિરુદ્ધમાં કચ્છ સત્યાગ્રહ થયો હતો.

✓ આ આખું પ્રકરણ કચ્છ માટે એક તરફ પોલીસ જવાનોની અપ્રતિમ વીરતાનું પ્રતીક છે તો બીજી તરફ આઝાદી પછી સરહદી વિસ્તારની સુરક્ષા અને માળખાકીય વિકાસની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કેટલી હદે અવગણના થઇ હતી એનો એક કમનસીબ પુરાવો પણ છે.

✓ એનો મુદ્દો ચર્ચીએ એ પહેલા 9, એપ્રિલ 1965ની ઐતિહાસિક ઘટના પર નજર કરીએ તો એ સમયે સરદાર પટેલ પોસ્ટ પર સી.આર.પી.એફ. અને એસ.આર.પી. (રાજ્ય અનામત પોલીસ)ના 200થી 250 પોલીસમેન ફરજ પર હતાં. તેમની પાસે ત્રણ મશીનગન સહિતના ટાંચા સાધન શસ્ત્ર હતા.

✓ એવા સમયે મધરાત પછી વહેલી પરોઢે સાડા ત્રણ હજાર ફોજીઓ સાથેનું પાકિસ્તાની લશ્કર તોપમારાના પીઠબળે તેમના પર તૂટી પડ્યું. છતાં બહાદુર જવાનોએ જંગ ખેલ્યો.

✓ 34 પાકિસ્તાનીઓને ઢેર કર્યાં અને સવાર સુધી ચોકી ટકાવી રાખી. ત્યાર બાદ ભારતીય લશ્કર ત્યાં આવી પહોંચ્યું અને મોરચો સંભાળી લીધો હતો.

✓ CRPF : સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૪-૨૦૨૦)</u>

1. કેન્દ્ર સરકારે કોરોના વાઈરસનો સામનો કરવા તાજેતરમાં કેટલા તબક્કાનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે- **<u>ત્રણ</u>**
2. કેન્દ્ર સરકારે કોરોના વાઈરસનો સામનો કરવા તાજેતરમાં કયો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે- **"<u>COVID-19 ઈમરજન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેડનેસ પેકેજ</u>"**
3. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના વાઈરસ સામે લડવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કેટલા કરોડનું ઈમરજન્સી પેકેજ અપાયું- **<u>15,000 કરોડ</u>**
4. કેન્દ્ર સરકારે કોરોના વાયરસ સામે લડવા તૈયાર કરેલ એક્શન પ્લાનનો સમયગાળો જણાવો - **<u>જાન્યુઆરી-2020થી માર્ચ 2024</u>**
5. નેશનલ હેલ્થ મિશન હેઠળ પ્રથમ તબક્કામાં ક્યાં સુધીનું ભંડોળ ફાળવવામાં આવશે - **<u>જૂન-2020</u>**

6. કોરોના વાયરસ સામે લડવા કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલ ત્રણ તબક્કાનો સમયગાળો જણાવો- **(1) જાન્યુઆરી 2020 થી માર્ચ 2020 (2) જુલાઈ 2020 થી માર્ચ 2021 અને (3) એપ્રિલ 2021 થી માર્ચ 2024**
7. કેન્દ્ર સરકાર દ્વારા તેના તમામ મંત્રાલયોને પ્રથમ ક્વાર્ટરની ખર્ચ યોજનાઓમાં કેટલા ટકા કાપ મૂકવાનો આદેશ કર્યો છે- **60%**
8. 10 એપ્રિલ 2020ની સ્થિતિએ દેશના કેટલા રાજ્યોએ કોરોના ખર્ચને પહોંચી વળવા રૂ.37,500 કરોડના બોન્ડ ઉભા કર્યા- **19**
9. કોરોના સામે લડવા માટે રાજ્યો અને કેન્દ્ર શાસિતપ્રદેશોને આપવામાં આવનાર પેકેજનો કેટલો ખર્ચ કેન્દ્ર સરકાર આપશે - **100%**
10. ગુજરાત સરકાર કેટલા APL-1 કાર્ડધારકોને એપ્રિલ-2020માં વિનામૂલ્યે અનાજ ફાળવશે- **60 લાખ**
11. SARIનું વિસ્તૃત નામ જણાવો- **સિવિયર એક્યૂટ રેસ્પિરેટરી ઈન્ફેક્શન**
12. ILIનો વિસ્તૃત અર્થ જણાવો - **ઈંફ્લુએન્ઝા લાઈક ઈલનેસ**
13. સૌથી વધુ રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા કોરોનાના ચેપગ્રસ્ત વ્યક્તિ જેના દ્વારા ચેપ ફેલાય પણ તેના પોતાના ઉપર જલદી અસર જોવા ન મળે તેને તબીબી ભાષામાં શું કહે છે- **સાઇલન્ટ કેરિયર**
14. કોરોનાના દરદીઓની સેવા કરતા કોરોના સંક્રમણને કારણે મૃત્યુનો ભોગ બનનાર ભારતના પ્રથમ તબીબ અને શહેર જણાવો- **ડૉ. શત્રુઘ્ન પંજવાણી અને ઈન્દોર**
15. રામાયણ ટીવી શ્રેણીમાં વાનરરાજ સુગ્રીવનનું પાત્ર ભજવનાર કયા કલાકારનું તાજેતરમાં હરિયાણા ખાતે અવસાન થયું - **શ્યામસુંદર કાલાની**
16. ભારતમાં "રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **9 એપ્રિલ**
17. "રાષ્ટ્રીય વીરતા દિવસ" કયા અર્ધ લશ્કરી દળની પરાક્રમ ગાથાની યાદમાં ઉજવવામાં આવે છે- **CRPF**
18. ભારતમાં "રાષ્ટ્રીય વીરતા/શૌર્ય દિવસ" ક્યા યુદ્ધની યાદમાં ઉજવવામાં આવે છે - **ભારત-પાકિસ્તાન 1965**
19. "સરદાર પટેલ પોસ્ટ" કઈ આંતરરાષ્ટ્રીય સીમા ઉપર કયા જિલ્લામાં આવેલી છે - **ભારત-પાકિસ્તાન અને કચ્છ**

**DATE : 10-04-2020**

**૧. ADB : કોરોના સામેના જંગમાં મદદ કરવા ADB ભારતને રૂ.૧૬,૫૦૦ કરોડની સહાય કરશે**

- ✓ બેન્ક વડા – માત્સુગુ અસકાવા

**૨. નિર્ણય : કોરોના માટે NPSમાંથી નાણા ઉપાડી શકાશે**

- ✓ હેતુ- કોરોનાની સારવાર માટે
- ✓ NPS- નેશનલ પેન્શન સ્કીમ

**૩. G-20 દેશોના ઊર્જા મંત્રીઓની વર્ચ્યુઅલ બેઠક યોજાઇ (વૈશ્વિક વેપાર)**

- ✓ **ભારતના પ્રતિનિધિ-** પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તેમજ સ્ટીલ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 10 એપ્રિલ 2020ના રોજ G-20 દેશોના ઊર્જા મંત્રીઓની અસાધારણ વર્ચ્યુઅલ બેઠકમાં ભાગ લીધો હતો.

**બેઠકના અધ્યક્ષ-સ્થાન**

- ✓ સાઉદી અરેબિયાએ G-20ના પ્રમુખ તરીકે આ બેઠક બોલાવી હતી અને સાઉદી અરેબિયાના ઊર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલાઝીઝની અધ્યક્ષતામાં તેનું આયોજન થયું હતું.
- ✓ **ઉપસ્થિતિ:** આ બેઠકમાં G-20 દેશોના ઊર્જા મંત્રીઓ, મહેમાન દેશો અને OPEC, IEA અને IEF સહિત આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાએ ભાગ લીધો હતો.
- ✓ G-20 ઊર્જા મંત્રીઓએ આ બેઠકમાં કોવિડ-19 મહામારીના કારણે માંગમાં થયેલા ઘટાડાથી અસરગ્રસ્ત ઊર્જા બજારોની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટેના માર્ગો અને માધ્યમો તેમજ વર્તમાન સરપ્લસ ઉત્પાદન સંબંધિત બાબતો પર ધ્યાન આપ્યું હતું.
- ✓ તેમણે પૂરવઠા-આડ પરિબળોને સંતુલિત કરવા માટે OPEC અને OPEC-પ્લસ દેશોના પ્રયાસોને બિરદાવ્યા હતા જે લાંબાગાળે ટકી રહેવા માટે જરૂરી છે.

**બેઠકની કાર્યવાહી**

- ✓ G-20 ઊર્જા મંત્રીઓને સલાહ આપવા માટે એક ટાસ્ક ફોર્સ રચના કરવાની દરખાસ્ત મૂકવામાં આવે છે અને આગામી દિવસોમાં જોડાયેલા રહેવાની સંમતિ આપે છે.

**૪. ખેલકૂદ : IWF દ્વારા થાઈલેન્ડ અને મલેશિયાના વેઇટ લીફ્ટીંગ સંઘો પર પ્રતિબંધ**

- ✓ થાઈલેન્ડ માટે ત્રણ વર્ષનો અને મલેશિયા માટે એક વર્ષનો પ્રતિબંધ લગાવાયો છે.
- ✓ IWF મુજબ ઓલિમ્પિકનું આયોજન હવે ગમે ત્યારે થાય પરંતુ આ દેશોના ખેલાડીઓને તેમાં ભાગ લેવા મળશે નહીં.

**કારણ**

- ✓ IWFએ આ નિર્ણય એટલા માટે લીધો છે કારણ કે આ દેશોમાં ડોપિંગના ઘણા બધા કેસ સામે આવ્યા છે.
- ✓ IWF : International Weightlifting Federation .
- ✓ IWFનું મુખ્યમથક : બુડાપેસ્ટ (હંગેરી).

૫. ભારતીય વાયુ સેનાએ ઓપરેશન સંજીવની હેઠળ કોરોના વાયરસ ફેલાતો રોકવા માટે પોતાનો સહયોગ (આરોગ્ય-સંરક્ષણ)

- ✓ અસરકારક રીતે તથા કુશળતાથી આ રોગને રોકવા માટે ભારતીય વાયુ સેના રાજ્ય સરકારો અને સહાયક એજન્સીઓને તબીબી સહયોગ પૂરો પાડી રહી છે.

કામગીરી

- ✓ છેલ્લા 2 દિવસ દરમિયાન પૂર્વોત્તર વિસ્તારમાં ગૌહાત્તી, દિબ્રુગઢ અને મોહનવાડી, મધ્ય બારતમાં પ્રયાગરાજ, ગોરખપૂર, બરેલી, આગ્રા અને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ વિસ્તાર માટે જરૂરી તબીબી સામગ્રી અને ઉપકરણો પૂરાં પાડયાં છે.
- ✓ તા. 2 એપ્રિલ, 2020ના રોજ ભારતીય વાયુ સેનાએ ઓપરેશન સંજીવની હેઠળ, માલી અને માલદિવ માટે તબીબી ઉપકરણો પૂરાં પાડયાં છે.

૬. દિન વિશેષ : ૧૦ એપ્રિલ (૧) વિશ્વ હોમીયોપેથી દિવસ

**વર્ષ-૨૦૨૦ થીમ :** ‘Enhancing the scope of Homoeopathy in Public Health’

- ✓ હોમીઓપેથીના સંસ્થાપક ડો. ફ્રેડરિક સેમ્યુઅલ હનીમેનની જયંતીના રૂપે આ દિવસ મનાવવામાં આવે છે. તેઓ જર્મનીના પ્રસિદ્ધ ડોક્ટર હતા.
- ✓ આ દિવસ નિમિત્તે કેન્દ્રીય હોમિયોપેથી અનુસંધાન પરિષદ (CCRH-સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન હોમિયોપેથી) દ્વારા ઉજવણી કરવામાં આવે છે.
- ✓ CCRH આયુષ મંત્રાલય હેઠળનું એક સ્વાયત રિસર્ચ સંગઠન છે.
- ✓ હોમિયોપેથી એક વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ છે જેને 1796માં સેમ્યુઅલ હનીમેને શરૂ કરી હતી.
- ✓ આ પદ્ધતિ સમરૂપતાના સિદ્ધાંત પર આધારિત.

(૨) આર્યસમાજની સ્થાપના

- ✓ 10 એપ્રિલ 1875 મુંબઈમાં આર્યસમાજની સ્થાપના

**આર્ય સમાજની પ્રવૃત્તિઓ:**

- ✓ હિન્દુઓને સંગઠિત કરવા તથા પશ્ચિમી સંસ્કૃતિના પ્રહારો સામે હિન્દુ ધર્મનું રક્ષણ કરવું, ધર્માંતર કરાયેલા હિન્દુઓને હિન્દુ ધર્મમાં ફરી લાવવાની શુદ્ધિ ચળવળ કરવી અને આર્યસમાજે દરિદ્રનારાયણની સેવાનો આદર્શ રજૂ કર્યો હતો.
- ✓ આર્યસમાજનું મુખ્યમથક લાહોરમાં બનાવવામાં આવ્યું હતું.
- ✓ સ્વામી દયાનંદ સરસ્વતીના અવસાન પછી લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત, સ્વામી શ્રદ્ધાનંદ અને લાલા લજપતરાય જેવા નેતાઓએ આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી.
- ✓ લાલા હંસરાજે 1889માં લાહોરમાં ‘દયાનંદ એંગ્લો વૈદિક કોલેજની સ્થાપના કરી.
- ✓ સ્વામી શ્રદ્ધાનંદે 1902માં હરદ્વાર પાસે ‘કાંગડી ગુરુકુળ’ સ્થાપ્યું હતું.
- ✓ આ ઉપરાંત ગુજરાતમાં વડોદરામાં 'આર્ય કન્યા વિદ્યાલય' શરૂ કરવામાં આવ્યું હતું .

૭. જન્મ દિન વિશેષ : ૧૦ એપ્રિલ

(૧) ક્રાંતિવીર સરદારસિંહ રાણા

જન્મ – ૧૦ એપ્રિલ-૧૮૭૦ અવસાન – ૧૯૫૭

- ✓ આજે સ્વતંત્રતા સૈનિક રાવજીભાઈ ડાહ્યાભાઈ પટેલ, સ્વાધીનતા સંગ્રામના ભામાશા તરીકે પ્રસિદ્ધ થયેલા ઘનશ્યામદાસ બિરલા, અર્થશાસ્ત્રી ડી. આર. ગાડગિલ અને વિદેશોમાં ભારતીય આઝાદીના આંદોલનની જ્યોત પ્રગટાવનારા સરદારસિંહ રાણાનો જન્મદિન.
- ✓ દેશ અને વિદેશમાં અનેકની સંખ્યામાં ક્રાંતિકારીઓ દેશની આઝાદી માટે કાર્યરત હતા. તેમાંનું એક મહત્વનું નામ સરદારસિંહનું છે.
- ✓ જૂના લીંબડી રાજ્યના કંથારિયા ગામે લીંબડી રાજ્યના ભાયાત દેવાભાઈ રાણાને ત્યાં સરદારસિંહનો જન્મ થયો હતો.
- ✓ સરદારસિંહે શિક્ષણ કંથારિયા, સાળંગપુર, રાજકોટ અને મુંબઈમાં લીધું. 1897માં બ્રિટન અભ્યાસ અર્થે ગયા, ત્યાં શ્યામજી કૃષ્ણ વર્માનો પરિચય થયો ઇન્ડિયન હોમ રૂલ સોસાયટી, ઇન્ડિયા હાઉસ અને યુરોપમાં ભારતીયોના સંગઠન વગેરે પ્રવૃત્તિમાં સક્રિય પણે ભાગ લીધો હતો.
- ✓ 1857માં બ્રિટિશ સરકારે તેમને બળવાખોર જાહેર કર્યા. આઝાદી બાદ ભારત આવ્યા પણ આઝાદી પહેલાનું સપનાનું ભારત રાણાને દેખાયું નહિ 1957માં તેમનું અવસાન થયું.

(૨) વર્ષા અડાલજા                જન્મ : 10 એપ્રિલ 1940




- ✓ વર્ષા અડાલજાનો મુંબઇમાં જન્મ થયો હતો તેણી જામનગરના વતની છે.
- ✓ તેમની પ્રથમ નવલકથા "અણસાર" માટે તેમને સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત થયો હતો.
- ✓ તેમની આ નવલકથા પરથી લેપરોઝી નામની ફિલ્મ બની હતી.
- ✓ તેમની નવલકથા "મારે પણ એક ઘર હોય" અને "રેતપંખી" પરથી ટૂંકી ટેલિવિઝન સિરિયલ બની હતી.
- ✓ તેમને 2005માં રણજિતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૪-૨૦૨૦)

1. કોરોના સામેના જંગમાં મદદ કરવા ADB ભારતને કેટલા રૂપિયાની સહાય કરશે - **રૂ.૧૬,૫૦૦ કરોડ**
2. એશિયન ડેવલપમેન્ટ બેન્કના વર્તમાન વડાનું નામ જણાવો – **માત્સુગુ અસકાવા**
3. NPSનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ પેન્શન સ્કીમ**
4. 10 એપ્રિલ 2020ના રોજ કયા દેશોના ઊર્જા મંત્રીઓની અસાધારણ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ - **G-20**
5. એપ્રિલ 2020ના રોજ કોની અધ્યક્ષતામાં G-20 દેશોના ઊર્જા મંત્રીઓની અસાધારણ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ – **સાઉદી અરેબિયાના ઊર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલાઝીઝ**
6. વર્તમાન કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તેમજ સ્ટીલ મંત્રીનું નામ જણાવો - **શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**
7. એપ્રિલ-૨૦૨૦માં IWF દ્વારા કયા વેઇટ લીફટીંગ સંઘો પર પ્રતિબંધ લાદવામાં આવ્યો - **થાઈલેન્ડ અને મલેશિયા**
8. એપ્રિલ-૨૦૨૦માં IWF દ્વારા થાઈલેન્ડ માટે અને મલેશિયા માટે કેટલા વર્ષનો પ્રતિબંધ લગાવ્યો – **અનુક્રમે ત્રણ અને એક વર્ષ**
9. IWFનું વિસ્તૃત નામ જણાવો – **ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ફેડરેશન**
10. IWFનું મુખ્યમથક કયા આવેલું છે- **બુડાપેસ્ટ (હંગેરી)**
11. વિશ્વ હોમીયોપેથી દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે - **૧૦ એપ્રિલ**
12. ભારતીય વાયુ સેનાએ કયા ઓપરેશન હેઠળ કોરોના વાયરસ ફેલાતો રોકવા માટે માલી અને માલદિવ માટે તબીબી ઉપકરણો પૂરાં પાડયાં - **સંજીવની**
13. વિશ્વ હોમીયોપેથી દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **'Enhancing the scope of Homoeopathy in Public Health'**
14. હોમીયોપેથીના સંસ્થાપકનું નામ જણાવો - **ડો. ફ્રેડરિક સેમ્યુઅલ હનીમેન**
15. જર્મનીના કયા પ્રસિદ્ધ ડૉક્ટરની જન્મ જયંતી નિમિતે વિશ્વ હોમીયોપેથી દિવસ મનાવવામાં આવે છે - **ડો. ફ્રેડરિક સેમ્યુઅલ હનીમેન**
16. CCRHનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન હોમિયોપેથી**
17. કયાં અને ક્યારે આર્યસમાજની સ્થાપના કરવામાં આવી હતી – **મુંબઈ તથા 10 એપ્રિલ 1875**
18. વર્ષ-1889માં કોણે લાહોરમાં 'દયાનંદ એંગ્લો વૈદિક કોલેજની સ્થાપના કરી હતી - **લાલા હંસરાજ**
19. સ્વામી શ્રદ્ધાનંદે ક્યાં અને કયારે 'કાંગડી ગુરુકુળ' સ્થાપ્યું હતું - **હરદ્વાર પાસે તથા વર્ષ-1902**
20. ક્રાંતિવીર સરદારસિંહ રાણાનો જન્મ દિવસ જણાવો – **૧૦ એપ્રિલ-૧૮૭૦**
21. ક્રાંતિવીર સરદારસિંહ રાણાનું જન્મસ્થળ જણાવો - **જૂના લીંબડી રાજ્યના કંથારિયા ગામ**
22. મહિલા ગુજરાતી સાહિત્યકાર વર્ષા અડાલજાનો જન્મ દિવસ જણાવો - **10 એપ્રિલ 1940**
23. મહિલા ગુજરાતી સાહિત્યકાર વર્ષા અડાલજાને તેમની કઈ પ્રથમ નવલકથા માટે સાહિત્ય અકાદમી એવોર્ડ પ્રાપ્ત થયો હતો - **"અણસાર"**
24. ગુજરાતી લેખિકા વર્ષા અડાલજાની અણસાર નવલકથા પરથી કઈ ફિલ્મ બની હતી - **લેપરોઝી**
25. ગુજરાતી નવલકથાકાર વર્ષા અડાલજાને રણજિતરામ સુવર્ણ ચંદ્રક ક્યારે મળ્યો હતો – **વર્ષ-2005**

DATE : 11-04-2020

| | |
|---|---|
| ૧.TRAI : સેટ ટોપ બોક્સ એક કરતાં વધુ કેબલ કે DTH માટે પોર્ટેબલ કરવા ટ્રાઈની ભલામણ (મનોરંજન) | **કેન્દ્રના સૂચના અને પ્રસારણ મંત્રાલય સમક્ષ ઓપરેટર્સને નવા ધારા-ધોરણો અપનાવવા માટે ૬ માસ આપશે**<br>**નવી જોગવાઈ** |

✓ હવે થોડા જ સમયમાં ટીવીનું સેટટોપ બોક્સ બદલ્યા વિના જ કેબલ કે ડીટીએચ સર્વિસ પ્રોવાઇડર સરળતાથી બદલી શકાશે.

✓ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા-ટ્રાઈએ સેટ ટોપ બોક્સની પોર્ટેબિલિટી અંગે પોતાની ભલામણ કરી દીધી છે.

✓ ફાયદો - ટ્રાઇના મતે નવા સેટ ટોપ બોક્સ સંપૂર્ણ પોર્ટેબલ હશે એટલે કે એક કેબલ ટીવી સર્વિસ પ્રોવાઇડરથી બીજા કેબલ સર્વિસ પ્રોવાઇડરમાં પોર્ટેબિલિટી સંભવ થશે.

**KYC ફરજિયાત**

✓ ટીવી જોનારાઓ પછી હવે ટ્રાઇએ ડીટીએચ સબસ્ક્રાઇબર્સ માટે પણ કેવાયસી અનિવાર્ય કરી દીધું છે.

✓ એ સમયે ટ્રાઇએ દેશના તમામ ડીટીએચ ઓપરેટર્સને કહ્યું હતું કે તેમની માટે હવે પોતાનું સબસ્ક્રાઇબર્સનું કેવાયસી કરવાનું જરૂરી છે.

✓ KYC - નો યોર કસ્ટમર

**પરિણામ**

ઇ કચરામાં ઘટાડો, યુએસબી પોર્ટ ઇન્ટરક્સ અનિવાર્ય

✓ જો ટ્રાઇની ભલામણને સ્વીકારી લેવાશે તો ગ્રાહકોને સેટ ટોપ બોક્સ ખરીદવાની જરૂર નહીં પડે તે સાથે જ ઇ કચરામાં પણ ઘટાડો થશે.

✓ ટ્રાઈએ તમામ ટેલિવિઝન સેટ માટે એક સમાન રીતે યુએસબી પોર્ટ ઇન્ટરફેસને પણ અનિવાર્ય કરવાની તરફદારી કરી છે.

✓ ટીવી નિર્માતાઓને તમામ ડિજિટલ ટેલિવિઝન સેટ્સ એક ઓપન ઇન્ટરફેસ પોર્ટ આપવા કહેવાશે. જે ડીવીબી સીઆઇ પ્લસ ૨.૦ પર આધારિત હોય એમ પણ કહેવાયું છે કે નિર્માતાઓએ ટીવી સેટસમાં બિલ્ટ ઇન ટયુનર પણ ઉપલબ્ધ કરાવવું પડશે. જે તેમને સેટેલાઇટ અને કેબલ પ્લેટફોર્મ, બંને માધ્યમ માટે ટેલિવિઝન કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવશે.

**૨. IMF : બહારના ૧૧ સલાહકાર જૂથમાં RBIના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનની નિમણૂક**

**ઉદ્દેશ્ય**

✓ કોરોના વાઇરસ મહામારીને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા મંદીનો સામનો કરી રહી છે, તે દરમિયાન રિઝર્વ બેન્કના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનને આઇએમએફના વડા ક્રિસ્ટાલિનાના બહારના સલાહકાર જૂથ સભ્યપદે વરણી થઈ છે.

**ભૂમિકા**

✓ કોરોના વાઇરસ કારણે ઊભા થયેલા સંકટને પગલે વિશ્વભરમાં થઈ રહેલા પરિવર્તનો વચ્ચે આ જૂથ નીતિગત મુદ્દે સલાહ સૂચન આપશે.

**૩. જવાળામુખી : ઈન્ડોનેશિયાનો 'અનાક કાકાટાઓ' જવાળામુખી વર્ષ-૨૦૧૮ બાદ પુન: સક્રીય (કુદરતી આપત્તિ)**

✓ વર્ષ-૧૮૮૩માં આ જવાળામુખી ૩૬ હજારને ભરખી ગયો હતો

✓ સ્થાન – જાકાર્તા (રાજધાની)

**૪. પ્રયોગ : બ્લડ પ્લાઝમા (આરોગ્ય)**

**ભારતમાં પ્રથમવાર બ્લડ પ્લાઝમાંથી કોરોના વાઈરસના સારવારની ICMR દ્વારા મંજૂરી**

**વિગતવાર માહિતી :**

✓ આઈસીએમઆરે કોરોના વાઈરસના સાજા થઇ ચૂકેલા દર્દીઓના બ્લડ પ્લાઝમાથી આ રોગથી પીડાતા દર્દીઓની સારવારની ટ્રાયલને મંજૂરી આપી છે.

✓ તિરુવનંતપુરમ સ્થિત ચિત્રા તિરુનાલ આયુર્વિજ્ઞાન તથા ટેક્નોલોજી સંસ્થાનને ક્લીનિકલ ટ્રાયલ તરીકે મર્યાદિત સંખ્યામાં આ ટેક્નોલોજીના ઉપયોગની મંજૂરી મળી.

✓ જ્યારે કોઈ વ્યક્તિ વાઈરસથી ચેપગ્રસ્ત થાય છે તો તેના શરીરમાં વાઈરસ પ્રતિરોધક તૈયાર થઈ જાય છે.

**શું છે આ પ્લાઝ્મા ટેક્નિક ?**

✓ આ તકનીક "કોન્વેલેસન્ટ-પ્લાઝ્મા થેરેપી" તરીકે ઓળખાય છે, આ સારવાર દ્વારા એક બીમાર વ્યકતીને કોરોના વાયરસથી સાજા થયેલ વ્યક્તિની મદદથી સાજો કરી શકાય છે.

✓ આ માટે આ ટેક્નિકમાં બીમાર વ્યક્તિની સારવાર માટે રિકવર થયેલ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિનો ઉપયોગ કરવામાં આવે છે.

✓ આ થેરાપીમાં બ્લડ ટ્રાન્સફ્યુસનની મદદ લેવામાં આવે છે, જેના દ્વારા કોરોનાથી સાજા થયેલા વ્યકતીની એંટીબોડીને દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે.

✓ આ એંટીબોડી વાયરસ સામે લડી તેનો નાશ કરે છે.

**૫. દિન વિશેષ : ૧૧ એપ્રિલ**

**રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ**

✓ દર વર્ષે ૧૧ એપ્રિલે રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ મનાવવામાં આવે છે.

- ✓ આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ સગર્ભા સ્ત્રીઓને તેમની આરોગ્ય સંભાળ અને પ્રસૂતિ સુવિધાઓ વિશે જાગૃત કરવાનો.

**ભારતમાં રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ પ્રારંભ**

- ✓ કસ્તુરબા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ભારત સરકારે ૧૧ એપ્રિલને ૨૦૦૩થી રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ તરીકે જાહેર કરેલ છે.

**૬. જન્મ દિન વિશેષ : ૧૧ એપ્રિલ મહાત્મા : જ્યોતિરાવ ફૂલે**

**જન્મ – ૧૧ એપ્રિલ-૧૮૨૭ અવસાન – ૨૮ નવેમ્બર-૧૮૯૦**

- ✓ 'વિદ્યા બીના મતિ ગઈ, મતિ બીના નીતિ ગઈ, નીતિ બીના ગતિ ગઈ, ગતિ બીના વિત્ત ગયા, વિત્ત બીના શુદ ગયા, ઈતના અનર્થ એક અવિદ્યાને કિયા' પરાધીન ભારતમાં શિક્ષણનું આટલું મહત્ત્વ સમજનારા મહાન સમાજ સુધારક જોતિબા ગોવિંદ રાવ ફૂલેનો આજે જન્મદિવસ.
- ✓ પુણેમાં જન્મેલા જોતિબાએ એક વર્ષની વયે માતાનું છત્ર ગુમાવ્યું હતું. 21 વર્ષની ઉંમરે અંગ્રેજી સાતમીની પરીક્ષા પાસ કરી.
- ✓ દેશનો ઉદ્ધાર લોકોની માનસિકતા બદલ્યા વગર શક્ય નથી અને સમાજ પરિવર્તનના પાયામાં સ્ત્રી શિક્ષણ છે તેવી સમજ સાથે છોકરીઓ માટે શાળા શરૂ કરી ભણાવનાર શિક્ષકો ન મળ્યા તો પત્ની સાવિત્રીબાઈને શિક્ષિકા તરીકે તૈયાર કર્યા. સામા પ્રવાહ તરી સ્ત્રી શિક્ષણનો પાયો નાંખ્યો.
- ✓ શુદ્રો પર થતા અત્યાચાર, શોષણ અને વધે દુર્વ્યવહારને રોકવા 24 સપ્ટે. 1873ના રોજ સત્ય શોધક સમાજની સ્થાપના કરી.
- ✓ સમાજ પરિવર્તન માટે તેમની ધગશને મદેનજર રાખી 1888માં મુંબઈની એક સભામાં 'મહાત્મા'નું બિરુદ અપાયું.
- ✓ 28 નવેમ્બર 1890ના રોજ અવસાન થયું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૪-૨૦૨૦)**

1. સેટઅપ બોક્સ એક કરતાં વધુ કેબલ કે DTH માટે પોર્ટેબલ કરવા માટે TRAI દ્વારા કોને ભલામણ કરવામાં આવી છે - **સૂચના અને પ્રસારણ મંત્રાલય**
2. સેટઅપ બોક્સને સંપૂર્ણ પોર્ટેબલ બનાવવા માટે ઓપરેટર્સને નવા ધારા-ધોરણ અપનાવવા કેટલો સમય આપવામાં આવશે- **06 માસ**
3. ટીવી દર્શકો બાદ હવે ટ્રાઇ દ્વારા અન્ય કોના માટે કેવાયસી ફરજિયાત બનાવાયું છે -**DTH સબસ્ક્રાઇબર્સે**
4. તાજેતરમાં IMF દ્વારા 11 સલાહકારોના જૂથમાં ભારતના કયા પૂર્વ આરબીઆઈ ગવર્નરને અપાયું છે - **રઘુરામ રાજન**
5. IMFના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **ક્રિસ્ટાલિના જોરજીવો**
6. IMFનું વિસ્તૃત નામ જણાવો-**ઇન્ટરનેશનલ મોનીટરી ફંડ**
7. તાજેતરમાં IMF દ્વારા રચિત બહારના 11 સલાહકારોના જૂથનું મુખ્ય કાર્ય જણાવો – **કોરોના વાયરસની મહામારી સામે વિશ્વ સામે ઊભા થયેલા સંકટ અને પરિવર્તનનો વચ્ચે નીતિગત મુદ્દે સલાહ સૂચન કરવું**
8. તાજેતર એપ્રિલ-2020માં ઇન્ડોનેશિયામાં કયો જ્વાળામુખી પુનઃ સક્રિય થયો છે - **અનાક કાકાટાઓ**
9. ઇન્ડોનેશિયાની રાજધાની જણાવો- **જાકોંતા**
10. ભારતમાં પ્રથમવાર બ્લડ પ્લાઝમાથી કોરોના વાયરસની સારવાર માટે કોના દ્વારા મંજૂરી અપાઈ - **ICMR**
11. ભારતમાં "રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ" દિવસ કોની યાદીમાં ઉજવવામાં આવે છે - **કસ્તુરબા ગાંધીની જન્મ જયંતી**
12. ભારતમાં "રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ" દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **11 એપ્રિલ**
13. ICMR દ્વારા કોરોના વાયરસથી સાજા થયેલા દર્દીઓના બ્લડ પ્લાઝમાથી આ રોગથી પીડાતા દર્દીઓની સારવાર માટે કઈ સંસ્થાને ટ્રાયલ માટે મંજૂરી અપાઈ - **ચિત્રા તિરુનાલ આયુર્વિજ્ઞાન તથા ટેકનોલોજી સંસ્થાન, તિરુવનંતપુરમ**
14. કસ્તુરબા ગાંધીનો જન્મ દિવસ જણાવો- **11 એપ્રિલ**
15. ભારતમાં "રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ" દિવસ કયા વર્ષેથી ઉજવવામાં આવે છે - **વર્ષે 2003**
16. સમાજ સુધારક મહાત્મા જ્યોતિરાવ ફુલેનો જન્મદિવસ જણાવો – **11 એપ્રિલ 1827**
17. ભારતના મહાન સમાજ સુધારક મહાત્મા જ્યોતિરાવ ફુલેનો જન્મ કયાં થયો હતો- **પૂણે**
18. વર્ષે-1888માં મુંબઈમાં જ્યોતિરાવ ફુલેને એક સભામાં કયું બિરુદ આપવામાં આવ્યું હતું - **મહાત્મા**

DATE : 12-04-2020

૧. નિકાસ : ભારતે ૧૩ દેશોને HCQ દવા આપવા મંજૂરી આપી

✓ કેટલાક દેશોએ ભારતને હાઇડ્રોક્સિક્લોરોક્વિન દવા પૂરી પાડવા વિનંતી કરી હતી. જેના પગલે ઘરેલુ જરૂરિયાતની સમીક્ષા કર્યા પછી સરકારે ૧૩ દેશોને આ દવા આપવાની મંજુરી આપી છે .

૨. બંગબંધુ હત્યા કેસ-બાંગ્લાદેશ (વૈશ્વિક રાજકારણ)

✓ બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા કહેવાતા બંગબંધુ શેખ મુજીબુર્રહમાન અને તેમના પરિવારના સંખ્યાબંધ સભ્યોની ૧૫ ઓગસ્ટ-૨૦૧૦ના રોજ હત્યા કરવામાં આવી હતી.

✓ આ કેસમાં કોર્ટે સૈન્યના ૧૨ અધિકારીઓને દોષિત જાહેર કરીને ફાંસીની સજા સંભળાવી હતી. તે પૈકી પાંચ અધિકારીઓને ૨૦૧૦માં ફાંસીની સજા થઈ હતી.

✓ બંગબંધુની હત્યાના કેસમાં સજા કાપી રહેલા સૈન્યમાંથી બરતરફ થયેલા કેપ્ટન અબ્દુલ માજિદને અડધી રાતે ફાંસીની સજા આપવામાં આવી હતી.

૩. નિર્ણય : કોરોના વાઈરસ

✓ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેરમાં માસ્ક વિના ફરનારને રૂ. ૫,૦૦૦નો દંડ અથવા ૩ વર્ષની જેલ

૪. કોરોના સારવાર (આરોગ્ય)

**ગુજરાતમાં કોરોના સંક્રમિત દરદીઓની ડૉકટરો આ દવાથી સારવાર કરે છે.**

✓ ડોક્ટરો પેરાસિટામોલ, ક્લોરોફિન, ટેમીફ્લૂ અને એન્જિથ્રોમાઈસિન એન્ટિબાયોટિક જેવી સાધારણ દવાથી જ દર્દીને સાજા કરી રહ્યા છે.

✓ કોરોનાના લક્ષણ વાઈરલ અને સ્વાઈન ફ્લૂને મળતા આવે છે. આથી ડોક્ટર તેને આધાર બનાવી એ બીમારીમાં સારવાર માટે જે ઉપયોગી દવા છે તેનો વપરાશ કરે છે.

૫. વિશ્વ બેન્ક : કોવિડ-૧૯ના કારણે દક્ષિણ એશિયાના અર્થતંત્ર ઉપર અસરો અંગે અહેવાલ રજૂ (આર્થિક અસરો)

**તારણો :**

✓ ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો GDP ૧.૫ થી ૨.૮ ટકા રહેવાનું અનુમાન

**અહેવાલમાં સમાવિષ્ટ દેશો – (કુલ-૮)**

✓ તમામ આઠ દેશોનું અર્થતંત્ર ૧.૮ ટકાથી ૨.૮ ટકાના વચ્ચે રહેવાનું અનુમાન

✓ ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, ભૂતાન, માલદિવ્સ અને અફઘાનિસ્તાન

**પાંચ દેશોમાં ઝડપી ઘટાડો-ત્રણ દેશમાં મંદી**

✓ વિશ્વ બેન્કે 7 એપ્રિલ સુધી તમામ દેશોના ડેટાથી આ રિપોર્ટ તૈયાર કર્યો. જે મુજબ ભારત ઉપરાંત શ્રીલંકા, નેપાળ, ભૂટાન અને બાંગ્લાદેશના આર્થિક વિકાસદરમાં ઝડપી ઘટાડો જોવા મળશે.

✓ જ્યારે અન્ય ત્રણ દેશ પાકિસ્તાન, અફઘનિસ્તાન અને માલ્દીવસમાં મંદી જોવા મળી શકે છે.

૬. અલ્ટ્રાવાયલેટ કિરણો (વાતાવરણ)

**ભારતના અમદાવદ, મુંબઈ, દિલ્હી અને પૂણેમાં પારજાંબલી કિરણોની અસર વધી**

✓ અસરો- આવા કિરણોથી ચામડીના કેન્સરના રોગો ફેલાવવાનું જોખમ

**અલ્ટ્રાવાયલેટ કિરણોના માપદંડ**

✓ ૦ - ૪ = જરાય જોખમ નહીં (નો રિસ્ક)

✓ ૪ - ૫ = ઓછું જોખમ (લો રિસ્ક)

✓ ૫ - ૭ = મધ્યમ સ્તરનું જોખમ (મિડિયમ રિસ્ક)

✓ ૭ - ૧૦ = ઘણું જોખમ (હાઈરિસ્ક તેનો સાંકેતિક રંગ લાલ (રેડ) હોય છે.

✓ 'રેડ સિગ્નલ'નો અર્થ એવો થાય કે સરકાર લોકોને ઘર બહાર નહીં નીકળવાની કડક સૂચના આપે.

✓ સંસ્થા- એર ક્વોલિટિ ફોર ફાસ્ટિંગ એન્ડ રીસર્ચ (સફર)

૭. જન્મ દિન વિશેષ : ૧૨ એપ્રિલ

પુરાતત્વવિદ: રખાલદાસ બેનર્જી

જન્મ : ૧૨ એપ્રિલ ૧૮૮૫ અવસાન : ૨૩ મે ૧૯૩૦

✓ હડપ્પા અને મોહેન્જો દરો સંસ્કૃતિ સાથે અનિવાર્યપણે જોડાયેલું એક નામ એટલે રખાલદાસ બેનરજીનો આજે જન્મદિવસ છે

✓ બંગાળના મુર્શિદાબાદમાં જન્મેલાં રખાલદાસે ડો. બ્લોખ સાથે અવૈતનિક અન્વેષણો અને ઉત્ખનનો દ્વારા પુરાતત્વીય કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

✓ 1917માં પુણેમાં પુરાતત્વ સર્વેક્ષણમાં પશ્ચિમ મંડળના અધિક્ષક તરીકે નિમાયા.

✓ 6 વર્ષ સુધી મહારાષ્ટ્ર, ગુજરાત, સિંધ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ગુપ્તકાલીન મંદિરો, સ્મારકો અને બૌદ્ધ સ્તૂપો વિશે ઉત્ખનનો દ્વારા ભારતીય સાંસ્કૃતિક વારસા ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

- ✓ બૌદ્ધ સ્તૂપના સંશોધન દરમિયાન જ રખાલદાસ બેનરજીએ મોહેન્જો દરો શોધ્યું.
- ✓ મોહેન્જો દરો ઉત્ખનનો પહેલો રિપોર્ટ 1920માં બેનરજી દ્વારા તૈયાર થયો હતો. તેમણે ધ પાલ્સ ઓફ બેન્ગાલ, બ્રાસ રિલિવર્સ ઓફ બદામી, શિવ ટેમ્બર ઓફ ભુમરા, હિસ્ટ્રી ઓફ ઓરિસ્સા જેવા શુદ્ધ સંશોધન ગ્રંથો ઉપરાંત બંગાળીમાં નવલકથાઓ પણ લખી છે.
- ✓ 23 મે 1930ના રોજ તેમનું અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૪-૨૦૨૦)

1. ભારત સરકારે એપ્રિલ 2020માં કોરાના વાઈરસના દરદીઓ માટે કેટલા દેશોમાં કઈ દવા નિકાસ કરવાની મંજૂરી આપી છે - **13 અને HCQ**
2. HCQનો અર્થ જણાવો- **હાઈડ્રોક્લોરોક્વિન**
3. બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા તરીકે ઓળખાતા કયા નેતાની વર્ષ 2010માં હત્યા બદલ તાજેતરમાં સેનાના કેપ્ટનને ફાંસી અપાઈ - **બંગબંધુ શેખ મુજીબુર રહેમાન**
4. કોરોના વાઈરસથી સાવચેતીના ભાગરૂપે ગુજરાતના કયા મુખ્ય શહેરમાં માસ્ક ફરજિયાત કરાયો - **અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા**
5. -કોરોના વાઈરસથી સાવચેતીના ભાગરૂપે ગુજરાતના કયા મુખ્ય ચાર શહેરોમાં માસ્ક ફરજિયાત કરાયો છે જેનું પાલન ન કરનાર માટે કેટલો દંડ અને સજા જાહેર કરાઈ છે- **રૂ.5000/- અને 3 વર્ષની જેલ**
6. ગુજરાતમાં કોરોના સંક્રમિત દરદીને ડોક્ટર કઈ દવાના મિશ્રણથી સારવાર કરીને સાજા કરી રહ્યા છે - **HCQ, હિજિથ્રોમાઈસીન,પેરાસિટામોલ અને ટેમીફ્લૂ**
7. એપ્રિલ-2020ના દક્ષિણ એશિયાઈ દેશમાં કોરાનાની અસર અંગે વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો GDP કેટલા ટકા રહેવાનું અનુમાન કરાયું છે - **1.5 થી 2.8 ટકા**
8. એપ્રિલ-2020ના દક્ષિણ એશિયાઈ દેશોમાં કોરાનાની અસર અંગે વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં આ દેશોમાં GDP કેટલા ટકા રહેવાનું અનુમાન કરાયું છે - **1.5 થી 2.8 ટકાથી વચ્ચે**
9. એપ્રિલ-2020ના દક્ષિણ એશિયાઈ દેશોમાં GDP ઉપર કોરાનાની અસર અંગે વર્લ્ડ બેન્કના અહેવાલમાં કયા કયા દેશોનો સમાવેશ કરાયો છે - **ભારત, શ્રીલંકા, નેપાળ, ભૂતાન, માલદીવ, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન**
10. એર ક્વોલિટી ફ્રોર ફાસ્ટિંગ એન્ડ રિસર્ચ સંસ્થાના તાજેતરના અહેવાલ મુજબ ભારતના કયા શહેરોમાં અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર વધી છે જે ચામડીના કેન્સર માટે જવાબદાર છે- **અમદાવાદ, મુંબઈ, દિલ્હી અને પૂણે**
11. અલ્ટ્રાવાયલેટ કિરણોના કયા માપદંડ મુજબ જરાય જોખમ ન ગણાય (નો રિસ્ક) – **૦ - ૪**
12. અલ્ટ્રાવાયલેટ કિરણોના કયા માપદંડ અનુસાર કોને ઓછું જોખમ (લો રિસ્ક) ગણવામાં આવે છે - **૪ - ૫**
13. અલ્ટ્રાવાયલેટ કિરણોના કયા માપદંડ અનુસાર મધ્યમ સ્તરનું જોખમ (મિડિયમ રિસ્ક) ગણવામાં આવે છે - **૫ - ૭**
14. અલ્ટ્રાવાયલેટ કિરણોના કયા માપદંડ અનુસાર ઘણું જોખમ (હાઈરિસ્ક) ગણવામાં આવે છે - **૭ - ૧૦**
15. અલ્ટ્રાવાયલેટ કિરણોના હાઈરિસ્ક માટેનો સાંકેતિક રંગ કયો હોય છે - **લાલ (રેડ)**
16. અલ્ટ્રાવાયલેટ કિરણોના હાઈરિસ્ક માટેનો સાંકેતિક 'રેડ સિગ્નલ'નો અર્થ શું થાય છે - **સરકાર લોકોને ઘર બહાર નહીં નીકળવાની કડક સૂચના આપે**
17. ભારતના મહાન પુરાત્વવિદ રખાલદાસ બેનરજીનો જન્મ દિવસ જણાવો- **12.04.1885**
18. ભારતના મહાન પુરાત્વવિદ રખાલદાસ બેનરજીએ કઈ બે પ્રાચીન પુરાત્વિય સાઈટનું ઉત્ખનન કર્યું હતું- **હડપ્પા અને મોહેન્જોદરો**
19. ભારતના મહાન પુરાત્વવિદ રખાલદાસ બેનરજીનો જન્મ કયા રાજ્યમાં થયો હતો- **પશ્ચિમ બંગાળ**

DATE : 13-04-2020

## ૧. વૈશ્વિક બાબતો : ઓપેક અને તેના સાથી દેશો વચ્ચે તેલ ઉત્પાદન ઘટાડવા માટે ઐતિહાસિક સહમતી (પેટ્રોલિયમ)

ક્રૂડ ઓઇલની વૈશ્વિક સપ્લાયમાં લગભગ ૨૦ ટકા જેટલો ઘટાડો નોંધાશે

- ✓ ક્રૂડ ઓઇલ ઉત્પાદકના સમૂહ દેશો ઓપેક અને રશિયા વચ્ચે સમજૂતી સધાતા ક્રૂડ ઓઇલનું ઉત્પાદન ઘટાડવા માટે સહમત.

- ✓ ક્રૂડ ઓઇલ ઉત્પાદક દેશો તા. ૧લી મેથી પ્રતિદિન ૯૭ લાખ બેરલ ઉત્પાદન ઘટાડશે જે અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો છે.
- ✓ ઓપેક અને રશિયાએ આગામી બે મહિના અર્થાત મે અને જૂન દરમિયાન તેલ ઉત્પાદનમાં દૈનિક ૯૭ લાખ બેરલનો કાપ મૂકવા નિર્ણય લીધો છે.
- ✓ જુલાઈ પછી આ કાપને ઘટાડીને પ્રતિદિન ૮૦ લાખ બેરલ કરવા પણ નિર્ણય લેવામાં આવ્યો છે. નિર્ણયને કારણે વીસ ટકા ક્રૂડ ઓઇલ સપ્લાટમાં ઘટાડો નોંધાશે જે પણ અત્યાર સુધીમાં સૌથી મોટો છે.
- ✓ ક્રૂડ ઉત્પાદક દેશો મે અને જૂન દરમિયાન આ ઘટાડો ચાલુ રાખશે.
- ✓ <u>ઘટાડાનો સિલસિલો આગામી વર્ષ ૨૦૨૨ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે.</u>
- ✓ કોરોના પ્રકોપને કારણે માગમાં ભારે ઘટાડો થતાં સર્જાયેલી સ્થિતિને અને બજાર સંતુલનને સંભાળવા ઓપેક અને રશિયા વચ્ચે ઐતિહાસિક તેલ ઉત્પાદન કાપ માટે કરાર થયા હતા. તેને કારણે બજારને ટેકો મળી રહ્યો છે.

**ઓપેક વિશે**

- ✓ OPEC- ધ ઓર્ગેનાઇઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રિઝ
- ✓ OPECની સ્થાપના વર્ષે- 14.09.1965 (મૂળ-1960)
- ✓ OPECનું વર્તમાન વડુમથક - વિયાના- ઓસ્ટ્રિયા
- ✓ OPECના કુલ સભ્ય દેશો -13

**૨. ADB : સહાયમાં વધારો**

- ✓ કોરોના સામે લડવા સભ્ય દેશો માટે નાણાકીય સહાય વધારીને ૨૦ બિલિયન ડોલર કરાઈ
- ✓ અગાઉ તા. ૧૮ માર્ચના રોજ આ સહાય માટે ૬.૫ બિલિયન ડોલરની જાહેરાત કરી હતી. જેમાં ૧૩.૫ બિલિયન ડોલરનો વધારો કર્યો છે.
- ✓ ADB : એશિયન ડેવલપમેન્ટ બેંક

**૩. સંશોધન : પ્લાઝમા થેરપી દ્વારા ત્રણ મૂળ ભારતીય USમાં કોરોનાથી સાજા થયાં (આરોગ્ય)**

**શું છે કોન્વાલેસેન્ટ પ્લાઝમા થેરપી ?**

- ✓ કોન્વાલેસેન્ટ પ્લાઝમા થેરપીમાં જે દર્દીઓ કોરોનાથી સાજા થયા છે તેમના લોહીમાં રહેલા પ્લાઝમાને અલગ તારવીને કોરોનાથી પીડાતા દર્દીમાં ઈંજેક્ટ કરવામાં આવે છે.
- ✓ તેનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, જે પ્લાઝમાના કારણે ભૂતકાળમાં જે દર્દી સાજો થયો તેની જ મદદથી વર્તમાન દર્દીના પ્લાઝમા જોડાઈ જાય અને રોગપ્રતિકારક શક્તિ ઝડપી વધી જાય આ રીતે કોરોનાનું ઈન્ફેક્શન વધતું અટકાવી શકાય અને અન્ય દર્દીપણ સાજા થઈ જાય.
- ✓ એન્ટિબોડીઝ કે રોગપ્રતિકારક તત્ત્વો કે જે લોહીમાં રહેલા પ્રોટીન છે તેઓ બેક્ટરિયા અને વાઈરસ સામે લડતા હોય છે.
- ✓ કોરોના જેવા સંજોગોમાં જ્યાં સારવાર માટે રસી શોધાઈ નથી ત્યારે ડોક્ટર્સ અને સાયન્ટિસ્ટ છે. કોન્વાલેસેન્ટ પ્લાઝમા થેરાપીને યોગ્ય માનવામાં આવી રહી છે.

**૪. કોરોના મહામારી સામે લડવા ગુજરાત સરકારે વિવિધ વર્ગો માટે લીધેલા પગલાં (તા.૧૩-૦૪-૨૦૨૦ની સ્થિતિએ)**

**સ્વાસ્થ્ય ક્ષેત્ર :**

૧. ગુજરાતનાં પ્રત્યેક જિલ્લામાં ૧૦૦થી વધુ બેડની કોવિડ-19 વેન્ટીલેટર હોસ્પિટલનું નિર્માણ

૨. માત્ર ૬ દિવસમાં ૨૨૦૦ બેડની કોરોના હોસ્પિટલ તૈયાર કરી ચીનનો રેકોર્ડ તોડ્યો

૩. અમદાવાદમાં ૧૨૦૦, સુરત-૫૦૦, રાજકોટ-૨૫૦ અને વડોદરામાં ૨૫૦ બેડની હોસ્પિટલ. તમામ જિલ્લાઓમાં ૧૦૦ બેડની એક એમ લગભગ ૩૦૦૦ બેડની વ્યવસ્થા

૪. વાત્સલ્ય અને મા અમૃતમ યોજનામાં સરકારની સાથે જોડાયેલી ૩૧ જેટલી પ્રાઈવેટ હોસ્પિટલોમાં અલગ ૪૦૦૦ બેડની વ્યવસ્થા

૫. વેન્ટિલેટર, N95 માસ્ક, થ્રી લેયર માસ્ક, PPE કીટનું નિર્માણ

૬. સ્વાસ્થ્ય અને સુરક્ષાકર્મીઓને ૨૫ લાખ સુધીનો વીમો

**ખેડૂત વર્ગ :**

૧. પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ ૯૫૬ કરોડનો લાભ, કિસાન સન્માન યોજના હેઠળ ૪૦ લાખ ખેડૂતોનાં ખાતામાં ૮૦૦ કરોડ રૂપિયા જમા

૨. ખેડૂતોનાં માર્ચ મહિના સુધીનાં ધિરાણનું ૭ ટકા વ્યાજ બેંકોને સરકાર ચૂકવશે

૩. પાક ધિરાણ મુદત બે મહિના લંબાવાઈ

૪. ૩૧ મે સુધીનાં ધિરાણની રકમ જમા કરાવવા છૂટ આપવામાં આવી

૫. રવી પાકની લણણી માટે ખેડૂતો અને ખેતીનાં વાહનોની અવરજવરને વિશેષ છૂટછાટ

૬. બિયારણ, ખાતર અને પાક જંતુનાશક - પેસ્ટીસાઇઝડસનો આવશ્યક ચીજવસ્તુઓમાં સમાવેશ

**ગરીબ વર્ગ :**

૧. અન્નબ્રહ્મ યોજના અંતગર્ત રેશનકાર્ડ વગર નિઃશુલ્ક અનાજ વિતરણ

૨. નિરાધાર, વૃદ્ધ, નિ:સહાય અને એકલવાયું જીવન જીવતા તથા શ્રમિકો, કામદારોને ફૂડ પેકેટસની વ્યવસ્થા

૩. આઠ મહાનગરોમાં એકલા વસવાટ કરતા નિ:સહાય વૃદ્ધ વડિલો અને નિરાધાર વ્યક્તિઓને ઘેર બેઠા વિનામૂલ્યે ભોજન

૪. BPL કાર્ડધારકો પાસેથી માસિક ૩૦નાં બદલે ૫૦ યુનિટ દીઠ સુધી ૧.૫૦ પૈસાનો વીજ દર લેવાશે

**મધ્યમ વર્ગ :**

૧. ઘર વીજ વપરાશકારો અને વેપારી એકમો માર્ચ - એપ્રિલ મહિનાનાં વીજ બીલ ૧૫ મે સુધી ભરી શકશે

૨. નાના-મોટા ઉદ્યોગો, વેપારી એકમોનો માર્ચ-એપ્રિલ મહિનાનાં વીજ બીલનો ફિક્સ ચાર્જ નહીં લેવાઈ

૩. વીજ બીલ નિયમિત ન ભરાય તો પણ પેનલ્ટી કે કનેકશન કાપી નાખવાની બાબત મોકૂફ

૪. APL કાર્ડધારકોને વિનામૂલ્યે અનાજ વિતરણ

**વિદ્યાર્થી વર્ગ :**

૧. ધોરણ ૧થી ૯ અને ૧૧નાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન

૨. આશ્રમશાળાઓ, સમરસ હોસ્ટલ, દિવ્યાંગ છાત્રાલયો અને બાળ સંરક્ષણ ગૃહમાં રહેતા ૩.૨૫ લાખ બાળકો તેમજ ૧૧ હજાર દિવ્યાંગ બાળકોને એપ્રિલ માસનાં ખર્ચ પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૧૫૦૦ની સહાય

૩. ગુજરાતની કોઈપણ સ્કૂલ આ વર્ષે ફી વધારો નહીં કરી શકે

૪. માર્ચ-એપ્રિલ-મે માસની ફી ભરવામાં ૬ મહિનાની મુદત

૫, કોઈ વાલી ફી માસિક હપ્તે ભરવા માંગતા હોય તો તેની પણ સવલત

૬. શાળાઓમાં ૧ જૂન અને કૉલેજ - યુનિવર્સિટીમાં ૧૫ મે સુધી વેકેશન

૭. ધોરણ ૧૦-૧૨ બોર્ડ પરીક્ષાઓના પેપર ચેકિંગનું કામ ૧૬ એપ્રિલથી શરૂ

**મહિલાઓ/વિધવાઓ :**

૧. કુલ ૧૩.૬૬ લાખ મહિલા લાભાર્થીને એપ્રિલ માસ એડવાન્સ પેન્શન

૨. ઉજ્જવલા યોજના હેઠળ રાજ્યની ૨૮ લાખ મહિલાઓને ત્રણ મહિના સુધી સિલિન્ડર મફત

૩. ૪ લાખ ૪૩ હજાર જેટલી ગંગા સ્વરૂપા માતા-બહેનોને એપ્રિલ-મે એમ બે મહિના માટે પ્રતિમાસ રૂ. ૫૦૦ પ્રમાણે ૧૦૦૦ રૂપિયાની વધારાની સહાય

૪. ગરીબી રેખા નીચે નિર્વાહ કરતી ગંગા સ્વરૂપા માતા-બહેનો સિવાયની ૩ લાખ ૪૬ હજાર ૪૧૭ ગંગાસ્વરૂપા માતા-બહેનોને ભારત સરકારના ધોરણે જ એટલે કે એપ્રિલ-મે માસ માટે પ્રતિમાસ રૂ. ૫૦૦ પ્રમાણે ૧૦૦૦ રૂપિયાની વધારાની સહાય

**પેકેજ :**

૧. ૬૫ લાખ જેટલા ગરીબ શ્રમજીવી અસંગઠીત કામદારો, બાંધકામ કામદારો માટે ૬૫૦ કરોડ રૂપિયાનું પેકેજ

૨. ૬૫ લાખ પરીવારોને એક હજાર રૂપિયાની આર્થિક સહાય બેન્ક ખાતામાં

૩. રજીસ્ટર્ડ ગૌશાળા અને પાંજરાપોળ માટે રૂ.૩૦થી ૩૫ કરોડ રૂપિયાનું પેકેજ

૪. અબોલ પશુઓને પૂરતો ઘાસચારો મળતો રહે તે માટે રાજ્યની તમામ રજીસ્ટર્ડ ગૌશાળા અને પાંજરાપોળને પશુ દીઠ રૂ. ૨૫ સહાય

૫. ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે આશ્રય-રાહત શિબિર શેડ બનાવવા SDRFમાંથી ખાસ ફાળવણી

૬. આશ્રય-રાહત શિબિર શેડ બનાવવા માટે અમદાવાદને ૩, સુરતને ૨.૫૦, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરને ૨-૨ કરોડ તેમજ અન્ય જિલ્લાઓને ૧-૧ કરોડ રૂપિયા ફાળવાયા

**અનાજ પુરવઠો :**

૧. ૩.૨૫ કરોડ લોકોવાળા ૬૬ લાખ ગરીબ વર્ગનાં પરિવારોને સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે એપ્રિલ માસનું અનાજ વિતરણ

૨. ૨.૫૦ કરોડ લોકોવાળા ૬૦ લાખ મધ્યમ વર્ગનાં પરિવારોને સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે એપ્રિલ માસનું અનાજ વિતરણ

૩. અંત્યોદય અને P.H.H રેશન કાર્ડ ઉપરાંત APL કાર્ડધારકોને વિનામૂલ્યે અનાજ આપનાર ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય

૪. ઘઉં, ચોખા, દાળ, ખાંડ, મીઠુંનું દરેક વ્યક્તિ, ઘર, પરિવારને વિતરણ

**સતર્કતા - સંવેદનશીલતા - સહાયતા :**

૧. સાગરખેડૂ, માછીમારોને વ્યવસાય માટે દરિયામાં જવા ટોકન ઈસ્યુ

૨. માછીમારીના વ્યવસાયને આનુષાંગિક એવા પ્રોસેસિંગ, પેકેજીંગ, કોલ્ડ ચેઈન મેઈન્ટેનન્સ અને ટ્રાન્સપોર્ટેશનની બાબતો માટેનો પ્રતિબંધ હટાવ્યો

૩. સરકારનાં કોઈપણ કર્મચારીનું ફરજ દરમિયાન કોરોના વાયરસની અસરથી અવસાન થાય તો ૨૫ લાખ રૂપિયા સહાય

૪. સીએમ ડેશબોર્ડ દ્વારા કોરોના અસરગ્રસ્ત દર્દીઓ અને ડોકટરો સાથે પ્રત્યક્ષ વીડિયો સંવાદ કરીને સારવાર તેમજ સુવિધાઓનું નિરીક્ષણ

૫. વીડિયો કોન્ફરન્સ દ્વારા હોમ ક્વોરન્ટાઈન થયેલા અને વિદેશમાં વસતા ગુજરાતીઓ સાથે સંવાદ-સંપર્ક

૬. વીડિયો કોન્ફરન્સ દ્વારા નગરસેવકો, જિલ્લા કલેકટર, પોલીસતંત્ર અને પુરવઠા અધિકારીઓને સુચારૂ સંકલન

૭. નિરાધાર - વૃદ્ધ - દિવ્યાંગો સહિત રાજ્ય સરકારની માસિક સહાય-પેન્શન મેળવતા લાભાર્થીઓને એક માસનું પેન્શન એડવાન્સ

૮. આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ આપતા લોકો માટે અંદાજીત 3 લાખ પાસ ઈશ્યુ

૯. અન્ય રાજ્યોમાં લોકડાઉનની સ્થિતિમાં સ્થગિત થઈ ગયેલા ગુજરાતી યાત્રિકો મુસાફરો માટે જે-તે રાજ્યમાં આવાસ-ભોજન વ્યવસ્થા

૧૦. 24/7 સેન્ટ્રલાઈઝડ કંટ્રોલ રૂમ. હેલ્પલાઈન નંબર ૧૦૪, ૧૦૭૦ અને ૧૦૭૭ કાર્યરત

૧૧. દેશભરમાં સૌ પ્રથમ વખત વીડિયો કોન્ફરન્સ મારફતે કેબિનેટ બેઠક યોજવાનો નવતર પહેલરૂપ અભિગમ

૧૨. રાજ્યના તમામ ધારાસભ્યો અને મંત્રીઓ એક વર્ષ એટલે કે ૩૧ માર્ચ 2021 સુધી દર મહિને તેમને મળતા વેતનમાં 30 ટકાનો કાપ સ્વીકારીને આ રકમ કોરોના મહામારી સામે થનારા ખર્ચમાં આપશે

૧૩. રાજ્યના તમામ ધારાસભ્યોને મળતી ૧ કરોડ ૫૦ લાખની એમ.એલ.એ - લેડ ગ્રાન્ટ પણ એક વર્ષ એટલે કે ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી કોરોના સામે નાગરિકોના હિતમાં થનારા ખર્ચ માટે વાપરવામાં આવશે

૧૪. ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોનાં અગ્રણીઓ, ઉદ્યોગકારો, વેપારીઓ, ધર્મગુરુઓ સાથે સીએમ ડેશબોર્ડ માધ્યમથી સીધો સંવાદ.. જરૂરી સલાહ-સૂચન આપ-લે.

૧૫. કોરોના વાયરસ - લોકડાઉનની પ્રવર્તમાન સ્થિતિની જાણકારી આપવા વિવિધ માધ્યમોમાં મુલાકાત. આમ આ મહાસંકટ સમયે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ માત્ર CM તરીકે જ નહીં, પરિવારનાં મોભી તરીકેની ભૂમિકા અદા કરી ને ગુજરાત સાચવી રહ્યા છે.

## ૫.દિન વિશેષ : 13 એપ્રિલ જલિયાવાલા બાગ હત્યાકાંડ

✓ તારીખ ૧૩ મી એપ્રિલ 1919 સ્થાન : અમૃતસર (પંજાબ)

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૪-૨૦૨૦)

1. વૈશ્વિક સ્તરે તેલ ઉત્પાદનમાં ઘટાડો કરવા એપ્રિલ-2020માં કોની કોની વચ્ચે સહમતિ થઈ છે - **ઓપેક દેશો અને રશિયા**
2. આગામી મે અને જૂન 2020 દરમિયાન તેલ ઉત્પાદનમાં દૈનિક કેટલા બેરલનો કાપ મૂકવામાં આવશે - **97 લાખ બેરલ**
3. આગામી જુલાઈ 2020 પછી તેલ ઉત્પાદનમાં આ કાપ ઘટાડીને દૈનિક કેટલો કરાશે - **80 લાખ બેરલ**
4. કોરોનાના કારણે ક્રૂડ ઓઈલની વૈશ્વિક સપ્લાયમાં લગભગ કેટલા ટકા જેટલો ઘટાડો નોંધાશે - **20 %**
5. વૈશ્વિક સ્તરે તેલ ઉત્પાદન ઘટાડવાનો નિર્ણય કયાં સુધી ચાલુ રાખવામાં આવશે- **વર્ષ 2020**
6. OPECનું વિસ્તૃત નામ જણાવો - **ધ ઓર્ગેનાઇઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રિઝ**
7. OPECનું સ્થાપના વર્ષ જણાવો - **14.09.1965 (મૂળ-1960)**
8. OPECનું વર્તમાન વડુમથક જણાવો - **વિયાના- ઓસ્ટ્રિયા**
9. OPECના કુલ સભ્ય દેશો જણાવો-**13**
10. ADBએ કોરોના સામે લડતા દક્ષિણ એશિયન દેશોને આપવાની નાણાકીય સહાયમાં કેટલો વધારો કર્યો -**13.05 બિલિયન ડોલર**
11. ADB દ્વારા કોરોના સામે લડતા દક્ષિણ એશિયન દેશોને હવે કુલ કેટલી નાણાકીય સહાયમાં કરવામાં આવશે- **20 બિલિયન ડોલર**
12. દુઃખદ જલિયાંવાલા બાગ હત્યાકાંડની તારીખ જણાવો - **13.04.1919**
13. વર્ષ 2020માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની કેટલામી વરસી છે- **101**
14. જલિયાંવાલા બાગ કયા શહેર-રાજ્યમાં આવેલો છે- **અમૃતસર,પંજાબ**
15. જે દરદી કોરોનાથી સાજા થયા હોય અને તેમના લોહીમાં રહેલા પ્લાઝમાને અલગ તારવીને કોરોનાથી પિડાતા

દરદીમાં ઈન્જેક્ટ કરવામાં આવે તેને કઈ થેરપી કહેવાય છે જેને તાજેતરમાં સફળતા મળી છે - **કોન્વાલેસેન્ટ પ્લાઝમા થેરપી**

DATE : 14-04-2020

**૧. લૉકડાઉન: ભારતમાં કોરોના વાયરસને હરાવવા માટે લૉકડાઉન આગામી તારીખ 03 મે ૨૦૨૦ સુધી લંબાવાયું**

**લૉકડાઉન-૧ :** ૨૧ દિવસ

✓ તારીખ ૨૫ માર્ચથી ૧૪ એપ્રિલ-૨૦૨૦

**લૉકડાઉન-૨ :** ૧૯ દિવસ

✓ તારીખ ૧૫ એપ્રિલથી ૩ મે ૨૦૨૦

**વડાપ્રધાનશ્રી દ્વારા જનતાને આ સાત પગલાઓ-સપ્તપદી મંત્રનું અવશ્ય પાલન કરવાની અપીલ**

1. ઘરના વડીલોનું ધ્યાન રાખો, જૂની બીમારીથી પીડાતા પરિવારના વડીલોની વિશેષ કાળજી લો.
2. લૉકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન કરવું જ પડશે, હમેશાં ઘરમાં તૈયાર કરેલા માસ્કનો ઉપયોગ કરો
3. રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુષ મંત્રાલયે આપેલી માર્ગદર્શિકાનું પાલન કરો.
4. દરેક વ્યક્તિએ આરોગ્ય સેતુ મોબાઇલ એપ ડાઉનલોડ કરવી જોઈએ.
5. ગરીબોને શક્ય એટલી તમામ મદદ કરો, તેમની અન્નની જરૂરિયાતો પૂરી પાડો.
6. ઔદ્યોગિક જગતમાં કોઈની નોકરીમાંથી હકાલપટ્ટી ન કરશો, સહકર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખો.
7. આપણા ડોક્ટરો, સફાઈ કર્મચારીઓ, પોલીસ વગેરેનું તેમના યોગદાન માટે સન્માન કરો.

**"વયં રાષ્ટ્ર જાગ્રયામ"**

✓ **અર્થ :** આવો આપણે રાષ્ટ્રને જગાડીને તેની સુરક્ષા કરીએ

**૨. નિર્ણય : ગુજરાત સરકાર (કાયદો-વ્યવસ્થા)**

**ગુજરાત : અમદાવાદમાં ગત ૧૮ વર્ષ પછી કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત એવા કોટવિસ્તાર અને દાણીલીમડામાં તારીખ 21 એપ્રિલ 2020 સુધી કરફ્યુ લદાયો**

**3. સંશોધન : ICMR દ્વારા ચામાચીડિયામાં વધુ એક વાયરસ શોધાયો (આરોગ્ય)**

**નવા શોધાયેલા વાઈરસનું નામ : બેટ કોરોના**

✓ જોકે વિજ્ઞાનીઓએ સ્પષ્ટતા કરી કે તેને કોરોના વાઈરસ (કોવિડ–19) સાથે કોઈ લિન્ક નથી.

✓ આ અભ્યાસ 2018-19માં ચાલી રહ્યો હતો અને ત્યારે કોવિડ-19 અસ્તિત્વમાં પણ નહોતો.

✓ આઈસીએમઆરે ચામાચીડિયાની બે પ્રજાતિઓ ટ્રોપસ અને રાઉસ્ટસ પર અભ્યાસ કર્યો.

✓ ટ્રોપસ ચામચીડિયાના નમૂના કેરળ, કર્ણાટક, ચંદીગઢ, ગુજરાત, હિમાચલપ્રદેશ, ઓડિશા, પુડુચેરી, પંજાબ, તેલંગાણા અને તમિલનાડુથી લેવાયા હતા.

✓ રાઉસ્ટસ ચામાચીડિયાના નમૂના કેરળ, કર્ણાટક, ચંદીગઢ, ગુજરાત, ઓડિશા, પંજાબ અને તમિલનાડુથી લેવાયા હતા.

✓ ટ્રોપસના 508 માંથી 21, જોકે રાઉસ્ટસના 78માંથી 4 નમૂના પોઝિટિવ મળ્યા હતા.

✓ જોકે કેરળ, હિમાચલપ્રદેશ, પુડુચેરી અને તમિલનાડુના જ ચામાચીડિયાથી લેવાયેલા નમૂના જ પોઝિટિવ મળ્યા હતા.

✓ આઈસીએમઆરના અભ્યાસમાં કહેવાયું છે કે હાલ ભારતમાં ચામાચીડિયાની બે પ્રજાતિઓમાં આ વાઈરસ મળ્યો છે. ભવિષ્યમાં આવા વાઈરસથી ફેલાતી મહામારી વિશે જાણી શકાય અને તેની ઓળખ કરી સારવારની રીત વિકસાવી શકાય.

**૪. સંશોધન : આરોગ્ય સુરક્ષા**

**ભારતીય નેવીના દક્ષિણ કમાન્ડ દ્વારા કોરોના સંક્રમિત દર્દીની સુરક્ષિત હવાઈયાત્રા માટે 'એર ઈવાક્યુએશન પોડ' વિકસાવ્યું**

✓ કોચી(કેરળ)ના ભારતીય નેવીના દક્ષિણ કમાન્ડે એર ઇવાક્યુએશન પોડ વિક્સાવ્યું.

✓ તેનાથી કોરોના દર્દીની હવાઈ યાત્રા સુરક્ષિત થઈ જાય છે અને તેમને એક સ્થળેથી બીજે સ્થળે સહેલાઈથી લઈ જવાય છે.

✓ તેનાથી બીજાને સંક્રમણ ફેલાવાનું જોખમ પણ રહેતું નથી.

**૫. વૈશ્વિક અર્થતંત્ર : અહેવાલ**

✓ IMF અને વર્લ્ડ બેંકના એપ્રિલ-૨૦૨૦ના વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક અહેવાલ મુજબ આ વર્ષે-૨૦૨૦-૨૧માં

ભારતનો વિકાસદર ૧.૯ ટકા જયારે ચીનનો વિકાસદર ૧.૨ ટકા રહેવાનો અંદાજ

✓ આ ઉપરાંત આવતા વર્ષે ભારતનો GDP ૭.૪ ટકા સુધી જઈ શકે છે જયારે ચીનનો ૯.૨ ટકા રહેવાનો અંદાજ.

✓ **સ્રોત :** IMF અને વર્લ્ડ બેંકની USના વોશિગ્ટંન ખાતે યોજાયેલી બેઠકમાંથી માહિતી ઉપલબ્ધ (તા.૧૪-૦૪-૨૦૨૦)

**૬. દેશનું પ્રથમ : "કોરોના કેર સેન્ટર" અમદાવાદ ખાતે કાર્યરત**

✓ **ક્ષમતા -** કુલ ૨૦૦૦ દરદીઓને સારવાર આપી શકાય

✓ **સ્થળ:** સમરસ હોસ્ટેલ, યુનિવર્સિટી કેમ્પસ, અમદાવાદ

**૭. જન્મ જયંતી - 14 એપ્રિલ : ભારત રત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મજયંતી**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૪-૨૦૨૦)

1. ભારતમાં કોરોના વાયરસને હરાવવા આગામી કઈ તારીખ સુધી લૉકડાઉન લંબાવાયું- **03 મે 2020 (19દિવસ)**
2. ભારતમાં કોરોના વાયરસને હરાવવા વડાપ્રધાન શ્રી દ્વારા દેશના લોકોને કયા મંત્રનું અવશ્ય પાલન કરવા કર્યો છે - **સપ્તપદી મંત્ર- સાત પગલા**
3. લૉકડાઉન દરમિયાન ભારતના વડાપ્રધાન દ્વારા રાષ્ટ્ર જોગ સંદેશમાં કહેવામાં આવેલ "વયં રાષ્ટ્ર જાગ્રયામ"નો અર્થ જણાવો - **"આવો આપણે રાષ્ટ્રને જગાડીને તેની સુરક્ષા કરીએ"**
4. ભારતમાં કોરોના વાયરસને હરાવવા માટેના લૉકડાઉનના પ્રથમ બે તબક્કા કેટલા દિવસના હતા - **21 અને 19 દિવસ**
5. કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુથી અમદાવાદના કોરોના વાયરસથી કયા સૌથી વધુ પ્રભાવિત વિસ્તારમાં તા.15 એપ્રિલથી કરફ્યુ લાદવામાં આવ્યો- **કોટ વિસ્તાર અને દાણીલીમડા**
6. તાજેતરમાં ICMR દ્વારા ચામાચીડિયામાંથી વધુ એક નવો વાયરસ શોધાયો- **બેટ કોરોના**
7. તાજેતરમાં ICMR દ્વારા ચામાચીડિયાની કઈ બે પ્રજાતિઓમાંથી "બેટ કોરોના" નવો વાયરસ શોધો- **ટ્રોપસ અને રાઉસ્ટસ**
8. ICMR દ્વારા કરાયેલી સ્પષ્ટતા મુજબ નવા શોધાયેલા બેટ કોરોના વાયરસને વર્તમાન કયા વાયરસ સાથે કોઈ જોડાણ નથી- **COVID-19**
9. તાજેતરમાં ICMR દ્વારા નવા શોધાયેલા બેટ કોરોના માટે કયા રાજ્યોમાંથી લેવામાં આવેલ ચામાચીડિયાના નમૂના પોઝિટિવ મળ્યા હતા - **કેરળ, હિમાચલ પ્રદેશ,પુડુચેરી અને તમિલનાડુ**
10. કોરોના સંક્રમિત દર્દીઓને સુરક્ષિત હવા યાત્રા માટે ભારતીય નૌકાદળ દ્વારા કયું નવું પોડ વિકસાવવામાં આવ્યું - **"એર ઈવાક્યુએશન પોડ"**
11. "એર ઈવાક્યુએશન પોડ" ભારતીય નેવીના કયા કમાન્ડ દ્વારા વિકસાવવામાં આવ્યું છે - **દક્ષિણ કમાન્ડ- કોચી(કેરળ)**
12. તાજેતરના એપ્રિલ-2020ના IMF અને વર્લ્ડ બેંકના ઇકોનોમિક આઉટલૂક અહેવાલ મુજબ વર્ષ 2020-21માં ભારત અને ચીનનો વિકાસ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે - **1.9 % અને 1.3 %**
13. એપ્રિલ 2020માં દેશનું પ્રથમ "કોરોના કેર સેન્ટર" કયાં કાર્યરત કરાયું - **સમરસ હોસ્ટેલ, અમદાવાદ**
14. દેશના પ્રથમ "કોરોના કેર સેન્ટર"ની સારવાર ક્ષમતા જણાવો - **2000 દરદી**
15. બંધારણના ઘડવૈયા, ભારતરત્ન ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી જણાવો - **14 એપ્રિલ**
16. ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની વર્ષે 2020માં કેટલામી જન્મ જયંતી ઉજવાઇ - **129મી**

**DATE : 15-04-2020**

**૧. લૉકડાઉન 2.0 : ભારતમાં અર્થતંત્રને પુન: ધબકતું કરવા કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૦ એપ્રિલથી અમુક ક્ષેત્રોમાં આંશિક છૂટછાટ આપતી માર્ગદર્શિકા જાહેર**

**ઈકોનોમી બૂસ્ટર : આ ક્ષેત્રમાં છૂટછાટ અપાઈ**

**વિવિધ ૧૨ સેક્ટર**

**(૧) તમામ આરોગ્ય સેવાઓ**

✓ હોસ્પિટલ, ક્લિનિક, ટેલિમેડિસિન ફેસિલિટી, ડિસ્પેન્સરી, ફાર્મસી, જનઔષધિ કેન્દ્રો સહિત દવાની દુકાન, મેડિકલ ઇક્વિપમેન્ટ શોપ

✓ મેડિકલ લેબોરેટરી અને કલેક્શન સેન્ટર, રિસર્ચ લેબ, વેટરનરી હોસ્પિટલ, ડિસ્પેન્સરી, પેથોલોજી લેબ, રસી અને દવાઓના સપ્લાય અને વેચાણ

- ✓ હોમ કેર પ્રોવાઇડર્સ, હોસ્પિટલોને પુરવઠો આપતી સંસ્થાઓ
- ✓ ફાર્માસ્યુટિકલ, મેડિકલ ડિવાઇસ, મેડિકલ ઓક્સિજન, પેકેજિંગ, રો મટિરિયલના મેન્યુફેક્ચરિંગ એકમો
- ✓ એમ્બ્યુલન્સનાં ઉત્પાદન સહિત મેડિકલ-હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું કન્સ્ટ્રક્શન

**(૨) કૃષિ સેક્ટર સંબંધિત પ્રવૃત્તિઓ**

- ✓ ખેતરોમાં ખેડૂત, ખેતમજૂરોની કામગીરી
- ✓ એમએસપી ઓપરેશન અને કૃષિ ઉત્પાદન ખરીદતી એજન્સીઓ
- ✓ રાજ્યો-યુટી અથવા એપીએમસી દ્વારા સંચાલિત મંડીઓ, રાજ્ય-યુટી-ઇન્ડસ્ટ્રી દ્વારા સીધા માર્કેટિંગ ઓપરેશનો, ખેડૂત સંગઠનો-સહકારી જૂથો દ્વારા માર્કેટિંગ ઓપરેશનો
- ✓ કૃષિ મશીનરી અને તેમના સ્પેરપાર્ટ્સની દુકાનો, રિપેરિંગની દુકાનો
- ✓ ફાર્મ મશીનરી સાથે સંબંધિત કસ્ટમ હાયરિંગ કેન્દ્રો
- ✓ ખાતર, જંતુનાશકો, બિયારણોનું ઉત્પાદન, વિતરણ અને વેચાણ
- ✓ વાવણી અને કાપણીને સંબંધિત મશીનરીની ઇન્ટર સ્ટેટ મૂવમેન્ટ

**(૩) ફિશરીઝ, હેચરીઝ, ફીડ પ્લાન**

- ✓ દરિયામાં અને આંતરિક વિસ્તારોમાં માછીમારી–એક્વાકલ્ચર ઇન્ડસ્ટ્રીની પ્રવૃત્તિ
- ✓ હેચરીઝ, ફીડ પ્લાન્ટ અને કોર્મિશયલ મત્સ્ય ઉત્પાદન
- ✓ માછલી, ઝીંગા, ફિશ સીડ અને કામદારોનું પરિવહન

**(૪)પશુપાલન, પોલ્ટ્રી, લાઇવ સ્ટોક ફાર્મિંગ**

- ✓ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ દ્વારા મિલ્ક કલેક્શન, પ્રોસેસિંગ, ડિસ્ટ્રિબ્યૂશન. દૂધ અને દૂધની બનાવટોનું પરિવહન અને વેચાણ, સપ્લાય ચેઇન
- ✓ પોલ્ટ્રી અને હેચરિંગ, લાઇવ સ્ટોક ફાર્મિંગ પ્રવૃત્તિ સહિત પશુપાલન ફાર્મની કામગીરી
- ✓ પશુ આહારનું ઉત્પાદન જેમાં રો મટિરિયલનો સપ્લાય પણ સમાવિષ્ટ
- ✓ ગૌશાળા સહિતના પશુ શેલ્ટર હોમની કામગીરી

**(૫) ફાઇનાન્શિયલ સેક્ટર**

- ✓ આરબીઆઇ અને આરબીઆઇ દ્વારા ફાઇનાન્શિયલ બજારો અને એનપીસીઆઇ, સીસીઆઇએલ જેવાં એકમો, પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરો અને પ્રાઇમ ડીલરો
- ✓ બેન્કોની શાખા, એટીએમ, બેન્કિંગ ઓપરેશનો માટેના આઇટી વેન્ડર્સ, બેન્કિંગ કોરસપોન્ડન્ટ્સ, એટીએમ ઓપરેશન અને કેશ મેનેજમેન્ટ એજન્સીઓ
- ✓ સેબી, કેપિટલ અને ડેબ્ટ માર્કેટ સર્વિસ
- ✓ આઇઆરડીએઆઇ અને વીમા કંપનીઓ

**(૬) જાહેરક્ષેત્રનાં એકમો**

- ✓ ઓઇલ એન્ડ ગેસ સેક્ટરનાં ઓપરેશનો
- ✓ વીજળી ઉત્પાદન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યૂશન
- ✓ પોસ્ટ ઓફિસો સહિતની પોસ્ટલ સેવાઓ
- ✓ પાણી, સેનિટેશન અને વેસ્ટ મેનેજમેન્ટ સેક્ટરની કામગીરી
- ✓ ટેલિકોમ્યુનિકેશન અને ઇન્ટરનેટ સેવાઓની કામગીરી

**(૭)માલસામાનનું આંતરરાજ્ય પરિવહન**

- ✓ માલસામાન લઇ જતા વાહનોને પરવાનગી
- ✓ રેલવે દ્વારા ગૂડ્સ અને પાર્સલ ટ્રેન સેવાઓ
- ✓ એર ટ્રાન્સપોર્ટ માટે એરપોર્ટ ખાતેની કામગીરી
- ✓ બંદરો અને ઇનલેન્ડ કન્ટેનર ડેપો ખાતેની કામગીરી
- ✓ પરિવહન માટે લેન્ડ પોર્ટ્સ ખાતેની કામગીરી
- ✓ બે ડ્રાઇવર અને એક ક્લિનરને પરવાનગી
- ✓ સામાનની ડિલિવરી બાદ ખાલી ટ્રકને જવાની પરવાનગી
- ✓ હાઇવે પર ટ્રક રિપેરિંગની દુકાનો અને ઢાબા ખુલ્લા રહેશે
- ✓ રેલવે, એરપોર્ટ, બંદરોના સ્ટાફને પરવાનગી

**(૮) જીવનજરૂરી વસ્તુઓનો સપ્લાય**

- ✓ સમયની કોઇપણ મર્યાદા વિના જીવનજરૂરી વસ્તુઓનાં ઉત્પાદન, જથ્થાબંધ વેચાણ, છૂટક વેચાણ સાથે સંકળાયેલા નાના-મોટા સ્ટોર, ઇ-કોમર્સ કંપનીઓને પરવાનગી
- ✓ કરિયાણા અને અન્ય જીવનજરૂરી વસ્તુઓની દુકાનો, લારી અને ગાડાં, રેશનની દુકાનો, ગ્રોસરી, હાઇજીન આઇટમ્સ, ફળ, શાકભાજી, ડેરી અને દૂધના બૂથ, ચિકન, મીટ અને ફિશની દુકાન, પશુ આહાર અને ઘાસચારાની દુકાનને પરવાનગી

**(૯) કોર્મિશયલ- પ્રાઇવેટ કંપનીઓ**

- ✓ પ્રિન્ટ-ઇલેક્ટ્રોનિક મીડિયા, DTH – કેબલ સેવા
- ✓ આઇટીને લગતી સેવાઓ ૫૦% કર્મચારી સાથે
- ✓ સરકારી કામગીરી માટે જ ડેટા અને કોલ સેન્ટર
- ✓ ગ્રામ પંચાયત સ્તરે માન્યતા પ્રાપ્ત કોમન સર્વિસ સેન્ટર
- ✓ ઇ-કોમર્સ કંપનીઓ, ઇ-કોમર્સનાં વાહનોને મંજૂરી
- ✓ કોલ્ડ સ્ટોરેજ, વેરહાઉસિંગ સેવાઓ

- ✓ પ્રાઇવેટ સિક્યુરિટી સર્વિસ, કોમ્પ્લેક્સમાં મેઇન્ટેનન્સ સર્વિસ
- ✓ આશ્રય આપતી હોટલ, ધર્મશાળા, લોજ અને મોટેલ

**(૧૦) પ્રાઇવેટ ઔદ્યોગિક એકમો**

- ✓ ગ્રામીણ વિસ્તારમાં આવેલા ઉદ્યોગો
- ✓ સેઝમાં આવેલા ઉદ્યોગો, નિકાસલક્ષી એકમો, ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને ઇન્ડસ્ટ્રિયલ ટાઉનશિપમાં આવેલા ઉદ્યોગો
- ✓ દવાઓ, ફાર્માસ્યુટિકલ, મેડિકલ ડિવાઇસ, તેમનું રો મટિરિયલ અને ઇન્ટરમિડિયેટ સહિત જીવનજરૂરી સામાનનું ઉત્પાદન કરતા ઉદ્યોગો
- ✓ ગ્રામીણ વિસ્તારમાં આવેલા ફૂડ પ્રોસેસિંગ યુનિટ
- ✓ કન્ટિન્યુઅસ પ્રોસેસ ધરાવતાં પ્રોડક્શન એકમો
- ✓ આઇટી હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ
- ✓ કોલસા-ખનીજની ખાણો, પરિવહન, વિસ્ફોટકોનો સપ્લાય
- ✓ પેકેજિંગ મટિરિયલ બનાવતાં એકમો
- ✓ શણ ઉદ્યોગને પરવાનગી
- ✓ ઓઇલ અને ગેસ સંશોધન, રિફાઇનરી
- ✓ ગ્રામીણ વિસ્તારોમાં ઇંટોના ભઠ્ઠા

**(૧૧) કન્સ્ટ્રક્શન પ્રવૃત્તિઓ**

- ✓ ગ્રામીણ વિસ્તારોમાં સડક નિર્માણ, સિંચાઈ પ્રોજેક્ટ, બિલ્ડિંગ અને તમામ પ્રકારના ઇન્ડસ્ટ્રિયલ પ્રોજેક્ટ
- ✓ રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટનું નિર્માણ
- ✓ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપલ વિસ્તારોમાં સાઇટ પર જ કામદારો ઉપલબ્ધ હોય તો કન્સ્ટ્રક્શન પ્રવૃત્તિ

**(૧૨) ઇમર્જન્સી વાહનો**

- ✓ પ્રાઇવેટ ફોર વ્હીલરમાં બેક સીટ પર ડ્રાઇવર સાથે એક વ્યક્તિને પરવાનગી
- ✓ ટુ વ્હીલરમાં ફક્ત ડ્રાઇવરને પરવાનગી
- ✓ પરવાનગી અપાયેલા સેક્ટરની તમામ વ્યક્તિઓને મંજૂરી

## ૨. વૈશ્વિક ખેતી : ઘઉં ઉત્પાદનમાં ચીન નંબર-૧ જયારે ભારત-બીજા ક્રમે

- ✓ ઘઉંની હવે મંડીઓમાં આવકો શરૂ થઈ ચૂકી છે, આ વર્ષે દેશમાં રેકોર્ડ બ્રેક 10.62 કરોડ ટન ઘઉંનું ઉત્પાદન થવાનો અંદાજ.
- ✓ ચીન અલ્જીરિયામાં ઘઉંનું ઉત્પાદન કરે છે.

## ૩. કેન્દ્ર સરકાર : નવી માર્ગદર્શિકા

- ✓ કોરોના મહામારી અટકાવવા જાહેરમાં થૂંકનારાને દંડ અથવા એક વર્ષની કેદ
- ✓ દારૂ, ગુટખા, તંબાકુના વેચાણ પર પ્રતિબંધ
- ✓ **માસ્ક પહેરવું ફરજિયાત કરાયું**
- ✓ ગૃહ મંત્રાલય – ભારત સરકાર

## ૪. સિદ્ધિ : વૈશ્વિક બાબતો (અર્થતંત્ર)

**US અર્થતંત્રને જીવંત કરવા પ્રમુખ ટ્રમ્પના સલાહકારોમાં ૬ ભારતીયોને સ્થાન**

- ✓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાઇરસ મહામારીને પગલે ખરાબ રીતે પ્રભાવિત થયેલી ઇકોનોમીને પાટે ચઢાવવા માટે 'ગ્રેટ અમેરિકન ઇકોનોમિક રિવાઇવલ ઇન્ડસ્ટ્રી ગ્રૂપ'ની રચના કરાઇ.
- ✓ ટ્રમ્પ વિભિન્ન ઉદ્યોગો અને વર્ગોના ૨૦૦થી વધુ ટોચના અમેરિકી દિગ્ગજોને સમાવીને લગભગ ૧.૫ વિભિન્ન જૂથોની રચના કરી. આ ગ્રૂપો તેમને અમેરિકી અર્થવ્યવસ્થાને પાટે ચઢાવવા સબંધી સૂચનો કરશે.

મૂળ છ ભારતીય અમેરિકનો અને કંપની

- ✓ ટ્રમ્પના ટેકનોલોજી ગ્રૂપમાં સુંદર પિચાઇ(ગુગલ), સત્યા નડેલા (માઈક્રોસોફ્ટ), આઇબીએમના અરવિંદ કૃષ્ણ અને માઇક્રોનના સંજય મેહરોત્રા તથા વિનિર્માણ ગ્રૂપમાં પેરનોડ રેકોર્ડની ભારતીય અમેરિકન એન મુખરજી અને ફાઇનાન્શિયલ ગ્રૂપમાં માસ્ટરકાર્ડના અજય બંગાનો સમાવેશ કર્યો છે.

## ૫. અવસાન : રંગભૂમિ અને ગુજરાતી ચલચિત્રના અભિનેત્રી શ્રી પલ્લવી બેન મહેતાનું નિધન (ચલચિત્ર)

- ✓ ૮૬ વર્ષે અમદાવાદ ખાતે નિધન
- ✓ ફિલ્મ – કંકુ
- ✓ શિકાગો વિશ્વ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ વિજેતા

## ૬. અવસાન : જૂની પેઢીના ગાયક અને રાવણ હથ્થાના સિદ્ધહસ્ત લોકકલાકાર બાબુભાઈ બારોટનું નિધન (લોક-સંસ્કૃતિ)

વતન – વાંકાનેર (જિ.મોરબી)

પુરુનામ – બાબુભાઈ કાનજીભાઈ બારોટ

રણપ્રદેશનું લોકગીત – ઓંટિયો(ઊંટીયો) ધીમો હાંક..

- ✓ તેમના દ્વારા ગાવામાં આવેલુ "ઓંટિયો ધીમો હાંક" અમે ઓરડા આપીશું. દાંતણ દાડમી આપીશું. ભોજનમાં લાપસી

આપીશુ.મહેમાનગતિનું ઉદાહરણ પુરું પાડતું અને પ્રેમનું પ્રતિક આ ગત પ્રાચિન લોકશૈલીમાં ગવાય છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૪-૨૦૨૦)

1. ભારતમાં કોરોના વાયરસ સામે લડવા અમલી બનાવેલ લૉકડાઉનમાં કેન્દ્ર સરકાર દ્વારા તા.20 એપ્રિલથી કેટલા મુખ્ય સેક્ટરોમાં આંશિક છૂટછાટ આપવામાં આવી - **12 સેક્ટર**
2. વિશ્વમાં ઘઉં ઉત્પાદનમાં પ્રથમ અને બીજા ક્રમનો દેશ જણાવો- **ચીન અને ભારત**
3. ભારતમાં ઘઉંનું ઉત્પાદન કરતા ટોચના પાંચ રાજ્યોના નામ જણાવો - **ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન**
4. ભારતમાં આ વર્ષે કેટલા કરોડ ટન ઘઉંનું ઉત્પાદન થવાનો અંદાજ છે - **10.62 કરોડ ટન**
5. તાજેતર એપ્રિલ-2020માં ગુજરાતી રંગભૂમિ અને ચલચિત્રના કયા અભિનેત્રીનું અમદાવાદ ખાતે 86 વર્ષે નિધન થયું- **શ્રી પલ્લવીબેન મહેતા**
6. ગુજરાતી ચલચિત્રના અભિનેત્રી શ્રી પલ્લવીબેન મહેતાને કઈ ફિલ્મ માટે શિકાગો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો- **કંકુ**
7. કોરોના મહામારી સામે લડવા સમગ્ર દેશમાં માસ્ક પહેરવાનું ફરજિયાત કરતી માર્ગદર્શિકા કયા મંત્રાલય દ્વારા જાહેર કરાઈ - **ગૃહ મંત્રાલય**
8. કોરોનાની મહામારી સામે યુએસ અર્થતંત્રને પુનઃ જીવંત બનાવવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દ્વારા પસંદ કરવામાં આવેલા વિવિધ ગ્રુપમાંના 200 મહાનુભાવમાં કયા કયા 06 મૂળ ભારતીયોનો સમાવેશ થાય છે - **ટેકનોલોજી ગ્રુપ-સુંદર પિચાઈ-google, સત્યા નાડેલા- માઈક્રોસોફ્ટ, અરવિંદ કૃષ્ણ-IBM, સંજય મેહરોત્રા- micron, વિનિર્માણ ગ્રુપમાં-એન. મુખર્જી તેમજ ફાઇનાન્સિયલ ગ્રૂપમાં- અજય બંગા- માસ્ટર કાર્ડ**
9. કોરોનાની મહામારી સામે યુએસ અર્થતંત્રને પુનઃ જીવંત બનાવવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કયા ગ્રુપની રચના કરાઈ - **"ગ્રેટ અમેરિકન ઇકોનોમિક રિવાઇવલ ઇન્ડસ્ટ્રી ગ્રુપ"**
10. તાજેતર એપ્રિલ-2020માં ગુજરાતના કયા જૂની પેઢીના ગાયક અને રાવણ હથ્થાના સિદ્ધહસ્ત લોક કલાકારનું અવસાન થયું - **બાબુભાઈ બારોટ**
11. રાવણહથ્થાના સિદ્ધહસ્ત લોક કલાકાર બાબુભાઈ બારોટનું વતન જણાવો- **વાંકાનેર( મોરબી)**
12. ગુજરાતમાં રણપ્રદેશનું લોકગીત અને મહેમાનગતિનું ઉદાહરણ આપતું "ઑટિયો (ઊટીયો) ધીમો હાંક.......અમે ઓરડા આપીશું...." કોના દ્વારા ગવાયું હતું - **બાબુભાઈ બારોટ**

**DATE : 16-04-2020**

**૧.સંશોધન:અટીરા દ્વારા N-99 માસ્ક માટેનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત કાપડ તૈયાર કરાયું**

- ✓ સંસ્થા : ATIRA, અમદાવાદ
- ✓ અમદાવાદ ટેક્સટાઇલ્સ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ એસોશીએશન (ATIRA) અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવેલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના સંયુક્ત ઉપક્રમે હાલ દેશમાં અદ્યતન N99 માસ્કનું ઉત્પાદન WHO ના માપદંડ અનુસાર થઈ રહ્યું છે.

**N95 અને N99 વચ્ચેનો તફાવત**

- ✓ N95 માસ્કની ફિલ્ટરેશન કેપેસિટિ (ગાળણ ક્ષમતા) 95% હોય છે. 0.3 માઇક્રોનથી મોટા તમામ કણો (પાર્ટિક્યુલેટ મેટર) N95 માસ્ક 95%ની ક્ષમતા સાથે ફિલ્ટર કરી શકે છે. જ્યારે N99 માસ્કની ગાળણ ક્ષમતા લગભગ 100%(99.99%)હોય છે.
- ✓ ડી.આર.ડી.ઓ. ભારત સરકાર માન્ય માસ્ક ઉત્પાદન એકમ ધરાવે છે. અટીરા ભારતની એકમાત્ર સંસ્થા છે જ્યાં N99 માસ્કનું ફિલ્ટર મટીરીયલ તૈયાર કરવામાં આવે છે.

**N99 માસ્કની વિશેષતા**

- ✓ કોટેડ ફાઇબરના ઉપયોગથી N99 માસ્કનું ફિલ્ટર લેયર તૈયાર કરવામાં આવે છે. N99 માસ્કમાં 5 સ્તર આવે છે જેમાં 3 સામાન્ય સ્તરની વચ્ચે 2 ફિલ્ટર લેયર હોય છે. N99 માસ્ક ભારતમાં ઉપલબ્ધ વિવિધ માસ્કનો સર્વોચ્ચ પ્રકાર છે.
- ✓ પોલીએમાઇડ-૬ પ્રકારનું નાયલોન ફિલ્ટરના ઉત્પાદનમાં વાપરવામાં આવે છે આ માટેના ગ્રેન્યુઅલ્સ જર્મનીથી તાત્કાલિક લાવવાની જરૂરિયાત પડી હતી.

**કાપડ તૈયાર કરવાની ક્ષમતા**

- ✓ શરૂઆતમાં અહીં રોજના ૧૦,૦૦૦ માસ્ક માટેનું કાપડ તૈયાર થતું હતું જે ક્ષમતા હવે રોજના ૧૫ હજાર માસ્કના કાપડ સુધી વધારવામાં આવી છે.

**અટીરા વિશે**

- ✓ અટીરા-ATIRA એક ટેક્સટાઇલ સંશોધન સંસ્થા છે.
- ✓ વિક્રમ સારાભાઇ અને કસ્તુરભાઇ લાલભાઇએ સ્થાપેલી સંસ્થા 'અટીરા'ની વર્તમાન ઇમારતનો પાયો સરદાર વલ્લભભાઇ પટેલે નાખ્યો હતો. 'અટીરા' ઈસરો સાથે મળીને વિવિધ સંશોધન કાર્યો પણ કરી રહી છે.

**૨. સિદ્ધિ - સંશોધન : ગુજરાત બાયોટેકનોલોજીકલ રિસર્ચ દ્વારા કોરોના વાયરસની રસી માટે અગત્યનું 'જિનોમ સિક્વન્સ'ની શોધ (આરોગ્ય)**

**હેતુ-વેક્સિન અને દવા બનાવવામાં સરળતા રહેશે**

**ગુજરાતે શોધી કાઢી એ કોરોના વાઈરસની જિનોમ સિકવન્સ શું છે ?**

- ✓ કોઈ વ્યક્તિની કુંડળી મળી આવે તો એ વ્યક્તિનો પરિચય પણ મળી શકે. એ રીતે વાઈરસને ઓળખવા તેની રચના-બંધારણ જાણવા જરૂરી છે. એ કામગીરી કરવામાં ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (જીબીઆરસી)ને સફળતા મળી છે.
- ✓ માત્ર ગુજરાત નહીં, સમગ્ર ભારત માટે એ મોટી સિદ્ધિ છે. જીબીઆરસીએને ગુજરાત સરકારે ૩૧મી માર્ચે આ કામગીરીની મંજૂરી આપી હતી.
- ✓ ટૂંકા સમયગાળામાં આ સંસ્થાએ વાઈરસના મૂળ સુધી પહોંચવામાં સફળતા મેળવી છે.

**જિનોમ સિકવન્સ**

- ✓ દરેક સજીવનું શરીર પંચમહાભૂતનું બનેલું હોય એ આપણે જાણીએ છીએ. વિજ્ઞાનીઓ એવુ જાણે છે કે દરેક સજીવના શરીરની અંદર બે તત્વોએ હોય ડીએનએ અને આરએનએ બન્નેના નામ અઘરા છે અને એ જાણવાની આપણે જરૂર પણ નથી.
- ✓ મનુષ્યની જીનેટિક એટલે અનુવાંશિક માહિતી આ બને એસિડમાં રહેલી હોય છે.
- ✓ ડીએનએને હજુ સંશોધકો પુરેપુરું ઓળખી શકયા નથી, પરંતુ જો ઓળખી શકે તો કઈ ઉંમરે વાળ ધોળા થશે અને કઈ ઉંમરે ગોઠણનો દુઃખાવો આરંભાશે એ જાણી શકાય. તો પણ ડીએનએમાં રહેલી કેટલીક કમબદ્ધ માહિતી ઓળખવામાં સંશોધકો સફળ થયા છે અને એ જિનોમ સિકવન્સ તરીકે ઓળખાય છે.
- ✓ મનુષ્યના શરીરમાં ડીએનએ હોય તો વાઈરસ જેવા સજીવોના શરીરમાં આરએનએ હોય છે.
- ✓ આરએનએ અને ડીએનએ સજીવના શરીરની અંદર રહેલા અતીસુક્ષ્મ એવા તત્વ છે, જે આપણને ક્યારેય જોવા મળવાના નથી, છતાં મહત્ત્વના છે.
- ✓ એમાં જે તત્વો ગોઠવાયેલા હોય છે એ જિનોમ સિકવન્સ તરીકે ઓળખાય છે. સંશોધકોને કોરોના વાઈરસના જિનોમ સિકવન્સની જાણકારી મેળવવામાં સફળતા મળી છે.

**ગુજરાતે આ ક્ષેત્રે શું શોધ્યું ?**

- ✓ કોઈ સમસ્યાનું સમાધાન ત્યારે જ શોધી શકાય જ્યારે એ સમસ્યા વિશે પુરતી જાણકારી મળે, કોરોના વાઈરસના કિસ્સામાં ખાટલે મોટી ખોટ એ છે કે વાઈરસની સંપૂર્ણ જાણકારી વિજ્ઞાનીઓને મળી નથી. માટે અનેક સંશોધકો અનેક લેબોરેટરીમાં વાળ કરતાં હજારોગણુ નાનું કદ ધરાવતા વાઈરસની રચના જાણવામાં પડ્યાં છે.
- ✓ સંશોધકોને વાઈરસ શું છે એ વર્ષોથી ખબર છે. પરંતુ દર થોડા વર્ષે ફૂટી નીકળતા નવાં નવાં વાઈરસ વિશે જાણકારી નથી હોતી.
- ✓ જેવી રીતે ડિસેમ્બર ૨૦૧૯થી પ્રગટ થયેલા કોરોના વાઈરસ અંગે પણ નથી. તો પછી તેની જાણકારી મેળવવા આનએમાં રહેલી જિનોમ સિકવન્સ ઓળખવી પડે.
- ✓ ગુજરાતના સંશોધકોને કોરોનાની આખે આખી (હોલ) સિકવન્સ ઓળખવામાં સફળતા મળી છે. એટલે કે વાઈરસને મહદઅંશે ઓળખી શક્યા છે.
- ✓ એ પછી જ ખબર પડી કે વુહાનથી શરૂ થયા પછી પાંચ મહિનામાં વાઈરસે પાંચ વખત સ્વરૂપ બદલ્યું છે.
- ✓ આપણા દુશ્મનો આપણી સામે વેશપલટો કરીને આવે તો આપણે તેને ઓળખી ન શકીએ અને દુશ્મનો આપણા પર અસરકારક રીતે હુમલો કરી શકે. વાઈરસો પણ આવું જ કરે છે.
- ✓ કોઈ વાઈરસ ફ્લાવાનો શરૂ થાય પછી મોટે ભાગે એ પોતાનું સ્વરૂપ બદલતો રહે. એટલે તેની દવા કે રસી શોધવાનું કામ અઘરું (અશક્ય નહીં) થાતું જાય.

- ✓ ગુજરાતે જિનોમ સિકવન્સ ઓળખી તેનાથી ખબર પડી કે વુહાનમાંથી રવાના થયા પછી વાઈરસે નવ વખત સ્વરૂપ પરિવર્તન કર્યું છે.

**આ સંશોધનથી શું લાભ ?**

- ✓ વાઈરસ ઓળખાઈ ગયો એટલે ચેકપોસ્ટ પર પોલીસે કોઈને રોકી રાખે એમ રોકી શકાય એવું રાતોરાત શક્ય નથી. પરંતુ વાઈરસની ઓળખ કરવામાં સફળતા દુનિયાની બહુ ઓછી પ્રયોગશાળાઓને મળી છે, એટલે પહેલા તો એ ગુજરાતની ટેકનોલોજી-વિજ્ઞાન ક્ષેત્રે મોટી સિદ્ધિ છે.
- ✓ વાઈરસની ઓળખ થયા પછી તેની રસી કે દવા બનાવાનું કામ પ્રમાણમાં સહેલું બનશે.
- ✓ વિજ્ઞાને સંશોધન હંમેશા સહિયારા ધોરણે ચાલતું હોય છે. કોઈ એક જગ્યાએથી વાઈરસની સમગ્ર જાણકારી મળી જાય એવુ દર વખતે શક્ય નથી.
- ✓ દુનિયાની અન્ય કેટલીક પ્રયોગશાળાઓએ પણ વાઈરસની ભીતરી રચના સમજવામાં સફળતા મેળવી હતી.
- ✓ હવે ગુજરાતે શોધી કાઢેલી જાણકારીની અન્ય સંસ્થાઓ સાથે આપ-લે કરી પરીણામલક્ષી કામગીરી.

**કોરોના જંગ સામે ગુજરાતના નવા સંશોધનો**

- ✓ ગુજરાતમાં કોરોના વાઈરસ સામે લડવા માટે રાજકોટમાં વેન્ટિલેટર બનાવવામાં સફળ રહ્યા પછી પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ (PPE) સૂટ બનાવવામાં પણ સફળ રહ્યા છે.

**૩. વૈશ્વિક અર્થતંત્ર : IMF (આર્થિક બાબત)**

**કોરોના મહામારીને કારણે એશિયાનો વર્ષ ૨૦૨૦માં ગ્રોથ રેટ શૂન્ય ટકા રહેવાનું અનુમાન**

- ✓ અત્યાર સુધીનાં ૬૦ વર્ષનાં ઇતિહાસમાં પહેલીવાર એશિયાના દેશોનો આર્થિક વિકાસ દર સ્થગિત થઈ જશે.
- ✓ ગ્લોબલ ફાઇનાન્શિયલ ક્રાઇસિસ વખતે પણ એશિયાનો ગ્રોથ રેટ ૪.૭ ટકા અને એશિયન ક્રાઇસિસ વખતે ૧.૩ ટકા રહ્યો હતો.
- ✓ વૈશ્વિક ઇકોનોમીનાં ગ્રોથમાં ૩ ટકાનું ગાબડું પડશે જ્યારે અમેરિકાનો ગ્રોથ રેટ ૬ ટકા અને યુરોપનો ૬.૬ ટકા ઘટશે.
- ✓ ખાસ કરીને ભારત અને ચીન સહિત એશિયાનાં તમામ દેશોએ હેલ્થ સેક્ટરને સહાય કરીને તેનું રક્ષણ કરવું પડશે.

**૪. ખેલ કૂદ : નિર્ણય - BCCI**

**IPL અને T-20 લીગ અનિશ્ચિત સમય માટે મુલતવી રખાઈ**

- ✓ BCCI : મુંબઈ

**૫. ખેલ કૂદ:ભારતીય વિમેન્સ ટીમ વર્ષ-૨૦૨૧ વન-ડે વર્લ્ડકપ માટે ક્વોલીફાય**

- ✓ યજમાન : ન્યુઝીલેન્ડ

**૬. નવતર પહેલ : ખેલ કૂદ**

**વિશ્વની પ્રથમ ઈન્ટરનેશનલ વર્ચ્યૂઅલ શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૦**

- ✓ કુલ- સાત દેશ ખેલાડી – ૫૦
- ✓ ખાસ – ખેલાડીઓએ ઈલેક્ટ્રોનિક શૂટિંગ ટાર્ગેટનો પ્રયોગ કર્યો

**૭. નિર્ણય : ગુજરાત સરકાર**

**રાજ્યમાં કોરોનાના તમામ દરદીઓને વિનામૂલ્યે સારવાર અપાશે**

- ✓ <u>કલેક્ટર કોરોનાની વિનામૂલ્ય સારવાર માટે ખાનગી હોસ્પિટલોને ડેઝિગનેટ કરશે આવી હોસ્પિટલો સાથે 2 મહિનાનો કરાર કરાશે અને 15 લાખ રૂપિયા એડવાન્સ</u> ચૂકવાશે.
- ✓ ઓપીડી કન્સલ્ટેશન અને દવાઓ તેમજ એક્સ રે, લોહીની તપાસ માટે 200 રૂપિયા દર્દી દીઠ ચૂકવવામાં આવશે. ઓપીડી એમડી દ્વારા ચલાવવાની રહેશે.
- ✓ દવાઓ પણ દર્દીઓને વિનામૂલ્ય આપવાની રહેશે. જ્યારે ઇનડોર માટે આઇસોલેશન બેડના 1800 રૂપિયા પ્રતિદિનથી લઇને આઇસીયુ અને વેન્ટીલેટર જેવી સુવિધાઓ માટે 4500 રૂપિયા પ્રતિદિનનો ખર્ચ હોસ્પિટલને ચૂકવાશે.
- ✓ ખાલી રહેલી પથારી માટે પણ પ્રતિદિન રૂ. 720થી 1800 ચૂકવવામાં આવશે. આ દરોમાં બેડ ચાર્જ, ડોક્ટર વિઝીટ ફી, નર્સીંગ ચાર્જ, દવાઓ, લેબોરેટરી તેમજ રેડિયોલોજી તપાસ, દર્દીના ચા - નાસ્તો, ભોજન, રજા આપ્યા બાદ પાંચ દિવસ સુધીની દવા સહિતના ખર્ચનો સમાવેશ થાય છે.

✓ આ હોસ્પિટલોને દરરોજ ટ્રીપલ લેયર માસ્ક, 14 માસ્ક, પીપીઈ કીટ અને હાઇડ્રો ગોળીઓ પણ પુરી પાડવામાં આવે છે.

<u>૮. કેન્દ્ર સરકાર : દેશમાં અનાજ ઉત્પાદન લક્ષ્યાંક વર્ષ ૨૦૨૦-૨૧</u>

✓ પાક વર્ષ ૨૦૨૦-૨૧ જૂલાઈથી જૂન માટે ૨૯.૮૩ કરોડ ટન અનાજ ઉત્પાદનનો લક્ષ્યાંક

✓ ચાલુ પાક વર્ષ કરતા આ લક્ષ્યાંક બે ટકા વધારે

✓ કેન્દ્રીય કૃષિ મંત્રી – શ્રી નરેન્દ્રસિંહ તોમર

✓ <u>૯. દિન વિશેષ : ૧૬ એપ્રિલ</u>

<u>ભારતીય રેલવેનો ૧૬૭મો સ્થાપના દિવસ</u>

✓ સ્થાપના - તા. ૧૬-૦૪-૧૮૫૩

✓ પ્રથમ રૂટ : બોરીબંદર (મુંબઈ)થી થાણે – ૩૪ કિલોમીટર

<u>૧૦. જન્મ દિન વિશેષ : ૧૬ એપ્રિલ</u>

<u>સ્નેહરશ્મિ : ઝીણાભાઈ રતનજી દેસાઈ</u>

<u>જન્મ – ૧૬ એપ્રિલ ૧૯૦૩ અવસાન – ૬ જાન્યુઆરી ૧૯૯૧</u>

✓ આજના દિવસે જ પંચમહાલના 5 નાયક આદિવાસીઓને અંગ્રેજોએ ફાંસીના માંચડે લટકાવી દીધા હતા. આ ઘટનાને આજે 150 વર્ષ થયાં.

✓ આજના દિવસે જ મૂર્ધન્ય સાહિત્યકાર સ્નેહરશ્મિ અને સમાજશાસ્ત્રી અક્ષયકુમાર દેસાઈનો જન્મ થયો હતો. મૂળ નામ ઝીણાભાઈ રતનજી દેસાઈ અને જન્મસ્થળ વલસાડ જિલ્લામાં ચીખલી ખાતે પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ ચીખલીમાં મેળવ્યું.

✓ 1920માં અસહકારનું આંદોલન શરૂ થતાં અભ્યાસ પડતો મૂકી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને સ્નાતક થઈ અધ્યાપક બન્યા.

✓ 1930માં 'સત્યાગ્રહ પત્રિકા'નું સંપાદન સંભાળ્યું. 1938માં અમદાવાદમાં ચી. ન. વિદ્યાવિહારના આચાર્યપદેથી નિવૃત્ત થયા.

✓ 1942માં હિંદ છોડો આંદોલનમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો.

✓ આઝાદીના સૈનિક કરતાં સ્નેહરશ્મિ સાહિત્યકાર તરીકે વધુ જાણીતા છે.

✓ અધ્ય, અણદીઠ જાદુગર, પનઘટ, કેવળ બીજ, હીરાના લટકણિયાં, શ્રીફળ, અંતરપટ, સાફલ્ય ટાણું વગેરે તેમની જાણીતી કૃતિઓ છે.

✓ 6 જાન્યુઆરી 1991ના રોજ અવસાન થયું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૪-૨૦૨૦)</u>

1. WHOના માપદંડ મુજબ ભારતમાં સૌપ્રથમ N-99 માસ્કનું કાપડ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયું - **<u>ATIRA</u>**
2. ATIRA દ્વારા તૈયાર કરવામાં આવેલ N-99 માસ્કના કાપડની ગાળણ ક્ષમતા કેટલા ટકા છે- **<u>99.99%</u>**
3. N-95 માસ્કની ગાળણ ક્ષમતા કેટલા ટકા છે - **<u>95%</u>**
4. ATIRA સાથે અન્ય કઈ સંસ્થા મળીને લગભગ 100% ગાળણ ક્ષમતા ધરાવતા માસ્ક તૈયાર કરવામાં આવશે - **<u>DRDO</u>**
5. નવીન N99 માસ્ક કેટલા સુરક્ષિત લેયર ધરાવે છે- **<u>05</u>**
6. નવીન N99 માસ્કનું કાચું મટીરીયલ કયા દેશ દ્વારા વિનામૂલ્યે અપાયું છે - **<u>જર્મની</u>**
7. નવીન N99 માસ્કનું ફિલ્ટર લેયર શાનું બનેલું છે - **<u>કોટેડ ફાયબર</u>**
8. કોરોનાની દવા તૈયાર કરવા માટે મહત્વનું "જિનોમ સિકવન્સ" તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયું - **<u>ગુજરાત બાયોટેકનોલોજીકલ રિસર્ચ સેન્ટર</u>**
9. N99 માસ્ક તૈયાર કરવા માટે કયા પ્રકારનું નાયલોન ફિલ્ટરના ઉત્પાદનમાં વાપરવામાં આવે છે-**<u>પોલિએમાઈડ-06</u>**
10. ATIRAનું વિસ્તૃત નામ જણાવો - **<u>અમદાવાદ ટેક્સટાઇલ્સ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ એસોસિએશન</u>**
11. દરેક સજીવના શરીરની અંદર કયા બે અતિસૂક્ષ્મ તત્વો રહેલા હોય છે- **<u>DNA અને RNA</u>**
12. માનવ શરીરમાં રહેલી કેટલી ક્રમબદ્ધ માહિતી ઓળખવામાં સંશોધકો સફળ થયા છે તેને કયા નામે ઓળખાય છે - **<u>"જિનોમ સિકવન્સ"</u>**
13. IMFના તાજેતરના અહેવાલ મુજબ કોરોના મહામારીના કારણે એશિયાનો વર્ષ 2020માં ગ્રોથ રેટ કેટલા ટકા રહેવાનું અનુમાન છે - **<u>0%</u>**
14. કોરોના મહામારીના કારણે બીસીસીઆઈ દ્વારા તાજેતરમાં કઈ બે ટુર્નામેન્ટ મુલતવી રાખવામાં આવી છે - **<u>IPL અને T-20</u>**
15. તાજેતરમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્ષ -2021મા યોજનાર કયા વર્લ્ડ કપ માટે ક્વોલિફાઇ કર્યું છે- **<u>ICC વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ-2021</u>**
16. ICC વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ-2021 કયા દેશમાં યોજાશે - **<u>ન્યૂઝીલેન્ડ</u>**

17. વિશ્વની પ્રથમ ઈન્ટરનેશનલ વર્ચ્યુઅલ શૂટિંગ ચેમ્પિયનશિપ-2020 ક્યારે યોજાઇ - **એપ્રિલ-2020**
18. વિશ્વની પ્રથમ ઈન્ટરનેશનલ વર્ચ્યુઅલ શૂટિંગ ચેમ્પિયનશિપ-2020માં ભારત સહિત કેટલા દેશોએ ભાગ લીધો - **07**
19. ગુજરાત સરકારે કયા રોગના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવાનો નિર્ણય કર્યો છે - **કોરોના વાયરસ**
20. ગુજરાત સરકાર કોરોનાના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવા જિલ્લાની ખાનગી હોસ્પિટલો સાથે કેટલા મહિનાનો કરાર કરીને કેટલી રકમ એડવાન્સ સારવાર પેટે આપશે- **2 માસ અને રૂ. 15/- લાખ**
21. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2020-21માં ભારતમાં અનાજ ઉત્પાદનો લક્ષ્યાંક કેટલો નક્કી કરાયો છે - **29.83 કરોડ ટન**
22. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2020-21માં ભારતમાં અનાજ ઉત્પાદનો લક્ષ્યાંક ચાલુ પાક વર્ષે કરતાં કેટલા ટકા વધુ નક્કી કરાયો છે - **2%**
23. વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રીનું નામ જણાવો- **નરેન્દ્રસિંહ તોમર**
24. ભારતીય રેલવેનો સ્થાપના દિવસ જણાવો - **16 એપ્રિલ 1853**
25. ભારતીય રેલવેનો કેટલામો સ્થાપના દિવસ 2020માં મનાવવામાં આવ્યો - **167મો**
26. ગુજરાતના સાહિત્યકાર ઝીણાભાઇ રતનજી દેસાઈનો જન્મ દિવસ જણાવો- **16 એપ્રિલ 1903**
27. ગુજરાતના સાહિત્યકાર ઝીણાભાઇ દેસાઈનું ઉપનામ જણાવો - **"સ્નેહરશ્મિ"**

**DATE : 17-04-2020**

**૧. RBI : ભારતીય અર્થતંત્રને વેગ આપવા RBI દ્વારા રૂપિયા ૧ લાખ કરોડનું બીજું COVID-19 પેકેજ જાહેર (અર્થતંત્ર)**

**RRR 25 બેઝીસ પોઇન્ટ ઘટાડીને 3.75 % કરાયો**

✓ અર્થતંત્ર અને ફાઇનાન્શિયલ સેક્ટરને વેગ આપવા ભારતીય રિઝર્વ બેન્કે તા.૧૭મી એપ્રિલે, બીજું કોવિડ-૧૯ પેકેજ જાહેર કર્યું હતું. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે બિઝનેસ અને નાના નોન બેન્કિંગ ધિરાણકર્તાઓને મજબૂતાઇ આપવા નોન બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓને ભંડોળ ઉપલબ્ધ કરાવવા, બેન્કોની ધિરાણ ક્ષમતા વધારવા અને લોન ચૂકવવામાં વિલંબ થતાં લોનધારકોને ડિફોલ્ટર બનવાથી બચાવવા સંખ્યાબંધ જાહેરાતો કરી હતી

**પેકેજના મહત્વના અંશો : રકમની ફાળવણી**

✓ ૫૦,૦૦૦ કરોડ રૂપિયા-TLTRO અંતર્ગત
✓ ૨૫,૦૦૦ કરોડ રૂપિયા NABARD
✓ ૧૫,૦૦૦ કરોડ રૂપિયા SIDBI
✓ ૧૦,૦૦૦ કરોડ રૂપિયા NHB

**રાજ્યોની WMA લિમિટમાં ૬૦% સુધીનો વધારો**

✓ રાજ્યોને વધુ છૂટછાટ મળી રહે તે માટે આરબીઆઇએ ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજના સ્તરે WMAની લિમિટ ૬૦ ટકા સુધી વધારી છે.

**પગલાં અને તેની અસરો**

| |
|---|
| એનબીએફસીમાં રોકાણો કરતી બેન્કો માટે વધુ એક TLTRO (ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન)નો રાઉન્ડ |
| **અસર:** NBFC અને એમએફઆઇને તેમના માટે અનામત રખાયેલા રૂ.૫૦,૦૦૦ કરોડમાંથી ૫૦ ટકા મેળવી શકશે |
| નાબાર્ડને રૂ.૨૫,૦૦૦ કરોડ, સિડબીને ૧૫,૦૦૦ કરોડ અને NHBને ૧૦,૦૦૦ કરોડ |
| **અસર** : કૃષિ ધિરાણકારો, વેપાર, હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓને લાભ, આ સંસ્થાઓ પાસેથી ફાઇનાન્સ મળશે |
| રિવર્સ રેપો રેટ ૨૫ બેઝિસ પોઇન્ટ ઘટાડીને ૪.૦ ટકાથી ૩.૭૫ ટકા કરાયો |
| **અસર** : બેન્કો હવે આરબીઆઇમાં રોકાણ કરવાના બદલે રૂપિયા ૬.૯ લાખ કરોડનું ધિરાણ કરી શકશે |
| ૧ માર્ચે બાકી નોન NPA લોન માટે ૯૦ દિવસનો નિયમ મોરાટોરિયમમાં લાગુ નહીં થાય |
| **અસર:** બેન્કોએ નોન એનપીએ લોનધારકોને ડિફોલ્ટર તરીકે દર્શાવવા નહીં પડે |
| બેન્કો બે ત્રિમાસિક સુધી મોરાટોરિયમ પરની ૧૦ ટકા જોગવાઇને જાળવી રાખશે |
| **અસર:** બેન્કો ટૂંકાગાળાની અને લાંબાગાળાની સમસ્યા ધરાવતા લોનધારકોને અલગ કરી શકશે |
| ડિફોલ્ટ થયેલી લોન માટેની ૨૧૦ દિવસની મર્યાદા ૯૦ દિવસ લંબાવાઈ |

| | |
|---|---|
| **અસર** : બેન્કોને રિઝોલ્યુશન પ્લાન પર નિર્ણય લેવામાં રાહત અને સમય મળી રહેશે | |
| ૨૦૨૦ના વર્ષમાં કોમર્શિયલ અને સહકારી બેન્કોએ ડિવિડન્ડ ચૂકવવું નહીં પડે | |
| **અસર** : બેન્કો મૂડીને બચાવી શકશે અને ક્રેડિટ લોસ પચાવી શકશે જેથી ધીરાણ વધી શકશે | |
| કોમર્શિયલ બેન્કોનો લિક્વિડિટી કવરેજ રેશિયો ૮૦ ટકાથી વધારી ૧૦૦ ટકા કરાયો | |
| **અસર** : બેન્કોને ધિરાણ માટે વધુ મૂડી ઉપલબ્ધ થશે અનામત ૫૦,૦૦૦ કરોડમાંથી ૫૦ ટકા મેળવી શકશે | |
| NBFC રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ માટે કોમ્પિટિશન ડેટ એક વર્ષ સુધી લંબાવી શકશે | |
| **અસર** : ડેવલપર્સને વધુ સમય મળશે, NBFCને પણ NPA ક્લાસિફિકેશનમાં વિલંબનો સમય મળશે | |
| | |
| વેઝ એન્ડ મિન્સ એડવાન્સ અંતર્ગત રાજ્યોને ઓવરડ્રાફ્ટની સુવિધા બમણી | |
| **અસર** : રાજ્ય સરકારોને નાણાકીય વર્ષના પ્રારંભે જ પોતે લીધેલાં ધિરાણો પર ઊંચો વ્યાજદર ચૂકવવો નહીં પડે | |

**NBFC અને MFIમાં રોકાણ, ધિરાણ વધશે**

- ✓ રિઝર્વ બેન્કે યોગ્ય કદના હપ્તામાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડ માટે ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન (TLTRO ૨.૦) હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.
- ✓ તેમાંથી કુલ રકમના ૫૦ ટકા રકમ નાના અને મધ્યમ કક્ષાના એનબીએફસી અને એમએફઆઇમાં રોકાણ થવું જોઇએ.

**TLTRO : ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન**

**NBFC : નોન-બેન્કિંગ ફાયનાન્સિઅલ કંપની**

**MFI : માઈક્રો ફાયનાન્સ ઈન્સ્ટિટયૂટ**

**NHB : નેશનલ હાઉસિંગ બેંક**

**NPA : નોન-પર્ફોમિંગ એસેટ**

**NABARD : નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ**

**SIDBI: સ્મોૅલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઓફ ઈન્ડિયા**

**WMA : વેઝ એન્ડ મીન્સ એડવાન્સ**

- ✓ RBI ગવર્નર : શક્તિકાન્ત દાસ
- ✓ RBI મુખ્ય મથક : મુંબઈ

## ૨.નવું ઉપકરણ: ગુજરાતમાં i-create સંસ્થા દ્વારા માત્ર 10 મિનિટમાં ચીજવસ્તુઓને 100 ટકા જંતુમુક્ત કરતું ઉપકરણ તૈયાર કરાયું

**નવીન ઉપકરણની વિશેષતાઓ**

- ✓ કોરોના વાઇરસના આ ચેપી રોગચાળાથી બચવા માટે આઈ-ક્રિએટ સંસ્થાએ ફક્ત ૧૦ મિનિટમાં જ ચીજવસ્તુને જંતુમુક્ત કરી શકાય તેવું ઉપકરણ ડેવલપ કર્યું છે.
- ✓ પ્રવાહી સિવાય માસ્ક, મોબાઇલ ફોન, ચલણી નાણાં, ચાવી, કરિયાણું, શાકભાજી વગેરે ચીજવસ્તુઓ ફક્ત ૧૦ મિનિટમાં જ જંતુમુક્ત કરી શકાય છે.
- ✓ હાલ કોરોનાની મહામારી વચ્ચે આ ઉપકરણ મહત્તમ ઉપયોગી બની શકે છે. લોકડાઉન પછી પણ આ ઉપકરણ રોજિંદા જીવનમાં ઉપયોગી બનશે.
- ✓ વિવિધ સંસાધનોનો ઉપયોગ કરીને ઉપકરણ તૈયાર કરાયું છે. આ ઉપકરણ પારજાંબલી કિરણો દ્વારા વસ્તુને ૧૦૦ ટકા જંતુમુક્ત કરે છે.
- ✓ આ ડિવાઇસ ૨૬૦ નેનો મીટરની તરંગ લંબાઈ કોઈ પણ વાઇરસ કે બેક્ટરિયાના RNA (રિબોન્યૂક્લિક એસિડ) અને DNA (ડિઓક્સરિબોન્યૂક્લિક એસિડ)નો નાશ કરે છે.
- ✓ પારજાંબલી કિરણોનો ઉપયોગ કરીને જંતુમુક્ત કરતા હોવાથી સાવચેતીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.
- ✓ અમદાવાદ નજીક ધોલેરામાં ૪૦ એકરના પરિસરમાં આવેલાં i-Create (ઇન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોર એન્ડ ટેકનોલોજી) કાર્યરત છે.

**RNA : રિબોન્યૂક્લિક એસિડ**

**DNA : ડિઓક્સ રિબોન્યૂક્લિક એસિડ**

**i-Create : ઇન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોર એન્ડ ટેકનોલોજી**

## ૩. કિસાન રથ મોબાઈલ એપ : કેન્દ્ર સરકાર (કૃષિ)

**એપનો હેતુ**

- ✓ કેન્દ્રએ કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં સરળતા માટે કિસાન રથ મોબાઈલ એપ લોન્ચ કરી છે. જેના થકી ખેડૂતો પોતાના વિસ્તારમાં વાહન બોલાવી શકશે.
- ✓ લોકડાઉનમાં ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં મુશ્કેલી, પડી રહી છે. તેમની મદદ માટે આ એપ લોન્ચ કરવામાં આવી.
- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી - નરેન્દ્રસિંહ તોમર

## ૪. કોરોના વાયરસ : પુલ ટેસ્ટિંગ પદ્ધતિ

**ઉત્તરપ્રદેશની પુલ ટેસ્ટિંગ મેથડ ગુજરાત અપનાવશે**

**પુલ ટેસ્ટિંગ કરવાની પદ્ધતિ**

- ✓ પાંચ વ્યક્તિના નમૂના લેવામાં આવે છે.
- ✓ આ પાંચેય નમૂના મિક્સ કરાય છે. એ પછી મિક્સ નમૂનાનું ટેસ્ટિંગ થાય છે.
- ✓ જો ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવે તો તમામ નેગેટિવ હોવાનું સ્પષ્ટ થાય છે.
- ✓ જો ટેસ્ટ પોઝિટિવ આવે તો પછી ફરીથી તમામ પાંચના વ્યક્તિગત રીતે ટેસ્ટ કરાશે.
- ✓ માત્ર એક કિટથી 5 વ્યક્તિના ટેસ્ટ થાય છે એક કીટથી એકને બદલે પાંચ વ્યક્તિનો ટેસ્ટ થાય તો તે સસ્તું પડે છે.

## ૫. રેપિડ બ્લડ ટેસ્ટ : કોરોના વાયરસ સામે ગુજરાતમાં રેપિડ બ્લડ ટેસ્ટ શરૂ

**વિશેષતા અને ઉપયોગ**

- ✓ રેપિડ ટેસ્ટિંગ કિટની મદદથી વધુ લોકોનું સ્ક્રિનિંગ કરી શકાશે. તેને પરિણામે કોરોના વાઈરસના વધુ દરદીઓને, ઓળખી શકાશે. પરિણામે તેનો ચેપ ફેલાતો અટકાવવાની કામગીરીને વધુ તેજ અને સઘન બનાવી શકાશે.
- ✓ રેપિડ ટેસ્ટમાં જેઓ પોઝિટિવ આવશે તેમનો ફરીથી આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવશે. ત્યારબાદ જ તેમને કોરોના વાઈરસના કન્ફર્મ દરદી ગણવામાં આવશે.
- ✓ તેની મદદથી ગુજરાતના કોરોનાગ્રસ્ત વિસ્તારમાં રોગને ફેલાતો અટકાવવાની કામગીરી વધુ તેજ બનાવી શકાશે.
- ✓ રેપિડ બ્લડ ટેસ્ટ કરવાથી કોરોના વાઈરસના ચેપના ચિહ્નો જે દરદીઓમાં જોવા ન મળતા હોય તે દરદીઓને પણ આસાનીથી ઓળખી શકાશે.
- ✓ કોરોના વાઈરસના ચેપનો ભોગ બન્યો હોય પણ તેના ચિહ્નો ન દેખાતા હોય તેવા દરદીને એસિમ્પ્ટોમેટિક દરદી ગણવામાં આવે છે.
- ✓ આ દરદી એક મહિનો સમાજમાં ફરતો રહે તો તેને કારણે ૪૦૬ દરદીઓને ચેપ લાગી જવાનો ખતરો રહે છે. તેથી સરકારે રેપિટ બ્લડ સિસ્ટમની ટેસ્ટિંગ કરવાનું નક્કી કર્યું.
- ✓ અત્યાર સુધી ગુજરાત સરકાર દ્વારા હોટસ્પોટ ગણાતા વિસ્તારોમાં વ્યાપક ટેસ્ટિંગ કરાઈ રહ્યાં છે. આ ટેસ્ટિંગ જૂની સિસ્ટમથી થાય છે.
- ✓ ગુજરાત સરકારને ૨૪,૦૦૦ કિટનો સપ્લાય પહોંચાડવામાં આવ્યો
- ✓ રેપિડ બ્લડ ટેસ્ટ કરવાથી કોઈપણ વ્યક્તિને છેલ્લા થોડા દિવસોમાં કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હશે તો તેના શરીરમાં ઇમ્યુનોગ્લોબિન-એમ જોવા મળશે.
- ✓ આ ઇમ્યુનોગ્લોબિન-એમ જે તે વ્યક્તિમાં બહારથી આવેલા નવા વાઈરસનો પ્રતિકાર શરીરે કરવાનું ચાલુ કરી દીધું હોવાનો નિર્દેશ આપે છે.
- ✓ આ નિર્દેશ મળવાથી તેને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોવાનું સ્પષ્ટ થઈ શકે છે.
- ✓ આ ચિહ્નો જે વ્યક્તિમાં જોવા મળ્યો હોય તેમને જ મેલેરિયાની બીમારીમાં અસરકારક ગણાતી હાઈડ્રોક્સીક્લોરોક્વિનની દવા આપીને તેને થયેલી કોરોના વાઈરસની અસરમાંથી મુક્ત કરાવવાના પગલાં પણ સત્વર લઈ શકાશે.
- ✓ અત્યાર સુધી જેમનામાં કોરોના વાઈરસના ચેપના સિમ્પટમ ન હોય તેવી વ્યક્તિને આ દવા આપી શકાતી નહોતી. હવે રેપિડ બ્લડ ટેસ્ટ આવ્યા પછી તેમને પણ આ દવા આપીને સાજા કરી શકાશે.

## ૬. વિજ્ઞાની જૂન અલ્મેડા

**સિદ્ધિ :**

- ✓ વર્ષ-૧૯૬૪ કોરોના વાયરસની સૌપ્રથમ ઓળખ કરનાર સ્કૉટિસ મહિલા – જૂન અલ્મેડા
- ✓ સ્થાન : સેન્ટ થોમસ હોસ્પિટલ-લંડન

## ૭. જન્મદિન વિશેષ : ૧૭ એપ્રિલ

**લોક આંદોલનના પહેલા શહીદ : ધીરન ચિન્નામલાઈ**

**જન્મ – ૧૭ એપ્રિલ ૧૭૫૭ અવસાન – ૩૧ જૂલાઈ ૧૮૦૫**

- ✓ આજે ભારતના પ્રજાકીય આંદોલનોના પહેલા શહીદ ધીરન ચિન્નામલાઈનો જન્મદિન છે.
- ✓ પશ્ચિમ તમિલનાડુના ઈરોડ પાસેના મલયાલયમ (કોંગુ વિસ્તાર) ખાતે જન્મેલા ધીરનનું મૂળ નામ તીર્થગિરિ હતું.
- ✓ ચિન્નાએ ફ્રેન્ચ લશ્કરમાં રહી લશ્કરી તાલીમ લીધી અને તેનો ઉપયોગ અંગ્રેજો સામે લડવામાં કર્યો હતો. તેમની નાની સેનાએ અંગ્રેજો સામેના યુદ્ધમાં ટીપુ સુલતાનને પણ મદદ કરી હતી.
- ✓ તેમણે અંગ્રેજો સામેના યુદ્ધોમાં સ્થાનિક ઉપરાંત મરાઠાઓની પણ મદદ લીધી હતી 1 હજાર માણસનું સૈન્ય, નાનો કિલ્લો અને ગેરિલા યુદ્ધ પદ્ધતિથી તેઓ લડતા હતા.

- ✓ કાવેરી, ઓડાનીલાઈ અને અરાચૂલારના યુદ્ધમાં તેમણે બ્રિટિશ સેનાના છક્કા છોડાવી દીધા. અંગ્રેજ સૈનિકો ઉપરાંત અધિકારીઓ પણ તેના નામથી કાંપતા.
- ✓ 3 જૂન 1800એ બ્રિટિશ કિલ્લા પર હલ્લો કર્યો પણ નિષ્ફળ રહ્યા. ધીરને પોતાના રસોઈયા નલ્લાપનની દગાખોરીથી પકડાયા.
- ✓ અંગ્રેજોએ ચિન્નામલાઈ અને તેમના બે ભાઈને 31 જુલાઈ 1805ના રોજ શિવગિરિના કિલ્લામાં ફાંસીની સજા આપી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૪-૨૦૨૦)

1. ભારતીય અર્થતંત્રને વેગ આપવા એપ્રિલ 2020માં આરબીઆઈ દ્વારા કેટલા લાખ કરોડનું બીજુ COVID-19 પેકેજ જાહેર કર્યું- **રૂ.1 લાખ કરોડ**
2. ભારતીય અર્થતંત્રને વેગ આપવા એપ્રિલ 2020માં આરબીઆઈ દ્વારા જાહેર કરાયેલા બીજુ COVID-19 પેકેજમાં કોને કેટલી રકમ ફાળવવામાં આવી - **TLTRO- રૂ.50,000 કરોડ NABARD- રૂ. 25,000 કરોડ, SIDBI- રૂ.15,000 કરોડ અને NHB- રૂ.10,000 કરોડ**
3. એપ્રિલ 2020 આરબીઆઈ દ્વારા RRRમાં કેટલા બેઝીસ પોઈન્ટનો ઘટાડો કરાયો અને હાલ RRR કેટલા ટકા છે- **25 અને 3.75%**
4. આરબીઆઈ દ્વારા રાજ્યોની WMA લિમિટમાં કેટલા ટકા સુધીનો વધારો કરાયો- **60%**
5. આરબીઆઈ દ્વારા કોમર્શિયલ બેન્કોનો liquidity coverage ratio 80 ટકાથી વધારીને કેટલો કરાયો - **100%**
6. TLTROનું વિસ્તૃત નામ જણાવો - **ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન**
7. NBFCનું વિસ્તૃત નામ જણાવો - **નોન-બેન્કિંગ ફાયનાન્સિઅલ કંપની**
8. MFIનું વિસ્તૃત નામ જણાવો - **માઈક્રો ફાયનાન્સ ઈન્સ્ટિટયૂટ**
9. NHBનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ હાઉસિંગ બેંક**
10. NPAનું વિસ્તૃત નામ જણાવો - **નોન-પર્ફોમિંગ એસેટ**
11. NABARDનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ**
12. SIDBIનું વિસ્તૃત નામ જણાવો - **સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઓફ ઈન્ડિયા**
13. WMAનું વિસ્તૃત નામ જણાવો- **વેઝ એન્ડ મીન્સ એડવાન્સ**
14. RNAનું વિસ્તૃત નામ જણાવો - **રિબોન્યૂક્લિક એસિડ**
15. DNAનું વિસ્તૃત નામ જણાવો- **ડિઓક્સ રિબોન્યૂક્લિક એસિડ**
16. i-Createનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોર એન્ડ ટેકનોલોજી**
17. RBIના વર્તમાન ગવર્નરનું નામ જણાવો - **શક્તિકાન્ત દાસ**
18. RBIનું મુખ્ય મથક કયાં આવેલું છે - **મુંબઈ**
19. ગુજરાતમાં કઈ સંસ્થા દ્વારા માત્ર 10 મિનિટમાં ચીજવસ્તુઓને 100 ટકા જંતુમુક્ત કરતું ઉપકરણ તૈયાર કરાયું- **i-Create**
20. કોરોના મહામારીના સમયે દેશના ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં સરળતા રહે તે માટે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ એપ લોન્ચ કરાઈ- **કિસાન રથ મોબાઇલ એપ**
21. કોરોના વાયરસની તપાસ માટે એક સાથે પાંચ વ્યક્તિના નમૂના લઈને તે તમામને મિક્સ કરીને તપાસ કરવાની પદ્ધતિ કયા નામે ઓળખાય છે- **પુલ ટેસ્ટિંગ પદ્ધતિ**
22. ગુજરાતમાં શરૂ કરવામાં આવનાર કોરોના વાયરસ અંગેની "પુલ ટેસ્ટિંગ પદ્ધતિ" મૂળ કયા રાજ્યમાં સૌપ્રથમ ઉપયોગમાં લેવાઈ છે - **ઉત્તર પ્રદેશ**
23. કોરોના વાયરસનો ચેપ લાગ્યો હોય પરંતુ એના ચિન્હો ન દેખાતા હોય તેવા દર્દીને તબીબી ભાષામાં શું કહેવામાં આવે છે- **એસિમ્પ્ટોમેટિક દરદી**
24. ગુજરાતમાં કોરોના વાયરસનો ભોગ બનેલ "એસિમ્પ્ટોમેટિક દરદી" માટે કઈ પદ્ધતિથી તપાસ કરવામાં આવશે - **રેપિડ બ્લડ ટેસ્ટ**
25. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ કયા વર્ષે અને કયા મહિલા વિજ્ઞાની દ્વારા કોરોના વાયરસની ઓળખ કરવામાં આવી હતી - **વર્ષ 1964 અને જૂન અલ્મેડા**
26. કોરોના વાયરસના શોધક જૂન અલ્મેડાનો દેશ જણાવો - **સ્કોટલેન્ડ**
27. ભારતમાં લોક આંદોલનના પહેલા શહીદનું નામ અને વતન રાજ્ય જણાવો - **ધીરન ચિન્નામલાઇ અને પશ્ચિમ તામિલનાડુ**
28. ભારતમાં લોક આંદોલનના પહેલા શહીદ ધીરન ચિન્નામલાઇનો જન્મદિવસ જણાવો-**17 એપ્રિલ 1757**

૧. નિર્ણય : ગુજરાત સરકાર (વહીવટ)

**અન્ન સુરક્ષા ધારા હેઠળ ૬૬ લાખ BPL કાર્ડ ધારકોના બેંક ખાતામાં ગુજરાત સરકાર n**

**રૂ. ૧૦૦૦/- જમા કરાવશે**

- ✓ રાજ્ય સરકાર આ સહાય માટે રૂ. ૬૬૦ કરોડનો બોજો ઉઠાવશે

૨. રાહત : કેન્દ્ર સરકાર (વહીવટ)

- ✓ કોરોના વાઇરસ સામે લડવા કેન્દ્ર સરકારે જાહેર કરેલી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY) હેઠળ એપ્રિલ, મે, અને જૂન ૨૦૨૦ આગામી ત્રણ મહિના માટે કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તેમના માસિક વેતનના ૨૪ ટકા રકમ જમા કરવામાં આવશે.
- ✓ આ અંગેની જોગવાઈ અંતર્ગત આ રકમમાં કર્મચારીઓ અને માલિકોના P.F. યોગદાન અને સરકારની સહાયના હિસ્સાને આવરી લેવામાં આવશે.
- ✓ PMGKY યોજના હેઠળ કર્મચારીઓને તેના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી ૭૫ ટકા રકમ અથવા ત્રણ મહિનાનો પગાર બેમાંથી જે ઓછી હોય તેટલી રકમ ઉપાડવાની મંજૂરી આપવાની જોગવાઈ કરવામાં આવી છે અને ઉપાડ નોન રિફન્ડેબલ છે.
- ✓ EPF હેઠળ નોંધાયેલા લગભગ ૪ કરોડ જેટલા કર્મચારીઓના પરિવારો આ યોજનાનો લાભ લઈ શકશે.

**PMGKY : પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના**

3. FDIના નિયમોમાં ફેરફાર : કેન્દ્ર સરકાર (વિદેશ નીતિ)

**નવા નિયમો**

- ✓ કોરોના મહામારી સંકટ સંદર્ભે કેન્દ્ર સરકારે તકવાદી અધિગ્રહણ પર નિયંત્રણ રોકવા માટે વર્તમાન FDIના નિયમોમાં ફેરફાર.
- ✓ નવા નિયમ હેઠળ જે દેશોની સરહદ ભારત સાથે સંકળાયેલી છે, તે દેશોના રોકાણકારો ભારત સરકારની મંજૂરી વિના અહીં રોકાણ કરી શકશે નહીં.
- ✓ મતલબ કે ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના રોકાણકારો કે કંપનીઓને ભારતમાં રોકાણ કરવા માટે ભારત સરકારની મંજૂરી લેવી પડશે.
- ✓ DPIITની અખબારી યાદી મુજબ કોઈ દેશની સરહદ ભારત સાથે સંકળાયેલી હોય તો એ દેશનો કોઈ પણ રોકાણકાર ફક્ત ભારત સરકારની મંજૂરી વિના રોકાણ કરી શકશે નહીં.
- ✓ રોકાણકાર કોઈ વ્યક્તિ હોય કે કોઈ કંપની હોય કે સરકારી બેન્ક હોય તો પણ એ નિયમ લાગુ પડશે.
- ✓ મોટા ભાગના સેક્ટરોમાં સીધું વિદેશી રોકાણ થઈ શકે છે અને એ માટે રોકાણ કર્યા બાદ રિઝર્વ બેન્કને જ જાણ કરવાની રહે છે.
- ✓ પરંતુ સરંક્ષણ, ટેલિકોમ, મીડિયા, ફાર્માસ્યુટિકલ અને ઇન્શ્યોરન્સ જેવા સેક્ટરમાં એફડીઆઇ માટે સરકારની મંજૂરી જરૂરી છે.

**FDI : ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ**

૪. શોધ : ભારતમાં કોરોનાના ટેસ્ટ માટે વૈજ્ઞાનિકો દ્વારા પેપર બેઝ્ડ ટેસ્ટ સ્ટ્રિપ – 'Feluda' તૈયાર કરાઈ (આરોગ્ય)

- ✓ ભારતનાં વૈજ્ઞાનિકોએ પેપર બેઝ્ડ કોરોના ટેસ્ટ સ્ટ્રિપ બનાવી છે જેનાં ઉપયોગથી વ્યક્તિને કોરોના છે કે નહીં તેને મિનિટોમાં જ પરીક્ષણ કરી શકાશે. આ ટેસ્ટ સ્ટ્રિપને Feluda નામ આપવામાં આવ્યું છે.

**'Feluda'નો અર્થ**

- ✓ Feluda ફિલ્મ નિર્માતા સત્યજીત રેનાં કાલ્પનિક જાસૂસનું નામ છે તેનાં પરથી કિટને આ નામ અપાયું છે. CRISPR ટેકનોલોજી આધારિત આ ટેસ્ટિંગ કિટનું દેશમાં થોડા સમયમાં ઉત્પાદન શરૂ કરાશે.

**કેવી રીતે ટેસ્ટ કરાશે :**

- ✓ જે પ્રેગ્નન્સી ટેસ્ટની જેમ કામ કરશે એટલે કે કલર બદલાતા કોરોના છે કે કેમ તેની જાણ થઈ જશે
- ✓ સ્ટ્રિપ ટેસ્ટ કિટનાં ઉપયોગ માટે કોઈ મશીનની જરૂર પડશે નહીં. કોરોના પોઝિટિવ કેસ હશે તો તેનો રંગ બદલાઈ જશે ટેસ્ટ કિટનું પરિણામ ૧૦૦ ટકા એક્યૂરેટ છે.

**સ્ટ્રિપ કોના દ્વારા તૈયાર કરાઈ**

- ✓ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચની ઇન્સ્ટિટ્યૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઇન્ટિગેટિવ બાયોલોજી (CSIR IGIB)ની ટીમ દ્વારા તેને તૈયાર કરાઈ છે.

**અંદાજે ચાર્જ:પ્રતિ ટેસ્ટ રૂ.૫૦૦નો ખર્ચ થશે**

- ✓ ખાનગી લેબમાં કોરોનાનો ટેસ્ટ રૂ. ૪,૫૦૦માં થાય છે ત્યારે આ કિટથી ફક્ત રૂ. ૫૦૦માં ટેસ્ટ થઈ શકશે જે પ્રેગ્નન્સી ટેસ્ટની જેમ કામ કરશે.

- ✓ કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે દેશમાં મે મહિનાથી દર મહિને ૨૦ લાખ ટેસ્ટિંગ કિટ બનાવવામાં આવશે. જેમાંથી ૧૦ લાખ કિટ રેપિડ એન્ટિબોડી હશે અને ૧૦ લાખ કિટ RT-PCR વાળી હશે .

૫. પહેલ : કોરોના સામે દેશમાં પ્રથમવાર SVP, અમદાવાદમાં પ્લાઝમા થેરાપીથી સારવાર શરૂ

**થેરાપીથી કોરોનાની સારવાર**

- ✓ કોરોના પોઝિટિવ બાદ તેમાંથી સાજા થનારા દર્દીના પ્લાઝમાં સાથે આ થેરાપી થાય છે.
- ✓ કેન્દ્રના ICMR દ્વારા ગુજરાતને પ્લાઝમા થેરાપી માટે મંજૂરી **કેવી રીતે થાય છે કોરોનાના દરદીની પ્લાઝમા થેરાપીથી સારવાર**
- ✓ બ્લડમાં સેલ અને પ્લાઝમા હોય છે. સેલમાં શ્વેત કણ અને રક્ત કણ હોય છે. તે સિવાયનું લોહી પ્લાઝમા કહેવાય.
- ✓ જે દર્દી સાજો થાય તેના શરીરમાં એન્ટીબોડીઝ વિકસી હોય છે. આવા દર્દીના પ્લાઝમાને અન્ય દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે તો આવા દર્દી સાજા થવાની આશા રહે છે.

**કોરોના વાયરસથી મુક્ત અમદાવાદની સ્મૃતિ ઠક્કર દેશની પ્રથમ પ્લાઝમા ડોનર બની**

- ✓ આ પ્લાઝમાના રાત્રિ દરમિયાન એચઆઈવી સહિત જુદા જુદા ૧૫ થી ૨૦ ટેસ્ટ કરવામાં આવશે.

**સારવારના માપદંડ:**

- ✓ જે દર્દી ક્રિટીકલ હોય, વેન્ટિલેટર પર હોય તેની સારવાર થઈ શકે નહીં. માત્ર માઈલ્ડ અને મોડરેટ હોય તેવા દર્દીની જ સારવાર થઈ શકે.
- ✓ હોસ્પિટલ : સરદાર વલ્લભભાઈ પટેલ– અમદાવાદ (SVP)
- ✓ AMC સંચાલિત હોસ્પિટલ

૬. સયુક્ત રાષ્ટ્રસંઘ : ભારતમાં ગરીબો ઉપર લૉકડાઉનની અસરો અંગે અહેવાલ

- ✓ યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી (યુએનયુ)ના રિપોર્ટ મુજબ જો કોરોના સૌથી ખરાબ સ્થિતિમાં પહોંચશે તો ભારતમાં વધુ 10.4 કરોડ લોકો ગરીબ થઈ જશે.

**માપદંડ :**

- ✓ યુએનયુનું આકલન વિશ્વબેન્ક દ્વારા નક્કી ગરીબીના માપદંડોના આધારે કરાયું.
- ✓ અભ્યાસ મુજબ વિશ્વ બેન્કના માપદંડો અનુસાર ભારતમાં હાલ આશરે 81.2 કરોડ લોકો ગરીબી રેખા નીચે છે. આ દેશની કુલ વસતીના 60 ટકા જેટલા છે.
- ✓ મહામારી અને લૉકડાઉન વધવાથી દેશની આર્થિક સ્થિતિ પર વિપરીત અસર થશે અને ગરીબોની આ સંખ્યા વધીને 91.5 કરોડ થઈ જશે જે કુલ વસતીના 68 ટકા થઈ જશે.
- ✓ જો આ અનુમાન સાચું ઠરશે તો દેશ 10 વર્ષ પાછળ ધકેલાઈ જશે.

**ગરીબીના માપદંડ**

- ✓ વિશ્વ બેન્કના નક્કી માપદંડો મુજબ ભારતમાં 3.2 ડૉલર પ્રતિ દિવસ (243 રૂપિયા દરરોજ) થી ઓછા કમાનારા લોકો ગરીબી રેખા નીચે છે.
- ✓ જો ગરીબ દેશો માટે નક્કી ગરીબીના માપદંડ 1.9 ડૉલર પ્રતિદિવસ આવક (આશરે 145 રૂપિયા) માનીએ તો ભારતમાં કોરોના સંકટના કારણે 15 લાખથી 7.6 કરોડ લોકો અતિ ગરીબની કેટેગરીમાં સામેલ થઈ જશે.

૭. ગૌરવ : કોરોના સામે ભારતે કરેલી વૈશ્વિક મદદ

- ✓ વિશ્વ કોરોના મહામારી સામે લડી રહ્યું છે ત્યારે ભારતે અનેક દેશોમાં હાઇડ્રોક્લોરોક્વીન દવાની કરેલી મદદ બદલ સ્વિટ્ઝરલેન્ડે પહાડી પર ભારતના તિરંગા સાથે ભારતનો આભાર વ્યક્ત કર્યો.
- ✓ કોવિડ 19 વિરુદ્ધ લડતમાં તમામ ભારતીયો માટે એકતા દર્શાવવા માટે સ્વીટ્ઝરલેન્ડના મેટરહોર્ન પર્વત, ઝેરમેટ, પર 1000 મીટરથી વધુ કદનો ભારતીય ત્રિરંગો તમે જોઈ શકો છો.

૮. દિન વિશેષ : ૧૮મી એપ્રિલ

**વર્લ્ડ હેરિટેજ ડે (વિશ્વ વારસો દિવસ)**

**થીમ-૨૦૨૦ : "Shared Cultures, Shared Heritage, Shared Responsibility"**

- ✓ ભારતની એકમાત્ર હેરિટેજ સિટી- અમદાવાદ.
- ✓ દર વર્ષે ૧૮મી એપ્રિલના રોજ યુ.એન.ની સંસ્થા યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ ડે એટલે કે વિશ્વ વારસો દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ દુનિયાના કોઇપણ ખુણામાં માનવજાતની સહિયારી વિરાસતની જાળવણી અને સુરક્ષા માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે વિશેષ રૂપે વર્લ્ડ હેરિટેજ ડે ની ઉજવણી કરવામાં આવે છે

✓ યુનેસ્કો દ્વારા દુનિયામાં સાંસ્કૃતિક અથવા ભૌતિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવતા સ્થાનોને વર્લ્ડ હેરીટેજ સાઇટ્સ તરીકે જાહેર કરવામાં આવે છે.

ફાયદો-

✓ કોઇપણ સ્થળને હેરીટેજ સાઇટ્સ તરીકે જાહેર કરવાથી તેની જાળવણી માટે સ્થાનિક સરકાર દ્વારા અને યુનેસ્કો દ્વારા વિશેષ ખ્યાલ રાખવામા આવે છે.

૯. જન્મ દિન વિશેષ : ૧૮ એપ્રિલ

મહર્ષિ : ધોન્ડું કેશવ કર્વે

જન્મ – ૧૮ એપ્રિલ-૧૮૫૮ : અવસાન – ૧૯૬૪

✓ આજે ધોંડું કેશવ કર્વે, ગાંધીવાદી કર્મશીલ રામલાલ પરીખ, અભિનેત્રી લલિતા પવાર અને અર્થશાસ્ત્રી ડેવિડ રિકાર્ડોનો જન્મદિન.

✓ મહર્ષિ કર્વેનું પૈતૃક ગામ મહારાષ્ટ્રના કોંકણ દરિયાકાંઠાનું મરૂડ પણ જન્મ મોસાળ શેરવલીમાં થયો હતો.

✓ તેમની પહેલાંના ત્રણ ભાઈઓ નાનપણમાં જ મૃત્યુ પામતા માતા બાળક ધોંડુના સ્વાથ્ય વિશે સતત ચિંતિત રહેતા હતાં પણ ચિંતિત માને કયાં ખબર હતી કે પુત્ર 104 વર્ષ જીવશે અને ઇતિહાસમાં નામ અંકિત કરશે.

✓ મુંબઈ ભણવા ગયા ત્યાં ખર્ચ કાઢવા ટયુશન કરતાં પણ તેમાંથી 1 રૂપિયો ધર્માદામાં આપતા.

✓ નાની મોટી નોકરી કરતાં પુનાની ફર્ગ્યુશન કોલેજમાં ગણિતના પ્રોફેસર બન્યા.

✓ સમાજ સુધારા માટે પોતાનાથી દાખલા ઊભા કરવા જોઈએ તે ન્યાયે પત્ની અને બહેનને વેકેશનમાં ભણાવતા.

✓ તેમનો સૌથી મોટો દાખલો તે 11 માર્ચ 1893એ આનંદીબાઈ સાથે કરેલાં વિધવાલગ્ન.

✓ આ પુનઃ લગ્ન પશ્ચિમ ભારતમાં રૂઢિચુસ્ત માનસમાં હાહાકાર મચાવી દીધો.

✓ તેમના કામનું માનદ પીએચડી, ડી. લિટ, પદ્મવિભૂષણ અને ભારતરત્નથી સન્માન થયું છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૪-૨૦૨૦)

1. અન્ન સુરક્ષા ધારા હેઠળ ગુજરાત સરકાર રાજ્યના 66 લાખ બીપીએલ કાર્ડ ધારકોના બેંક ખાતામાં કેટલી રકમ જમા કરાવશે- રૂ.1000/-
2. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ કેન્દ્ર સરકાર એપ્રિલ, મે અને જૂન-2020 એમ ત્રણ મહિના માટે કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તેના માસિક વેતનના કેટલા ટકા રકમ જમા કરાવશે - 24%
3. એપ્રિલ 2020માં ભારત સરકારે તકવાદી અધિગ્રહણ પર નિયંત્રણ રોકવા માટે વર્તમાન એફડીઆઇના નિયમોમાં કયા મહત્વના ફેરફાર કર્યા - **જે દેશોની સરહદ ભારત સાથે સંકળાયેલી હશે તેવા દેશોના રોકાણકારો ભારત સરકારની મંજૂરી વિના ભારત સરકારની મંજૂરી વિના રોકાણ કરી શકશે નહીં.**
4. FDIનું વિસ્તૃત નામ જણાવો - **ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ**
5. ભારતમાં કોરોનાના ટેસ્ટ માટે વૈજ્ઞાનિકો દ્વારા શોધાયેલ પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપને કયું નામ આપવામાં આવ્યું છે - **Feluda**
6. મિનીટોમાં કોરોના વાયરસ ટેસ્ટનું પરિણામ આપતી પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપ-"Feluda" કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાઈ છે - **IGIB**
7. "Feluda" તૈયાર કરનાર IGIB સંસ્થાનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્સ્ટિટયૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઇન્ટિગેટિવ બાયોલોજી**
8. મિનીટોમાં કોરોના વાયરસ ટેસ્ટનું પરિણામ આપતી પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપ-"Feluda" દ્વારા ટેસ્ટ કરાવવાનો અંદાજીત ખર્ચ કેટલો થાય છે - રૂ.500/-
9. મિનીટોમાં કોરોના વાયરસ ટેસ્ટનું પરિણામ આપતી પેપર બેઝડ ટેસ્ટ સ્ટ્રિપ-"Feluda" કઈ ટેકનોલોજી આધારે તૈયાર કરવામાં આવી છે - **CRISPR**
10. "Feluda" કીટનો અર્થ જણાવો-**ભારતના મહાન ફિલ્મ નિર્માતા સત્યજીત રેના"કાલ્પનિક જાસૂસ"નું નામ**
11. ભારતમાં સૌપ્રથમ કોરોના દરદી ઉપર સામે "પ્લાઝમા થેરાપી"થીસારવાર કઈ હોસ્પિટલમાં શરૂ કરાઈ - **સરદાર વલ્લભભાઈ પટેલ(SVP), અમદાવાદ**
12. કેન્દ્ર સરકારની કઈ સંસ્થા દ્વારા સમગ્ર દેશમાં સૌપ્રથમ ગુજરાતમાં કોરોનાના દર્દીઓ ઉપર પ્લાઝમા થેરાપીથી સારવારની મંજૂરી અપાઈ - **ICMR**
13. કોરોના વાયરસથી મુક્ત અમદાવાદની કઈ દીકરીએ દેશની પ્રથમ પ્લાઝમા ડોનર તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું - **સ્મૃતિ ઠક્કર**
14. યુનાઇટેડ નેશન્સ યુનિવર્સિટીના એપ્રિલ 2020ના અહેવાલ મુજબ કોરોનાની સ્થિતિના કારણે ભારતમાં વધુ કેટલા લોકો ગરીબીમાં ધકેલાશે છે - **10.4 કરોડ**

15. વિશ્વ બેન્કના માપદંડ અનુસાર ભારતમાં હાલ એપ્રિલ-2020ની સ્થિતિએ આશરે કેટલા લોકો ગરીબી રેખા નીચે જીવે છે - **81.2 કરોડ**
16. વિશ્વ બેંક દ્વારા નક્કી કરેલા માપદંડ મુજબ ભારતમાં પ્રતિ દિવસ કેટલા ડોલર-રૂપિયાથી ઓછા કમાનાર લોકોને ગરીબી રેખા નીચે ગણવામાં આવે છે - 3.2$ અથવા રૂ.243/-
17. વિશ્વ બેંક દ્વારા ગરીબ દેશો માટે ગરીબીના માપદંડ પ્રમાણે પ્રતિ દિવસ કેટલી આવક નક્કી કરવામાં આવી છે - **1.9$ અથવા રૂ.145/-**
18. ભારત દ્વારા કોરોના સંકટ સામે વિશ્વના દેશોની કરેલી દવાની મદદ બદલ આભાર માટે કયા દેશ દ્વારા મેટરહોર્ને અને ઝેરમટ પર્વત ઉપર 1000 મીટરનો ડિજિટલ તિરંગો લહેરાવ્યો હતો - **સ્વિટ્ઝર્લેન્ડ**
19. વર્લ્ડ હેરિટેજ ડે ક્યારે ઉજવવામાં આવે છે- **18 એપ્રિલ**
20. વર્લ્ડ હેરિટેજ ડે-2020ની થીમ જણાવો - **"શેરડ કલ્ચર, શેરડ હેરિટેજ, શેરડ રિસ્પોન્સિબિલિટી"**
21. ભારતની એકમાત્ર હેરિટેજ સિટી જણાવો - **અમદાવાદ**
22. ભારતરત્ન, મહર્ષિ ધોન્ડું કેશવ કર્વેનો જન્મદિવસ જણાવો - **18.04.1858**
23. ભારતરત્ન, મહર્ષિ ધોન્ડું કેશવ કર્વેનો જન્મ કયાં રાજ્યમાં થયો હતો - **કાંકણ, મહારાષ્ટ્ર**

DATE : 19-04-2020

**૧. કોરોના વાયરસ : ગુજરાતમાં કોરોનાના દૈનિક RTPCR ટેસ્ટમાં 10 ટકા પોઝિટિવ કેસ શરૂ (આરોગ્ય)**

**શું છે RTPCR અને એન્ટિબોડીઝ રેપિડ ટેસ્ટ**

✓ ગુજરાતમાં તા.૧૯મી માર્ચે સવારે વીતેલા ૨૪ કલાકમાં રિવર્સ ટ્રાન્સક્રિપ્શન પોલિમરેઝ ચેઇન રિએક્શન-RTPCRના ૩૫૯૮ ટેસ્ટ પૈકી ૩૫૨ પોઝિટિવ અને તા.૧૯મી માર્ચે સાંજે ૩૦૦૨ પૈકી ૩૬૭ પોઝિટિવ રિપોર્ટ મળ્યાનું કહ્યું હતું.

✓ અત્યાર સુધી માંડ પાંચ ટકા પોઝિટિવ રિપોર્ટ મળતા હતા. છેલ્લે ૩૬-૪૮ કલાકથી હવે આ રેશિયો વધીને ૧૦ ટકાએ પહોંચી રહ્યો છે.

**એન્ટિબૉડી રેપિડ ટેસ્ટ**

✓ હવે જ્યારે લોહીના નમૂના આધારિત એન્ટિબૉડી રેપિડ ટેસ્ટની ડ્રાઇવ શરૂ થશે ત્યારે પોઝિટિવ કેસોની સંખ્યા આશ્ચર્યજનક રીતે વધે તો નવાઈ નહીં.

**એ – સિમટોમ્સ**

✓ હોટસ્પોટ એરિયામાં હવે મોટાભાગે પોઝિટિવ દર્દીઓમાં તાવ, ઉધરસ કે કોવિડ-૧૯ના કોઈ લક્ષણો હોતાં નથી.

✓ મેડિકલની પરિભાષામાં એ - સિમટોમ્સના દર્દીઓ જેટલા વહેલા મળે એટલી ત્વરાથી આ ચેપનું સંક્રમણ વધતું અટકાવી શકાશે.

**શું છે સુપર સ્પ્રેડર**

✓ હોટસ્પોટ એરિયામાં હવે સુપર સ્પેડર કેટેગરીથી ચેપ વધુ ન ફેલાય તેના માટે પણ ખાસ ટેસ્ટ ડ્રાઈવ શરૂ કરવામાં આવી.

✓ એક કોરાનાગ્રસ્ત વ્યક્તિ એકથી વધુ જગ્યાએ ફરીને ચેપ ફેલાવે ઉદાહરણ તરીકે શાકભાજી વેચતા ભાઈ અથવા બહેનને કોરોના સંક્રમણ થયુ હોય પણ તેને જાણ ન હોય અને અને અનેક વિસ્તારમાં ફરીને ચેપ ફેલાવે

**૨. સફળતા : COVID-19ને પરાસ્ત કરનાર ગોવા દેશનું પ્રથમ રાજય : કુલ-૭ દરદીને રજા અપાઈ**

✓ જાહેરાત : ગોવામાં કોરોના સંક્રમીત કુલ સાત કેસ હતા.

✓ ગોવાના મુખ્યમંત્રી - પ્રમોદ સાવંત

✓ રાજધાની - પણજી

**3. RBI : RBI દ્વારા રૂ. ૨૦નો નવીન સિક્કો તૈયાર કરાયો (આર્થિક)**

**સિક્કાની વિશેષતા**

✓ સિક્કાનું વજન 8.54 ગ્રામ છે. તેમાં 12 ખૂણા હશે. સિક્કાનો બહારનો વ્યાસ 27 મિમી હશે.

✓ સિક્કાના મુખ્ય ભાગમાં કૃષિ પ્રધાન દેશ બતાવવા અનાજ દર્શાવવામાં આવ્યું છે.

✓ દેશની 4 ટંકશાળ- મુંબઈ, કોલકાત્તા, નોઈડા અને હૈદરાબાદમાં આ સિક્કો બનાવીને તૈયાર રખાયો છે.

**૪. સાંસ્કૃતિક વારસો : કેન્દ્રના સાંસ્કૃતિક મંત્રાલયે ૧૦૧ કલાઓની યાદી જાહેર કરાઈ**

✓ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા વિશ્વ વારસા દિન-૧૮ એપ્રિલે નેશનલ લિસ્ટ ઓફ ધ ઇન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ ઓફ ઇન્ડિયાની 101ની યાદી જાહેર કરાઈ.

- ✓ જેમાં મૌખિક પરંપરાઓ, લોકગીત, નૃત્ય, શિલ્પ, હસ્તકલા સહિત 101 કલાઓની આ યાદીમાં <u>ગુજરાતમાંથી પાટણનું પટોળું, સંખેડાનું લાકડાનું કામ તેમજ રાઠવાની ઘેરનો સમાવેશ કરાયો છે.</u>
- ✓ ભારતની આ પ્રાચીન ધરોહરની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લોકોને જાણકારી મળે તેમજ નવી પેઢી સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે યુનેસ્કોની જેમ તેની સુરક્ષા માટેનું આયોજન પણ સુનિશ્ચિત કરવામાં આવશે. આ પહેલ સંસ્કૃતિ મંત્રાલયના વિઝન-2024 અંતર્ગત કરાઈ છે.

**<u>આ યાદીમાં ગુજરાતમાંથી ત્રણ કલાઓનો સમાવેશ</u>**

**<u>(૧) પાટણનું પટોળું: હાથશાળથી બનતી સાડી</u>**

- ✓ વર્લ્ડ હેરિટેજ સાઇટ રાણકી વાવથી જાણીતું પાટણ પટોળાની હસ્તકલાથી પણ વિશ્વભરમાં મશહૂર છે.
- ✓ હાલમાં આ હસ્તકલાને માત્ર ચાર સાલવી પરિવારો જીવંત રાખી રહ્યા છે. પટોળું તૈયાર કરવામાં લાંબો સમય અને ઊંચું રોકાણ જરૂરી છે.
- ✓ પટોળા માટે કહેવત છે કે, ફાટી જાય પરંતુ તેની ડિઝાઇન એવી જ રહે છે તેની કિંમત એક લાખથી વધુની અંકાય છે.

**<u>(૨) રાઠવાનું ઘેર : આદિવાસી લોકનૃત્ય</u>**

- ✓ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, કવાંટ અને પાવીજેતપુર તેમજ પંચમહાલના જાંબુઘોડા, નારુકોટ અને ઘોઘંબા તાલુકામાં વસતા આદિવાસી રાઠવા સમાજમાં પ્રચલિત નૃત્ય રાઠવાની ઘેરનો યાદીમાં પરફોર્મિંગ આર્ટસ વિભાગમાં સમાવેશ કરાયો છે.
- ✓ રંગોના તહેવાર હોળી સમય ઊજવાતો ક્વાંટનો મેળો તેમની આગવી ઓળખ છે.

**<u>(3) સંખેડાનું લાકડાનું કામ : લાકડાનું ફર્નિચર</u>**

- ✓ વડોદરા જિલ્લાના નાનકડા સંખેડા ગામમાં રહેતા 80થી 100 જેટલા પરિવારો દ્વારા સાગના લાકડામાંથી તૈયાર કરાતું ફર્નિચર આજે વિશ્વભરમાં નિકાસ થાય છે.
- ✓ અહીંના ઝુલા, દાંડિયા, પારણાં, સોફાસેટ, ડ્રેસિંગ ટેબલ, ઝુલણ ખુરશી, કાષ્ટચિન્હો, કુલદાની, રમકડાં વગેરેની જુદી જુદી ભાત, આકાર અને પેઈન્ટિંગ આગવી ઓળખ ઊભી કરે છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૪-૨૦૨૦)</u>

1. કોરોનાની તપાસ માટેના RTPCRનું વિસ્તૃત નામ જણાવો - **<u>રિવર્સ ટ્રાન્સક્રિપ્શન પોલિમરેઝ ચેઈન રિએક્શન</u>**
2. કોરોના વાયરસમાં લોહીના નમૂના આધારિત ટેસ્ટ કરવામાં આવે છે તેને કયા નામે ઓળખવામાં આવે છે - **<u>એન્ટિબૉડી રેપિડ ટેસ્ટ</u>**
3. હોટસ્પોટ એરિયામાં મોટેભાગે પોઝિટિવ દર્દીઓમાં હવે તાવ, ઉધરસ કે કોરોનાના કોઇ લક્ષણો હોતા નથી તેને મેડિકલની પરિભાષામાં શું કહેવામાં આવે છે - **<u>એ સિમટોમ્સ</u>**
4. કોઈ એક કોરોનાગ્રસ્ત વ્યક્તિ એકથી વધુ વિસ્તારમાં ફરીને અનેક વ્યક્તિને ચેપ ફેલાવે છે તેને કયા નામે ઓળખવામાં આવે છે - **<u>સુપર સ્પ્રેડર</u>**
5. એપ્રિલ 2020માં જ COVID-19ને પરાસ્ત કરનાર દેશનું પ્રથમ રાજ્ય જણાવો- **<u>ગોવા</u>**
6. ગોવાના વર્તમાન CMનું નામ જણાવો - **<u>પ્રમોદ સાવંત</u>**
7. આરબીઆઈ દ્વારા તાજેતરમાં કેટલા રૂપિયાનો નવો સિક્કો તૈયાર કરાયો છે - રૂ. 20/-
8. આરબીઆઈ દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલ રૂ.20/-ના નવા સિક્કામાં કેટલા ખૂણા રાખવામાં આવ્યા છે - **<u>12(વજન- 8.54 ગ્રામ)</u>**
9. આરબીઆઈ દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલ રૂ.20/-ના નવા સિક્કાના મુખ્ય ભાગમાં કોનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે - **<u>અનાજ( કૃષિ પ્રધાન દેશની ઓળખ)</u>**
10. આરબીઆઈ દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલ રૂ.20/-ના નવા સિક્કામાં કઈ કઈ ટંકશાળામાં તૈયાર કરવામાં આવ્યા છે - **<u>મુંબઈ, કોલકત્તા, નોઈડા અને હૈદરાબાદ</u>**
11. વિશ્વ વારસા દિવસ-18 એપ્રિલ-2020ના રોજ ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા કેટલી કલાઓની યાદી જાહેર કરી - **<u>101</u>**
12. ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ 101 કલાઓની યાદીમાં ગુજરાતની કઈ કઈ કલાઓનો સમાવેશ કરાયો છે - **<u>1). પાટણનું પટોળું 2).સંખેડાનું લાકડાનું કામ- ફર્નિચર 3).રાઠવાનું ઘેર - આદિવાસી લોકનૃત્ય</u>**

**DATE : 20-04-2020**

**૧. મણિપુર : મણિપુર દેશનું ત્રીજું કોરોના મુક્ત રાજ્ય**

- ✓ છેલ્લે કુલ-૦૨ કોરોનાગ્રસ્ત લોકો સાજા થતાં તેમને રજા અપાઈ
- ✓ મુખ્યમંત્રી મણિપુર – શ્રી બિરેનસિંહ
- ✓ કોરોના મુક્ત પ્રથમ રાજ્ય ગોવા અને બીજુ અરુણાચલપ્રદેશ

**૨. નિધન : ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પિતા આનંદસિંહ બિષ્ટનું ૮૯ વર્ષે AIIMS-દિલ્હી ખાતે અવસાન**

**સ્વ. આનંદસિંહ બિષ્ટનો પરિચય**

- ✓ જન્મ–પંચૂર,ગઢવાલ(ઉત્તરાખંડ)વન વિભાગમાં રેન્જર હતા
- ✓ વર્ષ-૧૯૯૧માં નિવૃત્ત

**૩. નિધન : ટૉમ એન્ડ જેરી કાર્ટૂન પાત્રોના સર્જક જિન ડાઈચનું ૯૫ વર્ષે નિધન**

- ✓ એવોર્ડ – વર્ષ-૧૯૬૭માં કાર્ટૂન ફિલ્મ – "મુનેરો" માટે ઑસ્કાર એવૉર્ડ મળ્યો હતો
- ✓ વર્ષ-૧૯૪૪ સુધી ઉત્તર એમેરિકાની વાયુ સેનામાં કાર્યરત
- ✓ નિધન – તા.૧૬-૦૪-૨૦૨૦
- ✓ સ્થાન– પ્રાગ (ઝેક રિપબ્લિકની રાજધાની)
- ✓ "ટૉમ એન્ડ જેરી" બે પ્રાણીઓ બિલાડી અને ઉંદરની જોડી

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૪-૨૦૨૦)**

1. કોરોના મુક્ત દેશનું બીજું અને ત્રીજું રાજ્ય જણાવો - **અરૂણાચલપ્રદેશ અને મણિપુર**
2. મણિપુરના વર્તમાન CMનું નામ જણાવો-**શ્રી બિરેનસિંહ**
3. તાજેતરમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથના પિતાશ્રીનું 89 વર્ષની વયે કયાં અવસાન થયું- **AIIMS - નવી દિલ્હી**
4. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથના પિતાશ્રીનું નામ જણાવો- **આનંદ સિંહ બિષ્ટ**
5. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથના પિતાશ્રીનો જન્મ કયાં થયો હતો- **પંચૂર, ગઢવાલ (ઉત્તરાખંડ)**
6. વિશ્વ પ્રસિદ્ધ કાર્ટૂન સર્જકનું નામ જણાવો જેમનું એપ્રિલ 2020માં અવસાન થયું- **જિન ડાઈચ**
7. "ટોમ એન્ડ જેરી" કાર્ટૂન પાત્રોના સર્જકનું નામ જણાવો - **જિન ડાઈચ**
8. વિશ્વ પ્રસિદ્ધ કાર્ટૂન સર્જેક જિન ડાઈચની કઈ કાર્ટૂન ફિલ્મને ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો- **મુનેરો**
9. વિશ્વ પ્રસિદ્ધ કાર્ટૂન સર્જેક જિન ડાઈચનું તાજેતરમાં કયાં અવસાન થયું- **પ્રાગ(ઝેક રિપબ્લિક)**
10. વિશ્વ પ્રસિદ્ધ કાર્ટૂન સર્જેક જિન ડાઈચ અગાઉ કયાં ક્ષેત્રે કાર્યેરત હતા- **સેના, ઉત્તરી અમેરિકા**
11. "ટોમ એન્ડ જેરી" કયા બે પ્રાણીઓની જોડી છે- **બિલાડી અને ઉંદર**

## DATE : 21-04-2020

**૧. નવીન પહેલ : દેશમાં પ્રથમવાર SVP હોસ્પિટલ અમદાવાદમાં કોરોનાના બે દર્દીની પ્લાઝમા થેરાપીથી સારવાર શરૂ**

**SVP ખાતે દેશનું પ્રથમ પ્લાઝમા રિસર્ચ સેન્ટર શરૂ કરવા કેન્દ્ર સરકારની મંજૂરી પ્લાઝમા થેરાપીમાં શું કરવામાં આવશે**

- ✓ કોરોનાનો જે દર્દી સાજો થાય તેના શરીરમાં લોહીના પ્લાઝમામાં એન્ટિ બોડીઝ બન્યા હોય છે. જે કોરોનાના વાઈરસને મારી નાખે છે.
- ✓ થેરાપીમાં ડોનરના શરીરમાંથી બ્લડ લેવામાં આવ્યા બાદ તેમાંથી પ્લાઝમા છુટ્ટું પાડીને બાકીનું બ્લડ ડોનરને પાછું ચડાવી દેવામાં આવે છે.
- ✓ ડોનરના શરીરમાંથી ૪૦૦ થી ૫૦૦ એમ. એલ. પ્લાઝમા નીકળે છે. તેમાંથી એક પેશન્ટને એક વખત ૨૦૦ એમએલ પ્લાઝમા ચડાવવામાં આવે છે.

**ICMRનો પ્રોટોકલ શું છે**

- ✓ પ્લાઝમા થેરાપીથી કોરોનાના દર્દીની સારવાર ભારતમાં પહેલી વખત થઈ રહી છે. તેના કારણે કાઉન્સિલે કડક પ્રોટોકોલ રાખ્યા છે.
- ✓ જ્યાં પ્લાઝમા થેરાપીથી સારવાર થતી હોય તે સેન્ટરે રોજેરોજ દર્દીના હાર્ટ રેટ કેટલા હતા, શ્વાસોશ્વાસના રેટ કેટલા હતા, ઓક્સિજનની જરૂર પડી કે નહીં, જરૂર પડી તો કેટલી જરૂર પડી, ઘટી તો કેટલી ઘટી, દર્દીની હાલતમાં કેટલો સુધારો થયો, દર્દીની હાલત બગડી તો કેટલી બગડી તેનો ઝીણવટપૂર્વકનો રિપોર્ટ કાઉન્સિલને મોકલવો પડશે.
- ✓ એક વખત પ્લાઝમા આપ્યા પછી તેનો ડેટા જોયા બાદ કાઉન્સિલ હા કહે તો જ દર્દીને બીજા વખત પ્લાઝમા ચડાવવાનું રહેશે.

૨.સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૦ : ત્રીજા તબક્કાનો પ્રારંભ : ગુજરાત સરકાર (જળ વ્યવસ્થાપન)




✓ **સમયગાળો: 20 એપ્રિલ 2020 થી 10 જૂન 2020 સુધી**

**પ્રથમ પ્રારંભ :**

✓ રાજ્યમાં સૌપ્રથમ પ્રારંભ મે-2018 ભરૂચના કોસમડી ગામેથી થયો હતો

✓ **લક્ષ્યાંક:** રૂ. 414 કરોડના ખર્ચે 14,694 જળ સંચયના કામ હાથ ધરાશે

✓ ફાળો : રાજય સરકાર 60 ટકા અને લોકફાળો 40 ટકા

૩. પસંદગી/નિમણૂક : પૂર્વ ક્રિકેટર ડેવ વોટમેરની BCAના નવા ડાયરેક્ટર ઓફ ક્રિકેટ-કોચ તરીકે પસંદગી

✓ કરાર – બે વર્ષ માટે          મૂળ વતન – ઓસ્ટ્રેલિયા

✓ કારકિર્દી – શ્રીલંકાને ૧૯૯૬માં વર્લ્ડ ચેમ્પિયન બનાવનાર કોચ

✓ વર્ષ ૨૦૧૮-૧૯માં કેરળ ટીમના કોચ તરીકે

૪. ઓડિશા સરકાર : કોરોના સામે લડતા ફ્રન્ટ વૉરિયર્સને શહીદનો દરજ્જો

**અન્ય લાભો :**

✓ સ્વાસ્થ્યકર્મીઓને રૂ. ૫૦ લાખનો વીમો

✓ આ કર્મીઓના પરિવારજનોને નિવૃત્તિની તારીખ સુધી પૂરો પગાર અપાશે

✓ મુખ્યમંત્રી – નવીન પટનાયક   રાજધાની – ભુવનેશ્વર

૫. દિન વિશેષ : ૨૧ એપ્રિલ

સિવિલ સર્વિસ ડે–નાગરિક સેવા દિવસ

✓ દર વર્ષે 21મી એપ્રિલને સિવિલ સર્વિસ ડે તરીકે ઉજવવામાં આવે છે જેથી દેશના સિવિલ સર્વન્ટસનું કામ સામાન્ય લોકો માટે કેટલું મહત્વનું છે તેની યાદ અપાવવા માટે આ દિવસ ઉજવાઈ છે.

✓ સિવિલ સર્વિસ ડે નિમિતે અધિકારીઓને તેની ક્ષમતા વધારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

✓ 21 એપ્રિલના દિવસે 1947માં સરદાર વલ્લભભાઈ પટેલે ઓલ ઇન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કૂલની પહેલી બેચના પ્રોબેશ્નર્સને સૌપ્રથમવાર દિલ્હીના મેટકાફ હાઉસમાં સંબોધિત કર્યા હતા

✓ આ દિવસના અવસર પર સાર્વજનિક પ્રશાસનમાં પ્રધાનમંત્રી ઉત્કૃષ્ટતા એવોર્ડ ૩ શ્રેણીમાં પ્રદાન કરવામાં આવે છે.

✓ આ એવોર્ડની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્રીય તથા રાજ્ય સરકારમાં સિવિલ સર્વન્ટ દ્વારા આપવામાં આવેલા બહેતરીન કાર્યને સન્માનિત કરવાનું છે.

**ભારતની મુખ્ય સિવીલ સર્વીસ**

✓ IAS : ભારતીય વહીવટી સેવા

✓ IPS : ભારતીય પોલીસ સેવા

✓ IFS - ભારતીય વિદેશ સેવા

✓ IFS : ભારતીય વન સેવા

૬. જન્મ દિન વિશેષ : ૨૧ એપ્રિલ

પ્રથમ નવલકથાકાર : નંદશંકર મહેતા

જન્મ – ૨૧ એપ્રિલ-૧૮૩૫     અવસાન – ૧૭ જુલાઈ-૧૯૦૫

✓ ગુજરાતી ભાષામાં પહેલી નવલકથા લખનાર તરીકે પસિદ્ધ થયેલા નંદશંકર તુલજાશંકર મહેતાનો આજે જન્મદિવસ છે.

✓ સુરતમાં જન્મેલા નંદશંકર સુરતની શાળામાં અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હતા.1855 માં લગ્ન પછી પોતે જે સ્કૂલમાં ભણ્યા હતા ત્યાં જ આસિ. શિક્ષક બન્યા.

✓ 1858માં સમગ્ર ભારતમાં પહેલા હેડ માસ્તર બન્યા. તરત જ સુરતની ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં પ્રિન્સિપાલ થયા.

✓ મૂળ શિક્ષણના જીવ એવા નંદશંકર થિયોડર હોપ નામના બ્રિટિશ અધિકારીના કહેવાથી મહેસૂલ વિભાગમાં જોડાયા. તે દરમિયાન અંકલેશ્વરમાં મામલતદાર, કચ્છ અને લુણાવાડામાં દીવાન અને ગોધરામાં આસિ.પોલિટિકલ એજન્ટ તરીકે રહ્યા હતા.

✓ તેમની આ સેવાઓ બદલ તેમને “રાવ બહાદુર”નો માનવંતો ખિતાબ પણ મળ્યો હતો.

- ✓ ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે તેમનું યોગદાન ગુજરાતી ભાષાની પહેલી નવલકથા કરણ ઘેલો અને આર.જી.ભાંડારકરના સંસ્કૃત માર્ગોપદેશિકાના અનુવાદ અને સામયિકોમાં લેખો પૂરતું સીમિત છે.
- ✓ તેઓ સ્ત્રી શિક્ષણ, વિધવા પુનઃલગ્ન, પરદેશ ગમનના સમર્થક અને જ્ઞાતિ બહિષ્કારના વિરોધી હતા.
- ✓ માનવધર્મસભા અને બુદ્ધિવર્ધક સભાના નંદશંકર સક્રિય સભ્ય હતા.
- ✓ સાહિત્યકાર, સંશોધક અને સમાજ સુધારક નંદશંકર મહેતાનું 17 જુલાઈ 1905ના રોજ અવસાન થયું હતું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૪-૨૦૨૦)

1. ભારતમાં સૌપ્રથમ કોરોનાના બે દરદી ઉપર પ્લાઝમા થેરાપી દ્વારા સારવારનો પ્રારંભ કઈ હોસ્પિટલમાં થયો- **SVP- અમદાવાદ**
2. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં સૌપ્રથમ "પ્લાઝમા રિસર્ચ સેન્ટર" શરૂ કરવાની મંજૂરી કઈ હોસ્પિટલની અપાઇ- **SVP- અમદાવાદ**
3. ભારતમાં "નાગરિક સેવા દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે- **21 એપ્રિલ**
4. ભારતની મુખ્ય નાગરિક સેવાના નામ જણાવો – **IAS, IPS, IFS**
5. ભારતની મુખ્ય નાગરિક સેવાના સંદર્ભમાં IASનું વિસ્તૃત નામ જણાવો - **ભારતીય વહીવટી સેવા**
6. ભારતની મુખ્ય નાગરિક સેવાના સંદર્ભમાં IPSનું વિસ્તૃત નામ જણાવો - **ભારતીય પોલીસ સેવા**
7. ભારતની મુખ્ય નાગરિક સેવાના સંદર્ભમાં IFSનું વિસ્તૃત નામ જણાવો - **ભારતીય વિદેશ સેવા અને ભારતીય વન સેવા**
8. ગુજરાતમાં "સુજલામ સુફલામ જળ અભિયાન"નો 20 એપ્રિલથી કયા તબક્કાનો પ્રારંભ થયો - **ત્રીજા**
9. ગુજરાતમાં "સુજલામ સુફલામ જળ અભિયાન"નો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે થયો હતો - **વર્ષ 2018**
10. ગુજરાતમાં "સુજલામ સુફલામ જળ અભિયાન"નો સૌપ્રથમ પ્રારંભ કયા સ્થળેથી કોના હસ્તે કરવામાં આવ્યો હતો – **ભરૂચ જિલ્લાના કોસમડી ગામેથી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
11. સુજલામ સુફલામ જળ અભિયાન-2020 ત્રીજા તબક્કાનો સમયગાળો દર્શાવો - **તા. 20.04.2020થી 10.06.2020**
12. સુજલામ સુફલામ જળ અભિયાન-2020માં ત્રીજા તબક્કામાં કેટલા કરોડનો ખર્ચ કરાશે - **રૂ. 414 કરોડ**
13. "સુજલામ સુફલામ જળ અભિયાન-2020"માં ત્રીજા તબક્કામાં જળસંચયના અંદાજે કેટલાક કામો કરવામાં આવશે - **14,694**
14. BCAના નવા કોચ તરીકે કોની પસંદગી કરવામાં આવી - **પૂર્વ ક્રિકેટર ડેવ વોટમોર**
15. ડેવ વોટમોર કયા દેશના વતની છે - **ઓસ્ટ્રેલિયા**
16. BCAના નવા કોચ તરીકે પૂર્વ ક્રિકેટર ડેવ વોટમોરની કેટલા વર્ષ માટે પસંદગી કરવામાં આવી- **બે વર્ષ**
17. ક્રિકેટ સંદર્ભમાં BCAનું વિસ્તૃત નામ જણાવો - **બરોડા ક્રિકેટ એસોસિયેશન**
18. ગુજરાતમાં કયા કયા ક્રિકેટ એસોસિએશન આવેલા છે - **ગુજરાત ક્રિકેટ એસોસિયેશન-અમદાવાદ, બરોડા ક્રિકેટ એસોસિયેશન-વડોદરા અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન - રાજકોટ**
19. કોરોના સામે લડતા ફ્રન્ટ વોરિયર્સના અવસાન કિસ્સામાં દેશમાં સૌપ્રથમવાર કઈ રાજ્ય સરકાર દ્વારા શહીદનો દરજ્જો આપવાની જાહેરાત કરાઈ - **ઓડિશા**
20. કોરોના સામે લડતા ફ્રન્ટ વોરિયર્સના અવસાન કિસ્સામાં દેશમાં સૌપ્રથમવાર કઈ રાજ્ય સરકાર દ્વારા તેમની નિવૃત્તિ સુધી પરિવારને પૂરો પગાર અને રૂ.50 લાખ આપવાની જાહેરાત કરાઇ છે - **ઓડિશા**
21. ઓડિશાના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **નવીન પટનાયક**
22. પ્રથમ ગુજરાતી નવલકથાકારનું નામ જણાવો - **નંદશંકર મહેતા**
23. નંદશંકર મહેતાનો જન્મ દિવસ જણાવો- **21 એપ્રિલ 1835**
24. પ્રથમ ગુજરાતી નવલકથાકાર શ્રી નંદશંકર મહેતાનો જન્મ કયા શહેરમાં થયો હતો- **સુરત**
25. ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથાનું નામ જણાવો – **કરણઘેલો**
26. ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા કરણઘેલાની રચના કયારે કરવામાં આવી હતી – **વર્ષ-૧૯૬૬**

## DATE : 22-04-2020

૧. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના નિર્ણયો (વહીવટ)

(૧) 123 વર્ષ જુના એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં સુધારા : કેબિનેટ દ્વારા વટહુકમ જાહેર કરાયો

✓ દેશભરમાં કોરોના સામે ઝઝૂમી રહેલા આરોગ્ય કર્મીઓને સંરક્ષણ પુરૂં પાડવા માટે તાત્કાલિક અસરથી અમલ

ઓર્ડિનન્સ એટ એ ગ્લાન્સ :

૧. એપિડેમિક ડિસીઝ ઓર્ડિનન્સ

✓ સજાપાત્ર અને બિનજામીનપાત્ર અપરાધ

✓ ૩૦ દિવસમાં તપાસ પૂરી કરી લેવાશે

✓ ૧ વર્ષમાં ચુકાદો આપી દેવાશે

૨. કોને સંરક્ષણ

✓ ડોક્ટર, નર્સ પેરામેડિકલ કર્મી આશા વર્કર

૩. સામાન્ય પ્રકારનો હુમલો

✓ ૩ મહિનાથી પાંચ વર્ષની કેદ

✓ રૂપિયા ૫૦,૦૦૦થી રૂપિયા બે લાખ સુધીના દંડની જોગવાઈ

૪ ગંભીર ઈજા સાથેનો હુમલો

✓ ૬ મહિનાથી ૭ વર્ષ સુધીની કેદ

✓ રૂપિયા એક લાખથી રૂપિયા પાંચ લાખ સુધીનો દંડ

૫ સંપત્તિને નુકસાન

✓ માર્કેટ વેલ્યૂ કરતાં બમણી રકમ વળતર તરીકે ચૂકવવી પડશે

૨. કોરોના સામેની લડાઈમાં મદદરૂપ થવા રૂ. 15,000 કરોડના પેકેજને મંજૂરી




૩. આરોગ્ય કર્મીઓની પુરતી સુરક્ષા માટે જિલ્લા કક્ષાએ નોડલ અધિકારી નિયુક્ત કરવા રાજ્યોને કેન્દ્રનો આદેશ (સુરક્ષા)

✓ કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આરોગ્ય કર્મચારીઓને પૂરતી સુરક્ષા આપવા અને જિલ્લા સ્તરે ૨૪ કલાક માટે નોડલ અધિકારીઓ નિયુક્ત કરવા આદેશ આપ્યા છે.

✓ કોવિડ-૧૯ના કિસ્સાઓમાં પણ પૂરતી સુરક્ષા આપવામાં આવે. આરોગ્ય કર્મચારીની અંતિમ ક્રિયા અટકાવનારા સામે કડક પગલાં લેવામાં આવે.

✓ કેન્દ્રીય ગૃહ સચિવ - અજય ભલ્લા

૪. સંશોધન - નાસા : માર્સ ક્યુરિયોસિટી રોવર દ્વારા મંગળની માટીમાંથી 'થાયોફીન્સ' નામનું કાર્બોનિક મિશ્રણ શોધાયું (અવકાશ વિજ્ઞાન)

✓ મંગળની માટીમાંથી જીવન ધબકતું હોવાના પુરાવા મળી આવ્યા

✓ અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ રિસર્ચ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના માર્સ ક્યુરિયોસિટી રોવરે સૌર મંડળના લાલરંગી મંગળની માટીમાંથી કાર્બોનિક મિશ્રણ શોધી કાઢયું છે.

✓ કાર્બોનિક મિશ્રણ મળવું તેનો અર્થ એવો થયો કે મંગળની ધરતી પર કરોડો વર્ષ જીવન હતું અને હાલ પણ ત્યાં જીવન હોવું જોઈએ એવો નક્કર સંકેત.

✓ નાસાના વિજ્ઞાનીઓ જેકોબ હીન્જ અને ડર્ક શલ્જ માકુશે એવી માહિતી આપી હતી કે ક્યુરિયોસિટી રોવરે જે કાર્બોનિક મિશ્રણ શોધ્યું તેનું નામ થાયોફીન્સ(Thlophenes) છે.

✓ મંગળની લાલ ધરતી પર થાયોફીન્સ મળવું એનો અર્થ એવો થાય કે આ રાતાગ્રહ પર ભૂતકાળમાં જરૂર જીવન હશે અથવા તો હાલ પણ જીવન છે. આ બંને વિજ્ઞાનીઓનું સંશોધનપત્ર સાયન્સ જર્નલ એસ્ટ્ર બાયોલોજી પ્રસિદ્ધ થયું છે.

✓ આ સંશોધનપત્રમાંની વિગતો એમ કહે છે કે થાયોફીન્સ જેવું કાર્બોનિક મિશ્રણ બે પ્રકારે બને છે.

✓ (૧) જૈવિક એટલે કે મંગળગ્રહ પર જીવન સુક્ષ્મ સ્વરૂપમાં છે

✓ (૨) મંગળ પર જીવન અન્ય કોઈ ગ્રહ પરથી કે કોઈ ઉલ્કાપીંડ દ્વારા આવ્યું છે

✓ થાયોફીન્સની રાસાયણિક પ્રક્રિયા જોઈએ તો ૧૨૦ ડિગ્રી સેલ્સિયસ જેટલી ઉકળતી ગરમીમાં સલ્ફેટ રિડકશન દ્વારા પણ બની શકે છે, પરંતુ તેમાં કોઈ જૈવિક પ્રક્રિયા નહીં હોય.

✓ આ બંને વિજ્ઞાનીઓએ એવો મજબૂત સંકેત પણ આપ્યો છે કે આ થાયોફીન્સ મંગળ પર લગભગ ૩૦૦ કરોડ વર્ષ જૂનું હોવું જોઈએ.

✓ આટલા કરોડો વર્ષ પહેલાં મંગળ ગ્રહ પણ અતિ ઉકળતાં અને થોડો ભીનો પણ હતો. એટલે કે આટલા ગરમ તાપમાનમાં પણ મંગળ પર જીવનનું અસ્તિત્વ રહ્યું હશે.

- ✓ આજ પરિબળોને કારણે મંગળ પર સલ્ફેટ રિડક્શન થયું અને પરિણામે થાયોફીન્સનું સર્જન થયું.
- ✓ આમ છતાં હાલ મંગળ પર થાયોફીન્સ જૈવિક છે કે અજૈવિક તેનું સંશોધન થોડું કપરું છે.
- ✓ બીજી બાજુ ક્યુરિસિટી રોવરે એવો મજબૂત સંકેત આપ્યો છે કે મંગળની માટીમાંથી મળેલ થાયોફીન્સ જૈવિક છે.

## ૫. દિન વિશેષ : 22 એપ્રિલ :

## 50મો વર્લ્ડ અર્થ ડે (વિશ્વ પૃથ્વી દિવસ)

- ✓ થીમ 2020 : climate Action
- ✓ આજે દુનિયા 50મો અર્થ-ડે મનાવી રહી છે. ડેનિસ હેસ અર્થ ડે નેટવર્કના ચેરમેન છે.




- ✓ 22 એપ્રિલ, 1970ના રોજ પ્રથમ અર્થ-ડેનું આયોજન હેસ એ જ કર્યું હતું, તત્કાલીન અમેરિકી સેનેટર ગેલોર્ડ નેલ્સન તેના ફાઉન્ડર હતા. ત્યારે માત્ર અખબારોના માધ્યમથી આ આયોજનમાં 2 કરોડ લોકો જોડાયા હતા.
- ✓ હેસ હાર્વર્ડ યુનિ.માંથી અભ્યાસ અધૂરો છોડીને ધરતીને બચાવવાના કામમાં જોડાઈ ગયા હતા. તેઓ એન્જિનિયર છે અને સ્ટેનફોર્ડ યુનિ.ના પ્રોફેસર રહી ચૂક્યા છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૪-૨૦૨૦)

1. દેશમાં આરોગ્ય કર્મીઓની સુરક્ષા માટે તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેટલા વર્ષ જૂના એપિડેમિક ડિસીઝ એક્ટ - 1897માં સુધારો કરાયો- **123 વર્ષે**
2. દેશમાં આરોગ્ય કર્મીઓની સુરક્ષા માટે તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં સુધારો કરાયો તેમાં કયા કયા આરોગ્ય કર્મીને સંરક્ષણ મળશે- **ડોક્ટર, નર્સ, પેરામેડિકલ કર્મચારીઓ અને આશા વર્કર વગેરે**
3. એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં તાજેતરમાં કરાયેલા સુધારો મુજબ આરોગ્ય કર્મીઓ ઉપરના હુમલાના કિસ્સામાં કેટલા દિવસમાં તપાસ પૂરી કરવાની રહેશે- **30 દિવસ**
4. -એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં તાજેતરમાં કરાયેલા સુધારો મુજબ આરોગ્ય કર્મીઓ ઉપરના હુમલાના કિસ્સામાં તપાસ પૂરી કરીને કેટલા સમયમાં ચુકાદો આપી દેવાનો રહેશે- **1 વર્ષે**
5. એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં તાજેતરમાં કરાયેલા સુધારો મુજબ આરોગ્ય કર્મીઓ ઉપરના સામાન્ય પ્રકારના હુમલાના કિસ્સામાં કેટલી સજા નક્કી કરવામાં આવી છે - **3 માસ થી 5 વર્ષની કેદ**
6. એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં તાજેતરમાં કરાયેલા સુધારો મુજબ આરોગ્ય કર્મીઓ ઉપરના સામાન્ય પ્રકારના હુમલાના કિસ્સામાં કેટલી દંડની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ. 50,000 થી રૂ. 2 લાખ સુધી**
7. એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં તાજેતરમાં કરાયેલા સુધારો મુજબ આરોગ્યકર્મીઓ ઉપરના ગંભીર પ્રકારની ઈજા સાથેના હુમલાના કિસ્સામાં કેટલી સજાની જોગવાઈ કરવામાં આવી છે - **6 માસથી 7 વર્ષે**
8. એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં તાજેતરમાં કરાયેલા સુધારો મુજબ આરોગ્ય કર્મીઓ ઉપરના ગંભીર પ્રકારની ઈજા સાથેના હુમલાના કિસ્સામાં કેટલી દંડની જોગવાઈ કરવામાં આવી છે - **રૂ. 1 લાખથી રૂ. 5 લાખ સુધી**
9. એપિડેમિક ડિસીઝ એક્ટ-1897માં તાજેતરમાં કરાયેલા સુધારો મુજબ આરોગ્ય કર્મીઓ ઉપરના હુમલાના કિસ્સામાં સંપત્તિને નુકસાન થાય તો કેટલી દંડની જોગવાઈ કરવામાં આવી છે - **બજાર મૂલ્ય કરતાં બમણી રકમ**
10. કોરોના મહામારી સામે લડતા આરોગ્ય કર્મીઓની પુરતી સુરક્ષા માટે કેન્દ્ર સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ 24 કલાક માટે કયા અધિકારીની નિમણૂક કરવા આદેશ કરાયા છે - **નોડલ ઓફિસર**
11. નાસાના કયાં રોવર દ્વારા એપ્રિલ-2020માં મંગળની માટીમાંથી કાર્બોનિક મિશ્રણ શોધાયું - **ક્યૂરિયોસિટી રોવર**
12. નાસાના રોવર દ્વારા એપ્રિલ-2020માં મંગળની માટીમાંથી કાર્બોનિક મિશ્રણ શોધાયું તેનું નામ જણાવો - **થાયોફીન્સ**
13. મંગળ ઉપર કરોડો વર્ષ સુધી જીવન હોવાના નક્કર સંકેત તાજેતરની કઈ એક શોધ ઉપરથી કહી શકાય - **કાર્બોનિક મિશ્રણ**
14. NASAનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ રિસર્ચ એડમિનિસ્ટ્રેશન**
15. NASA કયા દેશની સ્પેસ એજન્સી છે - **USA**
16. "વિશ્વ પૃથ્વી દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે - **22 એપ્રિલ**
17. વર્ષે 2020માં કેટલામો "વિશ્વ પૃથ્વી દિવસ" ઉજવવામાં આવ્યો - **50મો**
18. "વિશ્વ પૃથ્વી દિવસ"-2020ની થીમ જણાવો - **'ક્લાઇમેટ એક્શન'**

19. "વિશ્વ પૃથ્વી દિવસ" ઉજવવાનો પ્રારંભ ક્યા વર્ષે, કયાં થયો હતો- **1970 અને અમેરિકા**

20. 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણીના સ્થાપકનું નામ અને દેશ જણાવો- **ગેલાર્ડ નેલ્સન - અમેરિકા**

**DATE : 23-04-2020**

### ૧. નિર્ણય : કેન્દ્ર સરકાર (વહીવટ)

- ✓ કોવિડ-૧૯ મહામારીના કારણે આગામી જૂલાઈ-૨૦૨૧ સુધી કેન્દ્રીય કર્મચારીઓ –પેન્શનરોના DA (મોંઘવારી ભથ્થા)માં વધારો નહીં

**ડીએ અને ડીઆર પર કેન્દ્રનો નિર્ણય**

- ✓ ૧ જાન્યુઆરી ૨૦૨૦, ૧ જુલાઈ ૨૦૨૦ અને ૧ જાન્યુઆરી ૨૦૨૧થી મોંઘવારી ભથ્થાં અને મોંઘવારી રાહતના વધારાના હપ્તા ચૂકવવામાં નહીં આવે
- ✓ સરકાર હાલના દરે મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહત ચૂકવતી રહેશે
- ✓ મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતના દરો ૧ જુલાઈ ૨૦૨૧થી ભાવિ અસરથી લાગુ કરાશે
- ✓ જાન્યુઆરી ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૧ના સમયગાળા માટે કોઈ એરિયર્સ ચૂકવાશે નહીં.
- ✓ ૧ જાન્યુઆરી ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૧ના સમયગાળાના કોઈ એરિયર્સ ચૂકવવામાં નહીં આવે. આ આદેશ કેન્દ્ર સરકારના તમામ કર્મચારી અને પેન્શનર્સને લાગુ પડશે.
- ✓ ગયા મહિનામાં કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓ માટેના મોંઘવારી ભથ્થાંમાં ૪ ટકાના વધારાનો નિર્ણય કર્યો હતો પરંતુ તેને અમલી બનાવવામાં ન આવતાં આ વધારો પણ સ્થગિત થઈ ગયો છે.
- ✓ આ નિર્ણયના કારણે કેન્દ્રના આશરે ૧.૧૩ કરોડ કર્મચારી અને પેન્શનરને અસર થશે.

**કેટલી બચત થશે**

- ✓ કેન્દ્રને રૂ. ૩૭,૫૩૦ કરોડ અને રાજ્યો અમલ કરશે તો રૂપિયા ૮૨,૫૬૬ કરોડની બચત થશે
- ✓ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સના ડીએ અને ડીઆરના ૩ હપ્તા સ્થગિત કરવાના કારણે ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષોમાં કેન્દ્ર સરકારના રૂપિયા ૩૭,૫૩૦ કરોડ બચશે.
- ✓ સામાન્ય રીતે રાજ્ય સરકારો કેન્દ્રના ડીએ-ડીઆરના આદેશોને અનુસરતી હોય છે. જો રાજ્યો પણ તેનો અમલ કરશે તો તેમના રૂપિયા ૮૨,૫૬૬ કરોડ બચી જશે.
- ✓ આમ કેન્દ્ર સરકાર અને રાજ્યોને આ પગલાંથી રૂપિયા ૧.૨૦ લાખ કરોડની બચત થવાની સંભાવના છે.

**નવા સંરક્ષણ સોદા ઉપર પ્રતિબંધ મૂકાયો**

- ✓ સંરક્ષણ મંત્રાલયે આર્મી, એરફોર્સ અને નેવીને આધુનિકીકરણ માટે કરવામાં આવી રહેલા સંરક્ષણ સોદાઓ હાલ રોકી દેવાના આદેશ આપ્યા છે.
- ✓ મંત્રાલયે જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ના કારણે બજેટમાં મુકાયેલા કાપને પગલે અમે આ નિર્ણય લીધો છે. એરફોર્સ ફ્રાન્સ પાસેથી ૩૬ રાફેલ સોદા અને રશિયા સાથેના એસ-૪૦૦ મિસાઇલ પ્રણાલી સોદામાં ચુકવણીની પ્રક્રિયામાં છે.
- ✓ સેના પણ ટેન્ક, આર્ટિલરી ગન અને એસોલ્ટ રાઇફલ ખરીદી રહી છે.

### ૨. કાર્યકાળ : ગુજરાત પોલીસ વડા શિવાનંદ ઝાને ત્રણ માસનું એક્સટેન્શન (વહીવટ)

- ✓ બેચ : IPS-૧૯૮૩ (ગુજરાત કેડર)
- ✓ નિવૃત્તિ : ૩૦-૦૪-૨૦૨૦
- ✓ હવે ૩૧ જૂલાઈ-૨૦૨૦ સુધી કાર્યકાળ લંબાવાયો

### ૩. વર્લ્ડ બેન્ક: વૈશ્વિક મહામારીના કારણે વર્ષ ૨૦૨૦માં NRI ભારતમાં ૨૩ ટકા ઓછા નાણા મોકલશે (આર્થિક બાબતો)

- ✓ ચાલુ વર્ષે NRI ભારતમાં ૬૪ અબજ ડોલરનું રેમિટન્સ મોકલે તેવી શકયતા
- ✓ વર્ષ-૨૦૧૯માં આ રકમ ૮૩ અબજ ડોલર હતી.

**રેમિટન્સ એટલે શું**

- ✓ જ્યારે વિદેશમાં રહેતી કોઇ પણ વ્યકિત પોતાના મૂળ દેશની બેંક, પોસ્ટઓફિસ અથવા ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા નાણાં મોકલે તો તેને રેમિટન્સ કહેવામાં આવે છે.
- ✓ ઉદાહરણ સ્વરૂપે જ્યારે કોઈ ભારતીય ખાડી દેશમાં નોકરી કરી રહ્યો છે અને તે ભારતમાં પોતાના માતા-પિતા અથવા પરિવાર માટે નાણાં મોકલે છે તો આ રકમને પણ રેમિટન્સ તરીકે જ ઓળખવામાં આવે છે.
- ✓ રેમિટન્સનો લાભ જે દેશમાં મોકલવામાં આવે છે તે દેશના અર્થતંત્રને થાય છે.

### ૪. દિન વિશેષ : 23 એપ્રિલ : વિશ્વ પુસ્તક અને કોપિરાઈટ દિવસ

**વિશ્વ પુસ્તક દિવસ-૨૦૨૦ની કેપિટલ તરીકે મલેશિયાની રાજધાની કુઆલાલુમ્પુરની પસંદગી.**

**થીમ 2020 : કુલ-૪ :**

1. Reading in all its forms,
2. Development of the book industry infrastructure,
3. Inclusiveness and digital accessibility,
4. Empowerment of children through reading

**કોની યાદમાં ઉજવણી**

- ✓ વિશ્વના મહાન નાટ્યકાર અને પ્રખર સાહિત્ય સર્જક વિલિયમ શેક્સપિયરનો જન્મદિવસ
- ✓ જન્મ : 23 એપ્રિલ 1564 (યુ.કે)
- ✓ અવસાન 23 એપ્રિલ 1616
- ✓ યુનેસ્કો દ્વારા 1995થી ઉજવણી
- ✓ ભારતમાં તારીખ 23 એપ્રિલ 2001થી ઉજવણીની માન્યતા

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૪-૨૦૨૦)

1. કોરોના મહામારીના કારણે કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં ક્યાં સુધી વધારો નહીં કરવાનો નિર્ણય કરાયો છે- **જુલાઈ 2021**
2. કેન્દ્ર સરકાર દ્વારા મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતના દરો કઈ ભાવિ અસરથી લાગુ કરાશે- **01 જુલાઈ 2021**
3. તાજેતર એપ્રિલ 2020માં ગુજરાતના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાને કેટલા માસ માટે એક્સટેન્શન આપવામાં આવ્યું- **ત્રણ માસ( જુલાઈ 2020)**
4. ગુજરાતના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા કઈ બેંચના આઈપીએસ અધિકારી છે- **વર્ષ 1983 (ગુજરાત કેડર)**
5. વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ કોરોના વૈશ્વિક મહામારીને કારણે વર્ષ 2020માં NRI ગત વર્ષની સરખામણીએ અંદાજે ભારતમાં ટકા ઓછા નાણાં મોકલશે- **23%(64 અબજ ડોલર)**
6. વર્લ્ડ બેંકના અંદાજ મુજબ વર્ષ 2019માં NRI દ્વારા કેટલા નાણા ભારતમાં મોકલવામાં આવ્યા હતા- **83 અબજ ડોલર**
7. જ્યારે વિદેશમાં રહેતી કોઇ પણ વ્યક્તિ પોતાના મૂળ દેશની બેંક, પોસ્ટ ઓફિસ અથવા ઓનલાઇન ટ્રાન્સફર દ્વારા નાણા મોકલે તો તેના માટે કયો શબ્દ વપરાય છે - **રેમિટન્સ**
8. "વિશ્વ પુસ્તક દિવસ" ક્યારે મનાવવામાં આવે છે- **23 એપ્રિલ**
9. "વિશ્વ પુસ્તક દિવસ" કયા મહાન નાટ્યકાર-સાહિત્યકારના જન્મદિવસની યાદમાં મનાવવામાં આવે છે - **વિલિયમ શેક્સપિયર**
10. મહાન નાટ્યકાર અને સાહિત્યકાર વિલિયમ શેકસપિયરનો જન્મ અને મૃત્યુ દિવસ જણાવો- **23 એપ્રિલ**
11. યુનેસ્કો દ્વારા કયા વર્ષથી 23 એપ્રિલને "વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે- **વર્ષ 1995**
12. ભારતમાં કયા વર્ષથી "વિશ્વ પુસ્તક દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે - **વર્ષ 2021**
13. વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ-2020ની રાજધાની-કેપિટલ કયા શહેરને પસંદ કરવામાં આવી છે - **કુઆલાલુમ્પુર**
14. કુઆલાલુમ્પુર કયા દેશની રાજધાની છે - **મલેશિયા**
15. વિશ્વ પુસ્તક દિવસ-2020માં કુલ કેટલી થીમ પસંદ કરવામાં આવી છે - **04**
16. વિશ્વ પુસ્તક દિવસ-2020ની થીમ જણાવો - **1) Reading in all its forms, 2) Development of the book industry infrastructure, 3) Inclusiveness and digital accessibility, 4) Empowerment of children through reading.**

## DATE : 24-04-2020

**૧. કેન્દ્ર સરકાર : ગ્રામપંચાયત સંબંધિત ત્રણ યોજનાઓનો પ્રારંભ**




- ✓ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ, મોબાઇલ એપ અને સ્વામિત્વ યોજના વિડિયો કોન્ફરન્સિંગથી લોન્ચ કરાઈ
- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા વડાપ્રધાન શ્રી મોદી દ્વારા દેશના સરપંચો સાથે સંવાદ
- ✓ સ્થળ : નવી દિલ્હી

**યોજનાઓની વિશેષતા**

**(૧) ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ અને (૨) મોબાઇલ એપ પર ગ્રામીણ ક્ષેત્રોની તમામ માહિતી**

- ✓ ભારતનાં ગ્રામીણ ક્ષેત્રોને લગતી તમામ માહિતી એક સાથે મળી શકશે.
- ✓ ગ્રામપંચાયતોની પ્રોફાઇલ, વિકાસ માટે પ્લાનિંગ, બજેટ અને તેના એકાઉન્ટિંગ સહિતનું આધુનિક ડેશબોર્ડ.
- ✓ ગ્રામપંચાયતોની વિકાસ યોજનાઓ માટે સિંગલ પ્લેટફોર્મ.
- ✓ ગામડાઓની વિકાસ યોજના બનાવીને તેનો અમલ કરવાનું વધુ આસાન.

**(3) સ્વામિત્વ યોજના :**

- ✓ ગામોમાં સંપત્તિના વિવાદોના ઉકેલ માટે ૬ રાજ્યોમાં શરૂઆત.
- ✓ ગામડાઓમાં સંપત્તિનાં વિવાદનો અંત લાવવા પ્રયાસ.
- ✓ તમામ ગામોમાં ડ્રોન દ્વારા દરેક સંપત્તિનું મેપિંગ.
- ✓ ગામનાં લોકોને સંપત્તિની માલિકીનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ✓ ગામડાના લોકો બેન્કો પાસેથી તેને આધારે લોન મેળવી શકશે.
- ✓ પાયલોટ પ્રોજેક્ટ તરીકે દેશનાં ૬ રાજ્યો ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડમાં શરૂઆત કરાઈ

**૨. કોરોના વાયરસ : કેન્દ્રના વિવિધ મંત્રાલયોની ચાર વધારાની ટીમોની રચના**

- ✓ ગૃહ મંત્રાલયે અમદાવાદ, સુરત, હૈદરાબાદ અને ચેન્નાઇ માટે અધિક સચિવ સ્તરના અધિકારીની આગેવાની હેઠળ કેન્દ્રના વિવિધ મંત્રાલયોની ચાર વધારાની ટીમોની રચના કરી છે.
- ✓ મંત્રાલયે આ સ્થળે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા, રાજ્યના અધિકારીઓને સમસ્યાઓના નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપવા અને સામાન્ય લોકોના હિતમાં કેન્દ્ર સરકારને રિપોર્ટ કરવા વિવિધ મંત્રાલયોની છ ટીમો બનાવી હતી.
- ✓ આ ટીમો માર્ગદર્શિકા મુજબ લોકડાઉન પગલાને અમલમાં મૂકવા અને તેનું પાલન કરાવવા, આવશ્યક ચીજવસ્તુઓની સપ્લાય, સામાજિક અંતર જાળવવા, આરોગ્ય માળખાકીય સુવિધા, આરોગ્ય કાર્યકરોની સલામતી અને મજૂરો અને ગરીબ લોકો માટે રાહત શિબિર સહિત વિવિધ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**૩. દિન વિશેષ : ૨૪ એપ્રિલ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ**

- ✓ ભારતમાં રાષ્ટ્રીય પંચાયત રાજ દિવસ-ઉજવવાનો પ્રારંભ- 24.04.2010

**પંચાયતી રાજ અને તેનો અર્થ :**

- ✓ પંચાયતી રાજ મુખ્યત્વે ભારત, પાકિસ્તાન, અને નેપાળમાં આવેલ દક્ષિણ એશિયાઇ રાજકીય પ્રથા છે. "પંચાયત" શબ્દ પાંચ (પંચ) અને વિધાનસભા (આયત) પરથી આવ્યો છે. પંચાયત એટલે સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કેરાયેલ પાંચ વડીલોનો સમુહ.

**ભારતમાં પંચાયતી રાજ**

- ✓ પંચાયત રાજ એક એવી સરકારી પ્રથા છે, જ્યાં ગ્રામ પંચાયતો વહીવટનું મૂળભૂત એકમ છે. અહીં ત્રણ સ્તરો છે: ગામ, તાલુકો અને જિલ્લો. પંચાયત રાજ શબ્દ બ્રિટિશ રાજ દરમ્યાન ઉદ્ભવ્યો છે. "રાજ"નો શાબ્દિક અર્થ "શાસન" અથવા "સરકાર" થાય છે.
- ✓ મહાત્મા ગાંધીએ પંચાયતી રાજની હિમાયત કરી હતી, કે જ્યાં દરેક ગામ પોતાની બાબતો માટે જવાબદાર હોય. અને આવા હેતુ માટે "ગ્રામ સ્વરાજ" એવો શબ્દ પ્રયોજાયો હતો.
- ✓ કાયદો પસાર થતાં, રાજ્ય સરકારો દ્વારા પંચાયત રાજની પદ્ધતિ સને ૧૯૫૦ થી ૬૦ના દાયકામાં અપનાવવામાં આવી હતી. ૨૪ એપ્રિલ, ૧૯૯૩ ના રોજ ભારતમાં પંચાયતી રાજ માટે બંધારણીય (૭૩મો સુધારો) એક્ટ ૧૯૯૨ બંધારણીય દરજ્જો પૂરી પાડે છે.*
- ✓ ૨૪ ડિસેમ્બર સુધીમાં આ અધિનિયમ આઠ રાજ્યોમાં લાગુ પડ્યો: આંધ્ર પ્રદેશ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા અને રાજસ્થાન. હાલમાં, પંચાયતી રાજ પદ્ધતિ નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ અને, બધા કેન્દ્રશાસિત પ્રદેશો(અપવાદ: દિલ્હી)ને બાદ કરતાં સમગ્ર ભારતમાં પંચાયતી રાજ અમલમાં.
- ✓ પંચાયતી રાજમાં ત્રી સ્તરીય રચના થાય છે: (૧) ગ્રામ પંચાયત, (૨) તાલુકા પંચાયત, અને (૩) જિલ્લા પંચાયત.
- ✓ કેન્દ્રીય પંચાયત મંત્રી - શ્રી નરેન્દ્ર સિંહ તોમર

**૪. જન્મ દિન વિશેષ : ૨૪ એપ્રિલ**

**પૂર્વ ક્રિકેટર સચિન તેડુંલકરનો ૪૭મો જન્મદિન**

**જન્મ અને સ્થળ-૨૪ એપ્રિલ-૧૯૭૩, મુંબઈ**

- ✓ સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટમાં ૪૯ અને ટેસ્ટ ક્રિકેટમાં ૫૧ મળી કુલ-૧૦૦ આંતરરાષ્ટ્રીય સદી ફટકારવાનો વિક્રમ ધરાવે છે.
- ✓ ટ્વેન્ટી-ટ્વેન્ટી મેચોમાંથી ઓક્ટોબર ૨૦૧૩માં નિવૃત્તિ લીધી, અને એજ રીતે સમગ્ર ક્રિકેટ જગતમાંથી નિવૃત્તિની પણ જાહેરાત કરી, જે મુજબ વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ ટીમ સામે છેલ્લી ટેસ્ટ મેચ તે ૧૬ ઓક્ટોબર ૨૦૧૩ના દિવસે મુંબઈનાં વાનખેડે સ્ટેડિયમમાં રમ્યો.
- ✓ તેંડુલકર સમગ્ર કારકિર્દી દરમ્યાન ૬૬૪ આંતર્રાષ્ટ્રીય ક્રિકેટ મેચો રમ્યો અને કુલ ૩૪,૩૫૭ રન કર્યા.

| એવોર્ડ | વર્ષ |
|---|---|
| **અર્જુન એવોર્ડ** | 1994 |
| **રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ** | 1997 |
| **પદ્મશ્રી** | 1999 |
| **પદ્મ વિભૂષણ** | 2008 |
| **ભારત રત્ન** | 2013 |

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૪-૨૦૨૦)

1. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા "રાષ્ટ્રીય રાજ દિવસ" નિમિત્તે કઈ ત્રણ યોજનાઓ લોંચ કરવામાં આવી- **1). ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ 2). મોબાઇલ એપ અનેઅને 3). સ્વામિત્વ યોજના**
2. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા દેશભરના સરપંચો સાથે કયા દિવસ નિમિત્તે વીડિયો કોન્ફરન્સથી સંવાદ કર્યો હતો- **રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ**
3. ભારતમાં ગ્રામીણ ક્ષેત્રને લગતી તમામ માહિતી પંચાયતમાં એક સાથે ઉપલબ્ધ થઈ શકે તેવા હેતુથી તાજેતરમાં કયુ પોર્ટલ લોન્ચ કરાયું - **ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ**
4. ભારતના ગામોમાં સંપત્તિના વિવાદો ઉકેલવા માટે તાજેતરમાં કઈ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો- **સ્વામિત્વ યોજના**
5. ભારતમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે પંચાયત માટેની "સ્વામિત્વ યોજના" એપ્રિલ 2020થી કયા રાજ્યોમાં શરૂ કરાઈ - **ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણા, મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડ**
6. તાજેતરમાં લોન્ચ કરાયેલી કઈ યોજના અંતર્ગત ગામના લોકોને સંપત્તિની માલિકીનું તમારો પત્ર આપવામાં આવશે- **સ્વામિત્વ યોજના**
7. ભારતના ગામ પંચાયતોની વિકાસ યોજનાઓ માટે સિંગલ પ્લેટફોર્મ તરીકે કયુ પોર્ટલ લોન્ચ કરાયું- **ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ**
8. રાષ્ટ્રીય પંચાયતી રાજ દિન નિમિત્તે વડાપ્રધાન દ્વારા ગ્રામપંચાયત માટેની ત્રણ યોજના વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ક્યાંથી લોન્ચ કરાઈ - **નવી દિલ્હી**
9. ભારતના વર્તમાન કેન્દ્રીય પંચાયત મંત્રીનું નામ જણાવો- **નરેન્દ્રસિંહ તોમર**
10. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા કયા ચાર શહેરોમાં વધારાની ટીમો બનાવી- **અમદાવાદ, સુરત, ચેન્નાઈ અને હૈદરાબાદ**
11. ભારતમાં "રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે-**24 એપ્રિલ**
12. ભારતમાં "રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ" ઉજવવાનો પ્રારંભ ક્યારથી થયો -**24 એપ્રિલ 2010**
13. ભારતમાં અમલી ત્રિસ્તરીય પંચાયતી માળખું જણાવો- **ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત**
14. સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કરાયેલ પાંચ વડીલોનો સમૂહ એટલે- **પંચાયત**
15. પંચાયતી રાજ મુખ્યત્વે કયા દક્ષિણ એશિયાઈ દેશોમાં આવેલી રાજકીય પ્રથા છે- **ભારત, પાકિસ્તાન અને નેપાળ**
16. પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરનો જન્મ દિવસ જણાવો- **24 એપ્રિલ 1973**
17. સચિન તેંડુલકરને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પુરસ્કાર "ભારત રત્ન" એનાયત કરાયો- **વર્ષ 2013**
18. સચિન તેંડુલકરને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પુરસ્કાર "પદ્મભૂષણ" એવોર્ડથી સન્માનિત કરાયો હતો - **વર્ષ 2008**
19. સચિન તેંડુલકરને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પુરસ્કાર "પદ્મશ્રી" એવોર્ડથી સન્માનિત કરાયો હતો - **વર્ષ 1999**
20. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી સચિન તેંડુલકરને વર્ષ-1994માં કયા રમત એવોર્ડથી સન્માનિત કરાયો હતો – **અર્જુન એવોર્ડ**
21. પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરને વર્ષ-1997માં કયા રમત એવોર્ડથી સન્માનિત કરાયો હતો – **રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ**

**૧ નિમણૂક : સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર (CVC) પદે નિવૃત્ત સંજય કોઠારીની નિમણૂક**

- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સચિવ રહેલા સંજય કોઠારીએ ૨૫મી એપ્રિલે કેન્દ્રીય સતર્કતા આયુક્ત (CVC)પદના શપથ લીધા.
- ✓ રાષ્ટ્રપતિ ભવનમાં કોવિંદે તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.
- ✓ સીવીસીનું પદ ગત વર્ષે જૂનમાં કે.વી. ચૌધરીની નિવૃત્તિ બાદ ખાલી હતું.

**કાર્યકાળ :**

- ✓ CVCનો કાર્યકાળ તેમની નિયુક્તિથી ચાર વર્ષનો.
- ✓ ઉંમર ૬૫ વર્ષ.

**પરિચય અને વિશેષતા :**

- ✓ કોઠારી 1978 બેચના હરિયાણા કેડરના IAS અધિકારી છે.
- ✓ 2016માં તેઓ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગના સચિવ પદેથી નિવૃત્ત થયા હતા.
- ✓ કોઠારીએ સર્ટિફિકેટ પર ગેઝેટેડ ઓફિસરની જગ્યાએ પોતે જ અટેસ્ટેડ કરવાની શરૂઆત કરી હતી.
- ✓ જુલાઇ 2017માં તેઓ રાષ્ટ્રપતિના સચિવ પદેથી નિવૃત્ત થયા હતા.
- ✓ સરકારે તેમની જગ્યાએ શ્રી કપિલદેવ ત્રિપાઠીની રાષ્ટ્રપતિના સચિવ તરીકે નિમણૂંક કરી. શ્રી ત્રીપાઠી જૂન-૨૦૧૬માં પર્સોનલ અને તાલીમ વિભાગના સચિવ પદેથી નિવૃત્ત થયા હતા.

**૨.વૈશ્વિક બાબતો : સાઉદી અરબમાં કોરડા ફટકારવાની સજા નાબૂદ (કાયદો)**

- ✓ માનવ અધિકાર મુદ્દે ખરડાયેલી છબી સુધારવા સાઉદીની સુપ્રીમ કોર્ટનો નિર્ણય

**અન્ય વિકલ્પ :**

- ✓ જેલવાસ કે દંડની જોગવાઈ કરવામાં આવશે

**3. ક્રાઉડ ફંડિંગ : લોકડાઉન દરમિયાન દેશમાં ક્રાઉડ ફંડિંગથી થઈ રહી છે ગરીબોની મદદ (સેવા)**

- ✓ ક્રાઉડ ફંડિંગ કરાવતી કંપનીની મદદથી આ અભિયાન માટે અત્યાર સુધીમાં કુલ ૬૬ લોકોના યોગદાનથી ૧ લાખ ૬૫ હજાર રૂપિયા એકઠા થઇ ગયા છે.
- ✓ જાણકારી જાહેર કરનારાઓના આધાર પર કોણે-કોણે કેટલું યોગદાન આપ્યું. એ વેબસાઇટ પર કોઇ પણ જોઇ શકે છે.
- ✓ ક્રાઉડફંડિંગ કરતી કંપનીના સીઇઓ અને સહસંસ્થાપકે જણાવ્યું કે, એમણે અને બીજા સંસ્થાપકોએ સાથે મળીને કંપનીને ૨૦૧૦માં શરૂ કરી હતી અને અત્યાર સુધીમાં એના દ્વારા અલગ-અલગ અભિયાન ચલાવનારા લોકો ૯૦૦ કરોડથી પણ વધુ રૂપિયા મેળવવામાં સફળ થયા.
- ✓ બીજી તરફ દેશના અન્ય રાજ્યોમાં લોકો દ્વારા રોકડ રકમને સ્થાને ફૂડ બેન્ક શરૂ કરવામાં આવી છે. અનેક લોકો આ બેન્કોમાં ભોજન સામગ્રી જમા કરાવી જાય છે અને સેવાભાવી લોકો દ્વારા તેને તૈયાર કરીને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે.
- ✓ આ વસ્તુઓની કિંમત આંકીએ તો પણ આંકડો કરોડો રૂપિયા સુધી પહોંચી જાય તેમ છે. હાલમાં પણ આવા દાનનો અવિરત પ્રવાહ વહેતો જ રહ્યો છે.

**૪. નિર્ણય : કેન્દ્ર સરકાર (બેન્કિંગ)**

**આગામી છ માસ માટે સરકારી બેંકો જનસેવામાં સામેલ**

**અસર :**

- ✓ સરકારે બેન્કોને ૨૧ ઓક્ટોબર સુધી જનસેવાઓમાં સામેલ કરવાની જાહેરાત કરી છે.
- ✓ એટલે કે ૨૧ ઓક્ટોબર-૨૦૨૦ સુધી દેશભરમાં બેન્કના કર્મચારી કોઈ પણ રીતે હડતાળ કે વિરોધ પ્રદર્શન નહીં કરી શકે.
- ✓ અમલ - ૨૧ એપ્રિલથી

**૫. કોરોના વાયરસ**

**"હર્ડ ઇમ્યુનિટી" : કોરોનાના ફેલાવા વડે વાયરસ ઉપર પૂર્ણવિરામ**

**શોધક અને અર્થ : હર્ડ ઇમ્યુનિટી લોઢું લોઢાને કાપે**

- ✓ મહામારીના ફેલાવા-કમ-નિયંત્રણને લગતી "હર્ડ ઇમ્યુનિટી" થિઅરી ૧૯૩૦ના અરસામાં એ. ડબલ્યુ. હેડ્રિચ નામના સંશોધકે સૂચવી હતી.
- ✓ અંગ્રેજી શબ્દ હર્ડનો મતલબ ટોળું થાય, જ્યારે ઇમ્યુનિટીનો ગુજરાતી તરજુમો વ્યાધિક્ષમત્વ અથવા પ્રતિરોધક ક્ષમતા છે.

**"હર્ડ ઇમ્યુનિટી" અને તેના તબક્કા**

- ✓ મહામારી ફેલાઈ હોય ત્યારે સંક્રમણથી બચતા રહેવાને બદલે શરીરમાં વિષાણુનો પસારો થતો હોય તો થવા દેવો અને રોગપ્રતિકારક શક્તિ વડે વિષાણુ સામે લડી અંતે

વાઇરસને નાથવો એ "હર્ડ ઇમ્યુનિટી"નો મૂળભૂત અભિગમ છે.

- ✓ વાઇરસ સામે ધીંગાણું ખેલવાનો અભિગમ ઘાતક લાગે, પણ તેનું ફાઇનલ રિઝલ્ટ અચંબો પમાડે તેવું નીકળે છે.

**તબક્કો-૧**

- ✓ મહામારીનો શક્ય એટલી ઝડપે અને શક્ય એટલો વધારે ફેલાવો કરવો એ વાઇરસની ફિતરત છે, જે માટે તેને મનુષ્ય જેવા એકાદ વાહકની જરૂર પડે.
- ✓ પહેલવહેલો વાહક મળી ગયો, એટલે સમજી લો કે તેના મારફત વિષાણુનો ચેપ બીજા અસંખ્ય લોકો સુધી ફેલાયો.
- ✓ ચીનના વુહાનમાં ઉદભવેલા કોરોનાના કેસમાં એમ જ બન્યું એ જાણીતી વાત છે.
- ✓ રેખાંકનમાં દર્શાવ્યા મુજબ પહેલી વ્યક્તિ ચેપગ્રસ્ત બને, એટલે તેના મારફત વધુ કેટલાક લોકો ચેપના સકંજામાં આવે છે.

**તબક્કો - ૨ :**

- ✓ વાઇરસનો ચેપ લાગ્યા પછી કેટલાક દરદીઓના રોગપ્રતિકારક તંત્રએ પ્રતિદ્રવ્યો અર્થાત્ એન્ટિબોડી પેદા કરીને વિષાણુ પર ફતેહ મેળવી લીધી છે.
- ✓ હવે તેઓ વિષાણુપ્રૂફ બની ગયા. અર્થાત વાઇરસ તેમના પર કશી નઠારી અસર જન્માવી શકે નહિ.

**તબક્કો – 3 :**

- ✓ આવા વિષાણુ પ્રૂફ લોકો હવે બહાર ખુલેઆમ ફરે અને સંક્રમિત લોકોના સંપર્કમાં આવે તો પણ વાંધો નહિ. કારણ કે વાઇરસ સામે તેઓ ઇમ્યુન બની ચૂક્યા છે.
- ✓ ત્રણેય રેખાંકનોમાં એક બાબત માર્ક કરો કે સંક્રમણની સંખ્યા તબક્કાવાર ઘટી છે.
- ✓ હજી ચોથો, પાંચમો, છઠ્ઠો... એમ આગામી તબક્કા પણ મનોમન વિચારીને કલ્પના કરો કે પ્રત્યેક તબક્કે નવા સંક્રમણના કેસ ઘટતા જાય તો પરિણામ શું આવે ?
- ✓ એ જ કે વિષાણુને પ્રસરવા માટે મનુષ્યરૂપી વાહક જ ન મળતાં મહામારીનો અંત આવે. ધી એન્ડ ! આ છે "હર્ડ ઇમ્યુનિટી"ના મૂળમાં રહેલો વૈજ્ઞાનિક સિદ્ધાંત.

**ચેતવણી–**

- ✓ "હર્ડ ઇમ્યુનિટી"નો પ્રયોગ નાના બાળકો, ઓછી રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા, વૃદ્ધો અને ગંભીર બિમારીઓનો ભોગ બનેલા લોકો માટે જીવલેણ સાબિત થઈ શકે.

**૬. દિન વિશેષ : ૨૫ એપ્રિલ  વિશ્વ મલેરિયા દિવસ**

થીમ 2020- **"end malaria for good"** થીમ પર સરકાર દ્વારા વર્ષ 2022 સુધીમાં મલેરીયા નાબુદીનું લક્ષ્ય નક્કી કરાયું.

- ✓ વિશ્વમાં મલેરિયા અટકાવવા માટે વર્ષ 2020થી **"Zero Malaria Starts With me"** કેમ્પેઈનનો પ્રારંભ
- ✓ ૨૫મી એપ્રિલને સમગ્ર વિશ્વમાં મેલેરીયા દિન તરીકે ઉજવવામાં આવે છે.

**મલેરિયાની ભયાનકતા**

- ✓ સમગ્ર વિશ્વમાં જેટલા લોકો આતંકવાદી હુમલા અને યુદ્ધથી માર્યા ગયાં છે, તેનાથી ક્યાંય વધારે લોકો મચ્છરથી થતાં મલેરીયાના કારણે માર્યા ગયા છે.

**બચવાના ઉપાય**

- ✓ જે માટે લોકોની રહેણી કરણીમાં સુધારો લાવવો, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પર્યાવરણીય સ્વચ્છતા દ્વારા મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવો, લોકોમાં જાગૃતિ લાવવી, પાણી ભરેલા વાસણો અઠવાડિયે સાફ કરવા, પાણીનો ભરાવો ન થવા દેવો, ઘરની બારીઓમાં ઝીણી જાળી લગાવવી, રાત્રે મચ્છરદાનીનો ઉપયોગ અને ઓઢીને સુવાની આદત રાખવી જેવી અગત્યની બાબતોની જાણકારી જનમાનસ સુધી પંહોચાડવામાં આવશે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૪-૨૦૨૦)**

1. તાજેતર એપ્રિલ 2020માં ભારતના નવા CVC તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - **નિવૃત્ત આઈએએસ સંજય કોઠારી**
2. CVCનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર**
3. CVCનો કાર્યકાળ જણાવો - **ચાર વર્ષ અથવા ૬૫ વર્ષની આયુ**
4. નવા CVCને કયા મહાનુભાવે શપથ લેવડાવ્યા - **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ**
5. નવા CVC શ્રી સંજય કોઠારી કઈ બેન્ચ અને કેડરના નિવૃત્તિ આઇએએસ અધિકારી છે - **1978 અને હરિયાણા કેડર**
6. તાજેતરમાં કયા દેશમાં માનવ અધિકારના જતન માટે કોરડા ફટકારવાની વર્ષો જૂની સજા નાબૂદ કરાઈ- **સાઉદી અરબ**
7. ભારતમાં કોરોના વાયરસના કારણે લૉકડાઉન દરમિયાન લોકોને મદદ કરવા કયા માધ્યમથી સામાન્ય લોકો

પાસેથી ઓનલાઈન નાણાં એકત્રિત કરવામાં આવે છે - **ક્રાઉડ ફંડિંગ**

8. આગામી 21 ઓક્ટોબર 2020 સુધી કેન્દ્ર સરકાર દ્વારા સરકારી બેન્કોને કઈ સેવામાં સામેલ કરાઇ છે જેના પરિણામે કર્મચારીઓ હડતાલ કે વિરોધ પ્રદર્શન કરી શકશે નહીં - **જનસેવા**
9. મહામારીના ફેલાવા અને નિયંત્રણને લગતી "હર્ડ ઇમ્યુનિટી" થિયરી કયા વર્ષે અને કોને આપી- **1930 અને એ.ડબલ્યુ.હેડ્રિચ**
10. અંગ્રેજી ભાષામાં "હર્ડ" એટલે શું - **ટોળું**
11. "ઇમ્યુનિટી" એટલે શું - **પ્રતિરોધક ક્ષમતા/ વ્યાધિક્ષમત્વ**
12. "હર્ડ ઇમ્યુનિટી"નો મૂળભૂત અભિગમ સમજાવો- **મહામારી ફેલાઈ હોય ત્યારે સંક્રમણથી બચતા રહેવાને બદલે શરીરમાં વિષ્ણુનો પસાર થતો હોય તો થવા દેવો અને રોગ પ્રતિકારક શક્તિ વડે વિષાણુ સામે લડી અંતે વાયરસને નાથવો**
13. "હર્ડ ઇમ્યુનિટી"ના મુખ્યત્વે કેટલા તબક્કા છે - **3**
14. "વિશ્વ મલેરિયા દિવસ" ક્યારે ઉજવાય છે-**25 એપ્રિલ**
15. વિશ્વ મલેરિયા દિવસ-2020ની થીમ જણાવો - **"END MALARIA FOR GOOD"**
16. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાંથી ક્યાં સુધીમાં મલેરિયા નાબૂદ કરવાનું લક્ષ નક્કી કરાયું- **વર્ષ 2022**
17. વિશ્વમાં મલેરિયા અટકાવવા માટે વર્ષ 2020થી કયા કેમ્પેઇનનો પ્રારંભ કરાયો - **"ZERO MALARIA STARTS WITH ME"**

## DATE : 26-04-2020

### ૧. મન કી બાત : વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મન કી બાતની 64મી આવૃત્તિ યોજાઈ (સંવાદ)

- ✓ પ્રથમ પ્રારંભ : ૩ ઓક્ટોબર-૨૦૧૪થી
- ✓ જીવંત પ્રસારણ : ઓલ ઈન્ડિયા રેડિયો, ડીડી નેશનલ, ડીડી ન્યુઝ

### ૨. ભારતમાં કોરોના વાયરસના પ્રકાર (આરોગ્ય)

(૧) એલ-સ્ટ્રેઈન (વુહાન વાયરસ) (૨) એસ-સ્ટ્રેઈન

**(૧) એલ-સ્ટ્રેઈન**

- ✓ ગુજરાતમાં એલ-સ્ટ્રેઇન પ્રકારનો કોરોના વાઈરસ છે. જેના લીધે રાજ્યમાં મૃત્યુદરનું પ્રમાણ વધારે છે.
- ✓ કોરોના વાઈરસનો એલ-સ્ટ્રેઇન પ્રકાર એ ચીનના વુહાનમાંથી આવે છે.

**(૨) એસ-સ્ટ્રેઈન**

- ✓ કેરળમાં કોરોના વાઈરસનો એસ-ટ્રેઇન પ્રકાર જોવા મળેલો છે. તે દુબઈમાંથી આવ્યો છે.
- ✓ જેના લીધે કેરળમાં કોરોના વાઈરસના મૃત્યુ દરનું પ્રમાણ ઓછું છે. કેરળમાં કોરોના વાઈરસના મોટાભાગના દર્દીઓ દુબઇથી આવેલા છે.

**કોરોનાના એલ-સ્ટ્રેઈન અને એસ-સ્ટ્રેઈનના ફરકને આ રીતે સમજો**

- ✓ કોરોના વાઈરસના બે ઘાતક સ્ટ્રેઈન છે. એલ-સ્ટ્રેઈન અને એસ-સ્ટ્રેઈન, વુહાનથી આવેલો વાઈરસ એલ-સ્ટ્રેઈન છે. આ સૌથી ઘાતક છે. તેનાથી ચેપ લાગનાર દર્દી ઝડપથી મરી જાય છે.
- ✓ એસ-સ્ટ્રેઈનનો વાઈરસ એલ-સ્ટ્રેઈનના મ્યુટેશનથી જ બન્યો છે. આ ઓછો ઘાતક છે. કેરળમાં મોટાભાગના દર્દી દુબઈથી આવ્યા હતા. ત્યાં એસ-સ્ટ્રેઈન છે.
- ✓ ગુજરાતમાં અમેરિકાથી આવનારા લોકોની સંખ્યા વધુ હતી. ત્યાં એલ-સ્ટ્રેઈન છે. આથી ગુજરાતમાં મોતનો આંકડો વધુ છે.

### 3. સંશોધન : IIT-દિલ્હી (આરોગ્ય)

**PCR આધારિત કોરોના ટેસ્ટ કીટ બનાવનાર દેશની પ્રથમ શૈક્ષણિક સંસ્થા**

- ✓ ICMR દ્વારા આ કિટને મંજૂરી

**વિગતવાર માહિતી**

- ✓ આઇઆઇટી-દિલ્હીની પીસીઆર આધારિત ટેસ્ટિંગ કિટને આઇસીએમઆરએ મંજૂરી આપી દીધી છે.
- ✓ આ સાથે આઇઆઇટી-દિલ્હી કોરોના ટેસ્ટિંગ કિટ વિકસાવનારી દેશની પ્રથમ શૈક્ષણિક સંસ્થા બની છે.

**ફાયદો :**

- ✓ આ કિટ હાલની કિટથી એક ચતુર્થાંશ સસ્તી હોઇ શકે છે અને તેનાથી રિઝલ્ટ પણ જલ્દી આવશે.

**કીટ તૈયાર કરનાર ટીમ :**

✓ આ કિટ આઇઆઇટી-દિલ્હીની કુસુમા સ્કૂલ ઓફ બાયોલોજિકલ સાયન્સની ટીમે તૈયાર કરી છે.

✓ હાલ પીસીઆર આધારિત જે કિટ ઉપયોગમાં લેવાય છે તેમાં ફ્લોરોસન્ટ પ્રોબ જેવા અમુક પાર્ટ વિદેશોમાંથી મંગાવવા પડે છે.

✓ આઇઆઇટી-દિલ્હીની ટેસ્ટિંગ કિટમાં ફ્લોરોસન્ટ પ્રોબનો ઉપયોગ કરવાની જરૂર નહીં પડે.

✓ વિજ્ઞાનીઓએ પેટન્ટ માટે અરજી કરી છે. દેશમાં કોરોનાનો પહેલો કેસ કેરળમાં આવ્યો હતો ત્યારથી જ ટીમે કિટ પર કામ શરૂ કરી દીધું હતું.

૪. નવીન સંશોધન : કોરોના વાયરસ

**ઓક્સફર્ડ યુનિવર્સિટી(UK)ના વિજ્ઞાનીઓએ કોરોનાનો ચેપ લાગશે કે નહીં તેની કીટ બનાવી**

✓ માત્ર ૨૦ મિનીટમાં પરિણામ આપશે

**ટેસ્ટની પ્રક્રિયા અને ખર્ચ**

✓ આ કિટનું ઉત્પાદન આ વર્ષે જૂનથી શરૂ થશે.

✓ દર અઠવાડિયે 10 લાખ કિટ બનાવવાનું લક્ષ્ય છે. તે હિસાબે આવતા વર્ષ સુધીમાં 5 કરોડ કિટ બની જશે.

✓ આ કિટ દ્વારા ટેસ્ટિંગનો અંદાજે રૂ. 945 ખર્ચ આવશે. તેનાથી ઇમ્યુનિટી ટેસ્ટ કરવાની રીત પણ બહુ સરળ છે.

✓ કિટ પર ચોક્કસ જગ્યાએ બ્લડના ટીપાં નંખાશે. 20 મિનિટ પછી તેમાં બે લાઇન દેખાય તો તેનો અર્થ એ કે જે-તે વ્યક્તિમાં ચેપથી બચવાની પ્રતિકારક શક્તિ છે.

✓ એક લાઈનનો અર્થ એ હશે કે જે-તે વ્યક્તિ ચેપની ઝપટમાં આવી શકે છે.

✓ ક્યારેક એક લાઈનનો અર્થ ટેસ્ટ ફેલ જેવો પણ હોઇ શકે છે .

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૪-૨૦૨૦)

1. તાજેતરમાં એપ્રિલ 2020ના છેલ્લા રવિવારે PM શ્રી મોદી દ્વારા કેટલામી "મન કી બાત"ના માધ્યમથી રાષ્ટ્રને સંબોધન કરાયું - **64મી**
2. ભારતમાં મન કી બાતનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો- **03.10.2014**
3. "મન કી બાત"નું જીવંત પ્રસારણ કોના માધ્યમથી થાય છે- **AIR, DD NATIONAL, DD NEWS**
4. ભારતમાં કયા બે પ્રકારનો કોરોના વાયરસ જોવા મળે છે - **1)એલ- સ્ટ્રેઈન અને 2) એસ-સ્ટ્રેઈન**
5. ભારતમાં જોવા મળતા બે પ્રકારના કોરોના વાયરસ સૌથી જીવલેણ કયો છે - **એલ- સ્ટ્રેઈન**
6. ભારતમાં જોવા મળતા બે પ્રકારના કોરોના વાયરસ સૌથી જીવલેણ કયો વાયરસ ગુજરાતમાં જોવા મળે છે - **એલ-સ્ટ્રેઈન**
7. ભારતમાં જોવા મળતા બે પ્રકારના કોરોના વાયરસનો ઓછો જીવલેણ કયો વાયરસ કેરળમાં જોવા મળે છે -**એસ સ્ટ્રેઈન**
8. ભારતમાં જોવા મળતા બે પ્રકારના કોરોના વાયરસ સૌથી જીવલેણ એલ-સ્ટ્રેઈન અન્ય કયા નામથી ઓળખાય છે- **વુહાન વાયરસ**
9. ભારતમાં સૌપ્રથમ PCR આધારિત કોરોના વાયરસ ટેસ્ટ કિટ તૈયાર કરનાર દેશની પ્રથમ શિક્ષણ સંસ્થા જણાવો - **IIT દિલ્હી**
10. ભારતમાં સૌપ્રથમ PCR આધારિત કોરોના વાયરસ ટેસ્ટ કિટ તૈયાર કરનાર દેશની પ્રથમ શિક્ષણ સંસ્થા IIT દિલ્હીની કઈ સાયન્સ ટીમ આ કિટ તૈયાર કરી છે - **કુસુમા સ્કૂલ ઓફ બાયોલોજિકલ સાયન્સ**
11. ભારતમાં સૌપ્રથમ PCR આધારિત કોરોના વાયરસ ટેસ્ટ કિટ તૈયાર કરનાર દેશની પ્રથમ શિક્ષણ સંસ્થા IIT દિલ્હીને આ કિટ માટે કઈ સંસ્થાએ માન્યતા આપી છે - **ICMR**
12. કોરોના ટેસ્ટ સંદર્ભે PCRનું વિસ્તૃત નામ જણાવો- **પોલીમેરેઝ ચેઈન રીએક્શન ટેસ્ટ**
13. વિશ્વમાં સૌપ્રથમવાર કઇ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા કોરોના વાયરસ થશે કે નહીં તેવી કિટ તૈયાર કરાઈ છે જે માત્ર 20 મિનિટમાં પરિણામ આપશે - **ઑક્સફર્ડ યુનિવર્સિટી- ઈંગ્લેન્ડ**

**DATE : 27-04-2020**

૧. RBI : મ્યુચ્યુઅલ ફંડ્સ માટે RBIનું રૂ. ૫૦ હજાર કરોડનું લિક્વિડિટી પેકેજ (આર્થિક)

**પેકેજ જાહેર કરવાનું કારણ :**

✓ મ્યુચ્યુઅલ ફંડ (MF) હાઉસ ફ્રેન્કલિન ટેમ્પલટન દ્વારા તેની ૬ ડેટ સ્કીમ બંધ કરવાની જાહેરાતને પગલે ફાઇનાન્સ માર્કેટમાં નવું સંકટ સર્જાયું હતું.

- ✓ આ સંકટથી ઉગારવા માટે RBI દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સ માટે રૂ. ૫૦,૦૦૦ કરોડનું સ્પેશિયલ લિક્વિડિટી પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.
- ✓ રિઝર્વ બેન્કે વિશેષ ઋણ યોજનાની જાહેરાત કરી છે.
- ✓ ઉદ્યોગોમાં નાણાકીય તરલતાની સમસ્યા ન સર્જાય તે માટે આ રૂ. ૫૦,૦૦૦ કરોડનો ઉપયોગ કરાશે.
- ✓ આ સુવિધા હેઠળ આરબીઆઈ બેન્કોને ઓછા વ્યાજ દરે ફંડ આપશે અને બેન્કો MFની નાણાકીય તરલતા જાળવવા તેનો ઉપયોગ કરશે.
- ✓ બેન્કો દ્વારા મ્યુચ્યુઅલ ફંડોને લોન આપવામાં આવશે અને કોર્પોરેટ બોન્ડ, કોમર્શિયલ પેપર્સ, સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ્સની જામીનગીરી રેપો દ્વારા સંપૂર્ણ રીતે ખરીદવામાં કરાશે.
- ✓ બિડની ઓછામાં ઓછી રકમ રૂ. ૧ કરોડ કે તેનાં ગુણાંકમાં રહેશે.

**MF માટે આ સમસ્યા કેમ સર્જાઈ ?**

- ✓ કોરોના અને લોકડાઉનને કારણે બિઝનેસ પર આર્થિક સંકટ સર્જાયું છે. પરિણામે જે મ્યુચ્યુઅલ ફંડોએ બિઝનેસ માટે લોન આપી છે તેની પર બેવડો માર પડ્યો છે.
- ✓ એક તરફ રોકાણકારો તેમનું રોકાણ પાછું ખેંચી રહ્યા છે. ફંડ મેનેજર્સ બોન્ડને લિક્વિડેટ કરી શકતા નથી. ફંડની સ્કીમોમાં કોઈ નવા રોકાણકારો નથી.
- ✓ બોન્ડ પેપર્સ નજીવી કિંમતે વેચાઈ રહ્યા છે. આમ છતાં તેને ખરીદવા માટે કોઈ તૈયાર નથી.
- ✓ માર્ચમાં મ્યુચ્યુંઅલ ફંડ ઇન્ડસ્ટ્રીમાંથી કુલ ૨.૩ લાખ કરોડની રકમ પાછી ખેંચાઈ ગઈ છે. ફેબ્રુઆરીમાં આ આંકડો રૂ. ૧,૯૮૫ કરોડનો જ હતો.
- ✓ કંપનીઓએ તેની પૈસાની જરૂરિયાત પૂરી કરવા ફંડોમાંથી માર્ચમાં રૂ. ૧.૧ લાખ કરોડ અને ફેબ્રુઆરીમાં રૂ. ૪૩,૮૨૫ કરોડ ઉપાડી લીધા છે.
- ✓ ફંડોની કુલ રૂ. ૧૩.૧૧ લાખ કરોડની એસેટ્સમાંથી રૂ. ૪.૫૭ લાખ કરોડ ૬ મહિનામાં જ મેચ્યોર થવાનાં છે.

## ૨.સુવિધા:ગુજરાતમાં કોરોના વાયરસના ટેસ્ટિંગની સુવિધા (આરોગ્ય)

**ગુજરાતમાં NIPERના વડપણ હેઠળ શિક્ષણ સંસ્થાઓમાં કોરોનાના ટેસ્ટિંગની સુવિધા ઉભી કરાશે**

- ✓ ICMRની મંજૂરી બાદ કામગીરી શરૂ કરાશે
- ✓ અમદાવાદમાં કોરોના વાઇરસથી થતી કોવિડ-૧૯ બીમારીના કેસ આગામી સમયમાં વધવાની ભીતિને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી દ્વારા દેશમાં કોરોના સેમ્પલના ટેસ્ટિંગ માટે ૧૦ ચેપ્ટર તૈયાર કરવાના છે.
- ✓ જેમાં ગુજરાતમાં નાઈપરને નોડલ તરીકે નિમણૂક કરી ગુજરાત યુનિ. સહિતની અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં કોરોનાના ટેસ્ટ થઈ શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે.
- ✓ જો કે કોરોનાના ટેસ્ટિંગ માટે ICMRની મંજૂરી મળે પછી જ ટેસ્ટિંગ શરૂ થઈ શકશે.
- ✓ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી દ્વારા ગાંધીનગર સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી એજ્યુકેશન એન્ડ રિસર્ચને અમદાવાદ અને ગાંધીનગરનું એક ક્લસ્ટર બનાવીને નોડલ એજન્સી તરીકે નિમણૂક કરી.
- ✓ રાજ્યની જે પ્રીમિયર સંસ્થા પાસે આરટી પીસીઆર અને બાયોસેફ્ટી લેબ છે તેમાં કોરોનાના સેમ્પલનું ટેસ્ટિંગ માટે સંકલન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

**મેડિકસ કલસ્ટરમાં કઈ સંસ્થાનો સમાવેશ ?**

1. નાઈપર - ગાંધીનગર
2. ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ
3. આઈઆઈટી - ગાંધીનગર
4. ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર

## ૩. વિશ્વના દેશોનો સંરક્ષણ પાછળ ખર્ચ : વર્ષ-૨૦૧૯ (સંરક્ષણ)

- ✓ અહેવાલ : સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ - સ્વિડન

**સૌથી વધુ ખર્ચ કરનારા દેશો**

| ક્રમ | દેશ | ખર્ચ (અબજ ડૉલર) |
|---|---|---|
| ૧. | અમેરિકા | ૭૩૨ |
| ૨. | ચીન | ૨૬૧ |
| ૩. | ભારત | ૭૧.૧ |
| ૪. | રશિયા | ૬૫.૧ |
| ૫. | સાઉદી અરબ | ૬૧.૯ |
| ૬. | ફ્રાન્સ | ૫૦.૧ |
| ૭. | જર્મની | ૪૯.૩ |
| ૮. | યુ.કે. | ૪૮.૭ |
| ૯. | જાપાન | ૪૭.૬ |
| ૧૦. | દ.કોરિયા | ૪૩.૯ |

**અહેવાલની વિગત :**

- ✓ સ્વિડનની "સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પિસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ જગતના સંરક્ષણ ખર્ચ અંગેનો વર્ષ ૨૦૧૯ માટેનો અહેવાલ રજૂ કર્યો હતો.
- ✓ અહેવાલ પ્રમાણે ૨૦૧૯માં દુનિયાના દેશોએ કુલ મળીને ૧૯૧૭ અબજ ડૉલર (રૂપિયા ૧,૪૫,૯૫૫ અબજ)નો ખર્ચ કર્યો છે. ૨૦૧૮ કરતા આ ખર્ચ ૩.૬ ટકા વધારે હતો.
- ✓ છેલ્લા એક દાયકામાં થયેલો આ સૌથી મોટો વધારો છે. અગાઉના કોઈ વર્ષમાં સાડા ત્રણ ટકા જેટલો વધારો નોંધાયો નથી.
- ✓ સૌથી વધુ ખર્ચ કરનારા દેશ તરીકે અમેરિકા નંબર વન છે, જ્યારે ચીન બીજા ક્રમે છે.
- ✓ <u>ભારત પહેલી વાર સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનારા દેશોના લિસ્ટમાં ત્રીજા ક્રમે આવ્યું.</u>

<u>૪. પંચાયતી રાજ : નવી પહેલ 'સ્વામિત્વ યોજના'ની રૂપરેખા જાહેર (વહીવટ)</u>

- ✓ આ યોજનાથી ગ્રામ વિસ્તારોમાં મિલકતના અધિકારો અંગેની સ્પષ્ટતા કરશે. આ યોજના ડ્રોન સર્વેલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી બહેતર ગુણવત્તા ધરાવતી ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ હાથ ધરી શકાશે

**<u>ઉદ્દેશ :</u>**

- ✓ આ કાર્યક્રમનો ઉદ્દેશ ગામડાંના લોકોને તેમની નિવાસી મિલકતોના યોગ્ય દસ્તાવેજો પૂરા પાડવાનો છે કે જેથી તે તેમની આર્થિક અસ્કયામતોનો આર્થિક હેતુ માટે ઉપયોગ કરી શકે.
- ✓ આ યોજનાથી ગામડાંમાં આયોજન તથા આવકના એકત્રીકરણ કરવામાં સરળતા થશે તથા મિલકતના અધિકારો અંગે સ્પષ્ટતા થશે.
- ✓ આ યોજનાથી મિલકત અંગેના વિવાદો નિવારવામાં પણ સહાય થશે.
- ✓ આ કાર્યક્રમ હેઠળ તૈયાર કરવામાં આવેલા નકશાનો ઉપયોગ કરીને ગુણવત્તા ધરાવતી ગ્રામ વિકાસ યોજનાઓ તૈયાર કરી શકાશે.
- ✓ સ્વામિત્વ યોજના એ પંચાયતી રાજ મંત્રાલય, રાજ્યોના પંચાયતી રાજ વિભાગો અને સર્વે ઓફ ઈન્ડીયાનો ગ્રામ વિસ્તારોને મિલકતોની માન્યતાના સુસંકલિત ઉપાયો આપવા માટેની યોજના.
- ✓ આ યોજના હેઠળ અતિ આધુનિક ડ્રોન સર્વેઈંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગ્રામ વિસતારોની રહેણાકની જમીનોની માપણી કરવાનો છે.
- ✓ આ કાર્યક્રમનો અમલ હાલમાં 6 રાજ્યમાં હાથ ધરવામાં આવ્યો છે, જેમાં હરિયાણા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ આ યોજના હેઠળ અતિ આધુનિક સર્વેક્ષણ પધ્ધતિ અપનાવીને ગ્રામ વિસ્તારોની આવાસોની જમીનના નકશા તૈયાર કરવામાં આવશે.
- ✓ આ વર્ષ દરમ્યાન પંજાબ અને રાજસ્થાનમાં 101 કન્ટીન્યુઅસ ઓપરેટીંગ રેફરન્સ સ્ટેશન્સ (CORS) સ્થાપવામાં આવશે. જેનાથી આગામી વર્ષે નિવાસી વિસ્તારોમાં વાસ્તવિક સર્વેક્ષણ અને નકશા તૈયાર કરવાની કામગીરીનો તખ્તો તૈયાર થશે.

<u>ઈ-ગ્રામ સ્વરાજ અંગેની રૂપરેખા</u>

- ✓ આ પ્રક્રિયાથી પ્રિયા સોફ્ટ અને પીએફએમએસ જેવા પંચાયતી રાજ મંત્રાલયના પેમેન્ટ પોર્ટલ્સનું સંકલન કરીને મજબૂત નાણાંકિય વ્યવસ્થા સ્થાપવામાં સહાય થશે.
- ✓ આ એપ્લિકેશનનો ઉદ્દેશ વિકેન્દ્રીત આયોજન, પ્રોગ્રેસ રિપોર્ટીંગ અને કામગીરી આધારિત હિસાબી પધ્ધતિ વડે દેશભરની પંચાયતી રાજ સંસ્થાઓમાં બહેતર પારદર્શકતા અને મજબૂતી લાવવાનો છે.
- ✓ તેનાથી પંચાયતોની ભરોસાપાત્રતા વધારવામાં સહાય થશે અને પંચાયતી રાજ સંસ્થાઓના ભંડોળનો બહેતર ઉપયોગ થઈ શકશે.
- ✓ વધુમાં, ઈ-ગ્રામ સ્વરાજ ઉચ્ચતર સંસ્થાઓ મોનિટરીંગનું અસરકારક માધ્યમ પૂરૂં પાડે છે. આ એક સિંગલ પ્લેટફોર્મ હશે, જે પંચાયતોની આયોજનની હિસાબી યોજનાઓ માટે કામ આવશે.
- ✓ ઓનલાઈન પેમેન્ટ મોડ્યુલ (અગાઉનું પ્રિયાસોફ્ટ-પીએફએમએસ ઈન્ટરફેસ (પીપીઆઈ) એ અનોખી કામગીરી બજાવે છે અને પંચાયતો તેના વેન્ડર્સ અને સર્વિસ પ્રોવાઈડર્સને તેની મારફતે ઓનલાઈન ચૂકવણી કરી શકે છે.

✓ આ પ્રકારનું મોડ્યુલ રજૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ પંચાયતોમાં મજબૂત નાણાં વ્યવસ્થા સ્થાપવાનો છે કે જેથી તેમની ભરોંસાપાત્રતા અને ઈમેજમાં સુધારો થાય.

✓ આ પ્રયાસને ડીજીટલ ઈન્ડિયા પ્રોગ્રામ સાથે પણ જોડવામાં આવશે અને તેનાથી ભારતને ડીજીટલી શક્તિમાન સમાજ અને "ફેસલેસ, પેપરલેસ અને કેશલેસ નૉલેજ ઈકોનોમીમાં રૂપાંતર કરવાનો છે."

✓ કેન્દ્રીય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર

**૫. સ્વયંમ : ક્લાસ સેન્ટ્રલ લિસ્ટમાં 2019ના શ્રેષ્ઠ 30 ઓનલાઇન કોર્સમાં સ્વયંમના છ કોર્સને સ્થાન (શિક્ષણ)**

**વિગત**

✓ ધ ક્લાસ સેન્ટ્રલ (સ્ટેન્ફોર્ડ, એમઆઇટી, હાર્વર્ડ વગેરે જેવી ટોચની યુનિવર્સિટીમાંથી ફ્રી ઓનલાઇન કોર્સ એટલે કે એમઓઓસી)એ વર્ષ 2019ના શ્રેષ્ઠ 30 ઓનલાઇન અભ્યાસક્રમોની યાદીમાંથી સ્વયંમના 6 અભ્યાસક્રમોને સ્થાન આપ્યું.

✓ ઓનલાઇન અભ્યાસક્રમો માટેનું ઇન્ટિગ્રેટેડ પ્લેટફોર્મ 'સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઇન્ડ્સ' (સ્વયંમ)એ ઇન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ટેકનોલોજી (આઇસીટી)નો ઉપયોગ કરે છે, જેમાં સ્કૂલ (ધોરણ 9થી ધોરણ 12)થી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ લેવલને આવરી લેવામાં આવે છે.

✓ અત્યાર સુધી કુલ 2867 અભ્યાસક્રમો સ્વયંમ દ્વારા ઓફર થયા છે અને 568 અભ્યાસક્રમોને જાન્યુઆરી, 2020 માટે ઓફર કરવા અપલોડ કરવામાં આવ્યાં છે.

✓ આશરે 57 લાખ (57,84,770) યુનિક યુઝર/રજિસ્ટ્રેશન સ્વયંમ પ્લેટફોર્મ પર થયું છે અને સ્વયંમના વિવિધ કોર્સમાં આશરે 1.25 કરોડ (125,04,722) નોંધણી થઈ છે.

✓ આ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટીચર એજ્યુકેટર્સ માટે ઓનલાઇન અભ્યાસક્રમો પણ પૂરાં પાડે છે. એને તમે swayam.gov.in પરથી એક્સેસ કરી શકશો.

**6 અભ્યાસક્રમો-સંસ્થાઓની યાદી**

1. એકેડેમિક રાઇટિંગ: એચ એન બી ગઢવાલ યુનિવર્સિટી (સેન્ટ્રલ યુનિવર્સિટી) શ્રીનગર, ગઢવાલ.
2. ડિજિટલ માર્કેટિંગ: પંજાબ યુનિવર્સિટી ચંદીગઢ.
3. એનિમેશન: બનારસ હિંદુ યુનિવર્સિટી
4. મેથેમેટિકલ ઇકોનોમિક્સ: દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
5. પાયથોન ફોર ડેટા સાયન્સ: ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, મદ્રાસ
6. અર્લી ચાઇલ્ડહૂડ કેર એન્ડ એજ્યુકેશન (ઇસીસીઇ) : અવિયનશિલિંગમ ઇન્સ્ટિટ્યૂટ ફોર હોમ સાયન્સ એન્ડ હાયર એજ્યુકેશન ફોર વિમેન, કોઇમ્બતૂર

**૬. લાઇફલાઇન ઉડાન : કોવિડ-19 લૉકડાઉન દરમિયાન લાઇફલાઇન ઉડાન ફ્લાઇટ્સ અંતર્ગત સમગ્ર દેશમાં આવશ્યક અને તબીબી સામાન પહોંચાડાયો (લોજીસ્ટિક)**

✓ કોવિડ-19 મહામારી સામે ભારતની લડાઇમાં દેશના અંતરિયાળ અને સરહદી વિસ્તારો સુધી આવશ્યક તબીબી પૂરવઠો પહોંચાડવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 'લાઇફલાઇન ઉડાન' અંતર્ગત ફ્લાઇટ્સ ચલાવવામાં આવે છે.

✓ એર ઇન્ડિયા, અલાયન્સ એર, ભારતીય વાયુ સેના અને ખાનગી કેરિઅર્સ દ્વારા કુલ 383 ફ્લાઇટ્સનું પરિચાલન કરવામાં આવ્યું છે.

**૭. દિન વિશેષ : ૨૭ એપ્રિલ**

**આજના દિવસે મહાદેવી વર્માને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માન કરાયુ હતુ**

**ગૂગલએ મહાદેવી વર્માને ડૂડલ બનાવી યાદ કર્યાં**

✓ મહાદેવી વર્મા ભારતના મહાન સાહિત્યિક લેખક, કવિ, સ્વાતંત્ર્ય સેનાની અને શિક્ષણવિદ હતા.

✓ આ Google doodle સોનલ ઝોહરા દ્વારા કરવામાં આવ્યું છે આ ડૂડલમાં, ઝાહરાએ બતાવ્યું છે કે સુંદર વિચારોમાં કવિ કેવી રીતે લખે છે. આ ડૂડલએ બતાવ્યું છે કે મહાદેવ વર્મા એક વૃક્ષ નીચે બેઠા છે જ્યાં એક નદી છે અને તે કવિતા લખે છે.

✓ કાવ્યાત્મક સંકલન માટે મળ્યું, જ્ઞાનપીઠ

✓ મહાદેવી વર્માને 'આધુનિક મીરા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

✓ **મહાદેવી વર્માએ 'યામા" નામના કવિતાના સંકલન માટે 27 એપ્રિલ, 1982ના રોજ ભારતના સૌથી વધુ સાહિત્યિક સન્માન 'જ્ઞાનપીઠ પુરસ્કાર' મેળવ્યો હતો.**

**૮. દિન વિશેષ : ૨૭ એપ્રિલ**

**(૧) વિશ્વ ગ્રાફિક ડિઝાઈન દિવસ**

**(World Graphic Design Day)**

✓ વિશ્વ ગ્રાફિક ડિઝાઇન દિવસ, ૨૭ એપ્રિલનાં રોજ ઉજવવામાં આવે છે.

✓ જે ૧૯૬૩માં સ્થપાયેલ ગ્રાફિક ડિઝાઇનની વૈશ્વિક સંસ્થા 'ઇકોગ્રાડા' (Icograda)ની વર્ષગાંઠની ઉજવણી રૂપે ઉજવવામાં આવે છે.

✓ આની શરૂઆત ૧૯૯૫ થી થયેલ. આ દિવસ ગ્રાફિક ડિઝાઇન અને માહિતી રૂપરેખાનાં વ્યવસાયની ઉજવણીરૂપે ઉજવવામાં આવે છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૪-૨૦૨૦)

1. એપ્રિલ 2020માં આરબીઆઈ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સ માટે કેટલા કરોડનું લિક્વિડિટી પેકેજ જાહેર કર્યું- <u>રૂ.50,000/- કરોડ</u>
2. મ્યુચ્યુઅલ ફંડ્સ માટે બજારમાં નાણાકીય તરલતા જાળવવા બિડની ઓછામાં ઓછી રકમ કેટલાના ગુણાંકમાં રહેશે- <u>રૂ.1 કરોડ કે તેના ગુણાંકમાં</u>
3. ગુજરાતમાં કઈ સંસ્થાના વડપણ હેઠળ રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં કોરોના ટેસ્ટિંગની સુવિધા શરૂ કરાશે- <u>NIPER</u>
4. ગુજરાતમાં NIPER સંસ્થાના વડપણ હેઠળ રાજ્યની કઈ કઈ શૈક્ષણિક સંસ્થાઓનો કોરોના ટેસ્ટિંગની સુવિધા માટે મેડિકલ ક્લસ્ટરમાં સમાવેશ કરાયો છે - <u>1.NIPER 2. ગુજરાત યુનિવર્સિટી 3. આઈઆઈટી- ગાંધીનગર અને 4. ગુજરાત ટેકનોલોજિકલ રિસર્ચ સેન્ટર- ગાંધીનગર</u>
5. COVID-19ની ભાવિ સ્થિતિને પહોંચી વળવા કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી દ્વારા દેશમાં કોરોના સેમ્પલના ટેસ્ટિંગ માટે કેટલા ચેપ્ટર તૈયાર કરવામાં આવશે - <u>10</u>
6. COVID-19ની ભાવિ સ્થિતિને પહોંચી વળવા કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી દ્વારા દેશમાં કોરોના સેમ્પલના ટેસ્ટિંગ માટે તૈયાર કરવામાં આવનાર ચેપ્ટર માટે ગુજરાતમાંથી નોડલ તરીકે કઇ સંસ્થાની પસંદગી કરાઈ છે-<u>NIPER, ગાંધીનગર</u>
7. NIPERનું વિસ્તૃત નામ જણાવો- <u>નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી એજ્યુકેશન એન્ડ રિસર્ચ</u>
8. રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ પાસે કેવા પ્રકારની લેબ ઉપલબ્ધ હોય તેમાં કોરોનાના સેમ્પલના ટેસ્ટિંગ માટે સંકલનની જવાબદારી આપવામાં આવશે- <u>RTPCR અને બાયોસેફટી લેબ</u>
9. સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના દેશોનો અહેવાલ કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવે છે - <u>સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ</u>
10. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ" ક્યા દેશમાં આવેલી છે - <u>સ્વિડન</u>
11. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના ટોચના એકથી ત્રણ દેશોના નામ જણાવો - <u>અમેરિકા, ચીન અને ભારત</u>
12. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના ટોચના એકથી ત્રણમાં કયા દેશનો પ્રથમવાર સમાવેશ થયો છે-<u>ભારત</u>
13. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચ કરતા વિશ્વના ટોચના એકથી ત્રણ દેશોનો ખર્ચે જણાવો- <u>અમેરિકા- 732 અબજ ડૉલર, ચીન- 261 અબજ ડૉલર અને ભારત-71.1 અબજ ડૉલર</u>
14. "સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ"ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ વર્ષે 2019ના અહેવાલ મુજબ સંરક્ષણ પાછળ ખર્ચે કરતાં દેશોએ વર્ષે 2018 કરતાં ખર્ચેમાં કેટલા ટકાનો વધારો કર્યો છે- 3.6%
15. પંચાયતી રાજની નવી પહેલ સમાન સ્વામિત્વ યોજનાનો હેતુ જણાવો - <u>ગામડાંના લોકોને તેમની નિવાસી મિલકતોના યોગ્ય દસ્તાવેજો પૂરા પાડવાનો જેથી તે તેમની આર્થિક અસ્કયામતોનો આર્થિક હેતુ માટે ઉપયોગ કરી શકે</u>
16. કેન્દ્ર સરકારની સ્વામિત્વ યોજના શાના માટેની છે - <u>પંચાયતી રાજ મંત્રાલય, રાજ્યોના પંચાયતી રાજ વિભાગો અને સર્વે ઓફ ઈન્ડીયાનો ગ્રામ વિસ્તારોને મિલકતોની માન્યતાના સુસંકલિત ઉપાયો આપવા માટેની યોજના</u>
17. CORSનું વિસ્તૃત નામ જણાવો - <u>કન્ટીન્યુઅસ ઓપરેટીંગ રેફરન્સ સ્ટેશન્સ</u>
18. વર્તમાન કેન્દ્રીય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ મંત્રીનું નામ જણાવો - <u>શ્રી નરેન્દ્રસિંહ તોમર</u>
19. SWAYAMનું વિસ્તૃત નામ જણાવો - <u>પ્લેટફોર્મ 'સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઇન્ડ્સ'</u>
20. કયા લિસ્ટમાં 2019ના શ્રેષ્ઠ 30 ઓનલાઇન કોર્સમાં સ્વયંમના છ કોર્સને સ્થાન મળ્યુ – <u>ધ ક્લાસ સેન્ટ્રલ</u>

21. કોવિડ-19 લૉકડાઉન દરમિયાન કઈ ફ્લાઇટ્સ અંતર્ગત સમગ્ર દેશમાં આવશ્યક અને તબીબી સામાન પહોંચાડાયો - **લાઇફલાઇન ઉડાન**

22. કોવિડ-19 લૉકડાઉન દરમિયાન કયા મંત્રાલય દ્વારા લાઇફલાઇન ઉડાન ફ્લાઇટ્સ અંતર્ગત સમગ્ર દેશમાં આવશ્યક અને તબીબી સામાન પહોંચાડાયો – **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય**

23. ભારતના મહાન સાહિત્યકાર મહાદેવી વર્માને 27 એપ્રિલ (1982)ના રોજ સાહિત્યનો કયો સર્વોચ્ચ પુરસ્કાર અપાયો હતો જેની યાદમાં google દ્વારા ડૂડલ બનાવ્યું હતું- **'જ્ઞાનપીઠ પુરસ્કાર'**

24. મહાદેવી વર્માને કયા કવિતાના સંકલન માટે 'જ્ઞાનપીઠ પુરસ્કાર' અપાયો હતો - **"યામા"**

25. મહાન સાહિત્યકાર મહાદેવી વર્માને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે- **આધુનિક મીરા**

26. 'વિશ્વ ગ્રાફિક ડિઝાઇન દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે - **27 એપ્રિલ**

**DATE : 28-04-2020**

## ૧. કોરોના સંક્રમિત દર્દીઓ માટે કેન્દ્રની નવી માર્ગદર્શિકા (આરોગ્ય)

**સરકારની ગાઇડ લાઇન**

1. પ્રારંભિક લક્ષણ ધરાવતા હોવાનું પ્રમાણ અપાય તે જ હોમ આઇસોલેશનમાં રહી શકશે.
2. દર્દીને સેફ આઇસોલેશનની અને પરિવારના સભ્યોને ક્વોરન્ટાઇન કરવાની સુવિધા હશે. તેમને જ આ પરવાનગી અપાશે
3. દર્દીની ૨૪ કલાક કાળજી લેવા વ્યક્તિને અધિકૃત કરવી પડશે
4. કેર ગિવર અને દર્દીના સંપર્કમાં આવેલા તમામે હાઇડ્રોક્સિક્લોરોક્વિન લેવાની રહેશે
5. દર્દીએ આરોગ્ય સેતુ એપ ફરજિયાત ડાઉનલોડ કરી સતત એક્ટિવ રાખવી પડશે.
6. દર્દીએ તેના આરોગ્ય અંગે જિલ્લા સર્વેલન્સ અધિકારીને સતત માહિતી આપતા રહેવું પડશે

**કયાં ગંભીર લક્ષણોની જાણ કરવાની રહેશે ?**

- ✓ શ્વાસ લેવામાં તકલીફ સર્જાય
- ✓ છાતીમાં સતત દુખાવો અથવા દબાણની ફરિયાદ
- ✓ માનસિક મૂંઝવણ અથવા ઊઠવામાં તકલીફ
- ✓ હોઠ અને ચહેરાનો રંગ બદલાવો
- ✓ કેર ગિવરે તાત્કાલિક સર્વેલન્સ અધિકારીને જાણ કરવાની રહેશે
- ✓ આરોગ્ય મંત્રાલય ભારત સરકાર

## ૨. UFO : યુએસના પેન્ટાગોનની UFOની માન્યતા પર પ્રથમવાર મહોર (ખગોળ વિજ્ઞાન)

- ✓ બ્રહ્માંડમાં પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો પર જીવન હોવાની સંભાવના અંગે માનવી શોધ ચલાવી રહ્યો છે.
- ✓ ઘણીવાર લોકોએ પરગ્રહવાસીઓ દ્વારા પૃથ્વીની મુલાકાત અને તેમના યાન જોયાના દાવા કરાયા છે.
- ✓ <u>એલિયન્સના આ યાનને આપણે અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇંગ ઓબ્જેક્ટ (યુએફઓ) તરીકે ઓળખીએ છીએ</u>.
- ✓ અમેરિકી નેવીના પાઇલટ દ્વારા યુએફઓના વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૫માં વીડિયો તૈયાર કરાયા હતા.
- ✓ <u>અમેરિકાના સંરક્ષણ વિભાગના વડામથક પેન્ટાગોન દ્વારા ૩ વીડિયો સત્તાવાર રીતે જારી કર્યા હતા.</u>

**UFO શું છે ?**

- ✓ સૈકાઓથી માનવી આકાશમાં ઊડતી રકાબી જોયાનો દાવો કરતો આવ્યો છે. ઘણાએ તો યુએફઓ અને તેમાં સવાર થઇને આવતા પરગ્રહવાસીઓ સાથે મુલાકાતના દાવા પણ કરેલા છે.
- ✓ આકાશમાં ઉડાન ભરતા પાઇલટને આ પ્રકારના અજાણ્યા અવકાશી પદાર્થો દેખાયા છે. આ પ્રકારના અવકાશી પદાર્થોને આપણે યુએફઓ તરીકે ઓળખીએ છીએ.

## ૩. લઘુગ્રહ : પૃથ્વીની અત્યંત નજીકથી પસાર થશે (ખગોળ વિજ્ઞાન)

- ✓ આજે પૃથ્વીની અત્યંત નજીકથી ૧.૨ માઇલ પહોળો લઘુગ્રહ પસાર થશે ૫૨૭૬૮ (૧૯૯૮ OR૨) નામનો ૧.૨ માઇલ પહોંળો લઘુગ્રહ ૨૯મી એપ્રિલ-૨૦૨૦ના રોજ પૃથ્વીથી ૩,૯૯,૦૮,૭૯૧ માઇલ દૂરથી ૧૯,૪૬૧ માઇલ પ્રતિ કલાકની ઝડપે પસાર થશે.
- ✓ જો આ કદનો લઘુગ્રહ પૃથ્વી સાથે ટકરાય તો તે વ્યાપક વિનાશ વેરી શકે છે.

## ૪. શેર બજાર : શું છે રાઇટ્સ ઇશ્યૂ ? (આર્થિક)

- ✓ શેરબજારમાં લિસ્ટેડ કંપની મૂડી ઊભી કરવા રાઇટ્સ ઇશ્યૂ કરતી હોય છે.
- ✓ કંપની તેના હાલના શેરહોલ્ડર્સને કંપનીના શેર નક્કી કરેલા ભાવથી ખરીદવાની ઓફર કરતી હોય છે.
- ✓ જેમાં શેરહોલ્ડર્સ નક્કી કરેલા રેશિયો મુજબ શેર ખરીદી શકે છે. રેશિયો કંપની દ્વારા નક્કી કરાય છે.
- ✓ નક્કી કરેલા સમયગાળામાં શેરધારકોએ શેર ખરીદવાના હોય છે. રાઇટ્સ ઇશ્યૂથી આપવામાં આવનાર શેરથી કંપનીના માલિકીહકમાં કોઈ ફરક પડતો નથી.

**૫. ADB : ભારતને કોરોના સામે લડવા 1.5 અબજ ડોલરની જંગી લોન આપશે**

**હેતુ અને વિગત**

- ✓ એશિયન ડેવલોપમેન્ટ બેન્કે નોવલ કોરોનો વાઈરસનો સામનો કરવા ભારતને મદદ કરવાના હેતુ સાથે 1.5 અબજ ડોલર (રૂ.11400 કરોડ) ની લોન મંજૂર કરી છે.
- ✓ રોગચાળાને ફેલાતો અટકાવવાને પ્રાથમિક્તા આપતાં ગરીબો અને આર્થિક રીતે નબળા વર્ગ માટે સામાજિક સુરક્ષા સહિત મદદરૂપ બનવા એડીબી બેન્ક ભારતને સમર્થન આપી રહી છે.
- ✓ એડીબી પ્રેસિડન્ટ મસાત્સુગુ અસાકાવાએ જણાવ્યું હતુ કે, એડીબી આ અણધારી આફત સામે લડવા માટે ભારત સરકારને સહકાર આપવા પ્રતિબદ્ધ છે. વિશાળ પેકેજના ભાગરૂપે ઝડપથી ફંડની ફાળવણી કરવામાં આવશે. એડીબી સરકાર અને અન્ય ડેવલોપમેન્ટ પાર્ટનર્સ સાથે મળી ફંડ પૂરું પાડશે.
- ✓ કોવિડ–19 એક્ટિવ રિસ્પોન્સ એન્ડ એક્સપેન્ડિચર સપોર્ટ પ્રોગ્રામ આરોગ્ય સુવિધાઓ અને સંભાળમાં સુધારો કરવા ફાળો આપશે.
- ✓ તદુપરાંત ૮૦ કરોડથી વધુ લોકોને સામાજિક સુરક્ષા પ્રદાન કરશે. જેમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો, ખેડૂતો, હેલ્થકેર વર્કર્સ, મહિલાઓ, વરિષ્ઠો, દિવ્યાંગો, નીચી આવક ધરાવતા રોજમદારો, કંસ્ટ્રક્શન મજૂરોને સહાય પૂરી પાડવા <u>મહામારીનો સામનો કરતા સીપીઆરઓ હેઠળ કેર્સ પ્રોગ્રામને ફંડ આપશે.</u>
- ✓ <u>એડીબી પ્રેસિડન્ટ - મસાત્સુગુ અસાકાવા</u>

<u>એડીબી મુખ્ય મથક - મનિલા (ફિલિપાઈન્સ)</u>

**૫. દિન વિશેષ - ૨૮ એપ્રિલ :**

**વિશ્વ કાર્યસ્થળ સ્વાસ્થ્ય અને સુરક્ષા દિવસ (World day for safety and health at work)**

**વર્ષ-૨૦૨૦ થીમ :**

- ✓ "stop the pandemic: safety and health at work can save lives"
- ✓ આ દિવસ પ્રતિવર્ષ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા મનાવવામાં આવે છે.
- ✓ આ દિવસને 2003ના વર્ષથી ઉજવવામાં આવી રહ્યો છે.
- ✓ આ વખતનો વિશ્વ કાર્યસ્થળ સ્વાથ્ય અને સુરક્ષા દિવસ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની 100મી વર્ષગાંઠથી પ્રેરિત છે.

**ILO– ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન**

- ✓ **સ્થાપના:** 29 ઓક્ટોબર 1919
- ✓ આ એક ત્રિપક્ષીય સંગઠન છે, જેમાં સરકાર, રોજગાર આપનાર તથા કર્મચારી ત્રણેય શ્રમ અંગેના માનક નિશ્ચિત કરવા અંગે વિચાર વિમર્શ કરે છે.
- ✓ ILO સંયુક્ત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી. **મુખ્યમથક :** જીનીવા, સ્વિન્ઝરલેન્ડ
- ✓ **સભ્ય દેશ :** 187
- ✓ નોબેલ શાંતિ પુરસ્કાર - 1969માં

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૪-૨૦૨૦)</u>

1. કોરોના સંક્રમિત દર્દીઓ માટે કેન્દ્રની નવી માર્ગદર્શિકા મુજબ કોણ હોમ આઇસોલેશનમાં રહી શકશે – **જેને પ્રારંભિક લક્ષણ ધરાવતા હોવાનું પ્રમાણ અપાય તે**
2. કોરોના સંક્રમિત દર્દીઓ માટે કેન્દ્રની નવી માર્ગદર્શિકા મુજબ દર્દીએ કઈ એપ ફરજિયાત ડાઉનલોડ કરી સતત એક્ટિવ રાખવી પડશે - **આરોગ્ય સેતુ**
3. કોરોના સંક્રમિત દર્દીઓ માટે ભારત સરકારના કયા વિભાગ દ્વારા નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ હતી - **આરોગ્ય મંત્રાલય**
4. એપ્રિલ-૨૦૨૦માં કોના દ્વારા UFOની માન્યતા પર પ્રથમવાર મહોર મારવામાં આવી હતી - **યુએસના પેન્ટાગોન**
5. યુએસનું સંરક્ષણ હાઉસ કયા નામે ઓળખાય છે – **પેન્ટાગોન**
6. પરગ્રહવાસી એલિયન્સ દ્વારા પૃથ્વીની મુલાકાત અને તેમના યાનને કયા નામે ઓળખવામાં આવે છે- **UFO**
7. UFOનું વિસ્તૃત નામ જણાવો - **અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇંગ ઓબ્જેક્ટ**

8. અમેરિકી નેવીના પાઇલટ દ્વારા કયા વર્ષમાં યુએફઓના વીડિયો તૈયાર કરાયા હતા - **વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૫**
9. સૈકાઓથી આકાશમાં ઊડતી રકાબીને માનવી કયા નામે ઓળખે છે - **અનઆઇડેન્ટિફાઇડ ફ્લાઇંગ ઓબ્જેક્ટ (યુએફઓ)**
10. તા.૨૯મી એપ્રિલ-૨૦૨૦ના રોજ કયો લઘુગ્રહ પૃથ્વીની અત્યંત નજીકથી પસાર થયો હતો - **૫૨૭૬૮ (૧૯૯૮ OR૨)**
11. તા.૨૯મી એપ્રિલ-૨૦૨૦ના રોજ ૫૨૭૬૮ (૧૯૯૮ OR૨) નામનો લઘુગ્રહ પૃથ્વીની અત્યંત નજીકથી પસાર થયો હતો તેની પહોળાઈ જણાવો - **૧.૨ માઇલ પહોળો**
12. શેરબજારમાં લિસ્ટેડ કંપની શા માટે રાઇટ્સ ઇશ્યૂ કરતી હોય છે - **મૂડી ઊભી કરવા**
13. શેરબજારમાં લિસ્ટેડ કંપની રાઇટ્સ ઇશ્યૂ અંતર્ગત શું કરતી હોય છે - **કંપની તેના હાલના શેરહોલ્ડર્સને કંપનીના શેર નક્કી કરેલા ભાવથી ખરીદવાની ઓફર કરતી હોય છે**
14. રાઇટ્સ ઇશ્યૂથી આપવામાં આવનાર શેરથી કંપનીના માલિકીહકમાં શું ફરક પડે છે - **કોઈ ફરક પડતો નથી**
15. ADB દ્વારા ભારતને કેટલી લોન અપાશે - **1.5 અબજ ડોલર**
16. ADB દ્વારા કયા હેતુસર ભારતને 1.5 અબજ ડોલરની લોન આપશે - **નોવલ કોરોનો વાઈરસનો સામનો કરવા ભારતને મદદ કરવા**
17. ADBનું વિસ્તૃત નામ જણાવો - **એશિયન ડેવલોપમેન્ટ બેન્ક**
18. એશિયન ડેવલોપમેન્ટ બેન્કના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **મસાત્સુગુ અસાકાવા**
19. એશિયન ડેવલોપમેન્ટ બેન્કનું મુખ્ય મથક કયા આવેલું છે - **મનિલા (ફિલિપાઈન્સ)**
20. વિશ્વ કાર્યસ્થળ સ્વાસ્થ્ય અને સુરક્ષા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **૨૮ એપ્રિલ**
21. વિશ્વ કાર્યસ્થળ સ્વાસ્થ્ય અને સુરક્ષા દિવસ વર્ષ-૨૦૨૦ની થીમ જણાવો - **"stop the pandemic: safety and health at work can save lives"**
22. પ્રતિ વર્ષ ૨૮ એપ્રિલના રોજ કયા સંગઠન દ્વારા વિશ્વ કાર્યસ્થળ સ્વાસ્થ્ય અને સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે - **આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન**
23. ILOનું વિસ્તૃત નામ જણાવો-**આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન**
24. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા કયા વર્ષથી પ્રતિ વર્ષે ૨૮ એપ્રિલના રોજ કયા સંગઠન દ્વારા વિશ્વ કાર્યસ્થળ સ્વાસ્થ્ય અને સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે – **વર્ષ-૨૦૦૩**
25. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કયારે થઈ હતી - **29 ઓક્ટોબર 1919**
26. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન કોની વિશેષ એજન્સી છે - **સંયુક્ત રાષ્ટ્ર**
27. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનનુ મુખ્યમથક કયા આવેલું છે - **જીનીવા, સ્વિન્ઝરલૅન્ડ**
28. એપ્રિલ-૨૦૨૦ની સ્થિતિએ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના સભ્ય દેશોની સંખ્યા કેટલી છે- **187**
29. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનને કયા વર્ષમાં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો – **વર્ષ-1969**

**DATE : 29-04-2020**

૧. નિર્ણય : કેન્દ્ર સરકાર

કેન્દ્રના કર્મચારીઓ માટે કોરોના અંગેની "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરવી ફરજિયાત (આરોગ્ય)

- ✓ કોવિડ-૧૯ સંક્રમણની ચેઇન તોડવા માટે આ એપ ઉપયોગી સાબિત થશે.
- ✓ કેન્દ્ર સરકારમાં કામ કરતા અધિકારી અને કર્મચારી ઉપરાંત આઉટસોર્સ સ્ટાફે પણ કાર્યાલયે જવા નીકળતાં પહેલાં એપ પોતાના સ્ટેટસની સમીક્ષા કરવી પડશે.
- ✓ એપ જો સેફ ' કે ' લો રિસ્ક સ્ટેટસ બતાવે તો જ તેઓ ફરજ બજાવવા કાર્યાલયે હાજર થઇ શકશે.
- ✓ તમામ વિભાગો, મંત્રાલયો, કેબિનેટ સચિવો અને વડા પ્રધાન કાર્યાલયને પણ આ આદેશ પાઠવી દેવામાં આવ્યા છે.
- ✓ કોવિડ-૧૯ પોઝિટિવ કેસના નજીકના સંપર્કમાં આવેલી વ્યક્તિને શોધી કાઢવા નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આરોગ્ય સેતુ એપ વિકસાવી હતી.

- ✓ આ એપ યૂઝરને ટ્રેક કરવા બ્લૂટૂથ અને લોકેશન ડેટાનો ઉપયોગ કરીને યૂઝર કોને મળે છે અને કોના ગાઢ સંપર્કમાં આવે છે તેના પર નજર રાખે છે.
- ✓ નીતિ આયોગ અને ટેક ઉદ્યોગના સ્વયંસેવકોએ સાથે મળીને આ એપ વિકસાવી છે.

૨. અવસાન : અભિનેતા ઈરફાન ખાન અવસાન : તા. ૨૯-૦૪-૨૦૨૦, મુંબઈ

જન્મ : તા.૦૭-૦૧-૧૯૬૭ જન્મ સ્થળ - જયપુર

- ✓ બોલિવુડના લોકપ્રિય અદાકાર ઇરફાન ખાનનું ૫૪ વરસની વયે નિધન.
- ✓ છેલ્લા ત્રણ વર્ષથી તેઓ કેન્સર સામે લડી રહ્યાં હતા. જેમણે મુંબઈની કોકિલા બેન હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા.

**ફિલ્મી કારકિર્દી**

- ✓ અભિનેતાએ કારકિર્દીની શરૂઆત ૧૯૮૮ની આંતરરાષ્ટ્રીય ફિલ્મ સલામ બોમ્બેથી કરી હતી જે ઓસ્કર માટે પણ નોમિનેટ થઇ.

ગુજરાતી વાર્તા પરથી બનેલી સિરિયલમાં અભિનય

- ✓ ઇરફાને ઘણી સિરિયલોમાં પણ કામ કર્યું હતુ. જેમાં શ્રીકાન્ત, ભારત એક ખોજના ૩૨ અને ૩૩મો એપિસોડ, ચાણક્ય, ચંદ્રકાન્તા, ધ ગ્રેટ મરાઠા, બનેગી અપની બાત, ડરનો સમાવેશ થાય છે.
- ✓ ગુજરાતી લેખક ચંદ્રકાંત બક્ષીની લોકપ્રિય વાર્તા એક સાંજની મુલાકાત પરથી હિન્દીમાં એક શામ કી મુલાકાત નામે સિરિયલ તૈયાર થઈ હતી.

**ઇરફાનને મળેલા મહત્ત્વના એવૉર્ડ્સ**

- ✓ પદ્મશ્રી - ૨૦૧૧
- ✓ નેશનલ ફિલ્મ એવોર્ડ-૨૦૧૩માં ફિલ્મ પાન સિંહ તોમર માટે
- ✓ આઇફા એવોર્ડ ફોર બેસ્ટ એકટર ૨૦૧૮ માં ફિલ્મ હિન્દી મીડિયમ માટે અને ૨૦૦૮માં ફિલ્મ લાઇફ ઇન એ મેટ્રોમાં બેસ્ટ સપોર્ટિંગ એકટર માટે.
- ✓ કુલ પાંચ વખત ફિલ્મ ફેર એવોર્ડ, જેમાં હિન્દી મીડિયમ, પાનસિંહ તોમર, લાઈફ ઈન અ મેટ્રો, હાસિલ (તમિલ).. વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ ૨૦૧૪માં ફિલ્મ લન્ચ બોક્સ માટે એશિયન ફિલ્મ એવોર્ડ મળ્યો હતો.
- ✓ દુબઇ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ લાઇવટાઇમ અચિવમેન્ટ એવોર્ડ ૨૦૧૭માં મળ્યો હતો.

**ઇરફાન ખાનની યાદગાર ફિલ્મો**

- ✓ પિકુ - દીપિકા પદુકોણ અને અમિતાભ બચ્ચન સાથે
- ✓ તલવાર - આયુષી તલવારની સત્ય ઘટના પરની આધારિત ફિલ્મ
- ✓ ધ લન્ચ બોક્સ - પતિ-પત્ની વચ્ચેના પ્રેમ સંબંધો
- ✓ પાન સિંહ તોમર - આ ફિલ્મ એવા ઇન્ડિયન આર્મી સોલજર પરઆધારિત હતી જેને પરાણે ગુંડો બનવું પડે છે.
- ✓ મકબૂલ – હિન્દી મિડીયમ
- ✓ મદારી લાઇફ ઇન મેટ્રો
- ✓ ધ સ્લમ ડોગ મિલિયોનર ધ નામસેક
- ✓ હૈદર

૩. નિમણૂક : UNમાં ભારતના નવા સ્થાયી પ્રતિનિધિ તરીકે સચિવ શ્રી ટી.એસ. તિરુમૂર્તિ

- ✓ વિદેશ મંત્રાલયમાં આર્થિક બાબતોના સચિવ ટી. એસ. તિરુમૂર્તિની નિમણૂક સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નવા સ્થાયી પ્રતિનિધિ તરીકે કરવામાં આવી છે.
- ✓ તિરૂમૂર્તિ નિવૃત્ત થયેલા અકબરુદ્દીનનું સ્થાન લીધુ.
- ✓ IAF-1985 બેચ
- ✓ તિરૂમૂર્તિ કુઆલાલુમ્પુર(મેલશિયા) ખાતે ઉચ્ચાયુક્ત રહી ચૂકયા છે.

૪.પીટર્સબર્ગ ક્લાઈમેટ ડાયલોગ્સ-11 (પર્યાવરણ)

ભારત દ્વારા 30 દેશો સાથે આબોહવામાં પરિવર્તન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા

- ✓ તા. ૨૭ અને ૨૮ એપ્રિલ-૨૦૨૦ના રોજ પીટર્સબર્ગ આબોહવા સંવાદની પ્રથમ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

**ઉદ્દેશ :**

- ✓ પીટર્સબર્ગ આબોહવા સંવાદના અગિયારમા સત્રમાં ભારતે અન્ય 30 દેશોની સાથે સામૂહિક લવચીકતાને સંવર્ધિત કરવા અને આબોહવામાં પરિવર્તનની કાર્યવાહીને પ્રોત્સાહન આપીને તથા ખાસ કરીને નિઃસહાય લોકોની પણ સહાયતા કરીને કોવિડ-19 પછી અર્થવ્યવસ્થાઓમાં અને સમાજોમાં નવો પ્રાણ ફૂંકવા પડકારો ઝીલવા અને સાધનો પર ચર્ચાવિચારણા કરી હતી.
- ✓ પ્રથમ વર્ચ્યુઅલ પીટર્સબર્ગ આબોહવા સંવાદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને કેન્દ્રીય પર્યાવરણ, વન અને

આબોહવામાં પરિવર્તન મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, વર્તમાનમાં જે રીતે સંપૂર્ણ વિશ્વ એક થઈને નોવેલ કોરોનાવાયરસ માટે રસી શોધવામાં લાગ્યા છીએ, એ જ રીતે પર્યાવરણ સંબંધિત ટેકનોલોજી આપણી પાસે મુક્ત સ્રોત સ્વરૂપે હોવી જોઈએ, જે વાજબી કિંમતે ઉપલબ્ધ કરાવવી જોઈએ.

- ✓ 1 ટ્રિલિયન ડોલરની સહાય આપવાની યોજના બનાવવી જોઈએ."

**આયોજક :**

- ✓ આ બેઠકનું આયોજન 2010થી આબોહવાના સંબંધમાં આંતરરાષ્ટ્રીય ચર્ચાવિચારણા અને આબોહવા સાથે સંબંધિત કામગીરીની પ્રગતિ પર કેન્દ્રીત અનૌપચારિક ઉચ્ચ-સ્તરીય રાજકીય ચર્ચાઓ માટે એક મંચ પ્રદાન કરવા માટે જર્મની દ્વારા થઈ રહ્યું છે.
- ✓ વર્ચ્યુઅલ 11મા પીટર્સબર્ગ આબોહવા સંવાદની સહ-અધ્યક્ષતા જર્મની અને બ્રિટન દ્વારા કરી હતી, જે સંયુક્ત રાષ્ટ્ર, આબોહવામાં પરિવર્તનમાં ફ્રેમવર્ક સંમેલન (યુએનએફસીસીસી) માટે 26મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી 26)ની આગામી અધ્યક્ષ છે.
- ✓ સંવાદનો મુખ્ય એજન્ડા- સામૂહિક લવચીકતાને પ્રોત્સાહન આપવા અને આબોહવામાં પરિવર્તનની કાર્યવાહીને પ્રેરિત કરીને તથા વિશેષ સ્વરૂપે અસહાય લોકોની પણ સહાયતા કરીને સંયુક્ત સ્વરૂપે કોવિડ-19 પછી અર્થવ્યવસ્થાઓ અને સમાજમાં નવો પ્રાણ ફૂંકવાના પડકારને ઝીલવાનો.

## ૫. દિન વિશેષ : ૨૯ એપ્રિલ : આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ

**આયોજન :**

- ✓ આંતરરાષ્ટ્રીય નૃત્ય પરિષદ તથા 'અંબ્રેલા ઓર્ગેનાઇઝેશન' દ્વારા યુનેસ્કોનાં સહયોગમાં, ૨૯ એપ્રિલનાં રોજ દરેક પ્રકારનાં નૃત્યો માટે મનાવવામાં આવે છે.
- ✓ આ ઉજવણી ૧૯૮૨થી યુનેસ્કોની આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા દ્વારા, શરૂ કરાયેલ છે.
- ✓ આ ઉજવણીનો મુખ્ય હેતુ લોકોમાં નૃત્યનાં મહત્વ પ્રત્યે જાગરુકતા ઉત્પન્ન કરવાનો તથા વિશ્વભરની સરકારોને, નૃત્યનું શિક્ષણ આપતી સવલતો ઉભી કરવા માટે મનાવવાનોં છે.
- ✓ **કોની યાદમાં:** ફ્રેંચ બેલે ડાન્સર જીન જ્યોર્જીયસ નોવેરની યાદમાં વિશ્વ નૃત્ય દિવસની ઉજવણી.
- ✓ ભારત જેવાં સાંસ્કૃતિક વિરાસત ધરાવતાં દેશમાં લોકનૃત્ય અને શાસ્ત્રીય નૃત્ય જેવી મજબૂત પરંપરા વિકાસ પામી છે.
- ✓ શાસ્ત્રીય નૃત્યોમાં ભરતનાટયમ, કથ્થક, મણિપૂરી, ઓડિસી, કુચીપુડી જેવાં નૃત્યો સાથે ભાગવતમેલનાટકમ, ચાક્યાકુથુ, કુડિયેટમ, રામનાટયમ જેવાં ઓછાં પ્રચલિત નૃત્યો વિકાસ પાડયાં છે.
- ✓ આ દિવસને કોઇ ખાસ પ્રકારની નૃત્યશૈલી સાથે સંબંધ નથી, પણ નૃત્યની કળા તરફ વધુ લોકોનું ધ્યાન ખેંચાય તે માટે ઇન્ટરનેશનલ ડાન્સ ડેની ઊજવણી કરવામાં આવે છે.
- ✓ ગરબાને ગુજરાતમાં સ્ટેટ ડાન્સનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**ભારતના અગત્યના રાજ્યો અને નૃત્યો**

- ✓ તમિળનાડુ - ભરતનાટ્યમ, ઓડિશા - ઓડિશી
- ✓ પશ્ચિમ બંગાળ – ગૌદિયા ઉત્તર પ્રદેશ - કથ્થક
- ✓ કેરળ - કથકલી મોહિનીઅટ્ટમ આંધ્ર પ્રદેશ - કુચીપુડી
- ✓ મણીપુર - મણીપુરી આસામ - સતીર્ય
- ✓ રાજસ્થાન – ધૂમર ગુજરાત – ગરબો

## ૬. જન્મ દિન વિશેષ : ૨૯ એપ્રિલ

**કાપડ ઉદ્યોગના જનક:રણછોડલાલ છોટાલાલ**

**જન્મ : ૨૯ એપ્રિલ ૧૮૨૩ અવસાન : ૨૬ ઓક્ટોબર ૧૮૯૮**

- ✓ 'અંગ્રેજો આપણા દેશમાંથી કાચો માલ લઈ જાય, ધન ઢસડી જાય અને માત્ર મશીનોના માલિક હોવાથી કાપડ પેદા કરે ને મોંઘાદાટ ભાવે ભારતમાં ઠાલવે, આપણે મશીનો આયાત કરી અહીં જ કાપડ ઉત્પાદન ન કરી શકીએ' પરાધીન ભારતમાં આ પ્રકારની વિચારણા સાથે એક યુવાને ભારતમાં કાપડ મિલ સ્થાપવાનું બીડું ઉઠાવ્યું અને સાર્થક કર્યું.
- ✓ આ યુવાન ઉદ્યોગપતિ નામે રણછોડલાલ છોટાલાલનો આજે જન્મદિવસ. ડાકોરમાં જન્મ થયો હોવાથી માતાપિતાએ નામ રણછોડ રાખ્યું.
- ✓ 20 વર્ષ સુધી જકાત અને દફતર ખાતાઓમાં નોકરી કરી. સમાચારપત્રો, પુસ્તકો અને નિષ્ણાતો પાસેથી જ્ઞાન લઈ કાપડ મિલનું પ્રયોજન કર્યું.
- ✓ તેના માટે બ્રિટનથી મશીનરી મંગાવી પણ ભારત આવતા પહેલા ખંભાતના દરિયામાં ડૂબી ગઈ અને તેનો ઈજનેર પણ કોલેરામાં મૃત્યુ પામ્યો છતાં હિંમત હાર્યા વગર

પ્રયત્નો ચાલુ રાખ્યા અને 26 મે 1864ના રોજ 'અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિનિંગ મિલ કંપની' શાહપુરમાં શરૂ કરી અને ભાવિ માન્ચેસ્ટરનો પાયો નાખ્યો હતો.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૪-૨૦૨૦)

1. તાજેતરમાં 29 એપ્રિલના રોજ બોલિવૂડના કયા અભિનેતાનું મુંબઈ ખાતે કેન્સરથી અવસાન થયું- **ઈરફાન ખાન**
2. અભિનેતા ઈરફાન ખાનનો જન્મદિવસ જણાવો- **07.01.1967**
3. અભિનેતા ઈરફાન ખાનનો જન્મ ક્યાં થયો હતો- **જયપુર(રાજસ્થાન)**
4. અભિનેતા ઇરફાન ખાને પોતાની કારકિર્દીની શરૂઆત 1988માં કઈ ફિલ્મથી કરી હતી- **સલામ બોમ્બે**
5. ગુજરાતી લેખક ચંદ્રકાંત બક્ષીની કઈ ગુજરાતી લોકપ્રિય વાર્તા ઉપરથી બનેલી હિન્દી સિરીયલમાં ઈરફાન ખાને અભિનય કર્યો હતો–**એક સાંજની મુલાકાત**
6. અભિનેતા ઇરફાન ખાનને પ્રતિષ્ઠિત પદ્મશ્રી પુરસ્કાર કયા વર્ષે અપાયો હતો- **2011**
7. અભિનેતા ઇરફાન ખાનને કઈ ફિલ્મ માટે આઇફા એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર-2018 એનાયત કરાયો હતો- **હિન્દી મીડીયમ**
8. અભિનેતા ઇરફાન ખાનને કયા વર્ષે દુબઈ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં "લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ" અપાયો હતો- **વર્ષે 2017**
9. અભિનેતા ઇરફાન ખાનને કઈ ફિલ્મ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ-2013 એનાયત કરાયો હતો - **પાન સિંહ તોમર**
10. કેન્દ્ર સરકાર દ્વારા કર્મચારીઓ માટે કોરોના વાયરસની અપડેટ વિગત આપતી કઈ એપ ડાઉનલોડ કરવાનું ફરજિયાત કરાયું છે - **આરોગ્ય સેતુ**
11. એપ્રિલ 2020માં યુએન ખાતે ભારતના નવા સ્થાયી પ્રતિનિધિ તરીકે કોની નિમણૂક કરાઇ છે - **ટી.એસ. તિરુમૂર્તિ**
12. સચિવ ટી.એસ. તિરુમૂર્તિ કઈ બેન્ચના IFS અધિકારી છે - **વર્ષે 1985**
13. તાજેતરમાં આબોહવામાં પરિવર્તન સંબંધિત મુદ્દા ઉપર ચર્ચા માટે પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11" ક્યારે યોજાઈ - **તા.27-28 એપ્રિલ 2020**
14. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11"માં ભારતના પ્રતિનિધિ તરીકે કોને ભાગ લીધો હતો - **શ્રી પ્રકાશ જાવડેકર**
15. વર્તમાન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રીનું નામ જણાવો - **શ્રી પ્રકાશ જાવડેકર**
16. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11" ભારત સહિત કુલ કેટલા દેશોએ ભાગ લીધો- **30**
17. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11"નો પ્રથમ પ્રારંભ ક્યારે થયો હતો- **વર્ષે 2010**
18. તાજેતરમાં યોજાયેલી પ્રથમ વર્ચ્યુઅલ "પિટ્સબર્ગ ક્લાઇમેટ ડાયલોગ-11"ની સહ અધ્યક્ષતા કયા બે દેશો દ્વારા કરાઇ- **જર્મની અને બ્રિટન**
19. આગામી સમયમાં યોજાનાર UNFCCC માટેની 26મી conference of parties(COP-26)ના અધ્યક્ષ કોણ છે- **જર્મની અને બ્રિટન**
20. "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ક્યારે ઉજવાય છે - **29 એપ્રિલ**
21. "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ઉજવવાનો પ્રારંભ કોના દ્વારા ક્યારથી થયો હતો-**આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા-unesco અને વર્ષે 1982થી**
22. કોની યાદમાં "આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ" ઉજવાય છે - **ફ્રેન્ચ બેલે ડાન્સર જીન જ્યોજીયસ**
23. કાપડ ઉદ્યોગના પિતા રણછોડલાલ છોટાલાલનો જન્મદિવસ જણાવો - **29 એપ્રિલ 1823**
24. કાપડ ઉદ્યોગના પિતા રણછોડલાલ છોટાલાલનો જન્મ ક્યાં થયો હતો- **ડાકોર**
25. તા.26 મે 1864ના રોજના "અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિનિંગ મીલ કંપની" સ્થાપીને અમદાવાદમાં ભાવિ માન્ચેસ્ટરનો પાયો કોને નાખ્યો હતો - **રણછોડલાલ છોટાલાલ**

DATE : 30-04-2020

૧. નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય)

**ગુજરાતના 60માં સ્થાપના દિવસે મહત્વના નિર્ણયો**

- ✓ ગુજરાતના ૬૦માં સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ 30મી એપ્રિલ-2020ના રોજ પ્રજાજોગ સંબોધનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્વના નિર્ણય જાહેર કર્યા

**(૧) મા-વાત્સલ્ય અને મા-અમૃતમ કાર્ડ ધારકો**

- ✓ મા-વાત્સલ્યમ અને મા અમૃમ યોજના હેઠળ કાર્ડ ધરાવતા ૭૭ લાખ પરિવારોમાં કોઈને મેડિકલ સર્જરી, પ્રેગ્નન્સી વખતે કે ઓપરેશનના સંજોગોમાં કોવિડ ૧૯ના ટેસ્ટનો ખર્ચ પણ સરકાર ઉઠાવશે.

**(૨)લોકડાઉનમાં ૬૧ લાખ APL-1 કાર્ડ ધારકો**

- ✓ મે મહિનામાં પણ પરિવાર દિઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડ ૭ થી ૧૨મી મે દરમિયાન વિતરણ કરવાનું જણાવ્યું હતું. આ નિર્ણયથી અંદાજે રૂ. ૨૦૦ કરોડ ખર્ચ થશે.

**(૩) વિદ્યાર્થીઓ માટે ચિત્ર, નિબંધ અને લેખન સ્પર્ધા**

- ✓ ગુજરાત કોરોના વોરિયર્સ વિષય પર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા વિધાર્થીઓને મુખ્યમંત્રીશ્રીનું આહ્વાન
- ✓ ૧લી મે થી ૧૦મી મે દરમિયાન રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને કોલેજના વિધાર્થીઓ માટે ૩ કેટેગરીમાં ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન
- ✓ જિલ્લા કક્ષાએ પ્રથમ ૩ વિજેતાઓને અનુક્રમે રૂ. ૧૫ હજાર, ૧૧ હજાર અને પાંચ હજાર ઈનામો
- ✓ રાજ્યકક્ષાએ ૫ વિજેતાઓને દરેક કેટેગરીમાં પ્રત્યેકને રૂ. ૨૫ હજારના પુરસ્કાર આપવામાં આવશે

**(૪) કોરોના સામે લોકજાગૃત્તિ અભિયાન**

કોરોનાની સામે લોકકેળવણી અભિયાનની હાકલ

- ✓ ૧લી મે નિમિત્તે દરેક વ્યક્તિ કોરોનાને પરાસ્ત કરવા સંકલ્પ લે
- ✓ હું સંકલ્પ લઉં છું કે . . .

**1. હું માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળીશ નહીં**

**2. હું સોશ્યલ ડિસ્ટન્સનું હંમેશા ધ્યાન રાખીશ, દો ગજ દૂરી સંકલ્પનું પાલન કરીશ**

**3. દિવસમાં વારંવાર સાબુથી હાથ ધોઈશ**

- ✓ દરેક વ્યક્તિ આ સંકલ્પ લઈ તેનો વીડિયો #VijaySankalp સાથે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ જેવાં કે, ટ્વીટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ ઉપર અપલોડ કરીને આપણી સામુહિક શક્તિ પ્રદર્શિત કરી કોરોના વોરિયર્સ માટે આપણી સંવેદનશીલતા પણ પ્રગટ કરીએ

**૨. અવસાન : અભિનેતા રોમાન્સ કિંગ રિશી કપૂરની વિદાય (બોલીવૂડ)**

**પરિચય** : હુલામણુ નામ – ચિન્ટુ

- ✓ જન્મ : - 04-09-1952
- ✓ અવસાન: તા.30-04-1952, મુંબઈ
- ✓ કપૂર ખાનદાનનું મૂળ વતન : પાકિસ્તાન
- ✓ લ્યુકેમિયા રોગ સામે જંગ હાર્યા
- ✓ આત્મકથા : ખુલ્લમ ખુલ્લા

67 વર્ષની જિંદગીમાં 63 વર્ષ પરદા પર વિતાવ્યા

- ✓ 155થી વધુ ફિલ્મો કરી,
- ✓ 3 વર્ષની વયથી શરૂ થયેલી આ સફર 67 વર્ષની વય સુધી ચાલી.
- ✓ બાળકલાકાર, લીડ એક્ટર અને ચરિત્ર અભિનેતા તરીકે કામ કર્યું.
- ✓ 1973થી 2000 વચ્ચે 92 ફિલ્મોમાં લીડ એક્ટર હતા.
- ✓ 36 સુપરહિટ રહી.
- ✓ હીરો તરીકે પ્રથમ ફિલ્મ બોબી માટે તેમને 1974માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો

**2000 પછી 45થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો**

- ✓ 2000 પછી લગભગ 45થી વધુ ફિલ્મોમાં ચરિત્ર અભિનેતા તરીકે કામ કર્યું.
- ✓ લવ આજકલ, અગ્નિપથ, મુલ્ક જેવી ફિલ્મો કરી.
- ✓ દો દૂની ચાર માટે તેમને ફિલ્મફેરનો બેસ્ટ ક્રિટિક એવોર્ડ મળ્યો હતો.
- ✓ 2016માં કપૂર એન્ડ સન્સ માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટર તો 2008માં તેમને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો હતો.
- ✓ મેરા નામ જોકરમાં બાળ કલાકાર તરીકે શ્રેષ્ઠ અભિનય માટે એવોર્ડ
- ✓ છેલ્લી ફિલ્મ બોડી 2019માં આવી હતી.

ટોપ ફિલ્મ

- ✓ બોબી (1973) ખેલખેલમેં (1975)
- ✓ કભી કભી (1976) અમર અકબર એન્થની (1977)
- ✓ સરગમ (1979) કર્જ (1980)
- ✓ પ્રેમરોગ (1982) ચાંદની (1989)
- ✓ હિના (1991) બોલ રાધા બોલ (1992)
- ✓ મુલ્ક (2018)

**3. અવસાન : ગુજરાતી લેખિકા કુંદનિકા કાપડિયાનું 93 વર્ષે વલસાડના નંદિગ્રામ આશ્રમમાં નિધન (સાહિત્ય)**

✓ નંદીગ્રામના સહસ્થાપક

✓ સાત પગલાં આકાશમાં નામની પ્રસિદ્ધ ગુજરાતી કૃતિનાં લેખિકા અને પરમ શ્રદ્ધેય ઋષિ મકરંદ દવેના પત્ની કુંદનિકા કાપડિયાનું નંદીગ્રામ ખાતે 93 વર્ષની વયે નિધન.

✓ કુંદનિકા કાપડિયાએ 29 એપ્રિલે મોડી રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા.

✓ તેમનો જન્મ લીંબડીમાં 11 જાન્યુઆરી 1927ના રોજ થયો હતો. તેઓ એક નવલકથા અને સ્ટોરી રાઈટર હતા. તેમને ગુજરાતી સાહિત્યમાં યોગદાન આપવા બદલ સાહિત્ય એકેડમી એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

**પરિચય તથા સાહિત્ય સર્જન**



## કુંદનિકા કાપડિયા

- ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત વાર્તાકાર, નવલકથાકાર અને નિબંધકાર કુંદનિકા કાપડિયાનો જન્મ 11 જાન્યુઆરી, 1927ના રોજ લીંબડી, સુરેન્દ્રનગરમાં થયો હતો.
- કુંદનિકા કાપડિયાનું ઉપનામ 'સ્નેહધન' છે.
- તેમની પ્રથમ રચના 'પ્રેમના આંસુ' વાર્તા છે.
- વર્ષ 1985 માં તેમની નવલકથા 'સાત પગલાં આકાશમાં' માટે સાહિત્ય અકાદમી દિલ્હી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ સાહિત્ય અકાદમી દિલ્હી પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ ગુજરાતી મહિલા સાહિત્યકાર છે.
- તેમના લગ્ન પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર મકરંદ દવે સાથે થયા છે, હાલમાં તેઓ વલસાડમાં નંદીગ્રામ આશ્રમમાં સ્થાયી થઈ સાહિત્યસર્જન કરી રહ્યા છે.
- તેઓ વર્ષ 1955 થી 1957 સુધી 'યાત્રિક' અને 1962 થી 1980 સુધી 'નવનીત' ના સંપાદક પણ રહી ચુકયા છે.

**સાહિત્યસર્જન**

- નવલિકા : સાત પગલા આકાશમાં, પરોઢ થતા પહેલા, અગન પિપાસા
- વાર્તાસંગ્રહ : પ્રેમના આંસુ, કાગળની હોડી, જવા દઈશું તમને
- નિબંધ : દ્વાર અને દીવાલ, ચંદ્ર તારા વૃક્ષ વાદળ
- પ્રાર્થના : પરમ સમીપે
- ધોરણ–8 (Sem. 2) સંસ્કારની શ્રીમંતાઈ (કુટુંબકથા)

**પંક્તિઓ**

- મારું સઘળું છે માની જીવનને સ્વીકારીશ, મારું કાંઈ જ નથી, માની મૃત્યુ માટે તૈયાર રહીશ.
- વસુધાએ રેતીથી મુટ્ટી ભરી અને પોલી, આંગળીઓથી સરવા દીધી.

**વિવિધ પદવીઓથી સન્માનિત**

✓ તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગુજરાતના ગોધરા ખાતે તેમણે લીધું હતુ. ત્યારબાદ કોલેજ શિક્ષણ તેમણે ભાવનગર (શામળદાસ કોલેજ)માં પુર્ણ કર્યુ હતુ. ત્યાં તેમણે ૧૯૪૮માં રાજકારણ અને ઇતિહાસ સાથે બી. એ. (બેચલર ઓફ આર્ટસ)ની ની પદવી મેળવી હતી. ત્યારબાદ તેમણે મુંબઈ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાંથી 'એન્ટાયર પોલીટીક્સ' સાથે એમ. એ. (માસ્ટર ઓફ આર્ટસ)ની પદવી મેળવી હતી.

✓ ગુજરાતી ભાષાના અગ્રગણ્ય વાર્તાકાર

✓ પ્રેમના આંસુ, વધુને વધુ સુંદર નવલિકાના લેખક અને પરોઢ થતાં પહેલા, અગનપિપાસા નવલકથા પણ રચી હતી. 1985માં સાહિત્ય અકાદમી તરફથી પુરસ્કાર મળ્યો હતો.

**શૈલી, વિવેચન અને કૃતિ**

✓ એમની પ્રથમ રચના "પ્રેમનાં આંસુ" વાર્તા

✓ ધૂમકેતુ, શરદબાબુ, ટાગોર, શેક્સપિયર અને ઈબ્સનમાંથી પોતાને સર્જનકાર્યની પ્રેરણા મળી હોવાનું એ જણાવે છે.

✓ એમના વાર્તાસંગ્રહોમાં પ્રેમનાં આંસુ (1954) તથા વધુ ને વધુ સુંદર (1968), કાગળની હોડી (1978) અને જવા દઈશું તમને (1983) મુખ્ય છે.

✓ ફિલસૂફી, સંગીત ને પ્રકૃતિ જેવા વિષયોને વિશેષ રીતે પ્રયોજતી એમની વાર્તાઓમાં રહસ્યમયતા કોઈ ને કોઈ રીતે આલેખાયેલી હોય છે.

✓ એમણે લખેલી ત્રણ નવલકથાઓ પૈકી પહેલી પરોઢ થતાં પહેલાં (1968) જીવનમાં પડેલા દુઃખના તત્વને અતિક્રમીને મનુષ્ય પોતાના આનંદરૂપ સાથે શી રીતે અનુસંધિત થઈ શકે એ મૂળભૂત પ્રશ્ન છેડીને કલાત્મક ધ્વનિમયતાથી પરોઢનાં આશાકિરણની ઝાંખી કરાવતી કથા છે.

✓ અગનપિપાસા (1972) બુદ્ધિ કરતાં હૃદય પરની આસ્થા પ્રગટ કરીને નવો દ્રષ્ટિકોણ પ્રગટ કરતી કથા છે.

✓ સાત પગલાં આકાશમાં (1984) નામની એમની બહુચર્ચિત દીર્ઘનવલ આધુનિક નારીના વિદ્રોહની કંઈક અંશે દસ્તાવેજી કથા છે.

**પુરસ્કાર:**

✓ 1985માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમને તેમની નવલકથા સાત પગલાં આકાશમાં માટે મળ્યો હતો.

**૪. અવસાન : પૂર્વ ભારતીય ફૂટબોલર ચુની ગોસ્વામીનું 82 વર્ષે અવસાન**

**પરિચય અને સિદ્ધિઓ**

✓ ભારતીય ફૂટબોલ ટીમના પૂર્વ કેપ્ટન ફૂટબોલર સુબીમલ ચુની ગોસ્વામીનું 30 એપ્રિલ-2020ના રોજ 82 વર્ષની વયે હાર્ટ એટેકના કારણે નિધન.

✓ તેમના નેતૃત્વમાં ભારતીય ટીમે 1962માં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

- ભારત માટે 1956થી 1964 દરમિયાન 50 મેચમાં રમેલા ગોસ્વામીને પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ પણ મળ્યો હતો.
- ગોસ્વામી 1954માં ક્લબ ફૂટબોલથી કરિયરના શરૂઆત કરી હતી.
- 1964માં 27 વર્ષની વયે નિવૃત્તિ લીધા બાદ તેઓ ક્રિકેટ રમતા બંગાળની રણજી ટીમના કેપ્ટન બન્યા હતા.
- 1971-72માં તેમની કેપ્ટન્સીમાં ટીમ રણજી ફાઇનલમાં યજમાન મુંબઈ સામે હારી હતી.

૫. જન્મ દિન વિશેષ : 30 એપ્રિલ

ફિલ્મ ઉધોગના જનક: દાદાસાહેબ ફાળકેનો ૧૫૦મો જન્મ દિવસ

જન્મ – 30 એપ્રિલ-૧૮૭૦ અવસાન – ૧૯૪૪

- મૂળનામ – ધૂંડીરાજ ગોવિંદ
- હિન્દી ફિલ્મના ક્ષેત્રે દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જેમના નામથી અપાય છે તેવા દાદાસાહેબ ફાળકેનો આજે જન્મદિવસ.
- આજના દિવસે જ જર્મન સરમુખત્યાર એડોલ્ફ હિટલરે આત્મહત્યા કરી હતી.
- દાદાસાહેબ ફાળકેનું મૂળ નામ ધુંડીરાજ ગોવિંદ ફાળકે અને જન્મ મહારાષ્ટ્રના નાસિકના ત્ર્યંબકેશ્વરમાં થયો હતો.
- પિતાએ તે જમાનામાં મુંબઈની જે. જે. સ્કૂલમાં ભણવા મૂક્યા હતા.
- 20મા સૈકાના પ્રારંભે 'ધ લાઈફ ઓફ ક્રાઈસ્ટ' ફિલ્મ જોઈ અને આવું હિંદુ દેવ - દેવતાઓ વિશે કેમ ન થઈ શકે ? તેવા વિચાર સાથે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ઝૂકાવ્યું.
- ફિલ્મનો ટેક્નિકલ ભાગ શીખવા જર્મની પણ ગયા અને 21 એપ્રિલ 1913ના રોજ "રાજા હરિશ્ચન્દ્ર" રિલીઝ કરી. તે પછી સત્યવાન સાવિત્રી, લંકા દહન, કૃષ્ણ જન્મ જેવી 95થી વધુ ફિલ્મો અને 26 શોર્ટ ફિલ્મો કરી.
- હિન્દુસ્તાની ફિલ્મ કંપનીની સ્થાપનાથી ફિલ્મના વ્યવસાયી સંગઠનનો પાયો પણ નાંખ્યો. ફિલ્મોની ધૂનમાં આરોગ્ય પ્રત્યે દુર્લક્ષ્ય સેવતા એક આંખ ગુમાવેલી, પત્નીનાં ઘરેણાં ગીરવે મૂકેલા.
- વર્ષ 1944માં તેમનું અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૪-૨૦૨૦)

1. ગુજરાતના 60માં સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાત સરકારે મા-વાત્સલ્ય અને મા-અમૃતમ કાર્ડ ધારકો માટે કયો મહત્વનો નિર્ણયો કર્યો - **મા કાર્ડ ધરાવતા ૭૭ લાખ પરિવારોમાં કોઈને મેડિકલ સર્જરી, પ્રેગ્નન્સી વખતે કે ઓપરેશનના સંજોગોમાં કોવિડ ૧૯ના ટેસ્ટનો ખર્ચ પણ સરકાર ઉઠાવશે**
2. ગુજરાત સરકારે લોકડાઉનમાં ૬૧ લાખ APL-1 કાર્ડ ધારકો માટે ક્યો મહત્વનો નિર્ણય કર્યો - **મે મહિનામાં પણ પરિવાર દિઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડ વિતરણ કરવાનો**
3. ગુજરાત કોરોના વોરિયર્સ વિષય પર શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ માટે નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કયારે કરવામાં આવ્યું હતુ - **૧ થી ૧૦ મે-૨૦૨૦ દરમિયાન**
4. રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને કોલેજના વિદ્યાર્થીઓ માટે કેટલી કેટેગરીમાં ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતુ – **ત્રણ કેટેગરી**
5. ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધા અંતર્ગત જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતાને કેટલા રૂપિયાના ઈનામો અપાશે- **અનુક્રમે રૂ.૫ હજાર, રૂ.૧૧ હજાર અને રૂ.૧૫ હજાર**
6. ગુજરાત કોરોના વોરિયર્સ વિષય ઉપર નિબંધ, કવિતા અને ચિત્ર સ્પર્ધા અંતર્ગત રાજ્યકક્ષાએ ૫ વિજેતાઓને દરેક કેટેગરીમાં પ્રત્યેકને કેટલો પુરસ્કાર આપવામાં આવશે - **રૂ. ૨૫ હજાર**
7. કોરોના સામે લોકજાગૃત્તિ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસ નિમિતે રાજયના પ્રજાજનોને કયા સંકલ્પો લેવા અનુરોધ કર્યો હતો – **(૧) હું માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળીશ નહીં (૨) હું સોશ્યલ ડિસ્ટન્સનું હંમેશા ધ્યાન રાખીશ, દો ગજ દૂરી સંકલ્પનું પાલન કરીશ અને (3) દિવસમાં વારંવાર સાબુથી હાથ ધોઈશ**
8. કોરોના સામે લોકજાગૃત્તિ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસ નિમિતે રાજયના પ્રજાજનોને ત્રણ સંકલ્પ લઈ તેનો વીડિયો કયા હેશટેગ સાથે સોશ્યલ મીડિયા ઉપર અપલોડ કરવા અનુરોધ કર્યો - **#VijaySankalp**
9. તા.૩૦મી એપ્રિલ-૨૦૨૦ના રોજ બોલીવૂડના કયા રોમાન્સ કિંગ અભિનેતાનું અવસાન થયું - **રિશી કપૂર**

10. રોમાન્સ કિંગ અભિનેતા રિશી કપૂરનું હુલામણુ નામ જણાવો – **ચિન્ટુ**
11. એપ્રિલ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેતા રિશી કપૂરનો જન્મ દિવસ જણાવો - **04-09-1952**
12. તાજેતરમાં એપ્રિલ-૨૦૨૦માં જેમનું નિધન થયુ એ બોલીવૂડ અભિનેતા રિશી કપૂર કઈ બિમારીથી પીડાતા હતા - **લ્યુકેમિયા રોગ**
13. રિશી કપૂરની હીરો તરીકે કઈ પ્રથમ ફિલ્મ માટે 1974માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો – **બોબી**
14. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરને કઈ ફિલ્મ માટે ફિલ્મફેરનો બેસ્ટ ક્રિટિક એવોર્ડ મળ્યો હતો- **દો દૂની ચાર**
15. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરને 2016માં કઈ ફિલ્મ માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટર માટે તેમજ કયા વર્ષે લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો હતો - **કપૂર એન્ડ સન્સ અને વર્ષ-2008**
16. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરની આત્મકથાનું નામ જણાવો - **ખુલ્લમ ખુલ્લા**
17. બોલીવૂડ અભિનેતા રિશી કપૂરની કઈ અંતિમ ફિલ્મ હતી જે વર્ષ-2019માં આવી હતી - **બોડી**
18. એપ્રિલ-૨૦૨૦ના રોજ કયા જાણીતા ગુજરાતી લેખિકાનું અવસાન થયું હતું - **કુંદનિકા કાપડિયા**
19. એપ્રિલ-૨૦૨૦માં જાણીતા ગુજરાતી લેખિકા કુંદનિકા કાપડિયાએ કયા સ્થળે અંતિમ શ્વાસ લીધા હતા - **વલસાડના નંદિગ્રામ આશ્રમમાં**
20. વલસાડ જિલ્લાના ધરમપુર નજીકના નંદિગ્રામ આશ્રમ સ્થાપક-સહસ્થાપકનું નામ જણાવો - **મકરંદ દવે અને કુંદનિકા કાપડિયા**
21. ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ-લેખક ઋષિ સ્વ.મકરંદ દવેના પત્નીનું નામ જણાવો - **કુંદનિકા કાપડિયા**
22. ગુજરાતી સાહિત્યની પ્રખ્યાત નવલકથા ‘સાત પગલાં આકાશમાં’ના સર્જકનું નામ જણાવો- **કુંદનિકા કાપડિયા**
23. જાણીતા નવલકથા સર્જક કુંદનિકા કાપડિયાને કયા વર્ષે સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી પુરસ્કાર મળ્યો હતો – **વર્ષ-1985**
24. ગુજરાતી લેખિકા કુંદનિકા કાપડિયાને તેમની કઈ નવલકથા માટે વર્ષ-1985નો સાહિત્ય અકાદમી દિલ્હીનો એવોર્ડ મળ્યો હતો - **‘સાત પગલાં આકાશમાં’**
25. સાહિત્ય અકાદમી દિલ્હી પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ ગુજરાતી મહિલા સાહિત્યકારનું નામ જણાવો - **કુંદનિકા કાપડિયા**
26. ગુજરાતી મહિલા સાહિત્યકાર કુંદનિકા કાપડિયાની પ્રથમ રચના કઈ છે – **‘પ્રેમના આંસુ’ વાર્તા**
27. ગુજરાતી મહિલા સાહિત્યકાર કુંદનિકા કાપડિયાનું ઉપનામ જણાવો – **‘સ્નેહધન’**
28. તા.૩૦મી એપ્રિલ-૨૦૨૦ના રોજ કયા રમતવીરનું અવસાન થયું - **સુબીમલ ચુની ગોસ્વામી**
29. તાજેતર એપ્રિલ-૨૦૨૦માં અવસાન પામનાર સુબીમલ ચુની ગોસ્વામી કઈ રમત સાથે સંકળાયેલા હતા - **ફૂટબોલ**
30. ફૂટબોલર સુબીમલ ચુની ગોસ્વામીના નેતૃત્વમાં ભારતીય ટીમે કયા વર્ષમાં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો – **વર્ષ-1962**
31. ફૂટબોલર સુબીમલ ચુની ગોસ્વામીને ભારત સરકારના કયા મહત્વના એવોર્ડ મળ્યા હતા - **પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ**
32. ફૂટબોલમાંથી 1964માં 27 વર્ષની વયે નિવૃત્તિ લીધા બાદ સુબીમલ ચુની ગોસ્વામીએ ક્રિકેટ રમતા કઈ ટીમના કેપ્ટન બન્યા હતા - **બંગાળની રણજી ટીમ**
33. તા.૩૦ એપ્રિલ-૨૦૨૦ના રોજ ફિલ્મ ઉધોગના જનક સમાન કયા વ્યક્તિનો ૧૫૦મો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો - **દાદાસાહેબ ફાળકે**
34. દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જેમના નામથી અપાય છે તેવા દાદાસાહેબ ફાળકેનું મૂળનામ જણાવો - **ધૂંડીરાજ ગોવિંદ**
35. દાદાસાહેબ ફાળકેનો જન્મ કયારે અને કયાં થયો હતો – **તા.૩૦ એપ્રિલ-૧૮૭૦ અને મહારાષ્ટ્રના નાસિકના ત્ર્યંબકેશ્વર**
36. ભારતીય સિનેમા જગતની પ્રથમ ફિચર ફિલ્મ કઈ હતી - **“રાજા હરિશ્ચન્દ્ર”**
37. ભારતીય સિનેમા જગતની પ્રથમ ફિચર ફિલ્મ “રાજા હરિશ્ચન્દ્ર”ના નિર્માતાનું નામ જણાવો-**દાદાસાહેબ ફાળકે**